દાર હીઝહાઇનેશ સરસુલતાન મહુમદશાહ

આગાખાન જી. સી. આઇ. ઈ.ના

જીબીબીવાળો પ્રખ્યાત કેસ

પેઢીનામા સાથેનો.

તા. ૧ લી સપ્ટેંબર સન ૧૯૦૮ ના રોજ નામદાર
મુંબાઇની હાઇકોર્ટના ઓનરેબલ જસ્ટીસ
મી. રસલ સાહેબે
ચુકાદો આપેલો તે.

મું. લા. રી. વા. ૧૧ ઉપરથી
ઇંગ્રેજીમાંથી તરજુમો કરનાર,

વકીલ. ગોવીંદલાલ બાલાજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. રતનચંદ ગોકળદાસ છાપખાનાવાળા.

અમદાવાદ
પાનકોરનાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપ્યો.
સંવત ૧૯૬૬. સન ૧૯૧૦.

કીમત રૂ. ૦—૧૦—૦ પોસ્ટ સાથે.

એક ઉદાર આશ્રય.

આ આગાખાન સાહેબનો કેસ ઘણોજ અતી મહત્વનો પ્રખ્યાત અને તેમની કોમને ઘણોજ જાણવા જેવો હોવાથી તમામને જાણવા મળે તે હેતુથી તેનો ગુજરાતીમાં છાપવા અમને કેટલાક તે કોમના ગ્રહસ્થો તરફથી ભલામણ કરવામાં આવી, તે ઉપરથી અમે તે છાપવા માટે મુંબાઇમાં નામદાર આગાખાન સાહેબના હજુર સેક્રેટરી સાહેબ આલીજા કામડીયા **શેઠ હાજીભાઇ નજરાલી** સાહેબને તથા જંગબારવાળા માનવંતા **શેઠ રાઈ. મીઠાભાઇ જેસાભાઇને** અરજ કરવાથી તે બંને સાહેબોએ અમને તે કામમાં ઘણીજ સારી મદદ આપી અને તે કેસની ૩૨૦૦ નકલ લેવા કબુલાત આપી. તેથી અમે તે કોમની હજુરમાં મુકી શકયા છીએ અને તે બંને સાહેબોએ અમને તથા તે કોમને માટે જે મદદ કરી છે માટે તેઉ સાહેબોનો ઉપકાર માનું છું.

આ બુકમાં મુંબાઇના એક ખાનદાન શેઠે તરજુમો તથા પ્રુફો તપાસી આપવામાં પાકી મદદ કરી છે, પણ લાચારછું કે તે સાહેબે ખાનદાન અને મોટા નબીરા કુટુંબમા પ્રખ્યાત છતાં પોતાનું નામ ન આપવા મને અટકાવેલ છે તોપણ મારે તેમનો ઉપકાર ભુલી જવો નહી જોઇએ તે માટે તે સાહેબનો પણ ઉપકાર માનુંછું તો તે સાહેબ મેહેરબાની કરીને સ્વીકારશે.

શા. રતનચંદ ગોકળદાસ

અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગ્રહસ્થોના મુબારક નામો.

આ બુકની અંદર પ્રથમથી ઘરાક થનારના નામો છાપવાનો વિચાર પાછળથી થયો અને વખત થોડો મળવાથી ઘણા સાહેબોના ઓરડર મળી શકયો નથી તેથી તેમના નામો છાપવામાં નહી આવે માટે તેમણે માપ કરવું, અને જે સાહેબોના ઓરડર આવેલા છે તેમના મુબારીક નામો આ બુકની અંદર છાપવામાં આવેલા છે.

નકલ.	નામ.
	મુંબાઇ.
૩૨૦૦	નામદાર આલીજા હાજીભાઇ નજરાલી આગાખાન સાહેબના હજુર સેક્રેટરી સાહેબ તથા માનવંતા શેઠ. શ્રી રાઇ. મીઠાભાઈ જેસાભાઇ જંગબારવાળા.
૧૫	શેઠ. રહીમભાઇ મોલુભાઈ
૧૦	બુકસેલર વસનજી પરમાનંદદાસ ચાહાવાળા
૧	મી. ગોદરેજ
૧	બુકસેલર નુરદીન જીવાદીન
૧	રા. રા. ગોવીંદજી દામોદરદાસ
	મી. જે. એન શેઠના
	રીચંદ મંછાચંદ

નકલ.	નામ.
૧	મી. મર્ઝીબાનવાળા
૧	વૈધ કલ્યાણજી હરીકીશન
૧	વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવીંદજી
૧	મી. છોટાલાલ છગનલાલ માહાજન
૧	ડાકટર પોપટલાલ પ્રભુરામ એલ. એમ. એસ.
	અમદાવાદ.
૧	ખોજા મીઠાભાઇ જીવણભાઇ
૧	ખોજા જીવરાજ રામજીભાઇ
૧	ખોજા દેવજીભાઇ ભીમજીભાઇ
૧	મોમના જીવાભાઇ સાજીભાઇ
૧	રા. રા. ચુનીલાલ મયાચંદ
૫	શેઠ. માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
૧	વૈદ્ય રૂઘનાથજી હરીભાઇ
૧	શા. ફતેચંદ દોલત

નકલ.	નામ.

પંજીમ—ગોવા.

૧૦૧ શેઠ. રહીમતુલ્લાભાઇ લાલજીભાઈ
૫ શેઠ હસનભાઇ લાલજીભાઇ
૫ ખોજા કાસમભાઇ રવજીભાઇ
૫ ખોજા પીરભાઇ પ્રેમજીભાઈ
૧ ખોજા નજરઅલી નથુભાઇ
૧ ખોજા કરમાલીભાઇ વીરજીભાઇ
૧ ખોજા નાગજીભાઇ માવજીભાઈ
૧ ખોજા નજરઅલી રતનશી
૧ ખોજા હબીબભાઇ મામદ ડોસા

જંગબાર.

૧૫૧ શેઠ. અલીભાઇ જેઠાવલી
૩ જીવણ લાલજી
૩ ઈસ્માલ કેશવજીની કંપની
૨ મુખી હાસમભાઇ માવજી
૨ પંજીભાઇ કલબલાઇવેરી
૨ મામદ કરમાલી ઇસ્માલ
૨ હાસમ જેરાજની કંપની
૨ સાલે મામધ ધારસો
૨ મામધ મુસા રાજન
૨ મામધ રાસીધ અલીના
૨ મેરાલી નાનજી
૨ ગુલામહુસેન ભલુકુરજી
૨ કામડીયા લાખા વેલાણીની કંપની
૧ સાલેભાઈ ગાંગજી
૧ મુખી જાનમામધ લાલજી
૧ જાફર મામધ જુમા
૧ હાસમ મોલુ પીરા
૧ ગુલામહુસેન જમાલભાઇ
૧ નાસર જેઠા
૧ આલીરાણા મોલેદીના
૧ કામડીયા મનજી સાલેમામધ
૧ આલી અમરશી
૨ હાસમ સુરજી

નકલ.	નામ.

૧ ગુલામહુસેન રામજી
૧ સુલેમાન ઇસ્માલ સુમાર
૧ પ્રેસીડેન્ટ ઇસ્માઇલી કાઉન્સીલ
૧ મામધ રહીમતુલ્લા
૧ સેક્રેટરી શરીફ ફાજલ
૧ અબદુલ અલીહાસમ
૧ હુસેનજમાલ મોલાણી
૨ એમ. આર. જે.

જુનાગઢ.

૧૦ શેઠ. હબીબભાઇ કાસમભાઇ
૧ વકીલ કેદારનાથ છીદમીલાલ

પોરબંદર.

૫ વકીલ હરીદાસ ડાહ્યાભાઇ

જેતપુર.

૧ વકીલ ડાહ્યાભાઇ દેવશંકર

લખતર.

૧ વકીલ કરસજી સંભુરામ

રાજકોટ.

૫ રા. રા. લક્ષ્મીચંદ ઉતમચંદ બુકસેલર

રાધનપુર.

૧ વકીલ હરજીવનદાસ દીપચંદ

જાબવા.

૧ વકીલ ઘેલાભાઇ નાથાભાઈ
૧ વકીલ મોતીલાલ વસંતરામ

ભાવનગર.


૫ ખા. સા. મહમદઅલી અબદુલઅલી ન્યાયાધીસ સાહેબ
૧૦ ખોજા ઇસાભાઇ નાનજી વારસ

મહુવા.

૧ વકીલ મુલચંદભાઇ ત્રીકમજી

ઘ્રોલ.

૧ વકીલ આશાશંકર અનોપરામ



શાહા ખલીલુલ્લાહા સન ૧૮૧૭માં ગુજરી ગયા.
મહમદ ટકીખાન ૧૮૨૬ માં ગુજરી ગયા
શાહા હસનઅલી (ઉરફે મહમદહુસેન હુસેની ૧૮૪૫ માં મુંબઈ આવ્યા) પહેલા આગાખાન ૧૮૮૧માં ગુજરી ગયા તેમના પરણેતર
(૧) સરવજહાનખાનમ (શાહઝાદી) ઈરાનના ફતેહઅલીશાહાની દીકરી ૧૮૮૨ માં ગુજરી ગયા
(૨) કમરયારા ૧૮૬૫માં ગુ ગયા
(૩) મરીયમ ખાનમ (ખંબાજી) ૧૮૯૪માં ગુજરી ગયા
(૪) હાજીબેગ (મેહબાજી) ૧૮૯૫ માં ગુજરી ગયા
(૫) એક કંદહારવાનુ ગુ. ગયા
(૬) પરીજાન ગુજરી ગયા
(૭) બીબી સુલતાન ગુજરી ગયા
સરદાર અબલ હસનખાન ૧૮૮૦ માં ગુજરી ગયા
સરદાર મહમદ બાકરખાન ૧૮૭૯ માં ગુજરી ગયા
શાહાબીબી ગુજરી ગયા વારસ નથી
મોહરતાજ બેગમ ગુજરી ગયાં
મહમદ જાફરખાન ૧૮૭૦માં ગુજરી ગયા
બીબી મલેક તથા બીબી હોમા સાથે પરણ્યા એક ગુજરી ગઈછે
મીરઝાહુસેનખાન ૧૮૭૧ માં ગુજરી ગયા
અલીઅકબર ખાન ગુ.ગયા વારસ નથી
આગામેહ રાબબેગ ગુજરીગયા વારસનથી
મુસતફાખાન વારસ મુકીને ગુજરી ગયા
મહમદશાહા ગુ. ગયાવારસ મુકીને
મહમદઆગા હયાતછે
અહમદઆગા હયાતછે
૨ છોકરા, ૪ દીકરીઓ, ૧ વીધવા
શાહઝાદા (૧૮૯૦ માં ગુજરી ગયા)બીબી નવાબ ખાનમ પરણ્યા ગુજરી ગયા
ખલીલખાન ૧૯૦૨ માં ગુજરી ગયા
ઇસમાઈલખાન હયાતછે
અબલકાસમખાન હયાત છે
અસદુલાખાન હયાત છે
હાજીખાન હયાત છે
વઝીરબેગમ હયાત છે
શાહા બીબી હયાત છે
અજીઝખાન હયાત છે
મહમદખાન હયાતછે
હમીદખાન હયાતછે વારસ સાથે
૩ છોકરા અને ૨ દીકરીઓ તહેરાનમાં હયાત છે
૫ દીકરીઓ અનેઉ છોકરા બધા હયાતછે
૨ છોકરા અને ૧ દીકરી બધા હયાત છે
૬ છોકરા અને ૧ દીકરી બધા હયાત છે
૧ દીકરી હયાત છે
૩ છોકરા અને ૧ દીકરી બધા હયાત છે
૬ છોકરા અને ૨ દીકરીઓ બધા હયાત છે
ઇમામવરદીખાન ૧૮૮૬માં ગુજરી ગયા બીબી ગોહર પરણ્યા વારસ મુકીને ગુજરી ગયા
૧ છોકરો અબાસકુલીખાન અને ૧ વીધવા પહેલા ગુજરી ગયેલા છોકરાની અને ૩ દીકરાના દીકરા
નાશરશાહા મુ. ૧૮૮૩ બીબીબેગમને પરણ્યા
૧ છોકરો ૧ દીકરી બેઉ હયાતછે
મરીયમ સુલતાન શાહાબુદીનશાહાની માતા ૧૮૯૦માં ગુજરી ગયા આગાઅલીશાહાને પરણ્યા
મીરઝા ઇબ્રાહીમ ખાન હયાત છે
મીરઝા મેહદીખાન હયાત છે
દરખશાનબેગમ ૧૯૦૩ માં ગુજરી ગયા જલાલશાહાને પરણ્યા. ગુજરી ગયા
શાહમાંબેગમ હુસેનઅલીખાન સાથે પરણ્યા
મહેરંગી બેગમ હયદર કુલીખાન સાથે પરણ્યા
બીબી ઝરી મહમદશાહને પરણ્યા
બીબીનાઝરટ અહમદઆગાને પરણ્યા
૧ છોકરો હયાતછે
૨ છોકરા હયાતછે
૧ દીકરી હયાતછે
૧ દીકરી તથા ૧ છોકરો હયાતછે
અલીશાહા (પહેલી ઓરતના) ૧૮૮૫માં ગુજરી ગયા બીજા આગાખાન તેમના પરણેતર
(૧) મરીયમસુલતાન ૧૮૯૦ માં ગુજરી ગયા
(૨) સમસુલમુલક (પ્ર. ૩)
(૩) સારાખાતમ (ગુજરી ગયા)
(૪) ગોહરબાન બાનુ
(૫) ખાન કાજી (ગુજરી ગયા)
જંગીશાહા (ત્રીજી ઓરતથી) ૧૮૯૬ માં ગુજરી ગયા (પરણ્યા)
(૧) નુરશાહા બેઉ સુલતાન ૧૮૯૭ માં ગુજરી ગયા
(૨) ખદીજાબીબી (પ્ર. નં. ૪)
જલાલશાહ (૪ થી ઓરતથી) ૧૮૭૧ માં ગુજરી ગયા દરખશાનબેગમ પરણ્યા ગુજરી ગયા ૧૯૦૩
અકબરશાહ (૪ થી ઓરતથી) ગુજરી ગયા મે ૧૯૦૪
બીબીશાહેબ (ત્રીજી ઓરતના) સુલેમાનખાનને પરણ્યા. (પ્ર. ૨)
બીબીહોમા (પહેલી ઓરતથી) મહમદ જાફરખાનને પરણ્યા ૧૮૭૯ માં ગુજરી ગયા.
બીબીગોહર ૧૮૯૮ માં ગુજરી ગયા (બીજી ઓરતથી) ઇમામવરદીખાનને પરણ્યા.
બીબીતાજમાહા (પહેલીઓરતથી) મીરઝાશફીને પરણ્યા. ૧૮૫૧ માં ગુજરી ગયા.
બીબીમલેક (પહેલી ઓરતથી)મહમદજાફરખાનને પરણ્યા૧૮૫૦ની સાલમાં દરીયામાંડુબી ગયા
શાહાસુલ (૫ મી ઓરતથી ૧૮૫૬ માં નાની ઉમરમાં ગુજરી ગયા
શાહાબુદીનશાહા ૧૮૮૪મા ગુજરી ગયા વીધવા મુકીને
નુરદીનશાહ ૧૮૮૪ માં ગુ. ગયા શાહાબીબીને પરણ્યા હયાત છે
સુલતાનમહમદશાહા ૩ જા આગાખાન શાહાજાદી બેગમ પરણ્યા
૧ ઝેનુલઆબદીનશાહા મલેકતાજબેગમ પરણ્યા ૧૮૯૪માં ગુજરી ગયા
૨ સમસુદીનશાહા બીબીમલેકપરણ્યા (પ્ર. ૫)
શાહાઅબાસ ૧૮૯૬ માં ગુજરી ગયા
૧ હાજીબીબી મુસુલશાહાની ઓરતવાદીયબ
૨ શાહાજાદીબેગમ ત્રીજાઆગાખાનની ઓરત (પ્ર. ૬)
શાહાઝાદશાહા શાહાબુદીનશાહ ની દીકરી પર ણ્યા. (પ્ર. ૭)
ફરૂકશાહા મલેકસુલતાન બેગમ નુરદીનશાહા નીદીકરી પરણ્યા (પ્ર. ૮)
મહમદશાહા ગુજરી ગયા એક વીધવા મુકીઅને ૧ છોકરી ઘાતમાએ ગમની દીકરી સાથેપરણ્યા
અહમદઆગા ૧ છોકરો અને ૧ દીકરી હયાત છે
મહમદ આગા
નવાબખાનમગુજરી ગયા
૨ છોકરા હયાત છે
મીરઝાઅબ્બાસ ૧૫ વરસ જીવીને ૧૮૫૧ની અગાઉ ગુજરી ગયા
મુસતફાખાન ૧૮૫૭ ગુજરી ગયા
૨ છોકરા અને ૪ દીકરીઓ અને ૧ વીધવા હયાત છે
આગરશાહા હયાત છે
શાહરુશાહા હયાત છે
નુરશાહબેગમ બેગમ હયાત છે
મુસુલશાહા ૧૯૦૭ મા ગુજરી ગયા હાજીબીબી પરણ્યા
કુલીકશાહ શાહા મુદીનશાહાની દીકરી પરણ્યા તેણીના ગુ. ગયા પછી તેણીની બે હેનને પરણ્યા (પ્ર. ૯)
શાહાબીબી નુરદીનશાહા ની ઓરત (પ્ર. ૧૦)
મલેકતાજબેગમ ઝેનલઆબદીન શાહાની ઓરત (પ્ર. ૧૧)
લાટફઅલીખાન ૧૮૯૬ મા ગુજરી ગયા ઇરાનમાં ૨ છોકરા મુકીને
સાહેબકરાન મીરઝા
૧ છોકરોઅને ૨ દીકરીઓ બધા હયાતછે
બીબીબેગમ નાસરશાહાને પરણ્યા
૧ છોકરોઅને ૧ દીકરી બધા હયાતછે
બીબીમહા મહમદઆગાને પરણ્યા.
નીઝામશાહા ૧૮૮૧ માં ગુજરી ગયા
૧ દીકરી ૧૯૦૪ માં ગુજરી ગઈ
હૈદરકુલીખાન ૧૮૯૬માં ગુજરી ગયાવીધવા હયાતછે
૩ છોકરા બધા હયાત છે
શાહીખાન (અબ્બાસ કુલીખાન) હયાત છે
૨ છોકરા હયાત છે
૫ દીકરીઓ હયાત છે
બીબી નુસી ૧૮૯૭ માં ગુજરીગયા
અબદુલહસન ૧૮૮૫ માં ૬માસનીઉમરે ગુજરી ગયા
અબદુલકાસમશાહા (પ્ર. ૧૨)
જલાલશાહા (પ્ર. ૧૩)
શાહાબેગમ (પ્ર. ૧૪)
ઇસમાઇલ હયાત છે
હાસમશાહા ૧૮૯૮ માં ગુજરી ગયા
કાસમશાહાહયાતછે શાહાબુદીનશાહાની દીકરીને પરણ્યા
શાહાસુલતાનબેગમ ૧૮૯૭ માં ગુજરી ગયા
મલેક સુલતાન બેગમ નુરશાહાની ઓરત હયાત છે

અસલ દીવાની મુકરદમો.

અસલ દિવાની દાવા નંબર ૭૨૯ સન ૧૯૦૫.

મી. જસ્ટીસ રસલ સાહેબની રૂબરૂ.

તા. ૧ સપ્ટેંબર સન ૧૯૦૮

હાજી બીબી,

વિરૂદ્ધ.

નામદાર સર સુલતાન મહમદશાહ ધી આગાખાન.

આગાખાનને અર્પણ કરેલી મીલકત ઉપર આગાખાનનું સ્વતંત્રરીતનું માલકીપણું છે—આવા અર્પણ ઉપર આગાખાનના કુટુંબના અંગમુતોનો મઝીયારો હકક થતો નથી—આગાખાનની મીલકતનો ઉત્તરધીકાર મઝીયારો નથી—ખોજાઓ શીઆ ઇમામી ઇસ્માઇલીઓ છે અને અસ્નાઅસરીઝ નથી—આગાખાનના કુટુંબનો ઇતિહાસ શીઆ ઇમામી ઇસ્માઇલીનો ઇતિહાસ—લેકોને કોર્ટમાંથી બાતલ કરવાનો અથવા જે પુરાવથી ધર્મ સબંધી અથવા રાજ્ય પ્રકર્ણી ગરબડ થવાનો સંભવ હોય તેવો પુરાવ પ્રસીદ્ધ કરવા ન દેવાનો જડજને અધીકાર છે.

પાનું ૪૦૯. જે વખતે જે આગાખાન હોય તે આગાખાનને માનનારાઓએ તે આગાખાનને આપેલાં અર્પણો તે તેમના સ્વતંત્ર ઉપગોગ અને ફાયદાનાછે એવો તે માનનારાઓએ ઇરાદો રાખેલો છે, અને આવા અર્પણો તેમને માન્ય અને પુજ્યપણાની લાગણીથી કરેલાં હોય છે ને કરવાનો હેતુ આ લોક અથવા પરલોકનો હોય પણ એક બાજુ તરફ તે પોતાને માટે લે છે, અને તેનો ફાયદો પોતે પ્રાપ્ત કરવાનો છે. આગાખાનના કુટુંબના અંગમુતોના ફાયદા સારૂ તે આપવામાં આવેલાં અર્પણો નથી. તે કુટુંબના અંગમુતોનું ભરણ પોષણ આગાખાન કરે તેવો તે અંગમુતોનો હકક નથી, તેમ જે વખતે જે આગાખાન હોય તેમને મળેલાં અર્પણ ઉપર તે અંગમુતોનો કોઈ રીતે હકક થતો નથી.

આગાખાનની મીલકત ઉપર કાંઇ મઝીયારો ઉત્તારાધીકાર નથી.

ઇમામ સલામશાહના વખતના એક મીશનરી પીર સદરૂદીને મુંબાઇના ખોજાઓના વડીલોને અસલ શીઆ ઇમામ ઇસ્માઇલી ધર્મમાં વટલાવેલા હતા, અને આગાખાન એક અસ્નાઅશ્રી નથી પણ એક વંશપરંપરાના ચીફ અને શીઆ ઇમામી ઇસ્માઇલીઓ હાજર ઇમામ છે. જે ખોજાઓ આગાખાનને માનનારા છે તેઓનો ધર્મ શીઆ ઇમામી ઇસ્માઇલીનો છે, અને હમેશાં તેઓ તે ધર્મના થએલા છે. તેઓ અસ્નાઅશરીઝ નથી અને કોઇ દીવસ થએલા પણ નથી.

અમુક ક્રીયા કરવાથી કોઇ અમુક ધર્મનો વધારો થાય છે અને તે પંથના અથવા સમુદાયના લોકો તે ધર્મ પાળે છે કે નહી તેનો નિર્ણય કરવામાં જે મંડળીને સબંધ હોય તે મંડળીના અંગમુતોના માનવાપણાના પુરાવા પ્રમાણે દુનીઆની કોર્ટે વર્તવું જોઇએ.

શીઆ ઇમામી ઇસ્માઇલીઓના માનવાપણાનો ઇતિહાસનો પત્તો લગાડેલો છે.

આગાખાનના કુટુંબનો ઇતિહાસ બતાવેલો છે.

દરરોજના કોઇ વર્તમાનપત્રમાં કોઇ કામનો પુરાવ જો પ્રસીદ્ધ કરવામાં આવે તેથી ધર્મ સંબંધી અથવા રાજ્ય પ્રકર્ણિ ગરબડ જાગૃત થવાનો સંભવ હોય તો જડજને લોકોના સામાન્ય સમુદાયને બાતલ કરવાનો તેમ તે પુરાવ પ્રસિદ્ધ કરવા દેવાની ના પાડવાનો હક્ક છે.

સર સુલતાન મહમદશાહાના એક કાકા જંગીશાહાની એક વીધવા દીકરી હાજી બીબીએ નામદાર સર સુલતાન મહમદશાહ જે આગાખાન છે તેમના ઉપર તથા તેમના સગાઓમાંના કેટલાક ઉપર આ દાવો આણેલો છે. તેમાં પહેલા આગાખાને જે મીલકત મુકેલી તેના એક હીસ્સા બાબત જંગીશાહાની દીકરીઓમાંની એક દીકરી તરીકે દાવો રાખીને એવી દાદ માગેલી છે કે જંગીશાહાની મીલકતના વહીવટદાર એક શમશુદીનશાહે જે ફારકતી આપીને તે મીલકત ઉપરના તમામ દાવા સર સુલતાન મહમદ શાહા વીરૂદ્ધ છોડી દીધા છે તે સમશુદીન શાહે કરી આપેલી ફારકતી રદ થવી જોઇએ.

વાદીની હકીકતને વાદી અને પ્રતિવાદી નંબર ૨ તથા નંબર ૫ થી ૧૪ સુધીના પ્રતીવાદીઓ પુષ્ટી કરે છે. તેઓએ બીજી તકરારોની સાથે એવી તકરાર કરી છે કે:—

(૧) હક્ક તરીકે આગાખાનને જે ખોજાઓ માનનારાઓ છે તેઓએ બુદ્ધિપુર્વક જે અર્પણો કરેલાં છે તે એકલા આગાખાનના જાતીકા ઉપયોગને માટે કરેલા નથી પણ આગાખાનના કુટુંબના અંગભુતોને માટે અને તેઓના ફાયદા સારૂ કરેલા છે.

(૨) જે રીતે પહેલા અને બીજા આગાખાનોએ તે અર્પણોમાંથી પોતાના જે સગાઓનો નીરવાહ કરેલો તે પ્રમાણે જે વખતે જે આગાખાન હોય તે આગાખાન તે સગાઓનો નીર્વાહ કરવાને હક્ક તરીકે બંધાએલો છે.

(૩) આગાખાનને માનનારા ખોજાઓ જ્યારથી ચટલાઈ મુસલમાન ધર્મના થયા ત્યારથી તે ખોજાઓ શીઆ અસ્નાશરીઝ ધર્મના છે અને હમેશાં તે ધર્મના થએલા છે અને શીઆ ઈમામી ઇસ્માઇલીઓ નથી.

(૪) જંગીશાહાની મીલકતના વહીવટદારે જે ફારકતી લખી આપેલી છે તે ફારકતી કપટ ભરેલી અને સાજસ ભરેલી છે અને પ્રપચી બ્યવહારની છે, અને તે પ્રમાણે વર્તવાનો ઇરાદો કોઈ દીવસ રાખેલો નથી.

વાદી તરફથી મી. બહાદુરજી, ઓનરેબલ મી. સેતલવાડ અને મી. દેશાઇ.

નામદાર આગાખાન તરફથી મી. ઇનવેરારીટી, મી. લાઉન્ડઝ અને મી. રેઇકસ.

શમશુદીન શાહા તરફથી ઓનરેબલ મી૦ સ્કોટ, મી. સ્ટ્રેંગમેન, અને પાછળથી મી. બાન્સન અને મી. ઝીણા.

નંબર ૨ ના પ્રતિવાદી તરફથી મી. બહાદુરજી અને મી. દેશાઇ.

નંબર ૩ ના પ્રતિવાદી તરફથી મી. રોબરસન અને મી. જાર્ડીન.

નંબર, ૪ અને ૬ ના પ્રતિવાદીઓ તરફથી મી. બાન્સન, તથા મી. ભીકાજી અને પાછળથી મી. જાફર રહીમતુલ્લા.

નંબર ૭ અને ૮ ના પ્રતિવાદીઓ તરફથી મી. પાદશાહ અને મી. લાલકાકા.

નંબર ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદી તરફથી મી. ડાવર અને મી. દેશાઇની સાથે ઓનરેબલ મી. સેતલવાડ.

નામદાર આગાખાનની ઉલટ તપાસમાં તેમને અમુક સવાલો પુછવાથી કોર્ટ ખાલી કરવાનો હુકમ કરીને તે પુરાવ દરરોજના વર્તમાનપત્રોમાં પ્રસીદ્ધ કરવો નહીં એવું મી. જસ્ટીસ રસલ સાહેબે ફરમાવેલું હતું. ત ઉપરથી વાદી તરફના કોંસલે અરજ કરી કે જો તે હકીકતનો સંપુર્ણ રીતે રીપોર્ટ કરવામાં નહી આવે તો તે કામ ચલાવવું નહી એવી ખબર મને મળેલી છે. તેથી તે તથા નંબર ૨ ના અને નંબર ૯ થી ૧૪ સુધીના કોંસલો તે કામમાં રહેલા નહોતા.

પ્રતિવાદીઓ તરફથી વધારાનો પુરાવ લેવામાં આવ્યો હતો અને મી. ઇનવેરારીટીએ કોર્ટને તકરાર જાહેર કરી.

મી. ઇનવેરારીટી:—જો કે વાદીના કોંસલ અને સોલીસીટરો પાછા ગએલા છે તો પણ નીંગાપા વી. ગૌડાપા (સન ૧૯૦૫-૭ મું. લો. રી. ૨૬૧) ના કામના આધારથી કોર્ટને ગુણદોષ ઉપર જે પુરાવ ગુજારવામાં આવેલો છે તે પ્રમાણે ફેંસલો કરવાનો કોર્ટને અખત્યાર છે. હું અરજ કરૂં છું કે કેટલાક પક્ષકારો હાજર થતા નથી તે કારણથી દીવાની કાયદાની કલમ ૧૦૨ પ્રમાણે તે દાવો કહાડી નાંખવાનો કોર્ટનો હકક થએલો નથી અને આ કારણથી હું મ્હારો પુરાવો પુરો કરવો જરૂરનો છે એવું મ્હારા વિચારમાં આવેલું છે. કાંઈ પુરાવ નામંજુર કરેલો છે તે કારણથી વાદીના કોંસલ પાછા ગએલા નથી પણ અમુક સવાલો તથા જવાબો વર્તમાનપત્રોમાં પ્રસીદ્ધ કરવાને પરવાનગી આપેલી નહી તેથી તે પાછા ગએલા છે. પુર્વના દેશમાં જે હકીકતથી બીજા ધર્મના પંથોને ગુસ્સો થાય તે હકીકત જો બની શકે તેવું હોય તો તે દુર રાખવી એ સલાહકારક છે. કોઇ બીજા અમુક ધર્મ કરતાં એકાદો અમુક ધર્મ વધારે સાચો છે કે નહિ તે વિશે વાદવિવાદ એકાદા સખસે કરવો નહીં એવું ઇંગ્લાડમાં થએલું છે. જે કામોમાં ધર્મના સવાલો હોય તે કામોમાં ફેંસલો કરવાનો કાયદાની કોર્ટનો અખત્યાર અમુક સમુદાયનું કેવું માનવાપણું છે અને કેવા નિયમો છે તે ફક્ત શોધી કહાડવાનો છે, જુઓ જમસેદ વિ. સુનાબાઇ (સન ૧૯૦૫-૧૦ મુંબાઈ લો. રી.) ઓહેનલોન વી. લોગ (સન ૧૯૦૬-૧-આયર. રી. ૨૭૯) એકાદા અમુક ધર્મનું સાચાપણું છે કે નહિ તેનો નીર્ણય કોર્ટે કરવાનો નથી, પણ અમુક મંડળીનું અમુક માનવાપણું છે કે નહી તે વીશે નિર્ણય કરવાનો છે.

તે ફારકતી સંબંધી કપટનો આરોપ આગાખાન ઉપર દાવા અરજીમાં રાખેલો છે, પણ તે આરોપને ટેકો આપ્યા વિના વાદીપણે પોતાનો પુરાવ બંધ કરેલો છે. તે ફારકતી લખી આપવામાં કાંઈપણ કપટ હતું એવું બનાવવાને તેણીની મુખ્ય તપાસમાં કાંઈપણ પ્રયત્ન કરવામાં આવેલો નથી. તે ફારકતી લખી આપવામાં આવેલી ત્યારથી ચાર વર્ષ પછી અને તે બાબત વાદીપણના જાણવામાં આવી ત્યાર પછી તે ફારકતી નામનો અને કપટ ભરેલો દસ્તાવેજ છે એવું દાવા અરજીમાં પહેલવહેલું અમે સાભળીએ છીએ. તે

નામનો દસ્તાવેજ નથી તે ખુલ્લું છે કારણ કે તેની રૂઇએ રૂ. ૪૦,૦૦૦) જંગીશાહની મીલકતમાં આપવામાં આવેલા છે અને એક લાખ રૂપીઆની કીમતના ત્રણ બંગલાઓ આપેલાછે. તે ગોઠવણ વ્યાજબી છે અને આગાખાન તરફના અંગજુનોના ઉદારપણાને લીધેછે.

આગાખાનનું કુટુંબ મઝિયારૂ અને અવિભકત છે એવું કહેવામાં આવેલું છે. એક વખતે વાદીયણે કહેલું છે કે પહેલા આગાખાનના ભાઇઓ તથા બહેનો અને તેના વંશજો બધા મઝીયારા અને અવિભકત કુટુંબના અંગજુતો હતા અને તે બધાઓનો તે મીલકતમાંથી હિસ્સો લેવાનો હકક થએલો છે. આ પ્રમાણે તે મીલકતમાંથી ૨૦૦) સખસોનો હિસ્સો લેવાનો હકક થાય છે. પણ જંગીશાહાનો આ ઉપરથી ઘણું થોડું લેવાનો હકક થશે એવું સમજીને તેણીએ તે હકીકત છોડી દીધી છે, અને પાછળથી કહ્યું છે કે તે મઝીયારૂં કુટુંબ નવ વારસો, પુરૂષો તથા સ્ત્રીએ થઇને હતું આ તદન અશકય છે.

આ દાવો દાખલ થયો ત્યાર પછી લગભગ એક વર્ષસુધી હાસનશાહ અને જંગીશાહના ખુનોમાં આગાખાને ઉશ્કેરણી કરેલી હતી એવી સુચના કરવામાં આવેલી નહોતી, તે કહેવું તે કામમાં બીલકુલ અગત્યનું નથી અને તે દાવાનો ફડચો કરવાને આગાખાન ઉપર દબાણ વધારવાને વાદિયણે મરજી રાખેલી છે તેથી તે કહેલું છે.

આગાખાનને જે અર્પણો કરવામાં આવેલાં છે તે ફકત તેમના ઉપયોગને સારૂ છે અથવા તે કુટુંબના અંગજુતોના ફાયદાસારૂ કરેલાં છે, તે વિશે કોર્ટે તે અર્પણો શા વાસ્તે કરેલાં છે તેની તપાસ પ્રથમ કરવાની છે. આપણે ત્રણસો કરતાં વધારે શાક્ષીઓ તપાસેલા છે. તેઓએ સોગન ઉપર કહેલું છે કે ગીનાનો નામના જાણીતા ધર્મ સબંધીના પુસ્તકોમાં જે ફરમાન છે તેને લીધે તે કરેલાં છે. તે અર્પણો જુદા જુદા જમાતખાનામાં વસુલ કરેલાં છે અને હાઝર ઇમામને મોકલેલાં છે. તે વાદીયણને એક વખતે તે અર્પણો હાઝર ઇમામના ફાયદા સારૂ આપેલાં છે અને જે સગઓને આપેલું છે તે ઇમામના નાણાંના ભેગું થએલું છે, માટે જે નાણાં ઇમામના નાણાંના ભેગા થએલાં છે તે નાણાં લેવાનો તેઓનો હકક થએલો છે પાછળથી જુદી હકીકત બતાવવામાં આવીછે, અને એવું કહેલું છે કે કોઇ હાઝર ઇમામ હતોજ નહી. વળી એવું કહેવામાં આવેલું છે કે તે ગીનાનોમાં કેટલાક વાકયો છે તેથી તે માનનારાઓની એવી ફરજ ઠરાવેલી છે કે તેઓએ અલીના કુટુંબના અંગજુનોને તે આપવા જોઇએ, અને "અલ" શબ્દનો અર્થ સંતત (છોકરાં) થાય છે. જ્યારે એક શાક્ષીએ એવુ બતાવ્યું કે તે ગીનાનોમાંજ સમજાવેલું છે કે અલીના "અલ" નો હેતુ ગાદી ઉપરના ઇમામ છે ત્યારે પાછળથી તે કહેવું પડતું મુકયું છે. વાદીયણે અને તેણીને મદદ કરનારાઓને જ્યારે બેસતું આવ્યું ત્યારે તેઓએ ગીનાનો અને ઇમામ પસંદ રાખેલા છે. અને તે અર્પણો તે કુટુંબના ફાયદાસારૂ છે એવા તેઓના દાવાના આધાર તરીકે ગીનાનો ઉપર તેઓએ ભરૂસો રાખેલોછે. હાલ તેઓ (આ કોર્ટની રૂબરૂમાં) કહે છે કે આગાખાને તે ગીનાનો હમણાં દાખલ કરેલાં છે. અને લાંબા વખતના નથી, તે વીશે સાંભળેલું નહોતું. જુદા જુદા કમીશનો જુદા જુદા દેશમા ચાલતાં હતાં તે વખતે દુવા અને ગીનાનો થોડી મુદતની શોધી કહાડેલાં છે તે વિશે એક શબ્દ પણ સુચવેલો નથી. મહુવામાં જે પુરાવ લેવાએલો છે તેમાં સાક્ષીઓએ હશનઅલ્લી ચશ્નાશરી હતા એવી કોઇ વખતે સુચના કરેલો નથી. સન ૧૯૦૧ માં જે અલગ રહેનારા

સખસોએ જાહેર ખબર ઉપર સહીઓ કરેલી છે તેઓ દેખીતા ઇસ્માઈલીયો હતા પણ ખરીરીતે તેઓ ઘણા વર્ષોથી અસ્નાઅશરીઓ હતા. ખોજાઓ હમેશાં ઇસ્માઇલીઓ હતા જો કે કેટલાકો દેખીતીરીતે તે ધર્મ પ્રમાણે ચાલતા હતા તોપણ અંતઃકરણથી તે અસ્નાઅશરીઓ હતા અને જ્યારે તેઓને પેતાનું મંડળ બનાવવા જોઇના માણસો થયાં ત્યારે તેઓ ખુલ્લી રીતે અલગ રહેલા છે, આગાખાનને માનનારા આગાખાનના કુટુંબના કોઇ અંગભુતો પાસે જતા નથી તેમ તેઓના હાથ ઉપર તેઓ ચુંમન કરતા નથી. કમીશનથી જે પુરાવ લેવામાં આવેલો તે પુરાવ નહિ જેવો કરવાને માટે અહીંયાં જે હકીકત બતાવેલી છે તે બીલ-કુલ શોધી કહાડેલી છે, મ્હારી નજરમાં આવે છે કે મી. મુસે કમીશનો હુશીયારીથી ચલાવેલાં છે અને ઘણી ઉત્કૃષ્ટ ઉલટ તપાસ કરનાર માલુમ પડેલા છે અને સરસમાં સરસ બનતીરીતે આ-પણા તમામ કમીશનોનો બંદોબસ્ત તેમણે રાખેલો છે એવો આપ નામદારનો અભિપ્રાય થશે.

જસ્ટીસ રસલ સાહેબઃ—અમે તમારા સાથે તદન મળતા છીએ. તેથી વધારે સારૂ તે થઈ શકત એવું અમારી નજરમાં આવતું નથી.

મ્હારા અડત્રીશ વર્ષના અનુભવમા આ કામમાં મી. મુસે મને જે મદદ આપેલી છે તે કરતાં વધારે સારી મદદ મને કોઇ દિવસ મળેલી નથી. તે અવલથી તે આખર સુધી તે કામની હકીકત જાણે છે અને જે બાતમી જોઇતી હતી તે, તેને આંગળીને ટેરવે હમેશાં હતી.

તે કુટુંબની સ્ત્રીઓને બક્ષીસ આપવામાં આવે છે અને તે દફતરખાનામાં મોકલ-વામાં આવે છે, કારણકે, તમામ નાણાં મોકલવામાં આવે છે એવી હકીકત પહેલ વહેલી આપણને કહેવામાં આવી છે, આ શોધ હિમત ભરેલી છે અને તેના વિરૂદ્ધ તમામ પુરાવ અને દાવા અરજી છે.

કુરાનમાં જે વાકય બતાવેલું છે તેનો તે અર્પણો સાથે કાંઈ સંબંધ નથી. જ્યારે કુરાન પ્રસિદ્ધ કરવામાં આવ્યું ત્યારે ઇમામ નહોતા. તે ઘણા સારા કારણથી એ પ્રમાણે હોવું જોઇએ તે તદન અશકય છે. અમને એવું કહેવામાં આવેલું છે કે કુરાનમાં જે ફર-માન છે તેથી તે કુટુંબના અંગભુતોને તે અર્પણ કરેલાં છે. કુરાનમાં જે વાકય છે તે લડાઇમાં જે લુટફાટમાં લીધેલું હોય તે સંબધી છે. સેલે જે ટીકાકારોએ બતાવેલી છે તેમાંની એકે પણ હાલ જે સુચના કરવામાં આવેલી છે તેવી સુચનાં કરેલી નથી. પ્રિવી-કૌંસીલે ઠરાવેલું છે કે જુના ટીકાકારોએ કુરાનના જે અર્થ કરેલા છે તે વિરૂદ્ધ કોર્ટોએ પોતે અર્થ કરવાનો નથી. જુઓ આગા મહમદ જાફર બીંદાનીમ વિ. કુલસન બીબી (૧૮૯૭-ઇં, લો. રી. ૨૫ કલકત્તા. ૯, ૧૮).

હાઝર ઇમામને જે અર્પણો કરવામાં આવે છે તે ઇસ્માઈલી ધર્મનો ભાગ છે, અને તે ધર્મને લીધે ઇમામને અર્પણ આપવામાં આવે છે તે કુટુંબના અંગભુતોના ટ્રસ્ટી ત-રીકે નહી પણ આ દુનીયામાં આબાદીની અને આવતી દુનીયામાં સુખ મેળવવાને સારૂ તેમની જાતને માટે આપવામાં આવે છે.

આપ નામદાર સાહેબે ઇસ્માઈલી ધર્મ તે શું છે તે વીશે ઠરાવવાનું છે, અમે અરજ કરીએ છીએ કે આ કામમાં નિરશંશય રીતે સાબેત થએલું છે કે પીર સદરદીન અને હસન કબીરદીને જે ફરમાનો કરેલાં છે અને જે તેમના ધર્મના જુના પુસ્તકો ગીનાનોનાછે

તેમાં બતાવેલાં છે. તે ફરમાનોના આધાર ઉપર ખોજા શીઆ ઇસ્માઇલીના ધર્મની શ્રદ્ધા રહેલી છે. આવાજ પુસ્તકો ગીનાનો જેવા ધર્મના છે તેમાં આગાખાનને માનનારાઓના જે પરજાઓને જુદા જુદા મીશનરીઓએ જુદી જુદી વખતે વટલાવીને ઇમામી ઇસ્માઇલી ધર્મના થએલા હતા તેમને માટે તેજ મતલબના ફરમાનો બતાવેલાં છે.

પ્રતિવાદીના દરેક જથાનું ખરચ મળવાનો અમારો હક્ક છે. વાદી બીજા પ્રતિવાદી અને નંબર, ૮ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓ ઉપર ખર્ચના હુકમનામાં અમે માગીએ છીએ.

જસ્ટીસ રસલ સાહેબઃ—જો કે આ કામમાં ૧૨૮ કરતાં ઓછા ઇસ્યુ કહાડેલા નથી અને આ કોર્ટમાં ઘણીજ લાંબી મુદત લીધેલી છે તેથી નામ મેળવેલું છે તોપણ જે તકરારી સવાલો છે તે સાદા રૂપનાં છે અને તેની સંખ્યા બે કરતાં વધારે નથી આ સવાલોમાં પહેલો સવાલ એ છે કેઃ—મુંબાઇના ખોજા મંડળે આગખાનને જે અર્પણો આપેલાં છે તે ફક્ત તેમના ઉપયોગ અને ફાયદા સારૂ આપેલાં છે કે તેમના કુટુંબના અ-મુક અંગભુતોના ઉપયોગ અને ફાયદા સારૂ આપેલાં છે? (૨) એક તરફ જંગીશાહની મીલકતના વહિવટદાર તરીકે અને પોતાના હક્કથી નંબર ૫ ના પ્રતિવાદી સમશુદીન અને બીજી તરફ નંબર, ૧ ના પ્રતિવાદીની વચમાં તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજની જે ફારકતી છે તે અમસ્તી નામની છે અથવા સાજસવાળી અને કપટ ભરેલી છે અને તે વાદીયણને બંધનકાર્ક છે.

વાદીયણ, આગા મુચુલશાહ જે જલાલશાહનો દીકરો હતો અને તેઓ પહેલા આગાખાન હસનઅલીનો દીકરો હતો (જે અહીંયાં એચ, એ તરીકે બતાવેલો છે) તે આગાખાન મુચુલશાહની વિધવા છે. પહેલા પ્રતીવાદી હાલના આગાખાન છે, જે બીજા આગાખાન અલ્લીશાહનો દીકરો છે (જેમને અહીંયાં એ. એમ. તરીકે બતાંવેલા છે). બીજી પ્રતિવાદિયણ સુલેમાનખાનની વિધવા અને હસનઅલ્લીની દીકરીઓમાંની એક દીકરી બીબી સાહેબ છે. ત્રીજી પ્રતિવાદીયણ અલીશાહની વીધવા બીબી શમશુલ મુલુક જેમને બીજી રીતે લેડી અલીશાહ કહેવામાં આવે છે તે છે. ચોથી પ્રતીવાદીયણ હસનઅલ્લીના એક બીજા દિકરા જંગીશાહની વિધવા અને બીજી વહુ ખુદીજા બીબી છે. પાંચમા પ્રતી-વાદી આગા સમશુદીન (જેને હવે પછી સમશુદીન કહેવામાં આવેલો છે) જે સદરહુ જંગીશાહનો બીજો દીકરો છે. છઠ્ઠી પ્રતિવાદીયણ નંબર, ૧ ના પ્રતિવાદીની સ્ત્રી શાહજા-દી બેગમ તે જંગીશાહની દિકરીઓમાંની એક દિકરી જે ખુદીજા બીબીથી થએલી અને વાદીયણની અને સમશુદીનની એક બહેન છે, ૭ મો પ્રાતેવાદી હસનઅલ્લીના દીકરામાંના એક દીકરા અકબર શાહનો દીકરો આગા શારૂખશાહા છે. આઠમો પ્રતિવાદી સદરહુ અકબરશાહનો એક બીજો દીકરો આગા ફરૂકશાહા છે. નવમો પ્રતિવાદી મુચુલશાહનો તથા શાહબીબીનો ભાઇ અને જલાલશાહનો દીકરો આગા કુચીકશાહ (જેમને હવે પછી કુચીક કહેવામાં આવેલા છે) છે. શાહબુદીનશાહની એક દીકરીને કુચીક પહેલા પરણેલા હતા; અને તેણીના મરણ પછી તેણીને બહેનને પરણેલા હતા. ૧૦ મી પ્રતિવા-દીયણ, સદરહુ અલીશાહનો બીજો દીકરો અને નંબર, ૧ ના પ્રતિવાદીનો ભાઈ નુરૂદીન શાહની વીધવા શાહ બીબી છે. ૧૧ મી પ્રતિવાદીયણ ઝેનુલાબીદીન શાહની વહુ શાહબીબી ની બહેન અને જલાલશાહની દીકરી મલીકતાજ બેગમ છે. નંબર ૧૨ થી ૧૪ સુધીના

પ્રતિવાદીયો વાદ્દિયણથી થયેલા મુચુલશાહના બે દિકરા અને દીકરી છે. જુઓ દાવાઅરજી સાથે જોડેલું પેહેડીનામું અને એક નંબર ૧ ના પ્રતિવાદીએ રજુ કરેલું છે તે બેઉ આ ફેંસલાના ભાગ તરીકે સમજવા જોઇએ.

તે દાવામાં તકરાર કરનાર પક્ષકારોમાં એક બાજુએ વાદીયણ બીજી પ્રતિવાદીયણ અને નંબર, ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓ છે, અને બીજી બાજુ તરફ નંબર ૧ નો નો પ્રતિવાદી તથા નંબર ૩ થી ૮ સુધીના પ્રતિવાદીઓ છે.

ફરિયાદ અરજીની અગત્યની કલમો ૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૩૪, ૩૬ અને ૫૫ છે અને અગત્યની દાદો માગેલી છે તે (ધ) (જી) (જે) અને (કે) નિશાનવાળી છે. અમે તે લંબાણમાં વાંચીએ છીએઃ—

૧. કેરોના ફતેમદ ખલીફા તરફથી શીઆના છઠ્ઠા ઇમામ એક જાફરશાહના દિકરા ઇમામ ઈસ્માયલીની સીધી લીટીના વંશજોનો હિંદુસ્થાનમાં મુંબઈ વિગેરે તથા બીજા દેશોના ખોજા તરીકે ઓળખાતા મંડળના વંશપરંપરાના ઇમામ ઇયાતે અને પોતાના કુટુંબના આગેવાન તરીકે શિઆ ઇસ્માઇલીઓ અથવા ઈસ્માઇલી શીઆ તરીકે ઓળખાતા મુસલમાની પંથના જાણવામાં આવેલા નહિ તેવા ઇમામ અથવા ગુરૂ અને વંશપરંપરાના મુખ્ય તરીકે સાધારણ રીતે કહેવાતા ૧ લા આગાખાન તે થોડી મુદતથી મુંબાઈના પણ તેથી થોડી મુદતથી બ્રિટીશ સિંધના જે તે અગાઉ ઈરાનમાં કરમાનના હતા તે હસન અલ્લીશાહ ઉરફે મહમદહસન હુસેની દાવો રાખતા અથવા તેમણે દાવો રાખેલો હતો.

(૨). આના આગળ કહેવા પ્રમાણે ગુરૂ તરીકે ૧ લા આગાખાન (અને સને ૧૭૭૦ થી તેમના દરેક ઘરડા અને ઘણું કરીને વધારે વહેલા કેટલાક સૈકાથી તેમને ભારે કિમતી અર્પણો અને નજરાણા સદરહુ ખોજાઓ અને વળી ઈસ્માઇલી શીઆ તરફથી વારંવાર મળતા હતા, વળી તેમને હિંદુસ્થાન સરકાર તરફથી દર માસે રૂ. ૩૦૦૦) નું એલાવન્સ મળે છે. તે તમામ નફાના અથવા તે તરફથી વેપારમાં રોકેલા નફાના, વાદીયણ તકરાર કરે છે તે પ્રમાણે સદરહુ બતાવેલા કુટુંબની બધી મિલકત પૈકીનું છે. તેથી હવે પછી બતાવ્યા પ્રમાણે તે વાદીયણ હક્કનો દાવો રાખે છે.

૧૩. ૧ લા આગાખાનની હયાતિમાં અને તેમની કારકીર્દિમાં અને તે વખતથી હવે પછી કહેવામાં આવેલા ભંગના દાખલાઓ સુધી તે કુટુંબના દરેક પુરૂષ અંગભુત પાકી વયનો થાય અથવા તે કુટુંબની સ્ત્રિઓ પાકી વયની થાય અથવા શાદી કરે એટલે તે કુટુંબની મિલકતના એક મકાન અથવા મકાનોમાં રહેતાં હતાં અને તે કુટુંબના ઇલિકાબવાળા મુખ્ય અને વહિવટદારની મારફતે તે કુટુંબી મિલકતની પુંજીમાંથી તેઓને જાતને માટે એલાવન્સ અને ચાકરોનો પગાર, અને શાદી કરવામાં આવે ત્યારે શાદી બાબતની બક્ષીશ મળતી હતી, અને વળી તેઓને ખોરાક, ચાકરો, ગાડીઓ, ઘોડા, ફરનીચર અને બીજી જરૂરીયાત ચીજો અને સુખ મળતાં હતાં.

૧૪. મુસલમાન શરેહના વારસાના નિયમો પ્રમાણે તે શીઆ અને તે કુટુંબ તે પંથનું છે તે તેમને લાગુ પડે છે, કારણ કે તેઓ વારસો અને વારસ સ્ત્રિઓ છે તેથી તેઓનો સદરહુ બતાવેલા કુટુંબની મિલકતના હીસ્સાના ભાગ ઉપર અને તે મીલકત ઉપર મઝીયારો લેવાનો અવિનાશ્ય હક્ક છે, તેથી તે કુટુંબના રહેઠાણો, એલાવન્સો, જરૂરીયાત વસ્તુઓ અને સુખો તે કુટુંબના તે અંગભુતો ભોગવતા હતા,

૧૫ જો કે તે રહેવાના મકાનો, એલાવન્સો, જરૂરીયાત ચીજો અને સુખ તે કુટુંબના જુદા જુદા અંગભૂતોને મુસલમાની વારસાના નિયમ પ્રમાણે તેમના જે હિસ્સા થાય તેટલું અથવા તેના બદલામાં મળેલું નથી તોપણ તેમનો તે મિલકતમાંથી લેવાનો હક્ક થાય તેના એક ભાગ તરીકે અથવા તે હિસ્સાએ તેમને મળતું હતું, કારણ કે તે જુદા ભાગ અથવા હિસ્સા અવિભક્ત રહેલા અને હમેશાં રહેલા છે અને કોઇ દિવસ તે ભાગ અથવા હિસ્સા નક્કી કરી ઠરાવેલા નથી. તેમ તે કુટુંબી મિલકતના ખાસ હક્ક નક્કી કરી ઠરાવેલા નથી અને તે નક્કી કર્યા પ્રમાણે તે વારસ પુરૂષને વહેંચી આપેલા નથી અથવા સોંપેલા નથી.

૧૭. સદરહુ પહેલા આગાખાન મુંબાઈમાં નીચે પ્રમાણે વારસો અને વારસ સ્ત્રિઓ એટલે ત્રણ વિધવાઓ સદરહુ સરવે ખાન બેગમ, સદરહુ મરોયમ ખાનમ, અને સદરહુ હાજીબેગ, ત્રણ દીકરાઓ, સદરહુ અલીશાહ, સદરહુ આગા જંગીશાહ, અને સદરહુ અકબરશાહ અને ત્રણ દીકરીઓ સદરહુ બીબી સાહેબ સદરહુ બીબી ગોહર, અને સદરહુ બીબી તાજમાને મુકીને સન ૧૮૮૧ માં ગુજરી ગએલા છે.

૧૮. તે પહેલા આગાખાનના મરણ પછી તેમના તમામ નવ વારસો તથા વારસ સ્ત્રીઓ કાયદા પ્રમાણે પોતપોતાના હીસ્સા મુજબ તેમની મીલકતના મઝીયારે વારસ થએલાં છે, પણ તેમાંના એક વારસ એટલે સદરહુ અલીશાહ તેમના તે કુટુંબના ઇલકાબ વાળા આગાખાન અને તે કુટુંબના તાબાની મીલકતના વહીવટદાર તરીકે વારસ થએલા છે, અને આગખાન તરીકે પ્રસિદ્ધ થએલા છે અને હવે પછી બતાવવામાં આવેલું છે કે તેમના મરણ શુધી તે આગાખાન તરિકે જારિ રહેલા હતા.

૨૩ સદરહુ પહેલા આગાખાનના મરણ પછી તેમની ત્રણ વિધવાઓ, ત્રણ દીકરાઓ અને ત્રણ દીકરીઓ (જેમનાં નામ કલમ ૧૭ માં બતાવેલાં છે) તે તથા તેમનાં ફરજંદ મઝિયારે અવિભક્ત મઝિયારા કુટુંબના અંગભૂત તરીકે રહેતાં હતાં અને તેમા પોતપોતાના અવિભક્ત હિસ્સા પ્રમાણે કુટુંબની બધી મીલકત ભોગવતાં હતાં, તે જુદા જુદા મકાનોમાં રહેતાં હતાં અને વારસ પુરૂષ અને સ્ત્રિઓ તરીકે તે પુંજીમાંથી નાણું લેતાં હતાં અને તેમાંની કોઇ વિધવા દીકરા અથવા દીકરીઓમાંથી મરણ પામ્યા પછી તેના અથવા તેણીના વારસો પાછળ હયાત રહેલા સખસો સાથે અથવા તેમના ફરજંદ સાથે મઝિયારે રહેતાં હતાં અને તે કુટુંબની મીલકત ભોગવતાં હતાં.

૨૪. વારસ બાબત મુસલમાની સરેહના જે નિયમ તે કુટુંબને લાગુ થાય છે તે કલમ ૧૭ મીમાં બતાવેલા નામો વાળી ત્રણ વિધવાઓમાંની દરેક વિધવાનો તે કુટુંબની તમામ મિલકતમાંથી ૨૪ મો અવિભકત હિસ્સો લેવાનો ત્રણ દીકરાઓમાંના દરેકનો અવિભકત ૩૬ મા હીસ્સાના સાત અને દરેક સદરહુ દીકરાનો અવિભકત ૭૨ મા હીસ્સાના સાત ભાગ લેવાનો હક્ક થાય છે.

૩૪. જુદી જુદી વસીયતો અને મઝિયારા ઉત્તરાધીકાર ઉપર બતાવેલા છે તેથી તે કુટુંબની તમામ મિલકતમાંથી ૧૪૪ મો અવિભકત હિસ્સાના સાત ભાગ લેવાનો વાદીયણનો હક થએલો છે.

૩૬. તા. ૧૧ સપ્ટેંબર સને ૧૯૦૧ ના રોજ એક તરફ નંબર ૫ ના પ્રતિવાદી સદરહુ આગા સમશુદ્દીન શાહા પોતાના હકકથી અને જંગીશાહની મીલકતના વહીવટદાર તરીકે અને બીજી બાજુએ નંબર ૧ ના પ્રાતવાદીને વચ્ચમાં એક કરાર થએલો છે, અને તે મુંબાઇમાં રજીષ્ટર કરાવેલો છે. તેમાં એવો મજકુર છે કે પહેલા આગાખાન પોતાની પાછળ આગળ બતાવેલાં નામવાળી વિધવાઓ. દીકરાઓ અને દીકરીઓને મુસલમાની સરેહ પ્રમાણે પોતાના ફકત વારસો અને કાયદેસર વારસ વકીલો તરીકે મુકીને મરણ પામેલાછે, અને મુંબાઇ, પુના, બેંગલોર, કરાંચી મધ્યે સ્થાવર તથા જંગમ મીલકત મુકેલી છે અને તેમાં એવું કહેવામાં આવેલું છે કે તે પહેલા આગાખાનના મરણ પછી તે પ્રમાણે લખેલાં પરીશીષ્ટ અ. માં વર્ણન કરેલી મીલકતનો સદરહુ બીજા આગાખાને કબજો લીધેલો તેમાં મરહુમ પહેલા આગાખાનની તે પ્રમાણે લખેલા પરીશીષ્ટ બ. માં વર્ણન કરેલી મીલકત શીવાયની મીલકત સ્થાવર મીલકત છે, અને તેઓ પોતાની તરફથી વહીવટ કરતા હતા અને પહેલા આગાખાનના બીજા વારસોને બાતલ કરી તે મીલકતનાં ભાડાં અને નફો સ્વતંત્ર રીતે પોતાના મરણ સુધી ભોગવતા હતા, અને પરીશીષ્ટ બ. માં વર્ણન કરેલી મીલકતનો આગા જંગીએ કબજો લીધેલો હતો અને પોતાના મરણ સુધી તેનું ભાડું, નફો અને તેની આમદાની સ્વતંત્ર રીતે ભોગવતા હતા, અને તેમાં કહેલું છે કે મુસલમાની સરેહ પ્રમાણે આગળ બતાવેલા નામની વીધવા તથા દીકરો પોતાના ફકત વારસો અને કાયદેસર વારસ વકીલો તરીકે મૂકીને તે બીજા આગાખાન મરણ પામેલા છે તેમની અ. પરીશીષ્ટમાં બતાવેલી મીલકત સાથે તમામ સ્થાવર જંગમ મીલકત નંબર. ૩ ની પ્રતિવાદીયણ બીબી સમશુલ મુલકના કબજામાં આવેલી હતી અને સદરહુ પહેલા આગાખાનના બીજા વારસોને બાતલ કરીને નંબર ૧ તરફથી તે મીલકતનો તે વહીવટ કરતી હતી, અને તેમાં કહેલું છે કે સદરહુ નંબર ૧ ના પ્રતિવાદીએ સન ૧૮૯૩ માં પોતાની તરફથી તે છેલ્લી બતાવેલી તમામ મીલકત કબજે લીધી છે અને કહ્યું છે કે મુંબાઇ મધ્યેની જે મીલકતનું વર્ણન પરીશીષ્ટ અ. માં કરેલું છે તે મુંબાઇના કલેકટરના દફતરમાં અને મુંબાઇની મ્યુનિસીપાલીટીમાં તે આગાખાનના નામે એટલે નંબર ૧ ના પ્રતીવાદીના નામે ચડાવી આપેલીછે, અને તેમાં કહ્યુંછે કે તે બીજા આગાખાનના મરણ પછી નંબર ૧ ના પ્રતિવાદીએ પરીશીષ્ટ અ. માં વર્ણન કરેલી મીલકતનાં ભાડાં, નફો, અને આમદાની તેમજ પહેલા આગાખાને તથા બીજા આગાખાને મુકેલી બીજી મીલકત આગળ કહ્યા પ્રમાણે પહેલા આગાખાનના બીજા વારસોને બાતલ કરીને પોતાનો સ્વતંત્ર ભોગવટો કરેલો છે અને પછી તેમાં સદરહુ બીબી તાજમા અને સદરહુ બીબી મરીયમના મરણથી તે દરેકે મુસલમાની સરેહ પ્રમાણે આગા જંગીશાહને પોતાના વારસોમાંના એક વારસ અને કાયદેસર વારસ વકીલ તરીકે મુકેલા હતા અને કહ્યું છે કે તે જંગીશાહને (જે પ્રમાણે નંબર ૧ નો પ્રતિવાદી તેથી કબુલ કરે છે) તે પ્રમાણે પહેલા આગાખાનના મરણ પછી પરીશીષ્ટ બ. માં વર્ણન કરેલી મીલકતનો કબજો રહેલો હતો અને પોતાના મરણ સુધી તે પહેલા આગાખાનના બીજા વારસોને બાતલ કરીને તે મીલકતના ભાડાં, નફો અને પેદાશ ભોગવતા હતા; અને કહેલું છે કે આગા જંગીશાહ મરણ પામેલા છે તેમની પાછળ રહેલા તેમના એક દીકરા અને તે મરનાર જંગીશાહના બીજા વારસોની સાથે.

એક વારસ નંબર ૫ ના પ્રતિવાદી સદરહુ આગા સમશુદીન શાહાએ અરજ કરીને આ નામદાર કોર્ટમાંથી તા. ૨૮ અગષ્ટ સન ૧૯૦૧ ના રોજ મરનાર આગા જંગીશાહાની મીલકતનું વહીવટપત્ર મેળવેલું છે, અને કહ્યું છે કે સદરહુ નંબર ૧ ના પ્રતિવાદી અને મરહુમ બીજા આગાખાનનો પહેલા આગાખાનના મરણ પછી અ. પરીશીષ્ટમાં વર્ણન કરેલી મીલકતનો સ્વતંત્ર કબજો ભોગવટો કરેલો છે માટે નંબર ૧ ના પ્રતિવાદીએ તકરાર કરેલી છે કે આગા જંગીશાહનો તેમના મરણ પછી લાંબી મુદતથી કાંઈ દાવો નથી અને સદરહુ મીલકત ઉપર અથવા પહેલા આગાખાનની મીલકત ઉપર તેમનો કાંઇ દાવો નથી, કારણ કે પહેલા આગાખાનના એક વારસ તરીકે આગા જંગીશાહનો હીસ્સો લેવાના હક્કને તેમના મરણ પહેલા લાંબી મુદતથી મુદતના કાયદાની હરકત થએલી હતી અને કહ્યું છે કે નંબર ૫ ના પ્રતીવાદી સદરહુ સમશુદીનશાહાએ આગળ કહ્યા મુજબ વહિવટદાર તરીકે તથા પોતાના સ્વહક્કથી તેમાં બતાવેલા ભાગોનું ખરાપણું કબુલ કરેલું છે, અને એવું કબુલ કરેલું છે કે આગા જંગીશાહાનો જો કાંઇ દાવો ૧ લા આગાખાનની મીલકતમાંથી હીસ્સો લેવાનો હતો તોપણ, તે દાવાને જંગીશાહાના મર્ણ પછી મુદતની હરકત થએલી છે, અને અ. પરીશીષ્ટમાં વર્ણન કરેલી મીલકતનું ઉપર અથવા ૧ લા આગાખાનની મીલકતમાં કાંઇ ભાગ લેવાનો કોઇ રીતે તેમનો હક્ક નથી, અને વળી કહ્યું છે કે તે આગા શમશુદીન શાહાએ આગળ કહેવા પ્રમાણે વહીવટદાર તરીકે અથવા પોતાના સ્વહક્કથી વળી કબુલ કર્યું છે કે તમામ નાણાં આપેલા અને ખાસ આપેલાં, અને ખોરાક વીગેરે વખતે વખતે પુરૂં પાડવામાં આવેલું, અને મુંબાઇ મધ્યેના કેટલાક ઘરોમાં રહેવામાં આવતું હતું એટલે અ. પરીશીષ્ટમાં ૧ લી, ૨ જી અને ૩ જી વર્ણન કરેલી મીલકત અને પુના મધ્યેની જે મીલકત ૧ લી અને ૨જી મીલકત પુનાની મીલકત તરીકે બતાવેલી છે તે બીજા આગાખાને પોતાની હયાતીમાં પરવાનગી આપેલી હતી અને તેમના મર્ણ પછી નંબર ૧ ના પ્રતીવાદીની મા અને વાલી તરીકે નંબર ૩ ની પ્રતીવાદિયણ સદરહુ બીબી શમશુલ મુલુકે પરવાનગી આપેલી હતી અને તેવીજ રીતે બીજા નાણાં આપેલાં. ખોરાક અને રહેવાને મકાનો હજુ નંબર ૧ ના પ્રતીવાદિ તરફથી પોતે ઉમ્મર લાયક થયા ત્યારથી પહેલા આગાખાનના કુટુંબના જુદા જુદા અંગભુતોને એટલે સદરહુ મરનાર જંગીશાહાને અને તેમના ફરજંદોને તથા વંશજો નંબર ૫ ના પ્રતીવાદી આગા શમશુદીનશાહા સુદ્ધાંતને આપવામાં આવેલાં અને આપવામાં આવે છે તે પ્રમાણે આપેલાં હતાં તે રહેમીયત અને મહેરબાની તરીકે છે અને હક્ક તરીકે આપવામાં આવતાં નથી અથવા કાંઈ રીવાજ અથવા શીરસ્તા અથવા બીજા કોઇ કારણ અથવા સબબથી આપવામાં આવતા નથી પણ નંબર ૧ ના પ્રતીવાદીની મરજી ઉપર તેનો આધાર છે, અને તે બાબત હક્ક તરીકે દાવો રાખી શકાતો નથી અથવા રાખવામાં આવતો નથી, અને કહ્યું છે કે તેના પક્ષકારોની વચમાં હવે પછી થતી કાંઇ તકરાર અટકાવવાને અને આગળ કહેવામાં આવેલું છે તે પ્રમાણે નંબર ૫ ના પ્રતીવાદી આગા સમસુદીનશાહાનો મને વહીવટદાર તરીકે અથવા તે પોતાના કાંઈ હક્ક અથવા દાવો કબુલ કર્યા વિના નંબર ૧ ના પ્રતીવાદીએ કુટુંબની પ્રીતીને લીધે મરનાર જંગીશાહાની મીલકતનો અથવા પહેલા આગાખાનના બીજા દીકરા અથવા દીકરીઓનો હક્ક અથવા દાવો કોઇ રીતે થતો હોય તો તે કબુલ કર્યા વીના અને નંબર ૧ ના પ્ર-

વાદીના તમામ હક્કોને અને તકરાર ઈજા નહી થતાં આવા તમામ દાવાને બાંધી મુદતથી મુદતની હરકત થએલી છે, માટે તે હક્ક અને તકરારો સ્પષ્ટરીતે અકબંધ રાખીને તે સદરહુ પ્રતીવાદીએ આગળ કહેવામાં આવેલા છે તે પ્રમાણે વહીવટદાર તરીકે તે સાથે જોડેલા સી. પરીશીષ્ટમાં બતાવેલી મીલકત જે અ. પરીશીષ્ટમાં બતાવેલી ૩ જી વર્ણન કરેલી મીલકતના ભાગ તરીકે આપવાને તથા આ દસ્તાવેજ લખી આપવામાં આવે એટલે તે અરસામાં રૂ. ૪૦,૦૦૦) ની રકમ તેમને આપવી એવું ઠરાવેલું હતું તે પ્રમાણે નંબર ૧ ના પ્રતીવાદીએ ખુશીથી અને પોતાને કાંઇ બંધનકાર્ક હોય તે પ્રમાણે નહી તે પ્રમાણે આપેલું છે અને કહયું છે તેના અવેજમાં પરીશીષ્ટ બ. માં બતાવેલી તમામ મીલકત ઉપરના નંબર ૧ ના પ્રતીવાદીના લાભમાં નંબર ૫ ના પ્રતીવાદી આગા શમશુદીનશાહે પોતાના તમામ હક્ક હીતની ફારકતી લખી આપવાને તે ખુશી છે જે તેમાં પાછળથી બતાવેલી છે, અને કહ્યું છે કે સ્ટેંપડયુટીના અને પરીશીષ્ટ સી. માં વર્ણન કરેલી મીલકતની કીમતના કારણસર તે મીલકત રૂ. ૧૦૦,૦૦૦) ની ગણેલી છે. તે નિશ્ચયનો અમલ કરવાને અને તેમાં પાછળથી ફારકતી છે તેના અવેજમાં સદરહુ નંબર ૧ ના પ્રતીવાદીએ નંબર ૫ ના પ્રતીવાદી આગા સમશુદીનશાહાને આગળ કહેવા પ્રમાણે એક વહીવટદાર તરીકે તેમને અને તેમના વારસ, એકઝીકયુટરો, વહીવટદારો, અને અસાઇનોને તે લેખથી અ. પરીશીષ્ટમાં વર્ણન કરેલી ૩ જી મીલકત, જમીન અથવા ભુમીનો આખો કકડો અથવા જથો તેમાં બતાવેલી શરતો સાથે વહીવટદાર તરીકે આગા સમશુદીનશાહાને આપવી એવી શાક્ષી કરવામાં આવી છે અને તેવા વહીવટદાર તરીકે મરનાર જંગીશાહાના એક વારસ તરીકે અને પોતાના સ્વહક્કથી આગા સમશુદીન નંબર ૫ ના પ્રતીવાદીએ નંબર ૧ ના પ્રતીવાદીને તેથી છુટા કરીએ છીએ અને તેમની માલ મીલકતને તે પરીશીષ્ટમાં બતાવેલી મીલકત સુદ્ધાં પણ પહેલા અને બીજા આગાખાનની જે મીલકત અ. પરીશીષ્ટમાં ત્રીજી વર્ણન કરેલી છે તે શીવાયની મીલકતને છુટી કરીએ છીએ, માટે સ્પષ્ટરીતે એવો કરાર કરવામાં આવેછે કે મરહુમ આગા જંગીશાહાની મીલકતમાં હાલનો જે બંનેનો હક્ક અથવા દાવો અથવા માગણી પહેલા અને બીજા આગાખાનની મીલકત ઉપર હોય અથવા તે ઉપરથી નીકળે તેવો અથવા શરતી હોય તે તથા તમામ દાવા અથવા માગણી સબંધી સંપુર્ણ રીતે મુકત થાય તે પ્રમાણે તે ફારકતીનો અમલ કરવાનો છે અને વળી એવું પુરવાર કરી આપવામાં આવે છે, અને તેના અવેજમાં નંબર ૧ ના પ્રતીવાદી, નંબર ૫ ના પ્રતીવાદી શમશુદીનશાહાને, તેમના વારસો, એકઝીકયુટરો અને વહીવટદારોને બ. પરીશીષ્ટમાં બતાવેલી અને તેની સાથે જોડાએલી મીલકતનો તમામ હક્ક અને હીત નંબર ૫ ના પ્રતિવાદી સમશુદિનશાહાના તેમના વારસોના, એકઝીકયુટરોના, વહીવટદારોના અને અસાઇનોના ઉપયોગ સારૂ કબજે રાખવાને છોડી દે છે.

૫૫. ઉપર બતાવેલા નામના નંબર ૯ ના પ્રતિવાદી આગા કુચીકશાહે ઉપર બતાવેલી નંબર ૧૦ ની પ્રતિવાદિયણ સદરહુ શાહા બીબીએ અને નંબર ૧૧ ની પ્રતીવાદી પણ અલેકતાજ બેગમે તથા મરહુમ આગા મુચુલશાહાએ બધાં આગળ કહેવા પ્રમાણે ૧ લા આગાખાનના મર્ણ વખતે હયાત હતા તેમણે તથા વળી નંબર ૧૨ ના પ્રતીવાદી સદરહુ આગા અબદુલ સમદશાહાએ તથા નંબર ૧૩ ના પ્રતિવાદી જલાલશાહે

અને ઉપર બતાવેલી નંબર ૧૪ ની પ્રતિવાદીયણુ શાહા બેગમે વાદીને ખબર આપી છે અને તે માને છે કે તે બધી મિલકતમાંથા તે હિસ્સો લેવાને તેઓનો મજીયારો હક થાય છે અને તેઓ બતાવે છે તે પ્રમાણે કુટુંબના બતાવેલા રીવાજ અને શીરસ્તા પ્રમાણે તે મીલકતમાંથી ખોરાકી પોશાકી લેવાને તેઓનો હક છે અને તેઓ કહે છે કે સદરહુ ૧ લા આગાખાને એક વીલ મુકેલું છે તે નંબર ૧ ના પ્રતિવાદીએ દબાવી રાખેલું છે માટે આ ફરીયાદ અરજીમાં તે બધાઓને પ્રતિવાદિયો તરીકે સામેલ કરેલા છે.

માગેલી દાદો.—

(બી). પહેલા આગાખાનના મર્ણુ વખતે તેમની મીલકતમાં શું શું હતું અને તે તારીખે કુટુંબના ઇલકાબવાળા 'આગેવાન અને વહીવટદાર તરીકે બીજા આગાખાનના કબજામાં શી મીલકત આવેલી હતી તે નક્કી કરવા સારૂ આ નામદાર કોર્ટના હુકમ પ્રમાણે તપાસ કરવી જોઇએ.

(એ૫) બીજા આગાખાન ગુજરી ગયા તે વખતે તે કુટુંબની જે સ્થાવર જંગમ મિલકત હતી અને જે તે વખતે આગળ કહ્યા પ્રમાણે ઇલકાબવાળા આગેવાન અને વહીવટદાર તરીકે નંબર ૧ ના પ્રતિવાદીના કબજામાં આવેલી તે મીલકતનો તથા તેમાં થએલા વધારાનો તથા તમામ ભાડાં, નફા આમદાની, વહેપારમાં મુકેલી મિલકત અને તેના ખર્ચનો અને તે વખતથી નંબર ૧ ના પ્રતિવાદીએ તે મિલકતથી વ્યવહારો કરેલા તેનો હિસાબ લેવો જોઇએ.

(જી) ૧ લા આગાખાનના મર્ણુ પછી તે કુટંબની મિલકતમાં જે વધારો થએલો હોય તે કુટંબની મજીયારી મિલકત પૈકીની છે અને તે પૈકીની હજુ વધારે થતી જાય છે એવું ઠરાવવું જોઇએ.

(ડ) તે કુટુંબની તમામ મીલકતની વહેંચણુ આ નામદાર કોર્ટના હુકમો અને ઠરાવો ણુ કરીને આ દાવાના જુદા જુદા પક્ષકારોના હિસ્સા નક્કી કરવા જોઇએ અને તેઓના પોતપોતાના હિસ્સા ઠરાવવા જોઇએ, અને દરેક પક્ષકારના હિસ્સા નક્કી કરવામાં આવે એટલે તે પક્ષકારને અથવા સ્ત્રી પક્ષકારને આપવા જોઇએ અને તેનો કબજો તેને અં-થવા તેણીને સોંપવો જોઇએ.

૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓની લખેલી હકીકત:—

૩. તે પ્રતિવાદીઓ કહે છે કે ૧ લા આગાખાન શાહા હસનઅલ્લીના કુટુંબના બધા અંગજુતોનો આ પ્રતિવાદીઓ સાથે વખતે વખતે જે અર્પણો મળેલાં છે અને તે અર્પણોથી જે જે મિલકત મેળવેલી છે તેમાં તેઓનો મજીયારો હકછે. આ પ્રતિવાદીઓ કહેછે કે જે સખસોનો તે અર્પણો અને મિલકત ઉપર હકછે તે તેઓને વહેંચી આપવાને બદલે ૧ લા આગાખાનના વખતથી તે કુટુંબનો એવો રીવાજ ઉત્પન્ન થએલો છે કે જે ઈલકાબવાળા આગેવાન હોય તે તમામ અર્પણો પોતાના હવાલામાં રાખે છે અને તેનો વહિવટ કરે છે અને બીજા અંગજુતોને ઘટતું અલાવન્સ આપે છે. પુરૂષ અંગજુત પાકી વયનો થાય ત્યારે, સ્ત્રીઓની સાદી થાય અથવા પાકી વય થાય ત્યારે તેમને રહેવાનું મકાન ચાકરોનો પગાર, ઘોડા તથા ગાડીયો, ખોરાક, જરૂરીયાત વસ્તુઓ અને સાદીનું તથા મ-રણનું ખર્ચ તે કુટુંબની મિલકતમાંથી અને અર્પણોમાંથી આપવામાં આવે છે. આ સાથે

જોડેલા નંબર ૧ ના પરીશીષ્ટમાં બતાવેલું છે તે પ્રમાણે આવાં અલાવન્સ વીગરે આ પ્રતિવાદીઓને મળતાં હતાં પણ તેમાં બતાવેલી તારીખોથી તે ઘણાં ઓછાં કરી નાંખેલાંછે.

નંબર ૧ ના પ્રતિવાદીની લખેલી હકીકતમાં ઘણા બચાવો બતાવેલા છે તોપણ તે કેવા છે તે પહેલા ૧૨૫ ઇસ્યુઓ ઉપરથી પુક્તરીતે સમજી શકાય છે.

૫ મા પ્રતિવાદી સમશુદીને પોતાની લખેલી હકીકતમાં જે હકીકતથી તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજની કહેવાએલી ફારકતી લખી આપવામાં આવેલી તે હકીકત બતાવેલી છે.

૭ મો અને ૮ મો પ્રતિવાદી બીજી હકીકત સાથે એવું કહે છે. કે સદરહુ હસનઅલ્લીની કેટલીક મીલકતનો અમારા બાપ અકબરશાહાએ પોતાને માટે ઉપયોગ કરેલો અને તે પોતાની આગવી મીલકત તરીકે માનતા હતા, અને અમારા બાપે સદરહુ હસનઅલ્લીની મીલકત વીરૂદ્ધ કાંઇ વધારે મીલકતનો દાવો રાખેલો નથી, તેમ કાંઈ અલાવન્સનો પણ દાવો રાખેલો નથી અને તેઓ કહે છે કે સદરહુ હસનઅલ્લીએ મુકેલી મીલકતમાંની કાંઇ મીલકત ઉપર અમારો કાંઇ પણ હકક નથી.

૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીયો બીજી હકીકત સાથે એવું કહે છે કે ઉત્તરોત્તર આગાખાનોને જે નજરાણું મળતું હતું તે ફક્ત તેમના એકલાના ફાયદા સારૂ નથી પણ ફરીયાદ અરજી સાથે જોડેલા આંક અ. વાળા પેઢી નામામાં બતાવેલા તે કુટુંબના તમામ અંગભુતોના ફાયદાસારૂ છે. તેઓ પોતાની લખેલી હકીકતની કલમ ૩ માં જે રીવાજ ઉપર આધાર રાખે છે તે રીવાજ બતાવેલો છે.

દાવાઅરજી જોતાં જણાશે કે વાદીયણના દાવાનો ખરો આધાર નક્કી કરવો જો અશક્ય નહી તોપણ તે નક્કી કરવો મુસ્કેલ છે. વાદીયણ હસનઅલ્લીની મીલકતનો ૭/૧૪૪ નો દાવો રાખે છે. અને અમારી રૂબરૂ સુનાવણીમાં એવી તકરાર કરવામાં આવી છે કે તે પક્ષકારોને મુસલમાની સરેહ લાગુ થાય છે પણ તે દાવા અરજીમાં મુસલમાની સરેહ તે હીંદુશાસ્ત્ર સાથે ઘણી ગરબડ ભરેલા રીતે મેળવી દીધી છે અને આશા ન રખાય તે પ્રમાણે એક બીજા વીરૂદ્ધ છે.

ફરીયાદ અરજીની કલમ ૧૭ મીમાં હસનઅલ્લીના વારસોમાં પુરૂષ અને સ્ત્રીઓ મળીને નવ સખસો બતાવેલા છે. કલમ ૧૪ મીમાં કહ્યું છે કે કાયદા પ્રમાણે તે નવ વારસોના પોતપોતાના હીસ્સા પ્રમાણે તે નવે વારસો તે હસનઅલ્લીની મીલકતના મઝીયારે વારસ થયેલા છે. જો આ મુસલમાની સરેહ પ્રમાણે એવો અર્થ કરવામાં આવે તો તે સાહેબના કહેવા પ્રમાણે કાંઇ મઝીયારે ઉત્તરાધિકાર જેવું જાણવામાં આવેલું નથી. કલમ "૨૩ માં કહેલું છે કે તેમના મરણ પછી કલમ ૧૭ મીમાં બતાવેલા તે નવ વારસ સ્ત્રી પુરૂષો અને તેઓના ફરજંદો અવિભક્ત મઝીયારા કુટુંબ તરીકે એકઠા રહેતા હતા." એ શબ્દોનો ગર્ભિત અર્થ એવો થાય છે કે હસનઅલ્લીની હયાતિમાં તેઓ અવિભક્ત મઝીયારા કુટુંબ તરીકે રહેતા હતા. પણ વ્યવહાર હ. ૧૬ તમામ જોતાં (જુઓ અપીલ બુકના પાના ૨૨ થી ૨૫) વળી એવું માલમ પડશે કે વાદીયણ પોતાના દાવાનો આધાર નંબર ૧ ના પ્રતિવાદીની સાથે એક મઝીયારા હિત તરીકે રાખે છે. વળી જુઓ એંજલો અને ગ્ર. નો પત્ર તા. ૩૧ માર્ચ સને ૧૯૦૪ કુચીક તરફથી નંબર ૧ ના પ્રતિવાદી

ઉપરનો. માટે દાવા અરજી ઉપરથી હસનઅલ્લીના વારસાને કયા કાયદા અથવા કાયદેસર નીયમ પ્રમાણે નકકી કરવો તે ઘણું મુશ્કેલ છે, અને અમારા અભિપ્રાય પ્રમાણે વારસા વિશે મુસલમાની સરેહ અને હિંદુશાસ્ત્ર ભીશ્ર કરવાથી જે સખશોએ દાવા અરજી ઘડી તે વખતે તેઓના મનમાં શું હતું તે જાણવાને ઘણું કરીને અશકય થાય છે. મઝીયારા કુટુંબ બાબત હિંદુશાસ્ત્રનો જે નિયમ લાગુ થાય છે તે વારસપણું નથી પણ પાછળ હયાત રહેવાપણું છે, અને અમે એવું સમજીએ છીએ કે જેઓએ તે દાવા અરજી ઘડી ત્યારે તેઓના મનમાં જ્યારે તેઓ કલમ ૨૮ મીમાં એમ કહે છે કે આગળ કહેવા પ્રમાણે ૧ લા આગાખાન મરણ પામ્યા ત્યારે તેના સદરહુ નવ સ્ત્રી પુરૂષ વારસો તે નિયમ એટલે અમે સમજીએ છીએ કે આગળ મુસલમાની સરેહ બતાવેલી છે તે પ્રમાણે પોતપોતાના-જ હીરસા મુજબ મઝીયારે વારસ થયા હતા; પણ ત્યાર પછી કલમ ૨૩ મીમાં તેઓ કહે છે કે સદરહુ પહેલા આગાખાનના મરણ પછી તેમની ત્રણ વિધવાઓ, ત્રણ દિકરા અને ત્રણ દીકરીયો અને તેમના ફરજંદ અવિભકત મઝિયારા કુટુંબ તરીકે એકઠા રહેતા હતા; અને પુરૂષ તથા સ્ત્રીયોએ વારસ તરીકે તેમની પુંજીમાંથી નાણાં લીધેલાં હતા. આ ઉપરથી અમે એવું ધારીએ છીએ કે તે કામને મઝિયારા અને અવિભકત કુટુંબ બાબત જે હિંદુશાસ્ત્ર છે તે કામને લાગુ કરવા લાયક છે અને મુસલમાની સરેહ નથી કારણ કે તે નિયમ પ્રમાણે જુદો જુદો વારસો મળેછે તેવું કહેવાનો ઈરાદો રાખેલો હતો, અને અમારો આ નિશ્ચય વાદિયણની ઉલટ તપાસમાં જે સાહીદી થયેલી છે તેથી ખરો પડેલો છે, અને મી. ઇનવેરારીટીએ કહેવામાં આવેલા મઝિયારા કુટુંબના જુદા જુદા અંગભૂતો મારફતે વાદિયણને વીગતવાર લીધેલી છે, માટે તે કામના આ ઘણાજ અગત્યના ભાગ વિશે તેણીએ કાંઇ ભુલ કરેલી ન જોઇએ. સબબ તેણીની શનીવાર તા. ૧૫ ફેબ્રુવારી સન ૧૯૦૮ ના રોજની ઉલટ તપાસ અમે વીગતવાર વાંચીએ છીએ. (જુઓ પાને ૩૫ મે ૨૮ મી લીટી). અમુક સખસના દિકરા મહમદ ટકીખાન વિશે મેં સાંભળેલું છે. (અમારી ફ્ખરૂ છાપેલી સાહેદી છે) તેની પાને ૪૩ ની લીટી ૫) તોપણ તે સાહેદીની અસર નાબુદ થતી છે એવું પાછળથી વાદિયણના જાણવામાં આવેલું છે તે ખુલ્લું છે, કારણ સદરહુ સાહેદી તેણીએ આપી તે પછી તે સ્થિતી છોડીને તા. ૧૭ ફેબ્રુઆરી સન ૧૯૦૮ ના રોજ પાને ૫૩ ની લીટી ૧૪ મી નીચે પ્રમાણે કહ્યું છે કે; હવે હું એવું કહેવાને મરજી રાખુછું કે વીગેરે" આ જે મેં જવાબ આપેલા છે, પાનુ ૫૩ લીટી ૨૫. વળી દાવા અરજીની કલમ ૨ માં હસનઅલ્લીની વખતથી નવીન રીતે જુદુ ચાલવામાં આવેલું નથી એવું કબુલ કરેલું છે. ૪૬ મા ઇમામ તરીકે હસનઅલ્લીને તે અર્પણો આપેલા છે તે આગાખાન તરીકે આપેલા નથી. ઘણાં વર્ષોથી તે અર્પણો ઇમામોને આપવામાં આવે છે અને આગાખાનને આપવામાં આવતા નથી. માટે તેમાંથી સેંકડો લોકોનો હિસ્સો લેવાનો હકક થાય છે. ખલીલુલ્લાના વંશજોનો શા વાસ્તે તેવો હક થવો ના જોઈએ ? સબબ જો તે કામને હિંદુશાસ્ત્ર લાગુ કરવાનું હોય તો હાલ જે કામમાં કાગળો ઘડેલા છે તે પ્રમાણે જે વહેંચણી કરવાને માગેલુ છે તે વહેંચણનું હુકમનામુ કરવાને આ કોર્ટને અશકય છે તે ફકત એટલા કારણથી કે તે મઝિયારા અને અવિભકત કુટુંબની મીલકતમાં ઘણા સખસોનું હીત છે તે કામમાં દાખલ નથી અને તેઓને કામમાં દાખલ કરવાની અમને કાંઇ અરજી કરેલી નથી,

માટે વાદીપણુ તરફના કામમાં આ નાશવંત ખામી દેખીતીરીતે છે.

બેશક આ કામમાં આરંભની જુદી જુદી તકરારો નંબર ૧ ના પ્રતિવાદી કરી શકતા હતા, પણ પ્રથમ તેનો નિર્ણય કરવો જોઇએ, એવી અમને અરજી કરેલી નથી, તેનું કારણ અમારા સમજવા પ્રમાણે ૧ લા પ્રતિવાદીઓના સલાહકારોના જોવામાં આવ્યું છે કે ગુણદોષ ઉપર આ કામ તેમને ઘણું અગતનુ છે માટે તે કાયદાના સાંકીત સવાલ ઉપર પોતાના બચાવનો આધાર રાખવાને તેઓ નાખુશી છે પણ વાદીપણુ સાથે ગુણદોષ ઉપર લડવાને તેમણે નક્કી કરેલું છે.

જેવી રીતે મી. ઇનવેરારીટી બતાવે છે તેવી રીતે તેમના અસીલની સ્થિતિને લીધે તેમના ઉપર કરેલા હુમલા વિશે કીંચીત પણ સાંકીત હરકત ઉઠાવવી અશકય થાય છે. તેમના ઉપર હુમલો કરેલો છે તેમાં કપટ અને નિતિનું હલકાપણું રહેલું છે માટે તે નિતીના હેતુથી આવા આરોપો તેમને માનનારાઓ ઉપર આવે તેવા વિચારથી તમામ બાબતની સારીપેઠે તપાસ તેમણે કરાવવીજ જોઇએ,

અમે જે હકીકત ઉપર કહેલી છે એટલે કે આગાખાનને માનનારાઓએ જે અર્પણો કરેલા છે તે લેવાનો કોનો હકક છે અથવા બીજા શબ્દોમાં જે વખતે જે આગાખાન હોય તે આગાખાન શિવાય તે કુટુંબના બીજા અંગભૂતોનો તે ઉપર કાંઇ હકક છે કે નહી તેની મુખ્ય શાખાઓમાંની પહેલી શાખાની વ્યવસ્થા કરવાને હવે અમે માગીએ છીએ.

આ સવાલનો વિચાર કરવાના હેતુથી આગાખાનની તથા આ કામમાં લગતી હોય તેટલી ખોજાઓની અમુક હકીકત જેમ બને તેમ ટુંકાણમાં બતાવવાની અમને જરૂર પડે છે, અને તે તથા તેમને માનનારાઓ જે ધર્મ પાળે છે તે વિશે જે નિશ્ચય ઉપર અમે આવેલા છીએ તે બતાવવાની અમને જરૂર પડે છે પરંતુ તે પ્રમાણે કરતા પહેલા જે એક બાબત ઘણો પુરાવો આપેલો છે અને તેથી કોર્ટની ઘણી વખત રોકાએલી હતી તે એ છે કે તે આગાખાન એક અસ્નાઅશ્રી છે કે નહિ તે વિશે સફાઇ કરવાને અમે મરજી રાખીએ છીએ. આ સવાલ આ રીતે ઉત્પન્ન થએલો છે; આ બાબત જ્યારે વાદીપણુના કોંસલે સવાલ પૂછવા શરૂ કર્યા ત્યારે તે સવાલ લગતા છે કે નહિ તે અમે પ્રથમ સમજી શક્યા નહોતા. તોપણ જે હેતુથી તે પુછવામાં આવેલા હતા તે જાતમાં નંબર ૧ ના પ્રતિવાદીનો મરતબો હલકો બતાવવાનો હેતુ અમે નક્કી કર્યો એટલે તરતજ અમે દાવા અરજીની કલમ ૧ અને ૨ ઉપર મી. બહાદુરજીનું લક્ષ પોતાની મેળેજ ખેંચેલું છે, અને અમે તેમને કહેલું છે કે જો તે કલમો તમે જતી કરવાને મરજી રાખતા હોય તો તમારે દાવા અરજી રીતીસર દુરસ્ત કરવી જોઇએ, અમે આ પ્રમાણે એવી ઉમેદથી કહેલું હતું અને અમે કહીએ છીએ કે એવી આશાથી નંબર ૧ ના પ્રતીવાદી તરફથી તથા તેમની પક્ષમાં જે પ્રતિવાદીઓ છે તેમની તરફથી હરકત લેવામાં આવશે કે આવા કોઇ સવાલ લગતા નથી અને જો તેવી હરકત તે વખતે લેવામાં આવી હોત તો તે પ્રમાણે અમે એકદમ હુકમ કરત તોપણ આવી કાંઇ હરકત રીતીસર લીધેલી નથી તેથી રીતિસર હરકત લીધા વિના તે સવાલ રદ કરવાનો કાંઇ રસ્તો અમારા જોવામાં આવ્યો નથી. ત્યાર પછી નંબર ૧ ના પ્રતિવાદી શીવાયના પ્રતિવાદીઓને એવું લાગવા માંડયું કે આ તપાસની લંબાણુ અને ખર્ચ તેમને જોખમ ભરેલી બાબત થાય છે ત્યારે સવાલોના આ

વર્ગ વિશે તેઓની તરફથી રીતીસર હરકત લેવામાં આવેલી હતી. પણ તે વખતે નંબર ૧ ના પ્રતિવાદી અસ્નાશ્રી છે એવું માલમ પડે તે મતલબનો ઘણો પુરાવ આપવામાં આવી ગએલો હતો તે ઉપરથી તે વખતે નંબર ૧ ના પ્રતિવાદી તરફથી મી. ઇનવેરારીટીએ આ પુરાવ વિશે હરકત લીધી કે તે લગતો નથી કારણ કે તેમણે તમામ કામમાં દાખલ કરાવવાને દાવો રાખ્યો હતો, અને તે બાબત સુચનાઓ અને તમામ હકીકત ઇનકાર કરવાને પોતાના અસીલને પાંજરામાં રજુ કરવાને દાવો રાખ્યો હતો. અમારા અભિપ્રાય પ્રમાણે આ મુજબ પસંદ કરવાને તે વ્યાજબી હતા, કારણ કે જો તેમ કરવામાં ના આવે તો દેખીતીરીતે પરિણામે એવું કહેવામાં આવત કે નંબર ૧ ના પ્રતિવાદીને એવું માલમ પડયુ કે જ્યારે તેમણે તે સવાલોના લગતાપણા વિશે હરકત લે તો તે સામેલ થયા ત્યારે તે પુરાવ ઘણો મજબુત થતો જાય છે ત્યાં સુધી નંબર ૧ ના પ્રતિવાદીએ તે વિશે હરકત લીધી નથી માટે તે પુરાવ લેવામાં આવેલો હતો. અમે કહેલુ છે તે પ્રમાણે નંબર ૧ ના પ્રતિવાદી કોઇ વખતે અસ્નાશ્રી થએલા હતા તે વિરૂધ્ધ દાવા અરજીની કલમ ૧ વિરૂદ્ધ છે, આ જાતની કાંઇ સુચના કમીશન વિશે કરેલી નથી, અને સારી રીતે ખાત્રીછે કે અસ્નાશ્રી વિશે ફકત (આ શબ્દે માં નહી) કમીશનથી લેવાએલા પ્રતિવાદીના પુરાવની બુક ૧ ને પાને ૧૪૭ અને ૧૮૨ અસ્નાશ્રી વિશે કહેવામાં આવેલું છે એવું અમે કહીએ છીએ તે ખરૂં છે.

હવે અસ્નાશ્રી શબ્દનો અર્થ શો છે તેનો વિચાર કરવાની જરૂર છે. તેનો શબ્દાર્થ ફકત ૧૨ ઇમામોને માને છે અને ૪૮ ઇમામોને માનતા નથી તે છે. તેઓના નામ અલ્લી, હસન, હુસેન, ઝેનલ આબદીન, મોહમેડન બાકર, જાફર સાદક, મુસા કાસમ, મુસા રેઝા, મહમદટકી, અલ્લીનકી, હસન અશકરી અને મહમદ મેહેદીછે. ૭ મા ઇમામ વખતે ઇસ્માઇલીઓથી તેઓ જુદા પડેલા છે એવુ અવલોકન કરવામાં આવે છે. કારણ કે તે સાતમા ઇમામ જાફર સાદકના એક બીજા દીકરા ઇસ્માઇલને માનતા હતા અને મુસા કાસમને માનતા નહોતા, આગાખાનને માનનારાઓમાંના કેટલાકોએ સંસર્ગ છોડી દીધેલો છે, એમ જણાય છે. પાને ૨૩૫ મે તે જમાતની કૌંસીલના હાલના અધ્યક્ષ જાફર પ્રધાન છે તે કહે છે કે તે પ્રમાણે સંવત ૧૯૩૩ સન ૧૮૭૬—૭૭ માં પહેલુ થએલુ હતું તે વખતે કેટલાક સખસોને અસ્નાશ્રી ધર્મ માનવાથી હસનઅલ્લીના હુકમથી જમાત બહાર મુકેલા હતા બીજી વખતે તે પ્રમાણે સંવત ૧૯૩૫ સને ૧૮૭૯-૮૦ મા થએલું હતું તેથી તેજ કારણથી બે સખસોને જમાત બહાર મુકેલા હતા. પછી સન ૧૯૦૧ માં તે પ્રમાણે થએલું હતું તે સંસર્ગ છોડી દેવામાં આ વખતે સંખ્યા ઘણીજ વધારે હતી અને અસ્નાશ્રીઓએ ખોજા જમાતખાનાની વધારે દુર નહી તે જગાએ અસ્નાશ્રી મસજીદ તે વર્ષમાં બાંધી હતી. આંક ડી. એચ. ૬૩-૬૭ વાળી જાહેર ખબરો પ્રસીદ્ધ કરવામાં આવેલી તેમાંની એક ડી. એચ. ૬૬ છે તેમાં મુંબાઇના આગાખાન પાછા આવે ત્યારે તેમને મળવાનો વખત બતાવેલો હતો. જાફર પ્રધાન કહે છે કે તે જાહેર ખબરોમાં ખરૂ કારણ બતાવેલું નથી, કારણ કે તેઓ હમેશા અસ્નાશ્રી ધર્મ માને છે એ સાચી બાબત નથી. બેશક તેમાંના ઘણા મનથી અસ્નાશ્રી હતા પણ તકીયાની પદ્ધતિ પ્રમાણે તેવું જાહેર કરવાને તેઓ બીહતા હતા અથવા તેઓની મરજી નહોતી તો પણ, જે સાક્ષીઓને તે સવાલ પુછેલો છે તેઓ તે કબુલ કરતા નથી. અમારી નજરમાં આવે છે કે અસ્નાશ્રી

ધર્મનો ફેલાવો ઘણું કરીને પરલોકની અથવા ધાર્મિક લાગણી કરતાં ઐહિક લાગણીને લીધે છે એટલે જે વખતે જે આગાખાન હોય તેમને હાઝર ઈમામ તરીકે જુદી જુદી રકમો આપવાની થાય છે તે આપવાની વધેલી નાખુશી છે. આ કબુલ કરવાને સાક્ષીઓ આતુર નથી, તે સાક્ષીઓને અમે સમજી શકીએ છીએ તે બાબત પૂરાવનો ઘણો સમુદાય ગુજારેલો છે. ક્યાં, અને કઇ ભાષામાં અને શા પ્રસંગોએ રોઝાખાનની અથવા હસન અને હુસેનને જે સહન કરવું પડેલું તે કહી બતાવવામાં આવે છે. તે વીશે શાક્ષીઓ ઉપર સાક્ષીઓ તપાસેલા છે અને તેઓની ઉલટ તપાસ કરેલી છે. ઝીયારત તે રોઝાખાનની પૈકીની છે કે નહિ તે વિશે શાક્ષીઓ પછી સાક્ષીઓ તપાસેલા છે અને તેમની ઉલટ તપાસ કરેલી છે પણ આ બાબત જે પુરાવ આપવામાં આવેલો છે તેનો લંબાણથી વિચાર કરવાની જરૂર નથી એવું અમારા અભિપ્રાયમાં આવેલું છે. નંબર ૧ ના પ્રતિવાદીની મા અને તેમનાં કેટલાક સગા અસ્નાશ્રીઓ છે તે વિશે કાંઇ શક રાખી શકાતો નથી. તેમણે ખુલ્લા દીલથી કબુલ કરેલું છે કે જે વખતે ૩ જા, ૮ મા અને ૧૨ ઈમામોને ઝીયારત કહેવામાં આવેલી હતી તે વખતે હું હાજર હતો પણ મેં કહેલી નથી. (પાનું ૧૯૮) નંબર ૧ ના પ્રતિવાદીના ધર્મ વિશે શાબેત કરવાને ઘણી કોશીશ કરવામાં આવેલી છે તેથી અમારી નજરમાં આવેછે કે તેમના શબ્દો બરોબર (પાનું ૨૧૪ લીટી ૨૨ થી પાને ૨૧૬ મે ૪ થી લીટી સુધી) વાંચવા દુરસ્ત છે. અમારા મનમાં જે ધર્મ માનવાથી પરીણામે હાઝર ઇમામની પદ્વી ઉપર તેનો હક્ક વધારે વાર રહે નહી. તે ધર્મ નંબર ૧ નો પ્રતિવાદી માને છે એવું માનવું અશક્ય છે, કારણ કે બધી દુનીયામાંથી તેમને માનનારા જે અર્પણો કરે તે લેવાનો તેમનો હક્ક રહે નહિ અને ટુંકાણમાં મી. ઇનવેરારીટી બતાવે છે તે પ્રમાણે મ્હોટો ઢોંગ બતાવતાં હતા એવું થાય છે. જો ખરી રીતે અસ્નાશ્રી હોત તો બધી અદબથી તેમને માનનારાઓને મુંબાઈના જમાતખાનામાં દરરોજ ત્રણ વખતે પોતાના ઘુંટણ ઉપર બેશીને દુવા કહેવાની પરવાનગી આપે એવું અમે માની શકતા નથી. ડી. એચ. ૧૩૨ માં નીચે એક બે વાત લંબાણથી બતાવેલી છે તેમાં બીજી બાબતોની સાથે ૪૮ ઇમામો કહી બતાવેલ છે અને જે વખતે જે ઇમામ હતા તેમનું નામ બોલવામાં આવતું ત્યારે નમન કરવામાં આવેલું હતું. વાદીયણને અને કુચીકને અને તેઓના શાક્ષીઓને એવું કહેવાની જરૂર પડેલી છે કે નવા ધર્મ તરીકે નંબર ૧ ના પ્રતિવાદીએ ઇસ્માઇલી ધર્મ શોધી કહાડેલો છે. કુચીક પાને ૧૮૭ મે આ પ્રમાણે કહે છે.

"મ્હારી હકીકત એ છે કે હાલનો ધર્મ જંગીના મરણ પછીની તારીખનો અથવા ત્યારથી એક વર્ષ પછીનો છે. આગાખાનને માનનારા ધર્મચુસ્ત પુરૂષો તે વખતથી શરૂ થાયછે. જંગીના મરણ પહેલાનો અથવા પછીનો તે છે તે હું કહી શકતો નથી. આગાખાનના નવા ભગતોએ બોધ શરૂ કર્યો ત્યારથી એટલે ૧૫ વર્ષથી નવો ધર્મ ચાલે છે. જંગીના મર્ણ પહેલા બે વર્ષથી તે ચાલે છે. છેલ્લા ૧૨ અથવા ૧૪ વસરથી તે હાલના આગાખાન ઉમ્મર લાયક થએલા છે ત્યારથી દુવાનો નવો શોધ થએલો છે તેવુ હું કહી શકતો નથી. જંગીના મર્ણ પહેલા આ નવા શોધ વિશે કોઇ દિવસ સાંભળેલું નથી. આગાખાને નવી દુવા ગુજરાતીમાં શોધી કહાડેલી છે પણ તે પહેલાની અરબી ભાષામાં હતી.

વળી પાને ૨૪૬ મે મલેકતાજ બેગમ કહે છે કે શીઆનો કોઇ પંથ ઇસ્માઇલ

૭ મો ઇમામ હતા એવું માનતો હોય એમ તે જાણતી નથી, આ દાવા પહેલાં જાફર સાદક પછી ઇસ્માઇલ વારસ થયા હતા એવી કોઇ સુચના કરેલી એવું તેણીએ સાંભળેલું નથી. જાફર સાદક પછી ઇસ્માઇલ ૭ મા ઇમામ તરીકે થયા. તે નવો શોધ આ દાવો થયા પછીનો છે. તે શોધ ક્યારે થએલો તે જાણતી નથી.

તે કામના આ ભાગ ઉપર એવું ઠરાવવાને અમને આનાકાની નથી કે નંબર ૧ ના પ્રતિવાદી કોઇ વખતે અસ્નાઅશ્રી છે અથવા કોઇ વખતે હતા એવું સાબેત કરવાને વાદીપણુ બીલકુલ નિષ્ફળ થએલી છે અને આવું એક કહેવું તે તદન તેણીની દાવા અરજીની કલમ ૧ વિરૂદ્ધ છે. કઇ બાબત તે પ્રમાણે ભુલથી કહેવામાં આવેલી છે અને તેણીને જોવી રહી ગએલી છે તે વીશે તેણીનો ફકત ખુલાસો છે. જુઓ પાનું ૬૬ માં દાવા અરજીની કલમ ૧ બતાવેલી છે અને તેણીએ કહ્યું કેઃ—

"ખોજાઓનો તે વંશ પરંપરાનો ઇમામ નથી. તે કહે છે કે ગેરીયત ભરેલું શું છે તે હું કહી શકતી નથી. જાફર સાદકના દીકરા ઇમામ ઇસ્માઇલથી સીધા વંશજ તરીકે હસનઅલ્લીએ દાવો રાખ્યો નથી, કારણ કે ઇસ્માઇલ ઇમામ ન્હોતા. ઇસ્માઇલનુ ઇમામ તરીકેનુ વર્ણુન કરવું તે ગેરીયત ભરેલું થાય છે તે ઇમામો ૧૨ છે, કોઇ "નથી" એમ કહે તો તે ગેરીયત ભરેલું છે. જે વખતે દાવા અરજી ઉપર મેં સહી કરી તે વખતે કલમ ૧ લી સાચી છે એવું મેં માનેલું નથી. જ્યારે તે મને વાંચી બતાવવામાં આવી હતી તે વખતે ઘણુ કરીને તે ઉપર લક્ષ આપવાને મને કહેવામાં આવેલુ નથી."

આગાખાનને માનનારાઓને અમુક વખતે પોતાને શીર કુરાન મુકવાની પરવાનગી આવે કે નહી તે વિશે ઘણોક પુરાવ આપવામાં આવેલો છે. તે પુરાવ ઉપરથી જણાયછે કે તેઓ "પંચતન" મુકે છે (જુઓ ડી. એચ ૧૩૪) પણુ તેવીજ રીતે કુરાનનો ઉપયોગ કરે કે નહી તે બાબત બીલકુલ લગતી નથી એમ અમને જણાય છે.

જુદા જુદા માનવાપણુા વિશે અમે અમારો નિશ્ચય કહી બતાવતાં આગાખાન વિગેરેનો ઇતિહાસ નીચે છે તે અમે કહીએ છીએ.

૧૨ મુંબાઇ હા. કો. રી. માં પ્રખ્યાત ધકબીટી સબંધીના દાવામાંથી ઇરાનનો વોટસનનો ઇતિહાસ એસીયાટીક કવાર્ટર રીવ્યુ વા. ૫, ૬ અને ૮ માં ડાકટર લીંટનરની આર્ટીકલો, મેકમીલન્સ મેગેઝીન વા. ૩૪ સન ૧૮૭૬ માં સર બાર્ટલ ફ્રેર સાહેબની બે આર્ટિકલો, લેફ્ટીનંટ વુલે મારકોપાલીની મુસાફરીયો, સન ૧૮૫૬ ની હુસ સાહેબની ડીક્ષનેરી અને તાઝી ખેરાશીદી, વીલસનની મુસલમાની સરેહ, અમીરઅલ્લીની મુસલમાની સરેહ ઉપરથી તે કહાડેલો છે.

આ કામ ચાલતાની દરમીયાનમાં જુદા જુદા શબ્દો જણાયા છે અને ફેંસલામાં પણુ માલમ પડવા જોઇએ. તેનો જો અમે ખુલાસો કરીએ તો અમારી નજરમાં આવે છે કે સરાઠ થશે.

ઇમામ એટલે પરલોક વીશેનો આગેવાન અથવા વડા ગુરૂ.

મુરશીદ એટલે પરલોક બાબત આગેવાન,

જમાત એ ખોજા લોકોના પાકી વયના પુરૂષોની મંડળી છે.

જમાનખાના તે તેઓની સભાનો હોલ અથવા મહાજન હોલ.

મુખ્ખી એટલે ખજાનચી અથવા કારભારી.

કામડીઆ તે હીસાબ રાખનાર અથવા એકાઉન્ટન્ટ.

વઝાસ એટલે વઝીર છે.

સુનીઓ એટલે ધર્માંધ મુસલમાનો જે સૌના અથવા ધર્મ સંબંધી દંતકથાવાળા લોકો તેઓની કુલમા અથવા તો ધર્મનું બંધન એક સહેલું છે. "ખુદા શીવાય બીજો ખુદા નથી, અને મહમદ ખુદાનો પેગંબર છે."

શીઆ એટલે જુદા પડેલા જે ઘણું કરીને વધારે ખરો છે અથવા જે સખ્સો અલ્લીના કુટુંબના જે અંગભુતોના સ્વચ્છ રકતથી સ્વચ્છ હોય તે, અને જેઓ સુનીઓ-મીયાદીઝો દમાસકશના ખલીફા છે તે ઉપર સુનીયોનો ધર્મ શીઆ સાથે, "અને અલ્લી અને મહમદના સોબતી તે ખોદાના વીકાર છે" અલ્લી તે મહમદનો જમાઇ તે સારી પેઠે જાણીતું છે અને તે ખોદાનો ધર્મ પ્રગટ કરનાર આગેવાન હોય તેમના સરખા મરતબાના છે અને તેમની ચડતી જાણીતી રીતે શીઆનો મ્હોટો ઓળખાય તેવો પંથ છે એવું કહી શકાય છે.

શીઆના કેટલાક વિભાગો થએલા છે તેમાંના મુખ્ય એ છે કે:—

(૧). અસ્નાશરીયો અથવા ૧૨ ઇમામોને માનનારા છે. તેમાંના છેલ્લા ઇમામ **સુરના મરન (સરથંત્રી)** કુપુ નજીક છે ત્યાં પોતાની બારમા વર્ષની ઉમ્મરે (અમીરઅલ્લી, વા. ૨ પાનુ ૧૧ પ્રમાણે) એક ગુફામાં અદ્રશ થયા હતા અથવા વીલસનની મુસલમાની સરેહ પ્રમાણે એક કુવામાં નાંખી દેવામાં આવેલા તે હજુ હયાત છે એવું માનવામાં આવેલ છે અને બધી કાલી ફેત ફરીથી સ્થાપવાને ફરીથી પ્રગટ થશે એવી આશા રાખે છે.

(૨) ઇસમાઇલીઓ અથવા ઇસ્માઇલ જે જાફર સાદકના દીકરા અને ૬ ઠા ઇમામ છે તેમને માનનારા છે, મુંબાઇમા તેઓ વોહરા અને ખોજાઓ છે. ૧૩ મા સૈકાની શરૂઆતમાં તેઓ હિંદુઓ હતા તે ઇસ્માઇલી ધર્મના થએલા છે. ખોજાઓ ઇસ્માઇલીઓની પૂર્વ તરફની પેટા ટુકડીના છે અને તેઓ "પર્વત ઉપરના વૃદ્ધ માણુસને" માનનારાઓ છે. તેઓના વંશજો મુંબાઇમાં રહેતા હતા તેથી તેઓ ધર્મ ગુરૂ તરીકે અમલ કરે છે. બીજી બાજુ તરફ પશ્ચિમ તરફની પેટા ટુકડીના વોહરાઓ છે અને તેઓના દેયુદ દાવત અથવા મહાન મૂળ પુરૂષ યેમાનમાં રહે છે (અમીરઅલ્લી પાનું ૧૨–૧૩) અથવા સન ૧૯૦૩ ની આવૃત્તીમાં મારકો પોલોની મુસાફરીના વા. ૧ ને પાને ૧૯૦૪ અને ૧૪૧ માં કહેવામાં આવેલુ છે તે પ્રમાણે:—પેગંબરના ખરા વારસ તરીકે અલ્લીના કુટુંબને વળગી રહેનારા છે તેઓ હુસેનના કરૂણા ભરેલા મરણુના દિવસથી છે, અને જે ગુહ્ય હકીકતથી તેઓનો પોતાનો ધર્મ રાખવો પડેલો છે તેમાં અજાયબ અને ગુહ્ય નિયમોની તમામ રીતી પ્રમાણે ઘણું કરીને એક તરફનું વલણ હતું, કારણ કે એક તરફ ઇશ્વરના એક પ્રકારના અવતાર અલ્લીના ગુણુ માનારા અને બીજી બાજુ તરફ જગદેશ્વરના મતને ખુલ્લો કરવામાં છે અને બધા નક્કી ધર્મ અને બોધથી જુદા થએલા છે. આમાંના અલ્લીવાળાઓ આખરે શીઆ એક મૂખ્ય પંથના કરવામાં આવેલા છે તેઓ ઇસ્માઇલીઓ છે અને તેઓએ પોતાનું નામ સાતમા ઇમામ ઉપરથી રાખેલું છે, તે સા-

તમા ઇમામની દુનીઆની આખરે પૃથ્વી ઉપર તે પાછા આવશે એવી તેઓ આશા રાખેછે.

ઇસ્માઇલીઓમાંના કેટલાક દેખીતીરીતે અલ્લી ઇલાહી તરીકે જાણીતા છે કે જે નામની ઉતપત્તી મી- કોલબ્રુકે બતાવેલા મુલ્લા મોહસેન ફ્નીના કેહેવાતા પુસ્તક દેબીસ્તાન ઉપરથી માલુમ પડે છે. એન. એલીયાસ અને ઇ. ડી. રોસ, સેંપસન સન અને કંપની ૧૮૯૫ ની તારીખે રશીદીના પાના ૨૧૮ મામાં જે નોટ છે તેમાં તેમાંનો ઇંતેકાદ માલમ પડે છે.

શીઆ ઇમામી ઇસ્માઈલીઓ અલ્લીથી સાતમા વંશ ઇસ્માઇલને ગણે છે એવી રીતે કે પ્રગટ થએલા ઇમામો તે છેલ્લા હતા અને ઇશ્વરના અવતાર તરીકે અલ્લીના આખરના દેખાવ સુધી તમામ વસ્તુઓનો અંત આવતા પહેલા દુનીયામાં ઇમામની મસનદ અથવા લાટીનમાં મહાન ગુરૂના કામ તરીકે ઇનસાફ કરવાને આવવાના છે એવું ઇમામના ગુપ્ત ઉત્તરાધીકાર અલ્લીના ઇસ્માઇલ મારફતે સીધી લીટોના વંશજોથી ખરીરીતે ઠરેલું છે. ઇસ્માઇલીઓના માનવા પ્રમાણે પ્રગટ થએલા આ સાત ઇમામો છે. (૧) અલ્લી, (૨) હસન, (૩) હુસેન, (૪) ઝેનલ આબદીન, (આ કરબલાની કતલ પછી હયાત રહેલો હુસેનનો દિકરો હતો); (૫) મહમદ બાકર, (૬) જાફર સાદક, (૭) ઇસ્માએલ (જે પોતાના બાપના પહેલાં મર્ણ પામેલા છે અને તે પોતાના બાપના નામ ઉપરથી ઇસ્માએલ બીન જાફર સાદક કહેવામાં આવે છે. પરંતુ ખોજાઓ બીજા એકને એટલે હસનને ફ્કત એક પીર તરીકે ગણે છે (જુઓ દુવા.)

પણ પ્રગટ થએલા ઇમોમાં ૪૮ મો ઇમામ નંબર ૧ ના પ્રતિવાદી છે, આંક ડી. એચ. ૧૩૨ ના દુવામાં તેઓના નામ બતાવેલા છે. આ આંક ઉપરથી અકકલ બરેલી રીતે હિંદુ અવતારોના વિચાર સાથે મેળવી દેવામાં આવેલું છે એટલે અલ્લીનો દશમો અથવા દશ અવતાર એવું જણાય છે. તેને ઇમામી ધર્મ કહી શકાય છે.

દુવા.

તમારી બંદગી કહો—તમારી બંદગી કહો—તમારી બંદગી કહો, ઇશ્વર તમારૂ કલ્યાણ કરે. **ખુદાને યાદ કરો. અલ્લી ખુદા તમને ધર્મ અને વિવેક આપે.** અરે અમારા ધણી આગા સુલતાન મહમદશાહ તમારો જે હકક છે તેથી અરે શાહ મ્હારી સાંજની પ્રાર્થના અને વિનંતી સ્વીકારો.

(પછી) તમારે લાંબા પડીને પગે લાગવાનું છે. જો તે રાત્રીની બંદગી હોય તો "મારી સાંજની અને રાત્રીની બંદગી" એવું કહો અને જો તે સવારની બંદગી હોય તો "મ્હારી સાંજની, રાત્રીની અને સવારની બંદગી" એવું કહો.

પછી માળા ફેરવો અને લાંબા પડીને પગે લાગો.

પછી નીચે પ્રમાણે કહો:—

હું મ્હારા પાપો માટે પસ્તાવો કરૂં છું. મ્હારા પાપો માટે પસ્તાવો કરૂં છું. હું તમારો પાપી નોકર છું. માથાથી તે પગના અંગુઠા સુધી પાપી છું. **અરે શાહા ક્ષમા કરનાર અને ક્ષમા કરો. પીરો બંદગી કરે છે અને તારા સેવક વીનંતી કરે છે.** અરે તમે ખરા શાહ:તે સ્વીકારો. પીરે કહેલા શાહના ફરમાનની આજ્ઞા હું માનું છું.

ઉપર પ્રમાણે કહીને માળા જમીન ઉપર મુકો અને નીચે પ્રમાણે બોલો.—

સાચી રીતે કહેવું—ઇશ્વર પવીત્ર છે. પરમેશ્વરનો આભાર માનું છું. ઇશ્વરના ગુણુ ગાઉંછું. ઇશ્વિર શીવાય કોઇ ઇશ્વર નથી. ઇશ્વર મ્હોટા છે. ઇશ્વિર શીવાય કાંઇ શકતી અ-થવા અચલ નથી, તેજ મહાન, મ્હોટા, દયાળુ, મ્હોટા મનવાળો, સારો મહાન પવીત્ર ઇશ્વર છે. જે ઇરાનમાં ચાલડી જીલ્લામાં મનુષ્યના રૂપમા સીતોતેર પત્રાઓ (ઘરડાઓ) ના વંશનો છે અને અડતાલીસમો ઇમામ (ધર્મગુરૂ); દશમો નકલંકી અવતાર, અમારો ધણી આગા સુલતાન મહમદશાહ તે આપનાર છે.

(પછી) તમારે લાંબા પડીને પગે લાગવાનું છે. પછી કહો કે "હકશા" (એટલે અરે શાહ તમે ખરા છો, અને પછી વીશ્નુના વડીલો અને શાહાના ઘરડાઓના નામના જપ કરો.

વીશ્નુના વડીલોના નામ.

\+ + + +

શાહાના વારસો એટલે અબુતાલેબ વલી (ના વંશજો) છે—

૧. અમારો સાચો માલેક શાહઅલ્લી.
૨. અમારો સાચો માલેક શાહ હુંસેન.
૩. અમારો સાચો માલેક શાહા ઝેનલ આબદીન.
૪. અમારો સાચો માલેક શાહા મહમદ બાકર.
૫. અમારો સાચો માલેક શાહા જાફર સાદક.
૬. અમારો સાચો માલેક શાહા ઇસ્માએલ.
૭. અમારો સાચો માલેક શાહા મહમદ બીન શાહા ઈસ્માએલ.
૮. અમારો સાચો માલેક શાહા વફી અહમદ.
૯. અમારો સાચો માલેક શાહા ટકી મહમદ.
૧૦. અમારો સાચો માલેક શાહા રઝી અબદુલ્લા.
૧૧. અમારો સાચો માલેક શાહા મેહદી મહમદ.
૧૨. અમારો સાચો માલેક શાહા કાસમ.
૧૩. અમારો સાચો માલેક શાહા માનસુર.
૧૪. અમારો સાચો માલેક શાહા મોએઝ.
૧૫. અમારો સાચો માલેક શાહા અઝીઝ.
૧૬. અમારો સાચો માલેક શાહા હાકીમ અબુઅલ્લી.
૧૭. અમારો સાચો માલેક શાહા ઝાહીરઅલ્લી.
૧૮. અમારો સાચો માલેક શાહા મુસ્તન શીર બીલ્લાહ.
૧૯. અમારો સાચો માલેક શાહા નીઝાર.
૨૦. અમારો સાચો માલેક શાહા હાદી.
૨૧. અમારો સાચો માલેક શાહા મોહતદી.
૨૨. અમારો સાચો માલેક શાહા કાહર.
૨૩. અમારો સાચો માલેક શાહા અલ્લી ઝકરીયા સલામ.
૨૪. અમારો સાચો માલેક શાહ અલીમહમદ.

૨૫. અમારો સાચો માલેક શાહા ખુદ જલાલુદીન હસન.
૨૬. અમારો સાચો માલેક શાહા અલ્લાઉદીન મહમદ.
૨૭. અમારો સાચો માલેક શાહા રુકનુદીન ખુરશાહા
૨૮. અમારો સાચો માલેક શાહા શમશુદીન મહમદ.
૨૯. અમારો સાચો માલેક શાહા કાસમ.
૩૦. અમારો સાચો માલેક શાહા ઇસ્લામ શાહા.
૩૧. અમારો સાચો માલેક શાહા મહમદ બીન ઇસ્લામ શાહા
૩૨. અમારો સાચો માલેક શાહા મુસ્તન શીર બીલ્લાહ.
૩૩. અમારો સાચો માલેક શાહા અબદ સાલમ.
૩૪. અમારો સાચો માલેક શાહા ગરીબ મીરઝા.
૩૫. અમારો સાચો માલેક શાહા બુદરઅલ્લી
૩૬. અમારો સાચો માલેક શાહા મુરાદ મીરઝા.
૩૭. અમારો સાચો માલેક શાહ ઝુલફીકારઅલ્લી.
૩૮. અમારો સાચો માલેક શાહા નુરૂદીનઅલ્લી.
૩૯. અમારો સાચો માલેક શાહા સૈયદ ખલ્લુલ્લાઅલ્લી
૪૦. અમારો સાચો માલેક શાહા નીઝાર.
૪૧. અમારો સાચો માલેક શાહા સૈયદઅલ્લી.
૪૨. અમારો સાચો માલેક શાહા હસનઅલ્લી.
૪૩. અમારો સાચો માલેક શાહા કાસમઅલ્લી.
૪૪. અમારો સાચો માલેક શાહા અબદુલ હસનઅલ્લી.
૪૫. અમારો સાચો માલેક શાહા ખલીલુલ્લાઅલ્લી.
૪૬. અમારો સાચો માલેક શાહા હસનઅલ્લી.
૪૭. અમારો સાચો માલેક શાહા આગા અલ્લીશાહા,
૪૮. અમારો સાચો માલેક શાહા આગા સુલતાન મહમદ તે આપનાર.

તે ઇમામપણાના હાલના માલેક તરીકે તેમને કબુલ કરો, યુગનો માલેક, ઇમામ, ભોમીયાનો ભોમીયો, તે (ઇમામ) તે અખત્યારવાળો કબુલ કરો. આગા સુલતાન મહમદ શાહા તે અસંખ્યાત અને કરોડો સખસોને આપનાર અને બચાવનાર અને ઇમામપણાના હાલના માલેક છે. અરે શાહા હકકને લીધે તારી હજુરમાં મ્હારી વીનંતી સ્વીકારો. અરે અમારા માલેક આગા સુલતાન મહમદ શાહા તાહારા કબજામાં

+ + + + +

ડી. એચ. ૧૨૮ હસનઅલ્લીના વખતમાં અને ડી. એચ. ૧૨૯ અલ્લીશાહાના વખતમાં જે વખતે જે આગાખાન હોય તેમના નામ જરૂરીયાત વધારાસીવાય દુવા અર્થાર્થ તેની તેજછે.

ખોજાનો અર્થ આબરૂ લાયક અથવા પુજ્ય શીષ્ય છે.

હવે ખોજાઓ વહેપારી વર્ગના હીંદુઓ હતા અને અપર સીંધના ગામડાઓ અને કસ્બાઓમાં રહેતા હતા. તેઓની ભાષા સીંધી અથવા કચ્છી ચાલતી ભાષા છે અને તેઓની પાસે જુના ધર્મના પુસ્તકો છે તે સીંધી લીપી અને ભાષામાં છે. સીંધ પ્રથમ

મુસલમાનોએ જીતેલું હતુ તેથી લાંબી મુદતથી અને હાલ પણ ત્યાં મુસલમાનોની વસ્તી છે, પણ તે દેશનો પરચુરણ અને જથાબંધ રોજગારનો ઘણો ભાગ હિંદુઓના હાથમાં રહેલો છે. આ દુરના અને જુદા પડેલા હિંદુ વહેપારીઓની સ્થીતી અને હાલત દેખીતી રીતે એવી છે કે એક અથવા બીજા રૂપના મુસલમાની ધર્મ તરફમાં વટલાવવાને પસંદ કરેલું છે માટે આશરે ૪૪૨ વર્ષો ઉપર પીર સદરૂદીને તે પ્રમાણે વટલાવેલા હતા એ કાયમ થએલો નિયમ સમજવો જોઇએ. અને ખોજા મંડળના મ્હોટા સમુદાયની દંતકથા પ્રમાણે પીર સદરૂદીન ખોરાસાનથી આવ્યા હતા અને તેમને આગાખાનના એક વડા શાહા ઇસ્લામે ઇસ્માઇલી દાઇ અથવા મીશનરી તરીકે મોકલેલા હતા, અને જે રૂપમાં મુસલમાની ધર્મનું શીક્ષણ તેમણે આપેલું તે તેમના વટલાવેલા શીઆ ઇમામી ઇસ્માઇલી પંથના છે.

ધી એડવોકેટ જનરલ વી. મહમદ હસન હુસેનના સારા પ્રખ્યાત મુકરદમાનો ચુકાદો સર. જે. આરનલ્ડ સાહેબે કરેલો હતો (૧૮૬૬) ૧૨ મું હા. કો. ૩૨૩) તેમાં ઇસ્માઇલીઓના વંશ પરંપરાના ઇમામ ઘણુ કરીને શાહા ઇસ્લામના મોકલેલા પીર સદરૂદીન એક દાઇ અથવા મીશનરી હતા અને તેમણે ખોજાઓને પ્રથમ વટલાવીને મુસલમાન ધર્મના ઇસ્માઇલી રૂપના કરેલા હતા એવુ ઠરાવવાને તેઓએ જુદી જુદી તકરારો બતાવેલી છે. અમારા વિચાર પ્રમાણે તેમણે જે તકરારો બતાવી છે તે એવી છે કે તેમાં હાલના કામમાં વાદીઓના તરફથી ફેરફાર કરવાને કાંઇ યત્ન કરવામાં આવેલો નથી.

હવે એવું કબુલ કરેલું છે કે આગાખાનના ધર્મ પ્રમાણે ચાલનારા તે જરૂરે કરીને ખોજાઓજ છે. એમ નથી પણ અમારા અભિપ્રાયમાં આવે છે કે તેમના ધર્મ પ્રમાણે ચાલનારા ઇરાન, અર્બસ્થાન, ઝાંઝીબાર, સીંધ, કચ્છ, મુંબાઇ, કલકત્તા, રંગુન અને બીજી જગાએ છે એમ માલમ પડે છે. જુઓ નંબર ૧ ના પ્રતિવાદીની તથા જુદા જુદા તે ધર્મ પ્રમાણે ચાલનારાઓને સાક્ષીઓ બોલાવેલા છે તેમની સાહેદીઓ. વળી આ કામમાં એવું સાબેત થએલું છે કે ઇસ્માઇલીઓના જે ઇમામ જે વખતે હોય તે ઇમામને પોતાના હાઝર ઇમામ અથવા ધર્મગુરૂ તરીકે તે આગાખાનના ધર્મ પ્રમાણે ચાલનારા માન્ય આપે છે તેવી ધાર્મીક લાગણીથી ઘણા વર્ષોથી તે ધર્મ પ્રમાણે ચાલનારાઓનો પોતાના સરકાર સાહેબ એટલે ધણી અને માલેકને ઘણા બુદ્ધીપુર્વક ફાળા આપવાનો રીવાજ થઇ ગએલો છે. જે રીવાજ પ્રમાણે બક્ષીશો આપવામાં આવે છે અને આગાખાનને જુદા જુદા નામો લાગુ કરવામાં આવે છે તેની યાદ અમે નીચે આપીએ છીએ.

પુરાવમાં જે ગીનાનો રજુ કરેલા છે તે પીર સદરૂદીન અને પીર કબીરૂદીનના લખેલા છે. દશ અવતાર પીર સદરૂદીને લખેલા છે. સર જોસફ આર્નલ્ડ સાહેબ કહે છે તે પ્રમાણે ૧૦ બાબનું વર્ણન છે તેમાં તેના નામના અર્થ ૧૦ અવતારનો હેવાલ છે, તે દરેકની એક એક બાબમાં વ્યવસ્થા કરેલી છે. પહેલા ૯ બાબમાં હીંદુના ઇશ્વર વીસ્નુના ૯ અવતારનું વર્ણન કરેલું છે ૧૦ મા બાબમાં ઘણુજ પવિત્ર અલીના અવતારોનું વર્ણન કરેલું છે. જે ગીનાનો અહીંયા પુરાવમાં અમારી રૂબરૂ નંબર ૧ ના પ્રતિવાદીની તરફની એવી તકરારની પુષ્ટીમાં રજુ કરેલા છે કે તેમના ધર્મ પ્રમાણે ચાલનારાઓને તેમનેજ બક્ષીસ આપવાને તેઓએ ફરમાવેલું છે તે ગીનાનોનો હેતુ અમે હવે પછી બતાવીએ છીએ.

જેવી ઉમેદ રાખી શકાય છે તે પ્રમાણે એકાદા તીક્ષ્ણ અને બુદ્ધિવાળાએ અમારા

અભિપ્રાય પ્રમાણે તે દશ અવતારની હકીકત ઉત્પન્ન થએલી છે. તે ગ્રંથ કર્તાનો હેતુ હિંદુઓને મુસલમાન ધર્મના કરવાનો હતો, અને જે રીતે આ કરેલું છે તે ભગવાન વીસ્નુના જુદા જુદા અવતાર ફરીથી બતાવીને પેગબર મહમદના જમાઇ અલ્લી સુધી આખરે તે આવેલા છે. ધર્મોના ઘણા રૂપો અમારા જોવામાં આવે છે તે પ્રમાણે તે ગ્રંથ કર્તાએ પ્રગટીકર્ણ કરવાનું સાધન પસંદ કરેલુ છે તેવીજ રીતે ઇડનના બગીચામાં ઈવને સર્પે જે વખતે લલચાવી તે વખત સુધીની સર્પની પુજાના જુદા જુદા રૂપોને લીધે તેજ સાધનનો પત્તો લાગી શકે છે. જુદા જુદા ધર્મો પ્રકટીકર્ણનું તેજ સાધન માલમ પડે છે. પહેલાં રૂપોલીંગમ અને યોની ઉત્પન્ન થએલાં છે અને પ્રકટીકર્ણના સાધનથી અને સુધારાથી નીષ્કલંક ધ્યાનના વિચાર ઉપર છેવટ આપવામાં આવેલું છે. વળી તેજ પ્રમાણે હિંદુઓમાં એક ક્રિયા છે તેમાં ઘણા વર્ષો ઉપર અમે જાતે હાજર હતા તેમા લીંબડાના પાંદડાં કચરીને તેનો ભુકો કરેલો હતો અને ભેગા થએલા ફકીરોને આપવામાં આવ્યો હતો, કારણ કે તેઓને શીવના શરીરનું ભક્ષણ કરવાને ફરમાવેલું હતું. તે એક ક્રિયા પ્રકટીકર્ણને લીધે પરીણામે ખ્રીસ્તી ધર્મમાં "હોલી કમ્યુનીયન" તરીકે તે જાણવામાં છે. ગીનાનોમાં જેમ કુરાનમાં મહમદના નીયમો ઘણાં ચાલે છે તેમ પ્રગટ થએલા છે તે અમારા જોવામાં આવે છે. જે કલ્પના અમે બતાવીએ છીએ તે વિશે આ કામમાં જે મુખજુબાનીનો પુરાવ છે તે લાગે તેવો દાખલો બતાવી આપે છે. જે ગુપ્તી તરીકે જાણવામાં તેમાંના ત્રણ સાક્ષીઓ અમારી રૂબરૂ બોલાવેલા છે. તેઓ નીરસંશય રીતે શીઆ ઇમામી ઇસ્માઇલીઓ છે પણ તેઓ કેટલાક હિંદુ રીવાજોને નકકી બાઝી રહેલા છે જેમકે તેઓ પુરૂષોને સુનતા કરતા નથી પણ તેઓના મર્ણ પામેલા શરીરનું દહન કરે છે પણ તેઓ આગાખાનના ધર્મ પ્રમાણે સાચી રીતે ચાલનારા છે, અને જ્યારે આ ગુપ્તીઓમાંના બે ગુપ્તીઓએ કહ્યું છે કે હાલના આગાખાનને પારીસના રીટઝ હોટલમાં એક વખતે ૫૦ ઇંગ્રેજી સોવરીન અને બીજી વખતે ૪ પૌંડની ચેકોના રૂપમાં અમે મેહમની કરેલી છે ત્યારે એકાદ સખસને તે સ્થીતી નાટક રૂપની એમ લાગ્યા વીના રહી શકતી નથી.

આ કામ ચાલતું હતું તે દરમ્યાનમાં અમને સુનીયો તથા આગાખાન અને તેમના ધર્મ પ્રમાણે માનનારા કાંઇ વીરૂદ્ધના હોય તે અજાયબ લાગેલું હતું, કારણ કે અમારા અભિપ્રાય પ્રમાણે ખોજા તરીકે ઓળખાતા હિંદુઓની મ્હોટી સંખ્યા વટલાવીને તે મંડળીના સારા રહી શકે તેવા આબરૂદાર અને શરીરના સબધા સખસોને મુસલમાની ધર્મમાં લીધેલા છે અને જો તેઓને પીર સદરૂદીને તથા પીર કબીરૂદીને વટલાવેલા ના હોત તો તેઓ હિંદુ ધર્મ પ્રમાણે ચાલનારા રહેલા હોવાજ જોઇએ અને તે ધર્મ મુસલમાનોથી તદન જુદો છે. આગાખાનને આપેલા નઝરાણા અથવા એક સાહેદે તેને ઇસ્માઇલનો પેન્સ કહેલો છે. (મારકોપોલોની મુસાફરીની નોટ સન ૧૯૦૩ પાનુ ૧૪૯ અને ૧૪૭) તે સારી પેઠે જાણીતો પીટરનો પેન્સ જે આટલા બધા વર્ષથી પોપને આપવામાં આવે છે તેના જેવો ઘણી બાબતોમાં છે, અને મહમદના જમાઇ અલ્લીની પુજા કરવામાં આવે છે અથવા તેમને માન્ય આપવામાં આવે છે તે એક પ્રકારની પુજા (પુર્વમાં) છે, અને અપસ્ટલની આમેરીની (પશ્ચિમમા) એક પ્રકારની પુજા કરવામાં અથવા તેમને માન્ય આપવામાં આવે છે તેવું છે.

પહેલા આગાખાન હસનઅલ્લી (તે અમને નંબર ૧ ના પ્રતિવાદીએ કહેલું છે તે પ્રમાણે તે ઇલકાબ નથી પણ એક બીજુ નામ છે. તે જે વખતે હસનઅલ્લી જવાન હતા ત્યારે તેમનું લાડનું નામ છે) તે ખલીલુલ્લાના દીકરા હતા તેમને સન ૧૮૧૭ માં ઇરાનમાં જે સાધારણ રીતે કજીયા થયા હતા તેવા એક કજીયામાં ઇરાનમાં યેકલ શહેરમાં મારી નાખવામાં આવેલા હતા. તે હુલ્લડમાં હુમલો કરનારાઓને ઇરાનના તે વખતના શાહે સખત રીતે શીક્ષા કરેલી હતી અને હસનઅલ્લીને ભારે મીલ્કતનો કબજો આપેલો હતો એટલે કુમ અને મહેલાત જીલ્લાનું રાજ્ય આપીને પોતાની દીકરીઓમાંની એક દીકરીની શાદી કરેલી હતી. તેમના ભયને લીધે ઉશ્કેરાઇને બેશક શાહાનું આ કૃત્ય થએલું હતું કારણકે તેમ ના કરે તો ઇસ્માઇલીયો પોતાના પવિત્ર આગેવાનના મોત બાબત તેમને જવાબદાર ઠરાવે. પછી અમે હસનઅલ્લી વીશે સાંભળેલું છે તે સન ૧૮૩૮ નું છે. તે વખતે દેખીતી રીતે ઇરાનના શાહા વિરૂદ્ધ હુલ્લડ કરેલું હતું અને કરમાનમાં તેમના ધર્મ પ્રમાણે ચાલનારા કે ઘણા હતા તેથી કરમાનનું રાજ્ય કબજે કહેલું હતું. તેમનું હુલ્લડ કરવાનું દેખીતું એવું હતું ઇરાનના મુખ્ય પ્રધાનના એક મહેરબાનીવાળા માણસે પોતાના દીકરા સારૂ હસનઅલ્લીની દીકરીઓ પૈકી એક દીકરી સાથે શાદી કરવાની માગણી કરેલી હતી. જે અલબત માજી શાહાની પૌત્રી થાય છે. તે મુખ્ય પ્રધાને પોતાના મહેરબાનીવાળા સખસની માગણીને મદદ કરેલી તે બાબત ક્રોધ ભરેલી રીતે ના કહેવામાં આવી હતી. હસનઅલ્લીએ પોતાનું હુલ્લડ સન ૧૮૪૦ સુધી જારી રાખ્યું હતું અને તે વખતે ઘણા માણસો હોવાને લીધે શકતીહીણ થવાથી મુસ્કેલીથી બલુચીસ્થાનમાં થઇને સીંધ જતા રહેલા હતા ત્યાં તેમનો સારો સત્કાર કરવામાં આવેલો હતો. સીંધમાં તેમને કાંઇ નાણાંની ભીડ પડેલી ન્હોતી કારણ કે ખોજાઓ તેમના ધર્મ પ્રમાણે ઘણાજ આતુરતાથી માનનારા હતા અને તેઓ તરફથી તથા પુર્વના જુદા જુદા ભાગોમાંના બીજા ખોજાઓ તરફથી તેમને પુષ્કળ પુરૂ પાડવામાં આવેલું હતું. તેમણે ઘોડાની એક પાગા રાખેલી હતી તેથી સન ૧૮૪૧–૪૨ માં અફગાનની લડાઇના પાછળના ભાગમાં કંદારમાં જનરલ નોલ્ટ નીચે નોકરી કરવાને તેમને કેપટન રોલીનસને મદદ આપેલી હતી. આ ચાકરી અને જે બીજી ચાકરી સન ૧૮૪૩–૪૪ માં સર ચાર્લસને પીઅર સાહેબને સીંધ જીતવામાં કરેલી હતી તે બાબત હીંદુસ્તાન સરકાર તરફથી દર માસે રૂ. ૩૦૦૦) પેન્શન તેમને મળે છે. તા. ૧૦ મે સન ૧૮૮૬ થી હાલના આગાખાનને રૂ. ૧૦૦૦) બ્રીટીશ સરકાર તરફથી મળે છે. (જુઓ ડી. એચ. ૨૨૭) સન ૧૮૪૫માં હસનઅલ્લી મુંબાઇ આવ્યા છે તેથી ત્યાં અને પુનામાં તે તથા તેમના દીકરા અને દીકરાના દીકરા રહે છે.

સન ૧૮૬૬ માં સારી પેઠે જાણીતો ઇકવીટીનો મુકરદમો તપાસ ઉપર આવ્યો અને તેનો રીપોર્ટ ૧૨ મું. હા. કો. રીપોર્ટસમાં થએલો છે. તે જજમેંટ ઉપરથી આગાખાન અને તેમને માનનારાઓનો ઇતીહાસ માલૂમ પડે છે. તે કામનો ફેંસલો તેની ગોઠવણ અને ભાષાની સફાઇને લીધે પાછળની તમામ તપાસોના આધાર તરીકે થએલો છે.

તે કામમાં સર જોસેફ આર્નલ્ડ સાહેબે પોતાની રૂબરૂનો પુરાવ ટુંકાણમાં બતાવીને ઠરાવ્યું છે કે ન્યાયની રૂએ એવું સાબેત થએલું છે કે "મહમદહુસેન, હુસેની બીજી રીતે આગાખાન અથવા હીંદુસ્થાન સરકારના સરકારી કાગળોમાં વધારે રીતીસર નામદાર આગાખાન મહેલાતી કહે છે તે ઇસ્માઇલીયોના વંશ પરંપરના ઈમામ અને પ્રગટ થયા

વીનાના ઇમામ, જે ખુદાના પ્રતિનિધિ અલી તે (ઇસ્માઈલીયોના ધર્મ પ્રમાણે) જાફર સાદકના દીકરા, ઇસ્માએલ તે પ્રગટ થએલા ઇમામોમાં છેલ્લા અને સાતમા ઇમામ છે તેમની સીધી લીટીનો વંશજ છે એવો દાવો ઇમામપણાની મસનદના હાલના હયાત કબજેદાર દાવો રાખે છે.

જ્યારે તે પહેલા મુંબાઇમાં આવ્યા ત્યારે ધારવામાં હતું તે કરતા તેમની સત્તા ઘણી વધારે બોહોળી છે. હિંદુસ્થાનમાં જે ખોજાઓનું મંડળ સીંધ, પંજાબ અને કાશ્મીરમાં પશ્ચીમમાં દરીયાકાંઠાના શહેરોમાં મુખ્યત્વે કરીને વશેલું છે તે ખોજાઓની જાત શીવાય તે સત્તા ઘણું કરીને વધારાની નથી. પણ યારકાંડ ગએલા સર ડૌગ્લાસ ફોરશીથના મીશનના સભાસદોએ નક્કી કરેલું છે કે શીઆના ઘણા મંડળો મુંબઇના આગાખાનને પોતાના ધર્મ ગુરૂ તરીકે કબુલ કરે છે અને તુર્કસ્થાન અને અફગાનીસ્થાનના શાંત રહે નહી તેવા સુનીયોથી વીટાએલા શ્રીનગર અને ઉત્તર હિંદુસ્થાનના બીજા શહેરોમાં પોતાના એજંટોની મારફતે રીતીસર ખંડણી મોકલે છે. આ ઇમામી ઇસમાયલી શીઆ તે "દુનીયાના છાપરા" પામીર જે વધારે ઉંચા ઓકસસના અને તેને લગતા સંગમોના કીનારા ઉપર છે ત્યાં ચીત્રાલ, ગીલગીટ અને કાફ્રીસ્થાન તથા બાદકશાન, જે નામ વોના આપણા જાણવામાં ભાગ્યેજ છે તેમના ડુંગરોની વચમાં નીચે પડેલી જમીનના પ્રદેશમાં છુટા છુટા વશેલા છે.

ઇરાન, ખોરાસાન અને પશ્ચીમ અફગાનીસ્થાનમાં આગાખાનના ઘણા શીષ્યો જણાય છે, પણ તેઓ સુની સરકાર નીચે રહે છે તેથી જો બની શકે તો ભાગ્યેજ તેમના તાબાની વફાદારી કબુલ કરે છે. ઇરાનના અખાતના અને પુર્વ અર્બસ્થાનના દરીયા કીનારાના શહેરોમાં અને વિશેશે કરીને મુકાબલે સહન કરે તેવા ઓમાનના રાજ્યકર્તાઓની નીચે ખોજાઓનો વધારો થાય છે અને તેઓ એક અથવા બીજા રૂપમાં હીંદુસ્થાનની ઇંગ્રેજ સરકારના રક્ષણનો વારંવાર દાવો રાખે છે. આફ્રીકાના કીનારા ઉપર દક્ષીણ મોઝમબીક સુધી જે બંદરોમાં વાસ કોડી ગામાને માલૂમ પડેલા હતા તેજ બંદરોમાં તેઓ માલૂમ પડે છે. આજ સુધી એવું સંભવીત છે કે આફ્રીકાના મધ્ય સરોવરો અને મધ્ય એશીઆમા બીદકશાનની રૂબી અથવા જાદે ખાણો જોવાની એકાદા મુસાફરે મરજી રાખેલી હોય તો, પર્વત ઉપરના વૃદ્ધ માણસના વંશજો કરતાં તે ભાગોમા તેમના શીષ્યોનું ઓળખાણ તેમને વધારે સારૂ કરાવી શકે તેવું કાઇ નથી આ કામમાં ખોરાસાનથી આખા રસ્તેથી આગાખાનને મળવાને અને નમન કરવાને બે સાક્ષી આવેલા છે તેમને અમારી રૂબરૂ બોલાવેલા છે. અમે તેઓના નામ જાણી જોઇને બતાવતા નથી, કારણ કે તેમાંના એકે કહેલું છે કે અમો અમારે દેશ પાછા જઇએ ત્યારે અમારી હાલત ભયંકર થાય અને અમારા માથાં કાપી નાંખવામાં આવે.

જ્યારે નંબર ૧ ના પ્રતિવાદી આશરે ચાર વર્ષની વયના હતા ત્યારે સન ૧૮૮૧માં હસનઅલી મર્ણ પામેલા છે અને તેમના વારસ તેમના દીકરા અલ્લીશાહ થએલા હતા તેમને પોતાની હયાતી સુધી પોતાના પીર અથવા ધર્મના ડેપ્યુટી તરીકે નીમેલા હતા. સન ૧૮૮૫માં અલ્લીશાહ મરણ પામ્યા ત્યાં સુધી તે અલ્લીશાહ આગાખાન હતા. નંબર ૧ ના પ્રતિવાદી આઠ વર્ષની ઉમ્મરના હતા ત્યારે તેમને અલ્લીશાહે પોતાની હયાતીમાં એક ફરમાનથી આગાખાન નીમેલા હતા. (જુઓ કમીશન ઉપરથી આંક ૫૧ અને ૫૨) પણ

નંબર ૧ ના પ્રતિવાદી પોતાના બાપના મર્ણું વખતે ન્હાની વયના હતા તેથી માલ મીલકતનો વહીવટ સન ૧૮૯૩માં નંબર ૧ ના પ્રતિવાદી સોળ વર્ષની ઉમ્મરના થયા ત્યાં સુધી લેડી અલ્લી શાહાએ કરેલો હતો પછી તેમણે પોતા હાથમાં લીધુ તોપણ કેટલોક ઘર સબંધીના કામકાજનો વહીવટ પોતાની માના હાથમાં રાખેલો હતો.

હવે આગાખાનો કેવી રીતે રહે છે અને તેમના કુટુંબનો નભાવ કરે છે તે અમે સારાંશમાં બતાવીએ છીએ.

અમે કહેલું છે તે પ્રમાણે ૧ લા આગાખાને ઈરાનમાં કાંઈ મીલકત મુકેલી હતી એવું સાબેત થએલું નથી, અને અમારી નજરમાં આવે છે કે તે જ્યારે મુંબાઈમાં આવ્યા ત્યારે તેમનો આધાર સરકાર તરફથી મળતા પેન્શન અને તેમનો ધર્મ માનનારાઓ તરફથી જે નજરાણા આવતા હતા તે ઉપર હતો ધીમે ધીમે તેમણે મીલકત મેળવી અને તેમણે પોતાના કુટુંબનો તથા તેમની સાથે ઇરાનથી આવેલા ઘણા ખીજમતદારોનો નીરવાહ કરેલો હતો એ વીશે કાંઇ શક રાખ્યા શકાતો નથી તેમણે ધીમે ધીમે મુંબઈમાં સ્થાવર મીલક્ત મેળવેલી છે તેથી જુદા જુદા મકાનોમાં પોતાના કુટુંબના માણસો અને પોતાના ખીજમતદારોને રહેવાની પરવાનગી આપેલી છે. વળી તેમણે પુનામાં મીલકત મેળવેલી છે ત્યાં પણ તેજ રીવાજ પ્રમાણે તે ચાલેલા છે. જેમ જેમ કુટુંબ વધતું ગયું તેમ તેમ તે કુટુંબને જરૂરીયાત બાબત વધતી ગઈ અને મીલકત પણ વધેલી હતી. વધારામાં જે સખસો તેમની મીલકત ઉપર રહેતા હતા તે તમામ સખસોને એક મઝીયારા રસોડેથી જમાડતા હતા પોતાના કુટુંબના કેટલાક અંગભુતોને રોકડ એલાવન્સો આપેલાં હતા તેમાંથી તેઓ પોતાનું પુરૂ કરતા હતા અથવા વખતે કેટલાકોને તો તેમણે ઘોડા, ગાડીયો, અને ચાકરો પુરા પાડેલા હતા. તેજ પદ્ધતી પ્રમાણે અલ્લીશાહાની વખતમાં ચાલવામાં આવતું હતું અને તેમના મર્ણું પછી નંબર ૧ ના પ્રતિવાદી તરફથી લેડી અલ્લીશાહની વખતમાં ચાલવામાં આવતું હતું અને નંબર ૧ ના પ્રતિવાદીએ પોતાની મીલકત કબજે લીધી ત્યાર પછી પણ તે પ્રમાણે ચાલવામાં આવતું હતું. આ રોકડા એલાવન્સ ખોરાક, અને રહેવાના મકાન તે આગાખાનની રહેમીયત અને મહેરબાની શીવાય કાંઇ બીજી રીતે આપવામાં આવતું હતું એવું જણાય તેવો કાંઇ પુરાવ અમે શોધી કહાડી શકેલા નથી, અને આંક ૨૧૧, ૨૧૫, ૨૧૬, અને ૨૧૭ ઉપરથી જણાય છે કે નંબર ૧ ના પ્રતિવાદીએ પોતાના કુટુંબના જુદા જુદા અંગભુતોને નાણાંની ભારે રકમોની મદદ કરેલી છે અને તેવી મદદ કરવાને તેમને વીનંતી કરવામાં આવેલી હતી.

વાદીયણની હકીકત એ છે કે તે ધર્મ પ્રમાણે ચાલનારાઓએ જે નજરાણા કરેલા છે તે આગાખાનના ફાયદાને માટે તેમજ તે કુટુંબના અંગભુતોના ફાયદા સારૂ છે અને આ બાબત વીશે કમીશનથી ઘણો પુરાવ લેવામાં આવેલો છે, તોપણ તેની વ્યવસ્થા કરતા પહેલા એક અથવા બે બાબતો વીશે અમને લાગે છે તે કહેવાને અમને ગમે છે. તેમાં પહેલી અને અમારી નજરમાં આવે છે કે એક ઘણીજ અગત્યની બાબત એ છે કે દાવા અરજમાં તે નજરાણા આગાખાનના કુટુંબના તથા તેમના પોતાના ફાયદા સારૂ આગા. ખાનને આપવામાં આવેલા હતા એવું કાંઇ પણ કહેવામાં આવેલું નથી. તે દાવાઅરજી- ની કલમ ૨ જીમાં કહેલું છે કે "આગળ કહેવામાં આવેલું છે તે પ્રમાણે આવા આગા-

ખાન જેવા ધર્મના આગેવાનને સદરહુ કહેવામાં આવેલું છે તે મુજબ ખોજાઓ તરફથી ઘણા કીમતી નજરાણા મળેલા છે, અને વળી ઈસ્માઇલી શીઆઓ તરફથી પણ મળેલા છે. વળી તેમને હિંદુસ્તાન સરકાર તરફથી પણ દર માસે રૂ. ૩૦૦૦) મળેલા છે, તે બધા નફા અને થાપણો વાદીયણ તકરાર કરે છે તે પ્રમાણે તેજ કુટુંબની બધી મીલકતના ભાગ છે. તેમાં હવે પછી કહેવા આવેલું છે તે પ્રમાણે હકકનો દાવો તેણી રાખે છે તેવાજ રૂપની હાલ તે છે.

નંબર ૨ ની પ્રતિવાદીયણ પોતાની લેખી કેફીયતમાં આવો દાવો રાખતી નથી. તે ફકત કહેછે કે તેણીને હકક તરીકે ખર્ચ મળે છે.

નંબર ૪ ની પ્રતિવાદીયણ જંગીશાની વીધવા પોતાની લખેલી કેફીયતમાં આવા હકકો તદન ઈનકાર કરે છે.

કુચીકની લેખી કેફીયત અમારા જોવામાં આવી ત્યાં સુધી આ બાબત ખાસ રીતે બતાવેલી હોય તેમ નથી. તે લખેલી કેફીયતની કલમ ૨ માં કહે છે કે:—

" તે પ્રતિવાદીઓ કહે છે કે ઉત્તરોત્તર આગાખાનોને ૧ લા આગાખાન હસન-અલ્લી શાહાના વખતથી વખતે વખતે જે નજરાણા મળેલા છે. તે પોતાના એકલાનાજ ફાયદા સારૂ મળેલા નથી અને મળતા નથી, પણ દાવા અરજી સાથેનું અ. નીશાનનું પહેડી નામું છે તેમાં બતાવ્યા પ્રમાણે તે કુટુંબના તમામ અંગભુતોના ફાયદા સારૂ મળેલા છે અને મળે છે. આ પ્રતિવાદીઓ કહે છે કે તે આખા કુટુંબમાંથી તે ઇમામ થાય છે, માટે તે કુટુંબને શેવકો પવીત્ર માને છે, અને જે વખતે જે આગાખાન હોય તે કુટુંબના ઇલકાબવાળા આગેવાન અને પ્રતિનીધી છે."

મી૦ ઇનવેરારીટીએ પોતાના જવાબમાં અમુક બીજી ખાસ હકીકતો બતાવેલી છે, ભાવનગરના કમીશનને પાને ૭૮ મેં મી૦ દાદા ચાનજીએ બે કબુલતો કરેલી છે. (૧) આગાખાનને માનનારાઓએ જુદા જુદા જમાતખાનામાં જે નજરાણા આપેલાં છે તે જે સાક્ષીઓએ સાહેદી આપેલી છે તે સાક્ષીઓએ કહેલા પ્રસગોએ તે આપેલા છે, (૨) આ નજરાણા મુખીએ અને કામડીયાએ વસુલ કરીને મુંબઇમાં પ્રગણા કામડીયા અથવા કુલ કામડીયોની મારફતે તે સાક્ષીઓએ જુબાનીમાં કહેલું છે તે પ્રમાણે હુંડીઓ કરાવીને મોકલેલા છે. પછી પાને ૧૧૦ મેં મી. દાદાચાનજી કહે છે કે:—

" મ્હારી હકીકત એ છે કે ઈમામના જે સગાઓને તે ધર્મ પ્રમાણે ચાલનારાએ તેમના હાથને ચુમન કરતી વખતે નાણાં આપેલાં છે તે નાણાં તે ઇમામના નાણાં જે ટ્રેઝરીમાં પડી રહેલા છે તે ટ્રેઝરીમાં ભરેલાં છે, અને તે ઇમામ તથા તેમના સગા એ-કઠાં રહેતાં હતા, અને આ નાણાં તે ઇમામના નાણાં સાથે મેળવેલા છે, માટે તે નાણાં-નો ફાયદો તેઓએ ભોગવેલો છે."

સબબ તે વખતે આગાખાન હાઝર ઇમામ નથી એવી કાંઇ સુચના કરેલી નથી. ત્યાર પછી વાદીયણના સલાહકારોએ એવી કલ્પના કરેલી છે કે તે ગીનાનોમાં એવું ફરમાવેલું છે કે તે કુટુંબના અંગભુતોને નાણાં આપવા જોઇએ અને તેઓએ કહેલું છે કે " અલ " શબ્દનો અર્થ સંતતી છે, પણ કમનસીબે આ કલ્પના કરવામાં આવે-લી ના હોત તો વઝીર કાસમ ઈસ્માઇલિ મ્હોટી આબરૂ અને સારા મરતબાવાળાકહે વા-

માં આવેલા છે અને તેમણે તે શબ્દનો ખુલાસો કરેલો છે. (જુઓ પાનું ૧૦૪).

"આલઅલી અને ઔલાદઅલ્લી એ શબ્દો ગીનાનોમાં છે તે અમે હમેશાં તે ધર્મ પ્રમાણે ચાલનારા એવું સમજેલા છીએ એટલે જે અલ્લી ઇમામની ગાદી ઉપર હોય છે તે ઇમામના વંશજો છે."

અને તે પ્રમાણે ખરૂં ગીનાન જે આંક ડી. એચ. ૨૯૨ તેમણે બતાલું છે અને તે આ મતલબનું છે.

"આલઅલી તે રાજા સલામશાહાના દીકરા છે. જેવા અલ્લી છે તેવાજ ઇમામ છે, માટે પીર સદરૂદીને જેવું કહેલું છે તેવુંજ પીર કબીરદીને કહેલું છે, જે માનનારાઓ આ માને છે તેઓને સ્વર્ગ (સુખ) મળે છે.

પીર સદરૂદીનના વખતમાં તે વખતના ઇમામ સલામશાહા રાજા હતા. તે કમીશન ઉપરથી જણાય છે કે જે વખતે આ સાક્ષીને તપાસવામાં આવ્યો તે વખતે મી૦ દાદા ચાનજી પોતે ગેરહાજર રહેલા હતા. અને તેમણે તેની ઉલટ તપાસ કરેલી નથી અને તેમણે પોતાની વર્તણુંક બાબત કાંઇ કારણો બતાવવાની ના પાડેલી છે.

અમારી રૂબરૂ સુનાવણીમાં વાદીયણ અને તેના મદદગારોને એવી તકરાર કરવાની ફરજ પડી છે કે તે ગીનાનો આગાખાને થોડી મુદતથી દાખલ કરેલાં છે.

તે કમીશન તા. ૨૬ નવેમ્બર સને ૧૮૦૬ થી તા. ૨ જાન્યુઆરી સને ૧૯૦૭ સુધી ચાલેલું હતું; અને આગાખાન હાઝર ઇમામ છે તેના ખરાપણા વિશે કાંઇ સવાલ તે વખતે કરવામાં આવેલો નથી. વળી તે ઇમામની માને નાણાં આપેલા તે શીવાય તે કુટુંબની સ્ત્રી અંગમુતોને કાંઇ નાણાં આપેલાં છે કે નહી એવો કાંઇ સવાલ કરેલો નથી. જુઓ પાનુ ૫૯, ૮૭, ૧૪૨, ૧૮૩ અને ૧૮૪. મી. ઇનવેરારીટી બતાવે છે તે પ્રમાણે હસનઅલ્લી એક પીર નીમાએલા હતા તેમની મા (માતા) સલામત એવું જુના ઇકવીટીના મુકરદમામાં માનો આ વીચાર બતાવેલો છે તેથી તેમને પીર તરીકે નજરાણા મળેલા છે.

વળી પાને ૧૮૩ અને ૨૦૨ મેં કુચીકની લખેલી કેફીયત વીરૂદ્ધ તદન વીરૂદ્ધ સવાલો પુછેલાછે. પાને ૧૮૩ મેં આ સવાલ પુછ્યો છે કે "જો હું એવું સાબેત કરૂં કે હસનઅલ્લીના પહેલાની વખતમાં તે ઇમામના કુટુંબમાં નજરાણો વહેંચી આપવાનો જુનો રીવાજ પડેલો હતો તો તમે શું કરશો ?" પાને ૨૦૨ મેં એવો સવાલ છે કે "ઇમામના કુટુંબમાં નજરાણો વહેંચી આપવાનો રીવાજ હતો તે વીશે તમે હરકત લ્યો છો ?" તેનો જવાબ "હા" છે. આ હકીકત પ્રમાણે તે નજરાણો વહેંચી લેવાનો રીવાજ હસનઅલ્લીના વખત પહેલાનો છે, જ્યારે આપણે કુચીકની લખેલી કેફીયત ઉપર પાછા જઇએ છીએ ત્યારે અમને એવું માલુમ પડે છે કે તે વહેંચી આપવો નહી એવો રીવાજ થએલો છે એમ કહેવામાં આવેલું છે.

પછી બીજી બુક—રાજકોટ, કલકત્તા વીગેરેના કમીશનની છે.–તેમાં હસનઅલ્લીની મા શીવાય હસનઅલ્લીની કુટુંબની સ્ત્રીઓને કાંઇ નજરાણો આપેલો હતો, એવી કાંઈ સુચના કરેલી નથી, અને તે નજરાણામાં એક હીસ્સો તે કુટુંબને આપવાનો આધાર તે ગીનાનો ઉપર રાખેલો છે. જુઓ પાનુ ૨૭૨, પાને ૨૪૬ મેં અમને એવું માલમ

પડેલું છે કે અલીશાહનાં ભત્રીજાઓને રાજકોટમાં તેઓનું ખરચ આપવામાં આવતું હતું તેવી સુચના કરેલી છે. પછી પાને ૬૩૫ મે' તમોારી પાસે એવી સુચના કરેલી છે કે સગાઓમાં દરેકને મુકરર કરેલી રકમ વહેચી આપવામાં આવતી હતી. જુઓ પાનું ૩૩૫. તે કમીશન તા. ૩ એપ્રીલ સન ૧૯૦૭ સુધી ચાલેલું હતું.

કમીશનની ૩ જી મુકમા ગીનાનો અથવા દુવા થોડી મુદ્દતમાં શોધી કહાડેલા છે તેવી સાચી તકરાર કરવામાં આવે તેવો કાંઇ સવાલ પુછવામાં આવેલો નથી.

ત્યાર પછી વાદીયણુ અને જે પ્રતિવાદીઓ તેણીને મદદ કરે છે તેમની તરફથી કમીશનથી લીધેલા પુરાવમાં તે ગીનાનો અને દુવા નવીન શોધ્યો છે એવી સુચના તે કમીશન તા. ૩૧ અગષ્ટથી તા. ૩૧ અકટોમ્બર સન ૧૯૦૭ સુધી ચાલેલું છે તેમાં કહેલી નથી પણ દરેકને પુછતાં તેમણે કબુલ કરેલું છે અમે યાદ રાખા શકીએ છીએ તે પ્રમાણે તે ગીનાનો અને દુવા અમે જાણીએ છીએ. તેઓમાંના કેટલાકે કેહેલું છે કે ૪૮ ઇમામોના નામ દેવામાં આવેલા છે કે નહી તે અમે કહી શકતા નથી. કારણ કે તેઓને એટલું બધું ધીમેથી કહેવામાં આવેલું હતું કે તેઓ સાંભળી શકયા નથી. વાદીયણુ તથા પ્રતિવાદીઓ તેણીને ટેકો આપે છે. તેઓએ કુરાનમાં તે કુટુંબના અંગભુતોને નજરાણું આપવાને ફરમાવેલું છે એવું બતાવવાને કોશીશ કરેલી છે, પણ ખુલ્લું છે કે તે વાકય લડાઇમાથી લીધેલી લુટ સંબંધી છે, અને તકરારી નજરાણા જેવા અર્પણો સબંધી નથી. (સેલના કુરાનનું પાનું ૪૩, એ૫. વાર્ન અને કંપની).

આ કામમાં મુખ્ય બે બાબતો છે તેમાની પહેલી બાબત વાશે ઘણો પુરાવ ગુજારવામાં આવેલો છે તેની વ્યવસ્થા અલબત અમારે કરવી જોઇએ. અને અમારી નજરમાં આવે છે કે તેના બે મથાળા નાચે વીભાગ સુગમતાથી કરી શકાય છે એટલે (૧) કમીશનથી લીધેલો પુરાવ (૨) અમારી રૂબરૂ લીધેલો પુરાવ.

કમીશનથી લીધેલા વાદીયણુના પુરાવમાં જે મુખ્ય બાબતો છે તેની વ્યવસ્થા કરવાને પ્રથમ અમે માગીએ છીએ, અને અમે એકદમ કહી શકીએ છીએ કે. તે નજરાણામાંથી ન્યાતના વાસણો ખરીદ કરેલાં છે, ફરનીચર ખરીદ કરેલો છે, જમાત ખાનાનું રીપેર કરેલું છે, જમાતખાનામાં દીવાબત્તી કરવાનું ખર્ચ કરવામાં આવેલું છે, તે જમાતના ગરીબ સખસોને મદદ આપેલી છે, અને તેમાંથી રહેલી બાકી આગાખાન અને તેમના કુટુંબને મોકલી છે એવું સામાન્ય રીતે સાબેત કરવાને વાદીયણુના સાક્ષીઓને બોલાવવામાં આવેલા છે.

વાદીયણુનો પહેલો સાક્ષી એટલે સુધી કહેવા જાય છે કે નામદાર આગાખાન અને તેમના કુટુંબને મુરશીદ એટલે ધર્મના આગેવાન તરીકે હું ગણુછું. ભુજમાં ખોજાઓમાં બે તડ છે તે બાબત ઇનકાર કરીને તેણે કબુલ કર્યું છે કે તેમનાગાં બે તડ છે. વળી તે કહે છે કે આગાખાનના કેટલાક સગાઓએ તેમના ઉપર એક દાવો કરેલો છે. એવું તે જાણે છે, પણ તે કામ શી બાબતનું છે તે હું જાણતો નથી. આગાખાન, તેમને માનનારાઓ જે નજરાણા કરે છે તેમાંથી એક હીસ્સો લેવાના હકનો તેઓ દાવો રાખે છે તે હું જાણતો નથી. ફરીયાદવાળો દાવો કેવા પ્રકારનો છે તે વીશે મને કોઇએ પણ કહેલું નથી. ઇસમાઇલી એટલે શું તે હુ સમજતો નથી તેમ ઇમામી એટલે શું તે પણ

હું જાણુતો નથી, શીઆ અસ્નાશ્રી એટલે શું ત સમજતો નથી. તોપણ શીઆ એટલે શું તે હું સમજાુછું. ૧૨ ઇમામો કોણ છે તે હું જાણુતો નથી. જ્યારે તેઓના નામ તેને બતાવવામાં આવ્યા ત્યારે તે કહે છે કે હું તેઓને માનુંછું. તે કહે છે કે ફકત પુ-રૂષ અંગભુતોને અમારા મુરશીદ તરીકે માનુંછું પણ તે સ્ત્રીઓને અમારા મુરશીદો તરીકે ગણુતા નથી. અમે તેઓને મુરશીદોની બીબીઓ તરીકે માનીએ છીએ. છેવટે તે કહે છે કે હું એક ખોજો છું પણ હું ઇસ્માઇલી નથી તેમ અસ્નાશ્રી પણ નથી તે બેઉની વ-ચ્ચેનો ભેદ હું જાણુતો નથી.

બીજો સાક્ષી જાફર માવજી અસ્નાશ્રી ખોજા એટલે શું તે જાણે છે. તેઓ ફક્ત ૧૨ ઇમામોને માને છે. તે તેઓના નામ બતાવે છે. અલી, હસન, હુસેન, ઝેનલ આબ-દીન, મહમદ બાકર, જાફર સાદક, મુસા કાસમ, મુસા રેઝા, મહમદ ટકી, અલી નેકી, હસન અસ્કરી, અને મહમદ મહેદી. અલીથી વંશજો થએલા સાચા ઇમામો તરીકે ફકત ૧૨ ઇમામોને હું માનુંછું. હાલના આગાખાનને અમારા હાઝર ઇમામ તરીકે સ્વી-કારતો નથી. તે કહે છે કે મ્હારી હયાતીનાં એકાદો દુવા મેં સાંભળેલી નથી અને તે દુવામા હાલના આગાખાન સુધાંતના ૪૮ ઇમામો વીશે હું જાણુતો નથી, ભુજમાં ખો-જાઓમાં બે તડ છે તે વીશે તેમની સાક્ષી ઘણી અસંતોષકારક છે. તે કબુલ કરે છે કે તે નાણાંની એટલે નજરાણાની પોતાની મરજીમાં આવે તેની વ્યવસ્થા કરવાનો તે આ-ગાખાનનો હક્ક છે. તે ગીનાનો એટલે ખોજા પંથના ધર્મના પુસ્તકોમાંનું એક એવું વચ-ન તે બતાવી શકતો નથી કે તે કુટુંબના અંગભુતોને મુરશીદો તરીકે કબુલ કરવાના છે, સ્ત્રી અંગભુતોને મુરશીદો તરીકે ગણી શકાતી નથી, કારણુ કે તેઓ ફકત બીબીઓછે.

ભુજમાં ખોજામાં તડો છે તે બાબત ૩ જો સાક્ષી બંદે અલી ઇનકાર કરે છે. તે કબુલ કરે છે કે “ જમાતખાનામાં જેમ તાલીકા લેવામાં આવે છે તેમ તેઓને સલામ કરવામા આવે છે અને તે ઉપરના સીક્કાને અમે ચુમન કરીએ છીએ. ” તોપણ એક તાલીકાને તેણે સલામ અથવા ચુમન કરેલું છે એવું તેને યાદ નથી. આ તાલીકાઓ આગાખાન સાહેબ તરફના છે અને તેમના છે. તે કબુલ કરે છે કે અમારા મુંબાઇ તથા બીજી જગાઓના ખોજાઓ હાઝર જેમાના ધણી તરીકે પોતાના હાજર ઇમામ તરીકે આ-ગાખાનને માને છે, અને તેવા ખોજાઓ શીઆ ઇમામી ઇસ્માઇલી તરીકે જાણીતા છે. પહેલા બાર શીવાય એકે કોઇને ઇમામ તરીકે તે ગણુતો નથી. તે કુટુંબની સ્ત્રીએને મુરશીદ તરીકે તે ગણાતો નથી. તેઓ તો ફકત બીબીઓ છે.

ચોથો સાક્ષી ધાલા શીવજી, દુવામાં ૪૮ મો ઇમામ કહેલો છે તે જાણુતો નથી, તે ફકત એક સખસને એટલે આગાખાન જે અમને ધર્મનો રસ્તો બતાવે છે તેમને ફકત મુરશીદ તરીકે માનીએ છીએ. તે મુરશીદ છે તે કારણુથી તેમને નાણાં મોકલવામાં આવે છે. આગાખાનને જે આપવામા આવે છે તેમાંથી તે કુટુંબના અંગભુતો જો મુરશીદો હોય તો તેમનો ખોરાકી પોશાકી લેવાનો હક્ક છે અને બીજી રીતે નથી.

માંડવીના કમીશન ઉપરથી નંબર ૧ નો સાક્ષી પીર મહમદ સન્યા કહે છે કે કુ-ચીકને હું મ્હારા મુરશીદ તરીકે માનુંછું. આગાખાનના કુટુંબના દરેક અંગભુતને પોતાના મુરશીદ તરીકે તે માને છે. “આગાખાનને પોતાને જેવું માન અમે આપીએ તેવુંજ માન

તે કુટુંબમાંના કોઇ બીજા મુરશીદને અમે આપીએ છીએ." તે કહે છે કે અમારે ત્યાંહાં આગાખાનનો સગો આવેલો તેના કોઇ સગાના હાથને મેં ચુમન કહેલું નથી, પણ બે અથવા ત્રણ પ્રસંગોએ આગા સાહેબના હાથને ચુમન કરેલું છે, જો કે દુવામાં ૪૮ નામો કહેવામાં આવેલાં છે એવું હું જાણું છું તોપણ તે નામ મેં કોઇ દીવસ સાંભળેલા નથી તેમ તે હું જાણતો નથી, પણ હું એટલુ જાણુંછું કે હઝરતઅલીથી તે હાલના આગાખાન સુધી ૪૮ નામ છે. હું પોતે ફક્ત ૧૨ ઇમામ માનુંછું. તે કહે છે કે અસ્નાઅશરીઓ સાતમા ઇમામ મુસા કાસમ સુધ્ધાંત ૧૨ ઇમામોને માને છે અને ઇસમાઇલીઓ શાહા ઇસમાઇલ અને તેમના વંશજોને પોતાના મુરશીદ તરીકે માને છે. ઇસમાઇલી ખોજાઓ શાહા ઇસમાયલને અને તેમની જગાએ જે ગાદી ઉપર હાલના આગાખાન સુધીનાઓને પોતાના ઇમામ તરીકે માનતા નથી. એવું સોગ। ઉપર હું કહેવાને તૈયાર થએલો નથી.

નંબર ૨ ના સાક્ષી વેરશી બાનાભાઇ કહે છે કે નજરાણાની બાકીમાંથી ધર્મગુરૂના પોતાના તથા તે કુટુંબના નીર્વાહ સારૂ નાણાં મોકલવામાં આવેલાં છે, અને અલ્લીશાહને અને તેમના કુટુંબને નાણાં આપવામાં આવેલાં તેનો ખાસ દાખલો તેમણે આપેલો છે. હું રોજીંદો એક મજુરછું અને મ્હારી તથા મ્હારા દીકરાની મઝીયારી પેદાશ દરરોજની આશરે રૂ. ૧ ની છે. તે દુવામાં શાહા ઇસમાયલ અને તેમના વંશજો હાલના આગાખાન સુધીનાઓના નામો કહેવામાં આવેલાં છે, એવું મેં કોઈ દીવસ સાંભળેલું નથી, અમારા મુરશીદના બધા વંશજો હાલના આગાખાન સુધીનાઓને અમારા મુરશીદ તરીકે હું ગણુંછું. વળી તે કહે છે કે શાહા ઇસમાયલના કુટુંબની સ્ત્રીઓ અમારી મુરશીદ થતી નથી. તેઓ તો તેમની ફક્ત બીબીયો છે.

નંબર ૩ નો સાક્ષી નથુ વીરજી તે શીઆ ઇસમાઇલી નથી તેમ શીઆ અસ્નાશ્રી પણ નથી. તે કેવી જાતનો શીઆ ખોજોછે તે હું કહી શકતો નથી. પણ તે ફક્ત ૧૨ ઇમામોને માને છે. વળી તે કહે છે કે મુરશીદોની બીબીઓને તો ફક્ત તેમની ફક્ત બીબીઓ માફકજ ગણવામાં આવે છે. જે દુવામાં ઇમામોના ૪૮ નામ કહેલા છે તે દુવા મેં કોઇ દીવસ સાંભળેલી નથી. તે કબુલ કરે છે. કે કચ્છના ખોજાઓ જેમ હાલના આગાખાનને માને છે તેમ કુચીકને ધર્મ ગુરૂ તરીક તેઓ માનતા નથી. અને તે નીચે પ્રમાણે કહે છે:—"હાલના આગાખાન તે ગાદી ઉપર છે. હવે હું કહું છું કે પ્રથમ મેં જે કહ્યું છે કે હાલના આગાખાન સુદ્ધાંતના અમારા તમામ મુરશીદોનો સરખુ માન મળવાનો હક્ક છે તે ખરૂ નથી. હાલના આગાખાન, તેમના બાપ અને દાદાને ધર્મ ગુરૂ તરીકે તેઓ માને છે તે પ્રમાણે આગા હસનઅલ્લીના કુટુંબના એકે અંગજુતને અમારી જમાતે અથવા બીજી કોઇ જગાએ કોઇ બીજી જમાતે ધર્મ ગુરૂ તરીકે માનેલા હતા તે એકે અંગજુતનું નામ હું દઈ શકતો નથી. ખરી હકીકત તરીકે આગા હસનઅલ્લી શાહાના બીજા અંગજુતોને જેમ તેઓ શાહા હસનઅલ્લી અને આગા અલ્લી શાહને ધર્મ ગુરૂ તરીકે માનેલા છે અને હાલના આગાખાનને પણ તે પ્રમાણે માને છે તેમ તે ખોજાઓએ અંગજુતોને ધર્મ ગુરૂ તરીકે માનેલા નથી. આ ત્રણે સખસો તે ગાદી ઉપર હતા." વળી તેણે કહ્યું છે કે એક પ્રસંગે આગા સાહેબ માંડવી બંદર આવતા હતા તે વખતે શાહા હસનઅલ્લીના કુટુંબને સારૂ તેમને આપવું જોઇએ, એવું

જુમાભાઇ ઇસ્માયલે કહ્યું હતું, અને એક બીજા પ્રસંગે તેમણે કહ્યું કે નજરાણા તરીકે તે આગાને રૂ ૧૨૫) આપવાનો ઠરાવ કરેલો હતો. બીજા પ્રસંગે શાહ હસનઅલ્લીના કુટુંબનું નામ શા કારણથી દેવામાં આવેલું નહી તેનો ખુલાસો તે બતાવી શકતો નથી, અને આ બાબત આ સાક્ષીને ખરો માનવાને અમારી મરજી બીલકુલ થવી જોઇએ નહી. તે કહે છે કે હલના આગાખાન અને કુચીકશાહા શીવાય, શાહા હસનઅલ્લીના કુટુંબના કોઇ અંગભૂતનું નામ હું જાણતો નથી તેમ કોઇને મે જોએલા નથી.

લધા રહીમતુલ્લા એક નોકર છે, અને તે કહે છે કે " નજરાણાની જે બાકી રહે તે નંબર ૧ ના પ્રતિવાદીના તથા હસનઅલ્લીના કુટુંબના ખોરાક સારૂ મોકલવામાં આવે છે, અને હસનઅલ્લી અમારા મુરશીદ છે તેથી છોકરાઓને ખોરાક આપવામાં આવે તે સારૂ તે નાણાં તે કુટુંબને મોકલવામાં આવે છે. તોપણ તે ફકત દર માસે રૂ. ૧૦ કમાય છે એવું જણાય છે, તેના ચોપડામાં જે રકમો છે તે વીશે તેની સાક્ષી ઉલટ તપાસમાં ઘણી સંતોષકારક અમને લાગતી નથી. હાલના આગાખાનને તે મુરશીદ તરીકે ગણે છે અને જે સવાલો તેને પુછવામાં આવેલા છે તે વીશે દેખીતી રીતે તે તેના મનમાં ગભરાયાથી વીચાર કર્યા કરે છે.

"સવાલ—પીર સદરૂદીન જેવા સખસોએ જે ઇમાનોને માનવાને ફરમાવેલું હોય તેઓને તમારા ઇમામ તરીકે સ્વીકારવાને તમે બંધાએલા છો એમ તમે તમારી મેળે ગણોછો કે કેમ ?

જવાબ—હા. જો પીર સદરૂદીનને સલામતશાહા અને તેમના વંશજો તે ગાદી ઉપરના અમારા ઇમામ તરીકે કબુલ કરવાને અમને જો ફરમાવેલું હોય તો નંબર ૧ ના પ્રતિવાદીને ઇમામ તરીકે અમે કબુલ કરીએ નહી. જે સખસોને ઇમામ તરીકે કબુલ કરવાને પીર સદરૂદીને અમને ફરમાવેલું હોય તે સખસોને અમારા ઇમામ તરીકે સ્વીકારવાને હું બંધાએલો છું એમ હું પોતે માનું છું એવું મેં પ્રથમ કહેલું છે તે બરોબર નથી અને જુઠું છે."

મહમદ નાનજી કમીશન એજંટ અને તે પોતાનો આગવો રોજગાર કરે છે તે પણ તેવીજ રીતે કહે છે કે નજરાણાની રહેલી બાકી હસનઅલ્લીના કુટુંબને સારૂ મોકલવામાં આવેલી છે કારણ કે તે મુરશીદ છે. તે કહે છે કે હસનઅલ્લીના કુટુંબ સારૂ નથુ વીરજીએ કહેલા રૂ. ૧૨૫) આપવામાં આવેલા તે વખતે હું હાજર હતો, અને તે કહે છે કે મીટીંગમાં એમ કહેલું હતું કે તે હસનઅલ્લીના કુટુંબને વાસ્તે હતું. જો કે તે એમ કહે છે કે હાલ્લ હું શીઆ ઇસ્માઇલી ધર્મ પ્રમાણે ચાલુંછું તોપણ શીઆ ઇસ્માઇલીનો હેતુ શો છે તે હું સમજાવી શકતો નથી, અને "જો શીઆ ઇસ્માઇલી ધર્મ પ્રમાણે ચાલનારા હજરતઅલ્લીને માનતા હોય અને હાલના આગાખાન સુધી તે ગાદી ઉપર ઉત્તરોત્તર આવેલા હતા તેઓને પોતાના ઇમામો તરીકે માનતા હોય તોપણ તમે ઇસ્માઇલી ધર્મ પ્રમાણે ચાલનાર એક ખોજા છો એવું તમો ગણો છો કે કેમ ?" તે સવાલનો જવાબ તેમણે "ના" નો દીધેલો છે તે ઉપરથી એવું જણાય છે કે ઘણું થોડુંજ કહીએ તોપણ તેમના પોતાના ધર્મની બાબત જાણે તેમનો વીચાર કાંઈ સમજ ના પડતી હેય તેવો છે. પછી

તે કહે છે કે હું ફક્ત ૧૨ ઇમામોને માનુછું. જે દુવામાં ૪૮ ઇમામોના નામ કહેવામાં આવેલા છે તે દુવા પ્રમાણે ચાલવાને તે પોતે બંધાએલો છે એમ તે ગણાતો નથી. નંબર ૧ ના પ્રતિવાદીને પોતાના હાજર ઇમામ તરીકે તે માનતો નથી. આ ઉપરથી અમને એવું જણાય છે કે આ સાક્ષી એક જુદો થએલો છે, વળી તે કહે છે કે:—

"જ્યારે મ્હારી મુખ્ય તપાસમાં મેં કહ્યું કે જમાતના અંગભુતોની સલાહ લીધાબાદ આગા શાહા હસનઅલ્લીના કુટુંબને વાસ્તે નાણાં મુંબાઈ મોકલેલા હતા ત્યારે તે ફક્ત જે મેં સાંભળેલું તે કહેલું છે અને મ્હારી પોતાની માહીતીથી કહેલું નથી. કામડીયા તરીકે હું કામ કરૂંછું ત્યારથી અથવા તે પહેલાંથી કોઇ વખતમાં અમે જે નાણાં આપેલાં તે આગા શાહા હસનઅલ્લીના કુટુંબના નિર્વાહ સારૂ આપેલા એવું કહેવામાં આવેલું હોય તેવું કોઇ વખત મેં જોએલું નથી, તેમ મ્હારી કહેલી હકીકતની પુષ્ટીમાં આવો હું કોઇ પણ દસ્તાવેજ રજુ કરી શકતો નથી. અમારી જમાતના ચોપડામાં આગા શાહાને જે નાણાં આપેલાં છે તે આગા શાહા હસનઅલ્લીના કુટુંબના નીર્વાહ સારૂ આપેલાં છે એવી નોંધ કરેલી કોઇ રકમ મેં જોએલી નથી."

આગા સાહેબને રૂ. ૧૨૫) આપ્યા વીશે તેમની ઉલટ તપાસ બાબત પુરાવ ઉપર અમારા મનમાં ઘણો અંદેશો પડે છે, વળી તે કહે છે કે હસનઅલ્લીના કુટુંબના દરેક અંગભુતને મળે છે તેનો આધાર તે આગાખાનના નજીકના સગાના સંબંધ ઉપર રહેતો નથી, અને પુરૂષો જો તે કુટુંબના અંગભુત હોય તો તે સ્ત્રીઓને જે હીસ્સો મળે તેટલોજ હીસ્સો તે પુરૂષોને મળવો જોઇએ. ગમે તે રીતે નાણાં ખર્ચતા આગા સાહેબને તમે અટકાવો છો ? તે સવાલનો જવાબ તે આપી શકતો નથી તેની તપાસ નીચે તે કમીશનરે જે નોટ કરેલી છે તે ઉપરથી જણાય છે કે તે એક સંતોષકારક સાક્ષી નથી.

બીજો સાક્ષી બંદે અલી ધાલાભાઇ છે. ઉલટ તપાસમાં તે કહે છે કે હું ફકત ૧૨ ઇમામોને માનુંછું અને મ્હારા હાજર ઇમામ તરીકે હાલના આગાખાનને તેવા માનતો નથી તેથી તેની તપાસ તરત બંધ પડેલી છે, અને માંડવીનું કમીશન બંધ થએલું છે.

મુદ્રા કમીશન ઉપરથી પહેલો સાક્ષી રહીમતુલ્લા હમીર હમેશાંની રીતી પ્રમાણે કહેછે કે જે બાકી રહેલી હોય તે હસનઅલ્લીના કુટુંબને તેમની ખોરાકી પોશાકી સારૂ જમાતે મોકલેલી છે. પછી તેના શેઠે આગા સાહેબને જે મહેમાની આપેલી તેનું તેણે વીગતવાર બ્યાન કરેલું છે, પણ ઉલટ તપાસમાં પહેલો જવાબ તેણે એવો આપેલો છે કે હું શીઆ અસ્નાશ્રી ધર્મને માનુંછું અને તે પ્રમાણે છેલ્લાં ૨૦ વર્ષથી તે પ્રમાણે ચાલુંછું. તે પહેલાં હું શીહા ઇસ્માઇલી ધર્મ પ્રમાણે ચાલતો હતો, હાલ એક અસ્નાશ્રી તરીકે હું ફકત ૧૨ ઇમામોને માનુંછું. તે એવું કહેતો જાય છે કે નંબર ૧ ના પ્રતિવાદીને મ્હારા હાજર ઇમામ તરીકે માનતો નથી, જેઓ તે પ્રમાણે તેમને માને છે તેઓ શીહા ઇમામી ઇસ્માઈલીઓ તરીકે જાણીતા છે. તે એક અસ્નાશ્રી થયો ત્યાર પછી આગાખાન તથા જમાતખાનાને કાંઇપણ પૈસા આપવાનું બંધ કર્યું. જ્યારે હું શીઆ ઇસ્માઇલી હતો ત્યારે આગા અલીશાહાને મ્હારા ધર્મ ગુરૂ તરીકે હું માનતો હતો. પછી તે કહે છે કે મેં તેમને "મ્હારા મુરશીદ તરીકે માનેલા છે." હજરતઅલીની ગાદી ઉપર તે છે એવું મેં માનેલું નથી. મુરશીદપણાની ગાદી ઉપર તે છે એવું પણ મેં માનેલું નથી. હસનઅલ્લીના કુટુંબને

પોતાના મુરશીદ તરીકે શીઆ ઇસ્માઇલીઓએ માનવું તે ગીનાનોમાં ફરમાન કરવામાં આવેલું હોય એવું વાક્ય તે બતાવી શકતો નથી. અને વળી તે કહે છે કે "જ્યારે હસનઅલ્લીના કુટુંબના અંગભુતો તેઓના મુરશીદો હતા એવું કહે છે ત્યારે તે ફક્ત પોતાની જમાતમાં બીજા લોકો તરફથી સાંભળેલું તેણે કહેલું છે." પછી તેણે કહ્યું છે કે જમાતે તે નાણાંની વ્યવસ્થા કર્યા વીશે મુખ્ય તપાસમાં તેણે કહેલું છે તે બધું સાંભળેલું કહેલું છે. મહેમાનીની હકીકત વીશે તેમની ઉલટ તપાસ ઉપરથી જણાય છે કે તે બાબત વીશે તે ઘણો ભરૂસો રાખવા લાયક નથી.

લાધા વલ્લી મુંદ્રામાં એક વહેપારી છે. તે ૧૨ ઇમામોને પોતાના મુરશીદ તરીકે માને છે અને અસ્નાઅશ્રી ધર્મ પ્રમાણે વર્તે છે. તે નજરાણાની રહેલી બાકી આગાખાનના કુટુંબને આપવામાં આવેલી છે એવું તે કહેતો નથી. ખરી રીતે ઉલટ તપાસમાં તે કહે છે કે મસજીદમાં જે વસુલ લેવામાં આવે છે તેમાંથી હસનઅલ્લીના કુટુંબ અથવા કોઇ બીજાને માટે કાંઇ આપવામાં આવેલું નથી. હસનઅલ્લીના કુટુંબને તે મોકલેલું નથી, કારણ કે જેઓ મસજીદમાં જાય છે તેઓ તેમને પોતાના મુરશીદ તરીકે માનતા નથી અને તેમની સાથે તેઓને કાંઇ નીસબત નથી. વાદીયણના દાવાને તે વધારે મદદ કરતો નથી.

લાધા દેવશી કહે છે કે તે નજરાણાની બાકી આગા સાહેબને પોતાને માટે તથા તેમના કુટુંબને માટે મોકલવામાં આવેલી છે તે ઉપરથી તે એવું સમજે છે કે અલ્લીશાહાના ભાઈ જંગીશાહા, ઝેનલ આબદીન માટે તે મોકલવામાં આવેલી છે. વળી તે એક અસ્નાઅશ્રી છે અને મ્હારા ધર્મ ગુરૂ તરીકે આગાખાનને હું માનું છું. આગા સાહેબને આપેલી મહેમાની વીશે તે કહે છે, પણ ઉલટ તપાસ ઉપરથી તેનો ઘણો સંતોષકારક હેવાલ તે આપતો નથી.

આદત જીવરાજ એક અસ્નાઅશ્રી છે. વળી તે કહે છે કે નજરાણાની બાકી હસનઅલ્લીના કુટુંબને મોકલવામાં આવેલી છે, અને તે કહે છે કે જે તાલીકાઓ જમાતખાનામાં આવેલા અને વાંચવામાં આવેલા હતા તે ઉપરથી હસનઅલ્લીને અને તેમના કુટુંબને નાણાં મોકલવામાં આવતા હતા. તે કહે છે કે આ નાણાં હસનઅલ્લીના કુટુંબને સૈયદો તરીકે મોકલેલાં હતા પણ મુરશીદ તરીકે તેમને તે કોઇ દીવસ મોકલેલા નથી, અને હસનઅલી તથા તેમનું કુટુંબ તે ખોજાઓના મુરશીદો છે એવું કહેવું બરોબર નથી.

લાધા દેવજી કહે છે કે તે નાણાં મુંબાઇની જમાત તરફ મોકલવામાં આવેલા હતા તે એવા કારણથી કે તેઓ તે હસનઅલ્લીના કુટુંબને આપે. ઉલટ તપાસમાં તે કહે છે કે હું એક અસ્નાઅશ્રી છું અને પછી તે એક આશ્ચર્ય ભરેલી હકીકત કહે છે કે ૧૨ વર્ષ મુંબાઇના જમાતખાનામાં હું ગએલો હતો તેમાં ત્યાં કહી બતાવવામાં આવેલી દુવા મેં કોઇ દીવસ સાંભળેલી નથી તેમ તે દુવા કેવા પ્રકારની છે તે હું જાણતો નથી. જે ગીનાનો ત્યાં કહી બતાવવામાં આવે છે તે કોઈ દીવસ મેં સાંભળેલા નથી, અને પીર સદરદીન અને પીર હસન કબીરૂદીનના ગીનાનો છે તે હું જાણતો પણ નથી. તે કહે છે કે એકાદા મુરશીદના કુટુંબના પુરૂષ અંગભુતોને મુરશીદો તરીકે માનવામાં આવે છે. સ્ત્રી

અંગત્રુતો ફક્ત મુરશીદની બાબાઓ થાય છે. હસનઅલ્લીએ એક ઇમામ થવાનો કોઇ દીવસ દાવો રાખ્યો નથી. જો તેમણે તેવો દાવો રાખેલો હોય તો તે જુઠો છે, હસનઅલ્લીના કુટુંબના કોઇ અંગત્રુતને મુંબાઇના જમાતખાનાએ કાંઇ નાણાં આપેલાં હતાં એવું મ્હારા જોવામાં આવેલું નથી, અને મુંબાઈની જમાતે, હસનઅલ્લીને આપવા સારૂ જે નાણાં મોકલવામાં આવેલાં હતાં તે તેમને આપતી હતી એવી જે હકીકત કહેલી છે તે બીજા ખોજાઓ તરફથી તેણે સાંભળેલું તે ઉપરથી તે ફકત કહેલી છે પણ તેવા એકે ખોજાનું નામ તે આપી શકતો નથી.

નંબર ૧ નો સાક્ષી દાતાર દીના બારાપોર કમીશન ઉપરથી લેવામાં આવેલો છે તે એક કરીયાણું વેચનાર છે. તે કહે છે કે નજરાણાની બાકી હસનઅલ્લીના કુટુંબના ભરણપોષણ સારૂ મુંબાઇની જમાતને મોકલવામાં આવતી હતી. પ્રથમ તે કહે છે કે મેં હસનઅલ્લીને જોએલા નથી. પછી તે કહે છે કે તેમને મેં જોએલા છે પણ કયાં અને કયારે તે હું જાણતો નથી. મ્હારી જીંદગીમાં દુવા કહેવામા આવેલી તે મે સાંભળી નથી. ખોજાનો ધર્મ કેવો છે તે હું સમજતો નથી. તાલીકા એટલે શું તેનો વીચાર તેમના સમજવામાં નથી.

બારાપુરના પટેલ અને એક ખેડુત મુળજી રહીમ કહે છે કે નજરાણાની રહેલી બાકી હસનઅલ્લીના કુટુંબને મુંબાઇ મોકલવામાં આવે છે. શીઆ એટલે શું તે હું સમજતો નથી. દુવામાં જે ઇમામોના નામ કહેવામાં આવેલા છે તે ઇમામોને હું માનું છું. હજરતઅલ્લીથી સુલતાન મહમદશાહા સુધીના ૪૮ ઇમામોના કુટુંબોને "અમારા મુરશીદો" તરીકે હું માનુંછું. તે કબુલ કરે છે કે "હશનઅલ્લી હયાત હતા ત્યારે તે અમારા સરકાર સાહેબ થયા હતા. તેઓની ગાદી ઉપર અલ્લીશાહા આવ્યા જે પછીથી અમારા સરકાર સાહેબ થયા, અલ્લીશાહાની પછી સુલતાન મહમદ શાહા થએલા છે અને પછી તે અમ્હારા સરકાર સાહેબ થએલા છે." તે કહે છે કે દરેક સુજીદાની આખરે જે સખસ દુવાનો આગેવાન હતો તે સખસ કબુલ કરે, "મૌલાના સુલતાન મહમદ શાહા" એવા શબ્દો બોલતા હતા ત્યારે અમે નમન કરતા હતા. જમાતે મોકલેલા નાણાં બધા હજરતઅલ્લીના તમામ વંશજોને માટે અથવા હસનઅલ્લીના કુટુંબને માટે મોકલેલા હતા, એવું બતાવવાને કાંઇ લખત, નોંધ અથવા કોઇ પ્રકારનો દસ્તાવેજ તે રજુ કરી શકતો નથી.

અલીદીના મોલદીના જાતના ખોજા તે એક દેરાનો રહેવાશી છે, તે નજરાણાની બાકી વીશે તેનું તેજ કહે છે, અને કહે છે કે હસનઅલ્લીનું કુટુંબ અમારા મુરશીદ છે એવું જાણીને હસનઅલ્લીના કુટુંબને તે નાણાં મોકલેલા છે તે એવા કારણથી કે તેઓ પોતાની મેળે પોતાનું ભરણપોષણ કરે ઉલટ તપાસમાં તે કહે છે કે હાલ હું ફકત ૧૨ ઇમામોને માનુંછું અને ૪૮ ઇમામોને માનતો નથી, તેની નજરમાં શાહા ઈસ્માઇલ એક સૈયદ તરીકે આવેલા છે, તેમજ હસનઅલ્લીના બધા વડાઓ પણ તેવાજ છે. તે કહે છે કે પીર સદરદીનનાં ગીનાનો મેં વાંચેલા હશે પણ તે મને યાદ નથી. તે હસનઅલ્લીને પોતાના મુરશીદ તરીકે ગણે છે, કારણ કે મ્હારા વડવાઓ તેમણે બોધ આપેલો હતો અને તેમને તે પોતાના મુરશીદ તરીકે માનતા હતા. માર્ચ અથવા એપ્રીલ સન ૧૮૦૭ માં દેરામાં કુચીક બોધ આપતા હતા તે મેં સાંભળેલું છે, તે કહે છે કે સંવત

૧૯૩૨ માં મુંબાઇમાં જંગીશાહાએ મને બોધ આપ્યો હતો. તે કહે છે કે ફક્ત એક મુરશીદ હોઇ શકે છે. તેમનું નામ ગાદી વારસ સુલતાન મહમદ શાહા છે. તે કહે છે કે "અમે અમારા મુરશીદને અમારા સરકાર તરીકે માનીએ છીએ." સરકાર સાહેબ તરીકે એકલા હસનઅલ્લીને મેં માનેલા છે. કેરાની જમાતે હસનઅલ્લી તથા તેમના કુટુંબને કાંઇ નાણાં મોકલેલા હતા એવું બતાવવાને કાંઈ દસ્તાવેજ તે રજુ કરી શકતો નથી. મેં તાબોકા વાંચ્યા હશે પણ તે મને યાદ નથી. તેના ઉપર પોલીસે કામ ચલાવેલું તે વીશે તેની ઉલટ તપાસ ઉપરથી નંબર ૧ ના પ્રતિવાદીના ઘણો વિરૂદ્ધનો સાક્ષી છે એવો પુરાવ થાય છે.

બીજો સાક્ષી નથુ ગંગજી ફક્ત ૧૨ ઇમામોને માને છે અને ૪૮ ઇમામને માનતો નથી. તે એટલે બધે સુધી કહે છે કે ખોજા જમાતખાનામાં ખોજાઓ જે દુવા કહી બતાવે છે તેમાં જો કે હું સામેલ થએલો છું તોપણ તે દુવામાં કેટલા નામ દેવામાં આવે છે તે હું જાણુતો નથી અને તે દુવામાં એકે નામ દેતાં મેં સાંભળેલું નથી. દુવા કેમ ભણાવી તે હું જાણુતો નથી, તે પોતે શીઆ ખોજો છે એવું માને છે પણ શીઆ ઇમામી ઇસ્માઇલી નથી. કોઇ જગાએ એવું લખેલું નથી કે તે નાણાં હસનઅલ્લીના કુટુંબને સારૂ મોકલેલા છે. સંવત ૧૯૫૦ માં નંબર ૧ ના પ્રતિવાદી કેરામાં આવ્યા ત્યારે પોતાના પગ આગળ "કારસાજી" મુકેલી હતી એવું તે કહે છે. તેના કહેવા પ્રમાણે તે આગાના દુરના સગા કરતા તેમના નજીકના સગાનો મોકલેલા નાણામાંથી વધારે હીસ્સો લેવાનો હકક થાય છે.

આ સાક્ષી પછી અલીદીના મોલદીનાને ફરીથી બોલાવવામાં આવેલો હતો અને તેની સાક્ષી ઉપરથી એવું જણાય છે કે કેરા જમાતના હીસાબના ચોપડા કોર્ટમાં રજુ કરવાને કમીશનરે તેને ફરમાવેલું તે ચોપડા રજુ કરવામાં આવેલા નથી.

અબદુલ્લા પીરેદીના કેરામાં રોજગાર કરે છે. તે કહે છે કે નજરાણાની જે બાકી મુંબાઇ મોકલવામાં આવે છે તે હસનઅલ્લીના કુટુંબને માટે મોકલવામાં આવે છે. ઉલટ તપાસમાં તે કહે છે કે કેરામાં જમાતમાં તડ પડેલાં કાયમ છે અને મ્હારા ઉપર હુલ્લડ કર્યાનો ચાર્જ પોલીસ કોર્ટમાં રાખવામાં આવેલો હતો. કેરા જમાતે છેલ્લી હુંડીઓ મોકલી છે તેમાં કેરા જમાતને ઇસ્માઇલી જમાત તરીકે બતાવેલી તે કાંઇક ભુલથી બતાવેલી હોવી જોઇએ, તે શીવાય તે બાબત તે કાંઇ ખુલાસો આપી શકતો નથી, તે ફક્ત ૧૨ ઇમામોને માને છે. મુંબાઇ જે કારસાજીઓ મોકલવામાં આવેલી તે વીશે તે જમાતના હીસાબના ચોપડામાં તેમણે લખ્યું છે કે મુંબાઈમાં આગાખાન સાહેબને તે નાણાં મોકલેલા છે. તે હીસાબના ચોપડા તે કમીશનની રૂબરૂ શા વાસ્તે મોકલેલા નહી તેનો ખુલાસો કરવાને તેણે કોશીશ કરી છે.

મહેરઅલ્લી મહમદ તે એક કેરામાં ખેડુત છે. તે કહે છે કે નજરાણાની બાકી હસનઅલ્લીના કુટુંબ એટલે જે તેમનાથી જન્મેલા હોય તેમના ખર્ચને સારૂ મોકલવામાં આવે છે. ઉલટ તપાસમાં કુચીક કેવી રીતે કેરે આવ્યા, જમાતમાં ભાષણ આપ્યું, અને તેઓએ ૨૦૦ કોરી તેમની આગળ મુકવામાં આવેલી તેનું વર્ણન કરેલું છે. આ પૈસા કુચીકને માટે આપેલા હતા. વળી તે પણ ફક્ત ૧૨ ઇમામોને માને છે, તે કહે છે કે નંબર ૧ ના

પ્રતિવાદીને જમાત પોતાના હાઝર ઇમામ તરીકે કબુલ કરતી નથી.

હાજી કાસમ હાજી થાલા કેરામાં રોજગાર કરે છે તે પણ એક અસ્નાશ્રી છે અને તે શુમારે ત્રણ વર્ષ ઉપર થએલો છે, તે કહે છે કે ૧૨ ઇમામો શીવાય પેગમ્બરના બધા વંશજોને સૈયદો તરીકે ગણવા જોઇએ.

અંજારમાં પહેલો સાક્ષી મહેરઅલ્લી રહીમ છે અને ત્યાં તે રોજગાર કરે છે. તે કહે છે કે નજરાણાની રહેલી બાકી મુંબાઇની જમાતને હસનઅલીના કુટુંબને સારૂ મોકલવામાં આવે છે. ઉલટ તપાસમાં તે કહે છે કે મ્હારો ધર્મ મસજીદનો છે એટલે ફકત ૧૨ ઇમામોને હું માનું છું અને તે ધર્મ પ્રમાણે છેલ્લા ૧૨ વર્ષથી હું ચાલું છું. નંબર ૧ ના પ્રતિવાદી ગાદી ઉપર આવ્યા પછી દુવામાં તેમનું નામ કહેવામાં આવે છે કે નહી તેની મને ખબર નથી. તેની ઉલટ તપાસમાં જે નોટ કરેલી છે તે ઉપરથી તે ઘણો સંતોષ કારક સાક્ષી નથી એવું જણાય છે.

નાગલપુરના જાફર હસન ત્યાં રોજગાર કરે છે. તે કહે છે નજરાણાની બાકી જે આગા સાહેબો અમારા ધર્મ ગુરૂઓ છે તેઓના કુટુંબને માટે મુંબાઇની જમાતને મોકલવામાં આવે છે. તેના પહેલા તેનો બાપ જે અસ્નાશ્રી હતો તેમ તે પણ વળી એક અસ્નાશ્રી છે. દુવામાં કોના નામ દેવામાં આવે છે તેની તેને ખબર નથી.

સીનુગરા હીરજી વીસરામ એક કરીયાણું વેચનાર છે. તે જમાતને જે નાણાં આપવામાં આવે છે તેનું શું કરવામાં આવે છે તે જાણતો નથી. વળી તે પણ એક અસ્નાશ્રી છે. તે અસ્નાશ્રી થયા તે પહેલાં તે આગાખાનને માનતો હતો.

લધા પીરા કહે છે કે નજરાણાની બાકી હસનઅલ્લીના કુટુંબને માટે મુંબાઇની જમાતને મોકલવામાં આવે છે અને તેઓ મ્હારા મુરશીદો છે.

લાડક કાનજી નાગલપુરનો કહે છે કે નજરાણાની બાકી હસનઅલી અમારા મુરશીદ હતા તેથી આગાસાહેબના કુટુંબના ખર્ચ માટે મુંબાઇ મોકલવામાં આવે છે.

કમીશન ઉપરથી તે વાદીયણે જે સાક્ષીઓ બોલાવેલા છે તે દરેકને અમે લંબાણથી તપાસેલા છે અને જેમ જેમ તે તપાસેલા છે તેમ તેમ તેમને વીશે જે અમે કહેલું છે તેથી તેમાંનો એક સાક્ષી સંતોષકારકરૂપનો નથી, એવું જણાય છે, તેમ જેવા સાક્ષીઓ નંબર ૧ ના પ્રતિવાદીની તરફના છે તેવા સારો સ્થીતીવાળા ઘણું કરીને નથી. તે સાક્ષીઓ ભાવનગર, જુનાગઢ, રાજકોટ, કલકત્તા, રંગુન, જામનગર અને કચ્છ અને કરાંચી અને જંગબારના જુદા જુદા ભાગના રહેવાશીઓ છે અને ત્યાં તેઓને તપાસવામાં આવેલા છે. તે મંડળીના દરેક વર્ગમાંથી તેઓએ લીધેલાં છે. તેઓએ ઘણો પુરાવો આપેલો છે તે જોતાં જેમ વાદીયણની સાક્ષીની બાબતમાં કહેલું છે તેમ તે દરેકની શાક્ષી તપાસવાને અમે અશકય છે (તે નામદાર સાહેબે જુદા જુદા સાક્ષીઓના નામ બતાવીને કહ્યું છે.) તે બધો પુરાવ બે વખત તપાસીને આ શાક્ષીઓ અમે પસંદ કરેલા છે.

આ પુરાવ વીશે પહેલી અને ઘણીજ અગત્યની બાબત અમારા મનમાં એ છે કે પુરાવતે બધા સાક્ષીઓના નાણાં સંબંધી હીત વીરૂદ્ધ ઘણો મજબુત છે. જે વખતે જે

આગાખાન હોય તેમને આ તમામ જગાઓમાંથી ખરેખાત ભારે રકમો આપવામાં આવે છે.

નીચેની ક્રીયાઓ અને પ્રસંગો વખતે તે આગાખાનનો ફી લેવાનો હક્ક થાય છેઃ-

થાલસુફરા—ગીનાનો કહી બતાવ્યા પછી આ થાય છે એટલે દીવસમાં ત્રણ વખતે અને કોઇ કોઇ વખતે એ વખત થાય છે, તે ધર્મ માનનારાઓ અથવા મુરીદો પોતાના મકાનમાંથી મીઠાઇ, ફળ, રાંધેલો અને રાંધ્યા વીનાનો ખોરાક હાઝર ઇમામને માટે લાવે છે. આ ચીજો બાંકડા ઉપર ખુંમચામાં મુકવામાં આવે છે, પછી હાઝર ઇમામના માન સારૂ તે બધુ મુખી કામડીયા લીલામમાં મુકે છે. પહેલી મહેમાનીથી ઘણીજ ઉંચી કીમત ઉપજે છે. બીજીમાં તેથી ઓછી અને ત્રીજીમાં તેથી પણ ઓછી ઉપજે છે, તે નાણું તે જગાએજ આપી દેવામાં આવે છે અને તે આપનાર સખસ કહે છે કેઃ " આ હાઝર ઇમામની મીલકત છે." તે લીલામ પુરૂ થયા પછી તે માનનારાઓ મુખી કામડીયાની પાસે આવે છે. અને મરનાર સખસોના આત્માના કલ્યાણનો આશીરવાદ તેમની પાસે માગે છે તે સારૂ નાણું આપવામાં આવે છે. કાંઇ રકમ મુકરર ઠરાવેલી નથી. તે મુખી તે બક્ષીસ આપનારના હાથ સાથે હાથ મેળવે છે અને કહે છે કેઃ " અલ્લી અલ્લા નીયત, મુરાદ કબુલ કરે." અલ્લી (અલ્લા) આ ઇચ્છાઓ સ્વીકારે અથવા પુરી પાડે તે વસ્તુઓ બાબત જે નાણાંની માગણી કરેલી હોય છે તે તેની ખરી કીમત કરતાં વધારે હોય છે. તે ફળ વીગેરે જમાતખાનામાં આવ્યા ખરીદ કરનારને ઘેર ખાઇ જવામાં આવે છે. તે વસ્તુઓની ખરી કીમત કરતાં વધારે કીમત આપેલી હોય છે કારણ કે ઇમામની મહેમાની તરીકે તે લાવવામાં આવેલી હોય છે.

વળી ખોજાઓ કરબલાની રજ (આબે-શફા) દર રોજ પાણીમાં ભેળવીને પીએ છે અને જમાતખાનામાં નવી ચાંદરાતને દીવસે ખાસ કરીને તેઓ તે પીએ છે. હાઝર ઇમામને નાણું તે વખતે આપવામાં આવે છે.

વળી આગાખાનના પંજે ભાઇઓ અથવા ખાસ મુરીદો એકાદી બીજ વસને ગીનાનો અને દશ અવતારનો દશમો ભાગ કહી બતાવવાને જે દીવસોએ મળે છે તે દીવસોએ નાણું આપે છે. પંજેભાઇઓ એટલે જે સખસ હાથના ચાપવા સાથે હાથનું ચાપવું મેળવે છે અથવા પાંચ ભાઇઓની મંડળી છે, દરેક પંજે ભાઇને માટે એક એક દીવસ ઠરાવેલો હોય છે, જેમકે સાક્ષી જુમાભાઇ બુધવારને માટે છે અને નવી ચાંદરાતને માટે પંજે ભાઇ છે.

વળી એક લાંબા ચીરાવાળી પેટી તે જમાતખાનામાં હોય છે અને તે "ત્રીજોરી" હોય છે તેમાં લાંબો ચીરો હોય છે તેમાં હાઝર ઇમામને નાણું વસુલ આપવામાં આવે છે જેમકે રૂપીએ ડસુન અથવા બેઆના આપવામાં આવે છે

વળી એક છોકરાનો જન્મ થાય એટલે રૂ. ૨--૧૦--૦ આપવામાં આવે છે અને છોકરીનો જન્મ થાય એટલે રૂ. ૧-૬-૦ આપવામાં આવે છે.

એકાદ લગ્ન બાબત ઉમાની કોરીના રૂ ૮) અને માંડવાની દુવા બાબત રૂ ૧૦) વરનો બાપ આપે છે. માંડવાની દુવાની બાબત રૂ ૨) કન્યાના માણસો આપે છે. જ્યાં લગ્ન કરવામાં આવે છે ત્યાં તે કહેવામાં આવે છે. તે મકાનમાં દુવા નીયત મુરાદની છે.

કન્યાના અને વરના ઘરમાં સારતે ડસુન છે. દર રૂપીએ મહેરનાં બે આના પ્રમાણે સેંકડે ટકા હોય છે, મહેર અથવા દેજમાં દાગીના અને કપડાં હોય છે.

મરણના સંબંધમાં મુખી કામડીયાને બોલાવવામાં આવે છે. અને દશ અવતારનો ૧૦ મો ભાગ કહી બતાવવામાં આવે છે. મરણ સંબંધી "સમર છાંતા" કરવામાં આવે છે. કેટલાક લોકો જ્યારે પોતે હયાત હોય છે ત્યારે પણ તે કરાવે છે. તે વખતે હાઝર ઇમામને માટે નાણું આપવામાં આવે છે. શબને દાટયા પછી જમાતખાનામાં બીજા નાણું આપવામાં આવે છે એટલે ફકત હાઝર ઇમામને માટે સમર બાબત નાણું આપવામાં આવે છે. સમર સંબંધી નાણું આપવાનો હેતુ મરનારના આત્માને શાંત રહે અને તે "સવાબ" પામે તે છે, સમર એટલે તે મુસાફરીને માટે બંદોબસ્ત છે. (સવાલ—આ અને મરનાર શ્રીકોના મ્હોમાં જે નાણું મુકવામાં આવે છે તે તેમને નીર્ભય જવા-ને માટે છે.

એક બીજા નાણું આપવામાં આવે છે તે સીરની હલવા (એક મીઠાઈ) બાબતના છે જે વખતે હાઝર ઇમામ જમાતખાનામાં આવે છે ત્યારે તેમની આગળ સીરની મુ-કવામાં આવે છે. તેઓ તેને અડકે છે અને તે ધર્મ પ્રમાણે ચાલનારાઓ તેમની આગળ નાણું મુકીને તે હલવો ખાય છે.

દરેક ચાંદરાતના રોજ "ચંદ્રાણી" જે કહેવામાં આવે છે તે વીશે નાણું આપવામાં આવે છે તે જ્યારે ડસુન ભરવામાં આવે છે ત્યારે હીસાબમાં ગણવામાં આવે છે.

દરેક મહીનાને સાતમે દીવસે તે ધર્મના લોકો સવારના ૬ થી ૧૦ વાગ્યા સુધી ચાર કલાક ખાતા નથી, અને મૌલા અલ્લી રોઝા રોઝા એટલે અપવાસની બાબતમાં નાણું આપવામાં આવે છે.

જ્યારે એક ન્હાના બાળકનું નામ હાઝર ઇમામ પાડે છે ત્યારે છોકરો હોય તો રૂ ૨–૧૦–૦ અને છોડી હોય તો રૂ ૧–૬–૦ ફી આપવામાં આવે છે.

સીરબંદી એટલે માથાનો નજરાણો કરીને એક બીજી ક્રીયા કહેવામાં આવે છે. તેની ક્રીયા કરવામાં આવે છે. આ ક્રીયામાં તે ધર્મ માનનારા જમાતખાનામાં વૃદ્ધોની કમીટીની મારફતે પોતાની મીલકત ઇમામને તાબે આપે છે પણ તેઓ આવા વધારાના નુકશાનમાંથી તે મ્હોટા મનથી તેનો બચાવ કરે છે. જે કીમતથી તે પોતાની મીલકત પાછી ખરીદ કરે છે તે નક્કી કરે છે અને તે પ્રમાણે ઠરાવેલી કીમત તે ઇમામને આપવામાં આવે છે.

તે પક્ષકારોમાંના કેટલાક પક્ષકારના કોંસલ અને અમે પોતે તે જમાતખાનામાં ગયા હતા અને ચાલસુફરા અને સીરબંદી જોએલી છે.

જે ઊંચી બેઠક અથવા તખ્ત ઉપર આગાખાન જ્યારે તે જમાતખાનામાં જાય છે ત્યારે બેસે છે તેના સામા ખુરશીઓ ઉપર અમે બેઠા. તે આખા મ્હોટા ઓરડામાં ખો-જાઓ બેઠેલા હતા અને વખતે જમીન ઉપર ઘુંટણથી બેસતા હતા તેથી તે ભરાએલો હતો એક બીજા ઓરડામાં તે જાતની સ્ત્રીઓ ઘણી ભેગી થએલી હતી અને તેવીજ ક્રીયાઓ કરતાં હતાં. તે બધું કામ જે માન્ય અને અદબથી ચલાવવામાં આવતું હતું તેથી એક ઘણોજ અસરકારક દેખાવ થએલો હતો. અમે કહીએ છીએ કે અમારી જોડે

આવવાને કુચીકને પોતાને જેમ બોલાવેલા હતા તેમ વાદીયણુના અને કુચીકના કોંસલને પણ બોલાવેલા હતા પણ એક અથવા બીજા કારણથી પછી તે ડહાપણ ભરેલું હોય કે બીજી રીતનું હોય તે અમે કહી શકતા નથી પણ તે આમંત્રણમાં ના પાડેલી હતી.

તે આગાખાનના કેટલાક નીચેના ઇલકાબો છે.

હાઝર ઇમામ=હાલના ઇમામ

હાઝર જોમેજો ધણી=હાલના જમાનો કબજો રાખનાર.

હઝરત મૌલાના ધણી=હાલના ધણી, માલેક.

ધણી સલામત (દાતાર) ધણી=શેઠ-તે આપનાર નીરભય રહો.

પીર સલામત દાતાર=ધણી પીર.

ખુદાવંદ=માલેક.

શાહાપીર=મ્હોટા માલેક.

ગુરૂપીર=ધર્મના બોધ આપનાર.

પીરશાહા=અને વીગેરે.

એક સાક્ષી પીરમહમદ ઇબ્રાહીમ (પાને ૪૨૮ મેં) કહે છે કે:—"તે હમારા હાઝર ઇમામ અને અમારા હૈયાના હાર અને અમારી આંખોનું તેજ છે.

જ્યારે આ નામો દેવામાં આવે છે ત્યારે તે ધર્મ માનનારાઓ નમન કરે છે.

કારસાજી (અથવા મુંબઇ મોકલેલા નાણાં) ની પોહોંચોમાં " ખુદાવંદ ધણી સલામત દાતારની હજુરમાં " એવું વર્ણન કરેલું છે. ખુદાવંદ એટલે માલેક.

એક સાક્ષી કહે છે કે:—

જ્યારે તાલીકાઓ (એટલે જે નાણાં મુંબઇ મોકલવાની સાથે દસ્તાવેજો હોય છે) તે મળે છે ત્યારે તેના શીક્કા ઉપર અમે ચુમન કરીએ છીએ, કારણ કે તે શીક્કા હાઝર ઇમામના છે.

અમારી રૂબરૂ દરેક સાક્ષીએ જ્યારે આગાખાનનું નામ દીધેલું હતું ત્યારે તેમણે નમન જેમ કમીશનથી લેવાએલા પુરાવમાં કરેલું હતું. તેમ કરેલું હતું. (જુઓ બીજા સાથે પાનું ૭૭૭) આગાખાનના મુખીઓ અને કામડીઆ જેવા ધર્મના માનનાર પોતાની ફરજો મપ્રત અને માન્ય અને અદબને લીધે બજાવે છે. જ્યારે આગાખાન કોર્ટમાં પેઠા ત્યારે તેમને માનનારાઓ જે કોર્ટમાં ભરાએલા હતા, તેઓ ઉભા થએલા હતા અને તેઓ પાછા બેશી શકે તે પ્રમાણે એક ખુરશીમાં પોતાની સાક્ષી આપવાને તેમને અમે પરવાનગી આપેલી હતી.

આ બાબત એકાદા સખસને જે એક બીજી હકીકત લાગે છે તે એ છે કે એકે બાજુનો એકે સાક્ષી તે કુટુંબના અંગભુતો કોણ છે તે જાણુતો નથી. તે ફકત નામથી એક અથવા બેને જાણે છે. જેમકે જંગીશાહા અને અકબરશાહા અને તેમાંના ઘણાએ તો કમીશન ઉપરથી કુચીકશાહાને જોએલા છે. અમારા મનમાં આ હકીકત અગત્યની છે, કારણ કે દેશીની વર્તણુક એકાદા સખસના જાણવામાં આવે છે તે પ્રમાણે જાણુતા આ દેશમાં લાંબી મુદત પછી એવું ધારવાને અમારા મનમાં ઘણું મુસ્કેલ છે કે ઘણાં વર્ષોથી

આ બધા સખસો આગાખાન સાથે જે સખસોનો સંબંધ છે તે સખસોના નામથી પણ તેઓ અંજાણ્યા હોય તેમ છતાં તેઓના નીર્વાહ સારૂ ઘણાં વર્ષોથી નાણાંની મદદ કરે છે, પણ અમારા અભિપ્રાય પ્રમાણે નંબર ૧ ના પ્રતિવાદી તરફથી જે જે દસ્તાવેજી પુરાવ કમીશનમાં ગુજારવામાં આવેલો છે તે હજુ વધારે અગત્યનો છે.

મુખ જુબાનીના પુરાવ વીશે અલબત એવું કહી શકાય છે કે વાદીયણના સાક્ષીઓ જુદા પડનારાઓની હકીકતને પુષ્ટી કરે છે તેની સાથે નંબર ૧ ના પ્રતિવાદીના સાક્ષીઓ તેને ટેકો આપે છે માટે બેઉ તરફના પુરાવને ઘણું ઓછું વજન કરવું જોઇએ. પરંતુ કમીશન ઉપરથી તે પ્રતિવાદી તરફના આંકવાળા કાગળો છે તે ૧૩૩ કરતાં કમી નથી. તે બનાવટના અથવા જુઠા બનાવેલા દસ્તાવેજો છે એવી સુચના કરવામાં આવેલી નથી.

તે આંકવાળા કાગળોજ અમે ફકત બતાવીએ છીએ કારણ કે તેની વીગતવાર કરવાને ઘણોજ વખત લે તેવું છે.

(નામદાર સાહેબે જુદા જુદા આંકો બતાવ્યા અને કહ્યું છે કે).

આ તમામ આંકો જોતાં જે વખતે જે આગાખાન હતા તે આગાખાનના કુટુંબના કોઇ અંગભુતનું નામ તેમાં જણાતું નથી, માટે જે પક્ષકારોએ આપેલા નાણાં અથવા તેનો કાંઇ ભાગ તે કુટુંબના અંગભુતોને માટે જાય છે એવો ઇરાદો રાખેલો હોય તો તે અંગભુતો વીશે તેઓ કાંઇ કહે નહી તે અમારા મનમાં સમજાય તેવું નથી. આગાખાનને માનનારાઓ નાણાંની મ્હોટી રકમો આપે છે એટલુંજ નહી પણ કેટલીક વખતે તેમના માલનો વીમો ઉતરાવવાને નાણાં આગાખાનને આપેલા છે, જુઓ આંક નંબર ૪ પાનું ૬ અને આંક નંબર ૬૨ પાનુ ૯૩. વળી આંક નંબર ૪ ઉપરથી જણાય છે તે પ્રમાણે દાકતરની ફી અને કાયદાના હીમાયતીઓની ફી આપવાની જરૂર રહે નહી તે સારૂ તેમને નાણાં આપેલાં છે તે ઉપરથી એવું જણાય છે કે જો કે તે માનનારાઓએ એવું માનેલું છે કે આગાખાન તેઓના પરલોક તેમજ આ લોકના કલ્યાણ સંબંધી ખાત્રી કરે તેવા છે, કારણ કે તેમાં કાંઇ અંદેશો રાખી શકાતો નથી અને ખરી રીતે વાદીયણ તરફના કેટલાક સાક્ષીઓએ કબુલ કરેલું છે (તેઓ જુદા પડતા પહેલા) કે નજરાણો આપનાર સખસોને મુક્તી અથવા સવાબ મળે. એટલે આવતી દુનીયામાં મુકતી મળે તે સારૂ તમામ નજરાણા આપવામાં આવે છે.

આવી જાતના કામમાં જે નીયમ લાગુ થાય છે તે નીચે પ્રમાણે ઠરાવેલો છે.

" કાંઇ અમુક ક્રીયા કરવાથી કોઇ અમુક ધર્મમાં વધારો થાય છે કે નહી અને તે દેવળ અથવા જે નામના લોકો અથવા સમુદાય તે ધર્મ પાળતા હોય તેના અંગભુતોને ફાયદો થાય છે કે નહી તેનો નીર્ણય કરવામાં જે મંડળનો સંબંધ હોય તે મંડળના અંગભુતોના માનવાપણાનો જે પુરાવ હોય તે પ્રમાણે દુનીયાની કોર્ટે વર્તવું જોઇએ. તે બાબત વીશે કાંઇ બીજો આધાર મળી શકતો નથી." ઓહેનલન વી. લોગ (સન ૧૯૦૬ ૧ લો. રી. ૨૭૯).

આવી જાતના કામમાં મનુષ્યનું મન અરસ પરસના વીચાર સાથે મળવાનું થાય છે, અને થોડાક દીવસ ઉપર એફ. ડબલ્યુ. બેને લખેલા એક પુસ્તકના પાને ૨૫ મેં એક

નોટ અમને મળી આવી. "મહાન ઇશ્વરના કેશ (વાળ)માં" જે અમને યોગ્ય વખત જણાએલો હતો તે નીચે પ્રમાણે છે: પ્લેટો જે એવો વીચાર કરે છે કે દેવ અને મનુષ્યો વચ્ચેનો સંબંધ એક વ્યાપારી અરસપરસપણાનો છે તે બરોબર હીંદુઓનો છે કારણ કે "સ્થિતી" અથવા વસ્તુઓના કાયમ થએલા બંધારણના અગર બીજી બાબતના કાયમના બંધારણ તરીકે સેંકડો જગાએ હોય છે. પ્લેટો "એનથીફ્રો" છેલ્લું પાનું કથા સરીત સાગર (છેલ્લુ પુસ્તક) જેવી સો જગાએ તેઓએ ઠરાવેલું છે કે "દેવની દુનીયાને હમેશાં મનુષ્યની દુનીયાથી ટેકો મળેલો છે." વળી કાળીદાસ રઘુવંશ ૧, ૧૮ તેમાં રાજાના આવી રીતે વખાણ કરેલાં છે કે "તેમણે રૈયતના ફકત ભલા માટેજ રૈયત પાસેથી કર લીધેલો હોય છે તે જેમ સુર્ય પૃથ્વી ઊપર વરસાદ રૂપમા દસ હજાર ઘણી વરાળ પાછી આપે છે તે સારૂ વરાળ ખેંચે છે તેમ તે રૈયતના ફકત ફાયદા સારૂ લીધેલો હોય છે." વળી સારૂ પ્રખ્યાત વાકય જે એવું છે કે "સ્વર્ગમાં જ્યાં ઊધાઇ અને કાટ ચડતો નથી અને ચોર ફાડીને ચોરી કરતા નથી ત્યાં સ્વર્ગમાં તમારે વાસ્તે ખજાનો કરો" તે અમે બતાવીએ છીએ.

હવે આ બાબત અમારી રૂબરૂ જે પુરાવ આપેલો છે તેની વ્યવસ્થા કરવાને અમે માગીએ છીએ. અમે આગળ બતાવેલું છે તે પ્રમાણે આગાખાનના કુટુંબના અંગભુતોનો આગાખાનને કરેલા નજરાણામાંથી એક હકક તરીકેનો હીસ્સો લેવાનો હકક થાય છે તે દાવા અરજીમાં બતાવેલું નથી. તે સુચના કરેલી છે અને વાદીયણ તરફનો પુરાવ અને તેણીના અમારી રૂબરૂના સાક્ષીઓ ઘણા અસંતોષકાર્ક રૂપના છે.

પાને ૨૮ મેં વાદીયણ કહે છે કે તે કુટુંબ પવીત્ર ગણવામાં આવે છે અને ખોજાઓએ આગાખાનને અને તેમના વંશજો અને છોકરાંને નજરાણાં કરેલાં છે. પાને ૫૭ મેં તેણી કહે છે કે:—

"અહીંયાં મેં મ્હારી સાહેદી આપી ત્યાં સુધી કોઇ દસ્તાવેજમાં મેં એવું કાંઇ પણ કહેલું નથી કે તે કુટુંબના અંગભુતોને નજરાણા જાતે આપેલા છે. દાવા અરજી વખતે મને યાદ નહી તેથી મ્હારી એફીડેવીટમાં પણ આ કહેલું નથી તેમ કોઇ કાગળ પત્રના વ્યવહારમાં પણ કહેલું નથી." તે નજરાણામાંથી હીસ્સો લેવા વીશે મ્હારા તે વખતના સોલીસીટરો ફરામજી અને દીનશાને કોઇ દીવસ તેણીએ કહેલું નથી એવું પાને ૬૨ મેં તેણી કબુલ કરે છે. પાને ૬૪ મેં તેણી કહેછે કે:—

"જ્યારે ખોજાઓ પાસેથી પહેલા મને નજરાણું મળતું હતું ત્યારે મ્હારી ઉમ્મર શું હતી તે હુ કહી શકતી નથી પણ આશરે દશ અથવા બાર વરસની હતી. જેઓએ મને હાથોહાથ નજરાણા આપ્યા તેઓના નામ હું કહી શકતી નથી, જ્યારે એટલી બધી હું ન્હાની હતી ત્યારે જે નજરાણો મને મળેલો તે મ્હારી એકલીની માલકીનો ન્હોતો. તેમાંથી હીસ્સો લેવાનો મ્હારો હકક થએલો ન્હોતો પણ મ્હારા માબાપનો હકક થએલો હતો."

બીબીસાહેબ કહે છે કે નાણાં તથા ભરેલાં કપડા તે કુટુંબની સ્ત્રીઓને આપવામાં આવેછે, અને મને આગાખાનના શીષ્યોની સ્ત્રીયો તરફથી નજરાણા મળેલાછે. હું તે ખોજાઓના નામ તેમ તે સ્ત્રીઓના નામ જાણતી નથી. મને એક વખતે એક સોવરીન આ-

પવામાં આવેલો હતો તે મેં મ્હારા પોતાને માટે રાખેલો હતા. વાદીયણને તેમાંથી કાંઇ હીસ્સો લેવાનો હક્ક નથી, તેમાંથી તેણીને મેં કાંઇ હીસ્સો આપેલો નથી.

પાને ૧૨૬ મે શાહબીબી એટલે સુધી કહે છે કે ખોજાની સ્ત્રીઓ તે સ્ત્રીઓને નજરાણા આપે છે અને તે સ્ત્રીઓ કુટુંબના દફતરખાનામાં મોકલે છે, અને હું એક સ્ત્રી આગાણી અને તેવી આગા તરીકે મને નજરાણા મળે છે, અને પાને ૧૨૭ મે તે કહે છે કે તે કુટુંબના પુરૂષોને આગાઓ તરીકે નજરાણા મળે છે. વળી તેણીએ પુરૂષ ખોજાઓ તે કુટુંબની સ્ત્રીઓના હાથ ઉપર કેવી રીતે ચુમન કરે છે તેનું વર્ણન કરેલું છે. વળી પાને ૧૨૮ લીટી ૧૨ વીગેરેમાં તેણીની સાહેદી જુઓ. પાને ૧૩૪ મે તેણીએ કહ્યું છે કે આ વખતે હું હક્કવાળી આગા છું અને મ્હારો દીકરો કાસમ નથી. હું હક્કથી આગેવાન છું. પણ નંબર ૧ ના પ્રતિવાદીએ તે ખુંચી લીધેલું છે તેણીએ કબુલ કર્યું છે કે તે દીવસે તે સાક્ષીના પાંજરામાં આવી તે પહેલાં તે દાવો મેં કોઇ દીવસ રાખેલો નથી, વળી પાના ૧૩૭ સુધીના પાનામાં તેણીની સાક્ષી વગી અમે ખાસ બતાવીએ છીએ. પાને ૧૩૬ મે તેણીએ સોગન ઉપર કહેલું છે કેઃ—

"આ પળ સુધીમાં ખોજા ઇમામી ઇસ્માઇલીઓનું મેં કોઇ દીવસ સાંભળેલું નથી. તેમ મેં ઈમામી ઇસ્માઈલી ખોજાઓ છે તે પણ સાંભળ્યું નથી. આ પળ સુધીમાં કોઇ દીવસ નહી. આ પળ સુધીમાં ઇમામી ઇસ્માઇલી ધર્મ વીશે મેં કદી સાંભળેલું નથી. અલ્લીશાહ અને નંબર ૧ ના પ્રતિવાદી ફકત પેશ નીમાઝીયો છે, મેં તેઓને કોઇ દીવસ ઇમામો કહેલા નથી. અને બીજા કોઇએ તેમને તે પ્રમાણે કહેલા નથી. તે કુટુંબ તે ઇમામો છે તે કારણથી પવીત્ર નથી પણ તેઓ સૈયદો છે તેથી તે પવીત્ર છે. તે કુટુંબમાંથી કોઇ ઈમામ પુરા પાડવામાં આવેલા નથી."

પાને ૧૩૭ મે તેણીએ કહ્યું છે કેઃ—

"મ્હારી લખેલી કેફીયત ફાઇલ કરવામાં આવી અથવા સાક્ષીઓ તપાસવામાં આવ્યા તે પહેલાં મને નજરાણા મળેલાં છે એવું મેં મ્હારા એટર્નીઓને કહેલું નથી. તે વીશે કાંઇ સુચના તે એફીડેવીટોમાંની કોઇ એફીડેવીટમાં કરેલી નથી.

પાને ૧૪૪ મે નજરાણા તેણીને આપેલા તેની કીમતનો કાંઇ અડસટ્ટો તેણી આપી શકતી નથી.

પાને ૧૫૧ મે શીયાલકોટમાં નવેંબર–ડીસેંબર સન ૧૮૯૬ માં જે વખતે એ રકેબીઓમાં પોતાની તથા આગાખાનની આગળ રૂ ૫૦૦) મુકવામાં આવેલા હતા તે વખતની એક મહેમાનીનું કુચીક શાહાએ વર્ણન કરેલુ છે. પાને ૧૫૨ મે તે કહેછે કે તે આગા નથી. અલ્લીશાહાની હયાતીમાં આગાખાનના મકાનમાં એક મહેમાની અને નંબર ૧ ના પ્રતિવાદીના વખતમાં કેટલી કરેલી તેનું બ્યાન તેમણે કર્યું છે. પાને ૧૫૩ મે એક બીજીનું તેમણે બ્યાન કરેલું છે. પાને ૧૫૪ મે બધા કુટુંબના હાથ ઉપર ચુમન કરવામાં આવેલું તેનું વર્ણન તેમણે કરેલું છે. પાને ૧૭૨ મે તે કહે છે કે મ્હારા બાપુઓ કરતાં હસનઅલીના છોકરાનો નજરાણામાંથી વધારે હક્ક છે. પાને ૧૯૧ મે તે કબુલ કરે છે કે શીયાલકોટમાં ૩૦૦ ખોજાઓએ મ્હારા હાથ ઉપર ચુમન કરેલું

હતું એવું કહેવામાં મેં એક ભુલ કરેલી છે, મ્હારો હેતુ તે ધર્મ પ્રમાણે ચાલનારાઓનો હતો. તેમણે એવું કહેવામાં ભુલ કરેલી છે કે પુરૂષ અને સ્ત્રી ૩૦૦ ખોજાઓએ મને નાણાં બક્ષીસ આપેલા હતા, કારણ કે તે કબુલ કરે છે કે શીયાલકોટમાં ધર્મ પ્રમાણે ચાલનારા કોઇ ખોજા નથી. પાને ૧૯૭ મેં તે કહે છે કે કોર્ટમાં મને તપાસવામાં આવ્યો તે પહેલાં મેશહદ પાસે ડીઝબાદમાં દસ્ત-બોસી અથવા હાથ ઉપર ચુમન કર્યા અને ભેટો આપવા બાબત મેં કોઈ દીવસ કહેલું નથી.

મલેકતાજ બેગમે તે કુટુંબના પુરૂષ અને સ્ત્રીઓને નજરાણો આપવામાં આવે છે અને મુંબઈમાં આશરે તેર વરસ ઊપર એક શાદી વખતે તેઓના હાથ ઊપર ચુમન કરેલું તેનું વર્ણન કરેલું છે. તેણી કહે છે કે ખોજાઓ તરફથી પુરૂષ અંગભુતોને નજરાણા લેતાં મેં જોએલા છે. મેં મ્હારા ધણીને પુનામા ખોજાઓ પાસેથી નજરાણા લેતાં તથા મ્હારા ભાઇઓને અને કુટુંબના બધા અંગભુતોને અને જંગીશાહાને નજરાણા આપવામાં આવેલા છે તે મેં જોયા છે. પાને ૨૫૨ મેં તેણીએ કહ્યું છે કે તે નજરાણામાં હીસ્સો લેવાનો સ્ત્રીઓનો હક્ક છે કારણ કે તેઓને છોકરાં હોય છે તે હસનઅલીના વંશજો છે. પાને ૨૫૭ મેં તેણી કહે છે કે જયારે તદ્દન હું બાળક હતી ત્યારે નંબર ૧ ના પ્રતિવાદી તરફથી મેં એવું સાંભળેલું હતું કે બધી મીલકત તે કુટુંબની છે અને તે કુટુંબના બાજા અંગભુતોને મ્હારા રૂબરૂ અક્લીશાહાએ તે મતલબની ખાત્રી કરેલી હતી. પાને ૨૫૮ મેં તેણીએ કહ્યું છે કે મ્હારા ધણીની લાસ ટ્રેનથી મુંબાઈ મોકલવા બાબત જે વાતચીત થએલી તેમાં નંબર ૧ ના પ્રતિવાદીએ તેજ મતલબની મ્હારી ખાત્રી કરેલી હતી. પહેલા પ્રતિવાદી તે ઇનકાર કરે છે. પાને ૨૬૦ મેં તેણીએ કહ્યું છે કે:—

" જયારે હું સાત વર્ષની વયની હતી ત્યારે શાદીઓ વખતે હું ગએલી ત્યારે ખોજાઓએ મને નજરાણા આપેલા છે. હું કહું છું કે જયારે હું સાત વર્ષની હતી ત્યારથી ખોજાઓ પાસેથી મને નજરાણું મળતું હતું તે વાત સાચી છે, કારણ કે તે કુટુંબની હું એક અંગભુત છું. તે નાણાંના નજરાણા હતા. તે રકમો હું ભુલી ગએલી છું. તે કુટુંબના ન્હાના છોકરાઓને ખોજાઓ નજરાણામાં નાણાં આપે છે કારણ કે તેઓ પવીત્ર છે.

પાને ૨૬૧ મેં તેણીને કેટલું મળેલું તે કહી શકતી નથી. તે હજારો અથવા સેંકડાઓ, અથવા સેંકડો અથવા દસદસ અથવા થોડા આના દર વર્ષે મળેલા તે હું કહી શકતી નથી. તેણીને નાણાં અને ભરેલી ચાદર જે સ્ત્રી આપતી તે કામરીયા હાજીની સ્ત્રીનું નામ તે ફક્ત બતાવી શકે છે. પણ તે તારીખ પહેલાં કામરીયા હાજી અને તેની ઓરતે પોતાનો એકનો એક છોકરો ખોએલો અને તે ઓરત બહાર ન્હોતી જતી તે તેણી જાણતી નથી.

ગુલામહુસેન અલુ સુરાજ કહે છે કે આગાખાનને તથા તેમના કુટુંબના અંગભુતોને મેં નજરાણા આપેલા છે. નજરાણાના નાણાં એક રકેબીમાં મુકવામાં આવે છે તે આગાખાનની આગળ તથા બીજા અંગભુતોની આગળ તેમના પગ આગળ મુકવામાં આવે છે. કેટલીક વખત તે કુટુંબના અંગભુતોના હાથ ઉપર ચુમન કરવામાં આવેલું તે મેં જોએલું છે. ઉલટ તપાસમાં કેટલી રકેબીઓ મુકવામાં આવેલી તે યાદ કરી શકતો નથી.

એક કરતાં વધારે રકેબી મુકેલી હેવું તે સોગન ઉપર કહી શકતો નથી. પાને ૩૦૨ મે તે કહે છે કેઃ—

"હાલના આગાખાન અને બીજા કોઇ સૈયદની વચ્ચમાં કાંઇ તફાવત નથી. દુનીયામાં ઘણા હજારો સૈયદો છે. આગાખાન અને તેમાંના કોઈની વચ્ચે કાંઈ તફાવત નથી. હું તે બધાને સરખા ગણુંછું, અને તે ફાતીમાના વંશજો છે. અલ્લીશાહા અને દુનીયામાંહેના સૈયદોના વંશજોની વચમાં કાંઇ તફાવત નહોતો. હું હસનઅલ્લીને માટે પણ તેમજ જવાબ આપુંછું. નંબર ૧ ના પ્રતિવાદી તથા અલ્લીશાહા તથા હસનઅલ્લી ઇસ્માઇલથી થએલા વંશજો છે એવું હું બીલકુલ માનતો નથી. તેઓ સૈયદો છે એવું તેઓએ કહેલું તેથી તેમને હું સૈયદ માનુંછું. તેઓ સૈયદ છે કે નહી તેનો મને શક નથી. હસનઅલ્લીના વખતમાં તે બીજા સૈયદો કરતાં વધારે સારા નહતા એમ મેં માનેલું છે. બીજા કોઇ સૈયદ કરતાં તેઓ મને વધારે સારા લાગતા નહી હતા. તે પ્રમાણે અલ્લીશાહાની બાબતમાં છે, તેમની બાબતમાં અને તેમના કુટુંબની બાબતમાં કોઈ બીજા સૈયદની બાબતમાં જે હીત રાખુંછું તે કરતાં વધારે હીત રાખતો નથી. હું જ્યારથી યાદ રાખી શકુંછું ત્યારથી આ પ્રમાણે હમેશાં થએલું છે."

કરમાલી હાજી બોગા બીજી હકીકત સાથે કહે છે કે તે કુટુંબના અંગભુતોને નજરાણા આપવામાં આવેલા છે અને તેમના હાથ ઉપર ચુમન કરવામાં આવે છે, કારણ કે તેઓને પવીત્ર ગણવામાં આવેલા છે. ઊલટ તપાસમાં તે કહે છે કે ખોજા અસ્નાશ્રી જમાતનો હું સેક્રેટરીછું, અને એક અંગભુત છું. પાને ૩૧૫ મે તે સોગન ઉપર એવું કહેતો નથી કે થાલસુક્રામાં જે નાણાં આપવામાં આવેલા છે તે જે વખતે જે આગાખાન હોય તેમની સ્વતંત્ર મીલકત નથી.

આ છેલ્લા બે સાક્ષાઓએ જે રીતે પોતાની સાહેદી આપેલી છે તે એટલી બધી અસંતોષકારક છે તે બાબત દરેકની બાબતમાં ખાસ નોટ અમારે કરવી પડેલી છે.

રહીમતુલ્લા ગાંગજીએ અકબરશાહાને કરેલી મહેમાનીની અમુક રકમો રજુ કરી છે. જે વખતે તે આપવામાં આવી તે વખતે હું હાજર ન્હોતો એવું તે કહે છે. વળી તેણે કેટલીક રકમો રજુ કરેલી છે તે એવી મતલબની જણાય છે કે અકબરશાહે અમુક હીસાબના ચોપડાને આશીર્વાદ આપેલો હતો. પરંતુ આ ચોપડાઓ અને રકમો સંબંધી તેની ઊલટ તપાસથી તે ઉપર ઘણો શક પડે છે.

ફાઝલભાઇ જુમાભાઇ લાલજી પોતાની સાહેદીની શરૂઆતમાં કહે છે કે ખોજા ઇસ્માઇલીના ધર્મ અને અસ્નાશ્રીના ધર્મ વચ્ચે કાંઇ તફાવત નથી, અને તેણે અમને કહેલું છે કે અસ્નાશ્રીઓ ૧૨ ઇમામને માને છે. ઇસ્માઇલી ખોજાઓ પણ તેમજ માને છે, અને બીજી કોઇ વસ્તુને તેઓ માનતા નથી. અને વળી પાને ૩૪૫ મેં તે કહે છે કે પહેલા આગાખાન અસ્નાશ્રી હતા તે ખરી રીતે હું માનુછું. તેની કહેલી હકીકત એટલી બધી અસાધારણ લાગે છે કે તેની સાહેદી અગત્યની છે એવું ઠરાવવાને અમારા મનમાં આવેલુ નથી.

પાને ૩૬૯ મેં મહમદ ફકીરા કહે છે કે ઇદના દીવસોએ અને મ્હોટા તહેવારના

દીવસોએ આગાખાનને મેં નજરાણા કરેલા હશે અને તેમના કુટુંબના જે અંગમ્રુતો હાજર હશે તેમને પણ તે પ્રમાણે કરેલું હશે. તે કોણ હતા તે મને યાદ નથી. તે નજરાણો જમાતખાનામાં કરવામાં આવેલો હતો. તે નજરાણા તેણે વાડીમાં કરેલાં હશે. તે તેને યાદ નથી. ઉલટ તપાસમાં પોતે આપેલા નાણાંની ચોપડા માંહેની રકમ તે રજુ કરી શકતો નથી, અને છેલ્લી વખતે તેણે જે નજરાણો કરેલો તે વીસ અથવા ત્રીસ વર્ષ ઉપર કરેલો હતો તે તેને યાદ નથી.

આ વિરૂદ્ધ લેડી અલ્લીશાહા, નંબર ૧ ના પ્રતિવાદી, સમશુદીન અને બીજા જે સાક્ષીઓ તેમની હકીકતને ટેકો કરે છે તે સાક્ષીઓની સાહેદી અમારો પાસે છે.

સનીવાર તા. ૧૧ એપ્રીલ સને ૧૯૦૮ ના રોજ અમે કહેલું છે—જુઓ પાનું ૩૫૩—કે તે વખતે અમે એવું ઠરાવવાને તૈયાર થએલા હતા કે ખોજાઓ જે નાણાં આપે છે તે એકલા આગાખાનના ફાયદા સારૂ છે અને તેમના કુટુંબના ફાયદા સારૂ નથી, તે પ્રમાણે આ બાબત નંબર ૧ ના પ્રતિવાદીની હકીકતની પુષ્ટીમાં જે પુરાવ છે તે વીશે વીગતવાર વીચાર કરવાને અમે માગતા નથી, પણ તેમની હકીકત આપવામાં આવેલી તે દરમ્યાનમાં જે નીચેના આંકો રજુ કરેલા છે તે અમારે જોવા જોઇએ, કારણ કે કમીશને જેવા દસ્તાવેજો પુરાવમાં રજુ કરેલા છે તે હરકત લીધા વીનાનો દસ્તાવેજી પુરાવ છે તે એ વીચારને અમે બતાવેલો છે તે વીચારને પુષ્ટી કરે છે. (તે નામદાર સાહેબે તે આંક બતાવીને કહ્યું છે.)

માટે એવું ઠરાવવાને અમને કાંઈ પણ આનાકાની નથી કે જે વખતે જે આગાખાન હોય તેમને માનનારાઓએ તે આગાખાનને જે નજરાણા આપેલા છે. તે તેમના જાતીકા ઉપયોગ અને ફાયદાને સારૂ આપવાનો ઇરાદો રાખેલો છે. અને તેમને તે નજરાણા ઘણાજ માન અને નમનતાથી કરેલા છે. બીજી બાજુ તરફ તેઓ તેના ફાયદાનું ફળ લે છે પછી તે સંસારીક હોય કે પરલોકનું હોય. અમારી રૂબરૂ આપેલો પુરાવ જોતાં જો અમે બીજી રીતે ઠરાવીએ તો, પુર્વના તમામ ભાગોમાં વીખરાતી આ મ્હોટી જાત છે, તેઓના ધર્મ ઉપર એક જખમ કર્યા જેવું અમે કરીએ તેવું થાય છે. અને તેનું પરીણામ કલ્પના કરવામાં આવે તેવું નથી, અને તે બાબત અમારી રૂબરૂ જે પુરાવ છે તે ઉપરથી કાંઈ પણ બ્યાજબીપણું મળતું નથી.

આ બાબત છોડતા પહેલાં ગીનાનોમાંથી જુદા જુદા આંકો રજુ કરેલા છે તે અમારે બતાવવા જોઇએ કારણ કે તે ઉપરથી એવું જણાય છે કે તે વાકયો ઉપરથી નંબર ૧ ના પ્રતિવાદી તે માનનારાઓને તેમને માનવાની ઉત્પત્તિ થાય છે. (તે નામદાર સાહેબોએ તે આંકો બતાવી કહ્યું છે).

આ આંકો વીશે કાંઇ હરકત લેવામાં આવેલી નથી અને તે ઉપરથી અલબત નંબર ૧ ના પ્રતિવાદીની હકીકતને મજબુત રીતે પુષ્ટી મળે છે. તે નંબર ૧ ના પ્રતિવાદીએ અમારા અભિપ્રાય પ્રમાણે એવું સાબેત કરેલું છે કે (૧) શીઆ ઇમામી ઇસમાઇલી ખોજાઓના ધર્મના આધાર પીર સદરૂદીન અને પીર કબીરૂદીને જે ફરમાનો કરેલાં છે અને જે તેઓના સદરહુ બનાવેલા ધર્મના પુસ્તકોમાં છે તે ફરમાનો ઉપર છે. (૨) બીજા માનનારાઓ એટલે કે **પંજાબીયો પીરશમસથી** વટલાએલા છે તેઓનો મુખ્ય ધર્મ પીર

સમસના ગીનના પુસ્તકો છે અને તેઓ પીર સહરૂદીન અને પીર કબીરૂદીનના ગીનાનો પ્રમાણે ચાલનારા છે. (૩) પંડીયાત જવાન મર્દી તે ધર્મનું પુસ્તક છે તે ગીનાનોને મળતું છે તે પ્રમાણે ખોરાસાન અને બીજી દુરની જગાઓમાં આ ધર્મને માનનારાઓ ચાલે છે, તે બધા સાક્ષીઓથી એવો ટેકો મળે છે કે તેઓના ધર્મને પુસ્તકો લાગુ થાય છે તે પ્રમાણે તેઓની તે ઇમામને નજરાણા આપવાની જરૂર છે.

તે કામમાં પહેલા મુખ્ય સવાલની વ્યવસ્થા હાલ અમે કરેલી છે અને ઉપર કહેલા બીજા સવાલની વ્યવસ્થા કરતાં પહેલાં કપટ, ખુન, ચોપડા, મીલકત, વીગેરે છુપાવવામાં આવેલું છે વીગેરે જે વાદીયણે અને તેણીને મદદ કરનારાઓએ કહેલા છે, તે જુદા જુદા આરોપોની વ્યવસ્થા કરવાની અમને ફરજ પડેલી છે. કારણ કે જો કે તે કામને ઘણા લગતાં નથી તોપણ જે પુરાવ આપેલો છે, તે જોતાં જો તેઓની વ્યવસ્થા સંપુર્ણ રીતે કરેલી ના હોય તો તે ખોટું થાય છે.

દાવા અરજીની કલમ ૪ માં એવો આરોપ રાખેલો છે કે તે કુટુંબની મીલકત પૈકી તેમાં બતાવેલી કેટલીક મીલકત નંબર ૧ ના પ્રતિવાદીએ વેચી દીધેલી છે. અને તે વેચાણમાંથી ઉપજેલી રકમ તથા તે કુટુંબની મીલકતના બીજા નાણાં જે જુદી જુદી મીલકત તેમના નીમેલા સખસોના નામથી ખરીદ કરવામાં રોકેલી છે. અમારી ખાત્રી પુર્વક સાબેત કરેલું છે કે આ હકીકત બીલકુલ સાચી નથી. તે કલમમાં કહેલી ઇરાનમાં અથવા બીજી કોઇ જગાએ હસનઅલ્લી અથવા એ ઉત્તરોત્તર થએલ આગાખાનોની માલેકપણાની મીલકત છે એવું જણાય તેવો કાંઇ પુરાવ વાદીયણ તરફથી ગુજારવામાં આવેલો નથી–જુઓ વળી દાવાઅરજીની કલમ ૫૬. હસનઅલ્લીએ ઉપર કહેલી જે હકીકતથી ઇરાન છોડેલું તે જોતાં તેની કાંઈ પણ ત્યાં મીલકત હોય તે કાંઇ મીલકત તેમને રાખવા દેવામાં આવે તે તદન અસંભવીત છે. આ સવાલ વીશે વાદીયણને તેણીની તપાસમાં કાંઇ સવાલ પુછવામાં આવેલો નથી, અને તેણીની ઉલટ તપાસ ઉપરથી એવું જણાય છે કે જે વખતે તેણીએ પોતાનો દાવો ફાઇલ કર્યો તે વખતે કુટુંબની મીલકત તફરકે (બરબાદ) કરવામાં આવેલી છે તેનો એકે દાખલો તેણીને મળેલો ન્હોતો, જુઓ પાનુ ૩૭, ૩૮. તેણીની સાહેદીના ૩૮ મે પાને તેણી કબુલ કરે છે, બધાં નામો જે ૧૬, ૧૭, અને ૧૮ મા સવાલના જવાબમાં તેણીએ દીધેલાં છે. તે દાવાઅરજી ફાઇલ કર્યા પછી તેણીને પુરા પાડવામાં આવેલાં છે અને જે સખસોના નામથી મીલકત ખરીદ કરેલી કહેવામાં આવેલી છે તેઓના નામ તેણીએ આપેલાં છે, અને તે મીલકતની જગાનું વર્ણન કરેલું છે. જાફર કાસમ અને નંબર ૧ ના પ્રતિવાદીએ ખુલ્લી રીતે એવું સાબેત કરેલું છે કે મીલકત વેચવામાં આવેલી હોય તવી કાંઈ મીલકત છેજ નહી. હસનઅલ્લીના કબજામાં જે મીલકત હતી તે હજુ કાયમ છે.

દાવા અરજીની કલમ ૫૫ માં કહ્યું છે કે નંબર ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓ કહે છે કે પહેલા આગાખાને એક વીલ મુકેલું હતું તે નંબર ૧ ના પ્રતિવાદીએ દબાવી રાખેલું છે. આ પ્રતિવાદીઓ પોતાની લેખી કેફીયતમાં કહે છે કે જે વીલ કહેવામાં આવેલું છે તે વીશે અમારી કાંઇ માહીતી નથી. તોપણ સાહેદીમાં વાદીયણે આ પ્રતિવાદી-

ઓએ જે વીલની બાબત કહેલી હતી તે હકીકત તેણીને કહેલી હતી તે ઇનકાર કરેલી છે, પણ તેઓ કહે છે કે અમે તેણીને કહેલી હતી. અલબત જો તે વીલ હોત તો વાદીયણના કામનો તેથી નીકાલ થાત, પણ તે વીલ કોઈ વખતે હતું એ વીશે કીંચીત પણ પુરાવો આપેલો નથી.

હવે જંગીશાહા અને તેના દીકરાના ખુન સંબંધી નંબર ૧ ના પ્રતિવાદી વીરૂદ્ધ જે આરોપ રાખેલો છે તેની હવે અમે વ્યવસ્થા કરીએ છીએ. જંગીશાહા અને તેમના દીકરાના સન ૧૮૯૬ માં ખુન થયા તે વખતે વાદીયણ જેડામાં હતી અને તેણીએ પોતાની મુખ્ય તપાસની સાહેદીમાં તેનું વર્ણન કરેલું છે. જુઓ પાનું ૨૪. દાવા અરજીની કલમ ૩૫ માં કહ્યું છે કે સન ૧૮૯૮ માં અથવા તે અરસામાં તે કુટુંબમાં તકરારો ઉત્પન્ન થવી શરૂ થએલી હતી, અને તે હાલના વખત સુધી જારી છે. તેણીને આ વીશે સવાલ કરવામાં આવેલા હતા. ૩૧ મો સવાલ—અને તેના જવાબમાં તેણીએ કહ્યું છે કેઃ— "હાસમશાહાના ખુનને લીધે તે કુટુંબમાં સન ૧૮૯૮ માં તકરારો ઉત્પન્ન થવી શરૂ થએલી હતી." વળી તેણીને સવાલ કરેલા હતા. ડી. એચ. ૨૭ નો સવાલ ૩૧ માના વધારાનો જવાબ છે, અને હાસમશાહાના ખુન વીશે લંબાણથી કહીને તે જવાબની આખરે તેણીએ જંગીશાહાના ખુનની બાબત દાખલ કરી છે છે નીચે પ્રમાણે છે.—

'આ વખતના અરસામાં સન ૧૮૯૬ માં જેડામાં મ્હારા બાપ જંગીશાહા અને મ્હારા ભાઇ આબાસના ખુનની હકીકત વીશે મ્હારા ધણીએ તપાસ કરવા સારૂ વાઇસરોયને એક અરજી મોકલેલી હતી. આ અરજી વીશે તે આગાખાનના જાણવામાં આવ્યું તેથી તે વીશે તેમણે પોતાનો ગુસ્સો બતાવેલો હતો.

સન ૧૮૯૬ માં એટલે તકરાર શરૂ થએલી કહેવામાં આવેલી છે તે અગાઉ બે વર્ષ પહેલાં જંગીશાહા અને તેમના દીકરાના ખુન થએલાં હતાં તે કહેવાની અહીંયાં અગત્ય છે. પાને ૨૪ અને પાને ૨૫ મેં તેણીની મુખ્ય તપાસમાં સાહેદી છે તે ઉપરથી એવું જણાય છે કે નંબર ૧ ના પ્રતિવાદી અને તેમની માએ આ ખુનો વીશેની તજવીજ ઉઠાવેલી હતી એવો ઇસારો કરવાને તેણીએ ઇરાદો રાખેલો છે, અને આ ખુનો નંબર ૧ ના પ્રતિવાદીએ ઉસ્કેરેલાં હતાં તે વીશે તેણીના કૌંસલે સુચના અથવા ઇસારો કરેલો છે કે નહી તે કહેવાને તેમણે ના પાડેલી છે. તેણીના કોંસલે કહ્યું કે કેવી રીતે ખોટી લાગણી ઉત્પન્ન થએલી તે બતાવવાનો ફક્ત અમે પુરાવ આપીએ છીએ, અને તે કારણથી તે પુરાવ લગતો ઠરાવેલો હતો. જ્યારે તેણીએ કહ્યું છે કે મ્હારા બાપ અને ભાઇને બે શીહાવી ખોજાઓ જે આગાખાનના સેવકો છે અને તેમની આજ્ઞા માને છે તે ખોજાઓએ મારી નાંખેલા છે ત્યારે વાદીયણની દ્વેષ ભરેલી લાગણી દેખીતી હતી. તે શીહાવી ખોજા હતા એવું તેણીએ કેવી રીતે જાણ્યું તે અમને કહેતી નથી. અમે કહેલું છે તે પ્રમાણે આ બે માણસોના ખુન જેડામાં થયેલા હતા તે વખતે નંબર ૧ ના પ્રતિવાદી મુંબાઇમાં હતા. કરાંચીમાં જંગીશાહાની લાશને તે મળવા ગયા હતા અને મુંબાઇમાં લાવ્યા હતા. આ ખુનોથી તેમને ઘણું દુઃખ થએલું હતું એ વીશેનો વીરૂદ્ધ પુરાવ કાંઇ નથી. ત્યાર પછી થોડી મુદતે તેમણે પોતાની હાલની ઓરત જંગીશાહાની દીકરી સાથે સાદી કરેલી છે. તે વખ-

તે જંગીશાહાનું કુટુંબ હાજર હતું, અને તે બધાને સારો બનાવ હતો. હમેશાંની રીતે તે શાદી કરેલી હતી અને તે કુટુંબના બાળકોને પોશાક પહેરાવેલા હતા અને તે પ્રસગે શોખને માટે તૈયાર કરેલું બેંડ વાપરેલું હતું. કહેવામાં આવેલું છે તે પ્રમાણે વાઇસરાયને એક અરજી મોકલેલી હોય તો તે અસલ અરજી અથવા તેની નકલ મળે તેવું છે, અને પાને ૩૬ મેં વાદીયણ કબુલ કરે છે કે તે અરજીમાં કહેવામાં આવેલું છે તે પ્રમાણે આગાખાનનું નામ ન્હોતું. બીબીસાહેબ પોતાની સાક્ષીમાં કહે છે કે તે ખુનીના કામળા અને ખમીસોનો જોડામાં કબજો તેઓને મળેલો હતો પણ કહે છે કે તેઓ મુંબાઇ પાછું કાંઇ લાવ્યા નથી. પાને ૨૩૫ મેં મલેકતાજ કહે છે કે જોડામાં વાદીયણના હાથમાં એક કામળો હતો તે મેં જોએલું છે. તેણીએ પોતાની બીજી વસ્તુઓ સાથે તે બાંધેલો હતો અને વાદીયણે મને કેવી રીતે કહ્યું હતું કે કામળો કાસમ મુસાને મેં આપેલો તેથી તે પોતાની સાથે લઈ ગએલો છે તેનું વર્ણન તેણીએ કરેલું છે. ઉલટ તપાસમાં તેણી કહે છે કે;—

"તે કામળનો રંગ કાળો હતો, મને તે કાળો જણાએલો હતો. બીજો રંગ ન્હોતો. તે વાદીયણના હાથમાં હતો. દુરથી મેં તે જોયો હતો, અને બીજો રંગ જોયો નથી. તેના ઉપર એક સીંહની છબી હતી એમ હું માનું છું. તે સીંહનો રંગ કાળો હતો કે નહી તે મને યાદ નથી. એકાદો સખસ બાર વર્ષ પછી જેમ યાદ રાખે તેમ મને યાદ છે કે એક સીંહવાળો કામળ મને યાદ છે. તે સવાર પછી તે કામળ મેં દીઠો નથી. કોની પાસેથી વાદીયણને તે કામળ મળ્યો હતો તેની મને ખબર નથી."

અમારા અભિપ્રાય પ્રમાણે જંગીશાહા અને તેમના દીકરાના ખુન વીશે નંબર ૧ ના પ્રતિવાદી વીરૂદ્ધ જે સુચનાઓ અને ઇસારા કરેલા છે તે બીલકુલ આધાર વીનાના છે અને તે કદી કરવા જોઇતા ન્હોતા. વળી મી. ઇનવેરારીટીએ પોતાના જવાબમાં બતાવેલું છે તે પ્રમાણે વાદીયણે જે એફીડેવીટ કરેલી છે તેમાં તેણીએ એવી સુચના કરેલી છે કે એલાવન્સો બંધ કરવાના કારણો એ હતાં કે તેણીએ ફરામજી અને દીનશાને આગાખાન વિરૂદ્ધ કામ ચલાવવાને કહેલું હતું, તે એફીડેવીટને બીલકુલ તે અનુસરતુ નથી.

હવે અમે નં. ૧ ના પ્રતિવાદી ઉપર હાસમશાહાના ખુનનો આરોપ રાખેલો છે તેની વ્યવસ્થા કરીએ છીએ.આ પ્રથમ ૩૧-ડી. એચ. ૨૭-ના સવાલના વાદીયણના વધારાના જવાબ ઉપરથી માલમ પડે છે. તેમાં આ બાબત તે પોતાની હકીકત બતાવે છે અને એવી સુચના કરે છે કે ખુની જીવા જુમાનો બચાવ કરવામાં આગાખાન મરજી રાખતા હતા. વળી તેમાં તેણીએ એવી સુચના કરી છે કે તે ખુનીને સોગન ઉપર તપાસવામાં આવેલો નથી, અને જો તેને વધારે તપાસ્યો હોત તો તે કહે કે આગાખાને તે ખુનમાં ઉસ્કેરણી કરેલી હતી. પાને ૨૫ મેં પોતાની મુખ્ય તપાસમાં તે વીશે પોતાનો હેવાલ બતાવે છે તેમાં મી. ઇનવેરારીટીએ એવો સવાલ પુછેલો હતો કે હાસમશાના ખુનની સાથે આગાખાનને કાંઇ નીસબત હતો કે નહી તેનો કંઇ જવાબ વાદીયણના કોંનસલ આપતા નથી. વાદીયણના કોન્સલે દેખીતી રીતે આ સુચના વીશે વધારે કલ્પના કરેલી નથી, કારણ કે પાને ૮૮

મેં તેમણે સ્પષ્ટ કહેલું છે કે હાસમશાહા વીશે બીબી સાહેબને કાંઇ પણ હું પુછવાનો નથી. હાસમશાહાના ખુન વખતે નંબર ૧ ના પ્રતિવાદી યુરોપમાં હતા અને તેમની મા અર્બસ્થાનમાં હતા. નંબર ૧ ના પ્રતિવાદી પોતે જીવા જુમાનો બચાવ કરવાને આતુર હતા એવું માલમ પડે તેવો તાર તેમણે મોકલેલો કહેવામાં આવેલો છે તે રજુ કરવામાં આવેલો નથી મી. કેનીની તે બાબત યાદદાસ્ત દેખીતી રીતે વધારે સ્પષ્ટ નથી તેથી તેમની સાહેદી ઘણી અગત્યની છે એમ અમે ગણી શકતા નથી. જ્યુરીએ જીવા જુમા ઉપર દયા રાખવાની ભલામણ કરેલી છે તેથી એવું જણાય છે કે હુ. ૨૬ માં જીવાની જે કબુલાત રજુ કરેલી છે તે જાણે તેઓએ માનેલી છે. નંબર ૧ ના પ્રતિવાદી ફક્ત તેને દીઠે ઓળખતા હતા અને લેડી અલ્લીશાહા તો તેને બીલકુલ ઓળખતાજ નથી. કાગળ ડી. એચ. ૫૭ તારીખ વગરનો છે અને ડી. એચ. ૫૮ તા. ૧૧ સપ્ટેંબર સન ૧૮૯૮ ના રોજનો છે, તે કાગળો નંબર ૧ ના પ્રતિવાદીએ કેની ઉપર લખેલા હતા તે ઉપરથી જણાય છે કે આ ખુનથી નંબર ૧ ના પ્રતિવાદી ઘણાં ઉંધા વળી ગએલા હતા. વળી પાને ૩૨૯ અને ૩૩૦ મં કેનીની સાક્ષી જુઓ. તા. ૧૭ નવેંબર સન ૧૮૯૮ ના રોજનો ડી. એચ. ૫૯ નો જે કાગળ છે તે ઉપરથી જણાય છે કે આ બાબતમાં શાહા બીબીએ પોતાની વર્તણુકમાં કાંઇ મધ્યમપણું બતાવવું જોઇએ તેવા આગાખાન આતુર હતા, તેવી રીતે વાદીયણ સોગન ઉપર કહે છે તે પ્રમાણે તે જે સખસનું ખુન કરવામાં આવેલું તેની વલે તે તેના ભાઇ કાસમશાની વલેં થાય તેથી ઊલટું તે પુરાવ ઊપરથી નંબર ૧ ના પ્રતિવાદીએ કાસમશાહાને માટે બંદોબસ્ત કરેલો હતો અને “કેડેટકોરીપ્સ” માં એક કમીશન લઇ શકે તે સારૂ તેને ફંડ આપેલું હતું. માટે અમે ઠરાવીએ છીએ કે આ આરોપ બીલકુલ આધાર વીનાનો છે.

કાંઇ પણ હીસાબના ચોપડા નંબર ૧ ના પ્રતિવાદીએ તફરકે (બરબાદ) કરેલા છે. તે વીશેના આરોપ સંબંધી અમે ઠરાવીએ છે કે તે બીલકુલ સાબેત થએલો નથી, અને અમારા અભિપ્રાય પ્રમાણે તે વીશે સાધારણ રીતે લેડી અલ્લીશાહા અને નંબર ૧ ના પ્રતિવાદીના સાહેદી બતાવવા ઉપરાંત વધારે વીચાર કરવાની જરૂર નથી. બાંટવામાં અકસ્માત થએલો તેમાં કેટલાક હીસાબના ચોપડા બળી ગયેલા છે, તે ખુલ્લી રીતે સાબીત થએલું છે.

આ કામમાં બીજો જે આરોપ છે તેમાં બીજો મુખ્ય સવાલ રહેલો છે તે અલબત ઘણો અગત્યનો છે. એટલે તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજની ફારકતી નંબર ૧ થી ૫ સુધીના પ્રતિવાદીઓએ જુઠી બનાવેલી, ખોટી અથવા જુઠી અને કપટ ભરેલી છે કે નહી? આ બાબત સંબંધી ઘણે દરજજે અમારે દેખીતી રીતે વીગનવાર જોવું જોઇએ. તે ખોટી છે એમ કહેવું મુસ્કેલ છે કારણ કે ખરી રીતે તે ફારકતીથી એક લાખ ઉપરાંતની કીમતની મીલકત જંગીશાહાની મીલકતન આપવામાં આવેલી છે અને તે લખી આપતી વખતે રૂ ૪૦૦૦૦) આપેલા છે.

તે કપટ ભરેલી છે કે નહી તેનો અમે વીચાર કરીએ છીએ.

અમારી નજરમાં આવે છે કે હસનઅલ્લીના મર્ણની વખતે તે રૂલ કરતી વખત

કેટલાક તરફડીયા મારવામાં આવેલા હતા એવું મી. જસ્ટીસ બચેલર સાહેબે પોતાના જજમેન્ટની અંદર કહેલું છે તેવું કાંઇક બનેલું છે અને અમારી નજરમાં આવે છે કે તે હકીકત બની તે વખતે તેમના દીકરા અકબરશાહે વાંદરામાંનો એક બંગલો, પુનામાં બંન્દ નદી ઊપરનો એક બગીચો કબજે લીધો હતો, તેમના બીજા દીકરા જંગીશાહે માઊંટ રોડ ઊપરનો એક બંગલો, પીરલેનની મીલકત અને હમામખાના તરીકે બાણુલા તળાવ ઊપર જે મીલકત જાણીતી છે તેનો કબજો લીધો હતો; અલ્લીશાહે (૧) કમીશનના તબેલા તરીકે વાપરવામાં આવતી બેલાસીસ રોડ ઊપરની મીલકત; (૨) જે. જે. હોસ્પીટલ સામે બાણુલા તળાવ ઉપરની મીલકત; (૩) ભીંડી બજાર મધ્યેની મીલકત; (૪) લવલેન મધ્યેનો એક બંગલો, (૫) લવલેન મધ્યેનો એક બંગલો; (૬) લવલેન મધ્યેનો એક બંગલો; (૭) નેશબીટલેન મધ્યેની એક મીલકત; (૮) લવલેન મધ્યેનો એક બંગલો; (૯) બેંગલોર મધ્યેનો એક બંગલો; (૧૦) કરાંચી મધ્યેનું એક મકાન; (૧૧) ફ્રેનેટ રોડ (પુના) ઊપરનો એક બંગલો; (૧૨) સીવીલ લાઇન્સ (પુના) મધ્યેનો એક બંગલો; (૧૩) લોધીયન રોડ (પુના) મધ્યેનો એક બંગલો કબજે લીધેલો છે. આ છેલ્લી ૧૩ મીલકતો નંબર ૧ ના પ્રતિવાદીની લખેલી કેફીયતમાં કહેવામાં આવેલી છે અને (૧૦) શીવાયની સાબેત થએલી છે. કારણ કે કરાંચીની મીલકત તેમાં ગણવી તે એક ભુલ છે. કારણ કે ત્યાં અલ્લીશાહે એક મીલકત ખરીદ કરીને તે ઊપર બાંધેલું છે અને બધા થઇને સુમારે એકલાખ ખરચેલા છે, અને એક બીજી મીલકત કરાંચી મધ્યેની હાલના આગાખાને ખરીદ કરેલી છે. અકબરશાહે જે સ્થાવર મીલકતનો ઊપર પ્રમાણે જે કબજો લીધેલો તેની સાથે વળી તેમણે જવાહીર અને રોકડ જે એમના મર્હુમ બાપનું હતું તે ઘણું કબજે લીધેલું છે. અને આ બાબતમાં તેમને હસનઅલ્લીની મહેરબાનીવાળી ઓ અને અકબરશાહાની મા હાજીબેગે મદદ કરેલી છે, તે વખતે અલ્લીશાહા મુંબાઇમાં ન્હોતા. આગળ કહ્યા પ્રમાણે ત્રણે દીકરાઓએ સ્થાવર મીલકતનો પોતપોતાનો કબજો લીધો તે તેમણે રાખેલો છે અને તેઓના પોતપોતાના સ્વતંત્ર કબજામાં તે રહેલી છે. અકબર શાહાના બાપના મર્ણ પછી અકબરશાહે એકલાખ કરતાં વધારે નાણાંની ભારે રકમો ગીરો ઊપર આપેલી છે એવું ખુલ્લી રીતે સાબેત થએલું છે—જુઓ મી. કાલાની સાક્ષી. વળી એવું સાબેત થએલું છે કે તેમણે સરકારી કાગળોનો મ્હોટો જથ્થો ખરીદ કરેલો છે—જુઓ આંક ડી. એચ. ૩૮૪. વળી સાબેત થએલું છે કે તેમના બાપના ઘોડાઓએ જે ગોલ્ડ રેસીંગ કપ્સ જીતેલા તેનો કબજો લીધેલો છે અને ઊલટ તપાસમાં કુચીકને સવાલ પુછતાં પહેલાં તેનો મતલબ તેના સમજવામાં આવ્યો ત્યાર પહેલાં તે કપોમાંનો એક કપ તેમણે પોતાના કબજામાં લીધેલો છે એવું તેમણે કબુલ કરેલું છે. હસનઅલ્લીની મીલકતનો અકબરશાહે જે ઉપયોગ કરેલો તે ઊપરથી અકબરશાહને આ રકમો ફકત મળી શકેલી છે. આંક ડી. એચ. ૨૮ ઊપરથી અમારી પાસે પુરાવમાં એવું છે કે જંગીશાહાના વીલથી બીજી મીલકતની સાથે જુદા જુદા નામોથી જે મીલકતનો તેમણે ઉપયોગ કરેલો એટલે મોગલ મસ્જીદ નજીકનો ચાલ, લેડી હાજીયા બીબીને આપેલો છે; હમામ (ન્હાવાનો ઓરડો) જે સદરહુ મસ્જીદની નજીક છે તે લેડી શાહજાદી બેગમને

આપેલો છે. હસનાબાદ જતાં જે મ્હોટા બંગલો છે તે ઝેનલ આબદીનશાહા અને શમ-શુદીનશાહ અને શાહઆબાસને આપેલો છે.

ડી. એચ. ૧૧ થી વાદીયણે સોગન ઉપર કહેલું છે કે હસનઅલ્લીના મર્ણ વખતે માઊંટ રોડ ઉપર પીરૂલેન મધ્યેની મીલકત અને હમામખાતું હસનઅલ્લીની મીલકત પૈકીનું ન્હોતું. માઊંટરોડ ઉપરની મીલકત જંગીએ પોતાની બચાવેલી રકમમાંથી અને પેદાશમાંથી ખરીદ કરેલી છે. અને હમામખાતું તેમણે બંધાવેલું છે. પરંતુ તેણીની સાહીદીને પાને ૫૨ મે તેણીએ કહ્યું છે કે માઊંટ રોડ મધ્યેનો મ્હોટા બંગલો હસનઅલ્લીએ મ્હારા બાપને આપેલો હતો અથવા મ્હારા બાપે પોતાના ખાનગી નાણાંમાંથી ખરીદ કરેલો હતો તેની મને ખબર નથી. તેણી કહે છે કેઃ—

"હું મ્હારી સાધારણ અકકલથી કહુંછું કે મ્હારા બાપે પોતાના નાણાંમાંથી તે ખરીદ કરેલો છે; કોઇએ મને કહેલું નથી. મ્હારા બાપની મીલકતમાંથી તે ખરીદ કરવામાં આવેલો છે એવું મેં મ્હારી એફીડેવીટમાં કાંઇ કહ્યું નથી. માણસ ભુલને પાત્ર છે. આજ પહેલાં જંગીશાહાને તેમના બાપે આ મીલકત આપેલી હતી એવી સુચના મેં કોઇ દીવસ કરેલી નથી એવું મને યાદ છે તે વીશે હું ભુલી ગયેલછું. તે ફલ થવાથી મેં ચાર એફીડેવીટો કરેલી છે."

હવે હસનઅલીની હયાતીમાં જંગીશાહે પોતાના બાપની મીલકતનો વહીવટ કરેલો એ વીશે કાંઇ શક નથી. (જુઓ પાને ૧૦૬ મે બીબી સાહેબની સાહેદી) અને માઊંટ રોડ ઉપરની આ મીલકત જંગીશાહાના નામ ઉપર હતી એ વીશે કાંઇ શક નથી, પણ આ મીલકત વીશે દસ્તાવેજી પુરાવ છે કારણ કે જંગીશાહા ૨૬ વરસની ઉમ્મરના હતા ત્યારે રૂ ૬૦૦૦૦) માટે ખરીદ કરેલી હતી—જુઓ ડી. એચ. ૮૪, તા. ૨૭ જુન સન ૧૮૭૪ ના રોજનો કાગળ, ડાઘાસ અને લીંચનો કલેકટર ઉપરનો, અને એચ. ૧૩ નું તા. ૧૫ નવેંબર ૧૮૭૪ નું વેચાણખત જેમાં જંગીશાહનું વીચીત્ર રીતે આગાખાનના દીકરા તરીકેનું વર્ણન કરીને તેમને બતાવેલું છે અને તે જંગીશાહને ખટાઉ મકનજીએ કરી આપેલું છે.

હમામખાના વીશે પાને ૧૦૪ મે બીબી સાહેએ કહ્યું છે કેઃ—

"મ્હારો જન્મ થયો તે પહેલાની હમામખાનની મીલકત બાંધેલી છે. હું યાદ કરી શકુછું ત્યારથી તે ત્યાં છે. મેં તે જોયેલી નથી. ફકત તે સાંભળેલી છે. મ્હારા બાપ જંગીના કબજામાં તે હતી એવું મેં સાંભળેલું છે. હું કાંઇ વધારે જાણતી નથી. હસનઅલ્લીની હયાતીમાં તે જંગીના કબજેમાં હતી. જંગીએ તેવું મને કહ્યું હતુ—કોઇ બીજાએ કહ્યું નથી. તે એક નોકર સાથે વાત કરતા હતા તે વખતે તેમણે સહેજ કહેલું હતું કે તે મ્હારા કબજામાં છે. આ કેટલી મુદત ઉપર કહેલું તેની મને ખબર નથી. કોઇ બીજું હાજર નહોતું. જંગીને તે હમામખાતું કેવી રીતે મળ્યું તે હું જાણતી નથી.

અમે બતાવ્યું છે તે પ્રમાણે ડી. એચ. ૧૧ માં વાદીયણે સોગન ઉપર કહ્યું છે કે તે હમામખાતું જંગીએ બાંધેલું હતું, તે હમામખાતું ખોજાઓની દાટવા-

ની જમાના ખુણા ઉપર બાંધેલું છે એવું જણાય છે—જુઓ નકશો ડી. એચ. ૯૬. બીબી સાહેબની સાહેદી ઉપરથી એક બાબત નક્કી ખુલ્લી છે કે સને ૧૯૦૭ માં તેણીના વીચારમાં એવું આવેલું હતું કે માઝગાંવ રોડ ઉપરનો મ્હોટો બંગલો, પીરૂલેન અને હમામખાનાની મીલકત હસનઅલ્લીની છે કારણ કે મ્હારા એટર્નીઓએ લખ્યું હતું કે તે મીલકતમાં મારૂં હીત છે (જુઓ આંક ડી. એચ. ૪૫). જે વખતે તે કાગળ લખવામાં આવેલો હતો તે વખતે તેણીના વીચારમાં એવું આવેલું હતું કે તે ત્રણે મીલકતો હસનઅલ્લીની છે. અલેક તાજે પાને ૨૫૦ મેં પોતાની સાહેદીમાં કહ્યું છે કે જંગીશાહે પોતાના નાણાંથી આ ત્રણે મીલકતો ખરીદ કરેલી છે, અને તેમના કબજામાં હસનઅલ્લીની હયાતીની વખતથી છે. તેણીએ કબુલ કર્યું છે કે મ્હારો તે ઉપર કાંઈ દાવો નથી પણ મ્હારા છોકરાનો છે. તોપણ તેણીએ કહ્યું છે કે જે વખતે ડી. એચ. ૪૫. લખવામાં આવેલું તે વખતે મ્હારા છોકરાને માટે આ ત્રણે મીલકતો ઉપર દાવો કરવાને મેં ઇરાદો રાખેલો હતો.

પાને ૫૬ મેં પીરૂલેન મધ્યેની મીલકત સંબંધી વાદીયણે કહ્યું છે કેઃ—

"પીરૂલેન મધ્યેની મીલકત મેળવેલી છે કારણ કે તે મ્હારા બાપના કબજામાં હતી એવું મને યાદ છે તે ક્યારે મેળવેલી હતી તે મને યાદ નથી. મ્હારા બાપે ખરીદ કરેલી હતી અથવા તેમને તેમના બાપે આપેલી હતી તે હું કહી શકતી નથી. સન ૧૮૬૧ પહેલાં તો તે ખરીદ કરેલી હતી તે હું જાણતી નથી. પરેલ રોડ અને જેલ રોડના ખુણા ઊપર તે છે તે હું કહી શકતી નથી. તે જેલ અથવા ઈમામવાડાનો રસ્તો કહેવાય છે."

બીબી સાહેબ કહે છે કે તે ખરીદ કરેલી હતી પણ ક્યારે તે હું જાણતી નથી. તે જંગીની છે એવું કહેવામાં આવતું હતું તે મેં સાંભળેલું છે. તેણીને કોણે કહેલું અથવા કોણ હાજર હતું તેની તેણીને યાદ નથી, તેમ તેણીને ક્યારે કહેવામાં આવેલું તેની તેણીને યાદ નથી. તેણીને જંગીના મર્ણ પહેલાં કહેવામાં આવેલું હતું પણ તે કેટલી મુદત ઊપર તે, તે કહી શકતી નથી. હસનઅલ્લીના મર્ણ પહેલાં કે પછી તે યાદ રાખી શકતી નથી. પીરૂલેનવાળી મીલકત કોની છે તે તેણી જાણતી નથી. પણ ડી. એચ. ૯૮ વાળા નકશા અને દસ્તાવેજના ડી. એચ. ૧૦૦ વાળા મુસદ્દામાં તે મીલકતના વર્ણનમાં તેની દક્ષીણમાં શાહા હસનઅલ્લી, મહમદહુસન ઉર્ફે આગાખાનની મીલકત બતાવેલી છે તે ઉપરથી જણાય છે કે તા. ૩૦ અકટોબર સન ૧૮૬૧ પહેલાં તે આગાખાનની મીલકત તરીકે જાણવામાં આવેલી હતી તે કારણસર આ દસ્તાવેજ દાખલ કરવા લાયક છે તે નીંગાવા વી. બારમ આપા (૧૮૯૭. ઇં. લો. રી. ૨૩. મુંબાઇ. ૬૩) ના ઠરાવ પ્રમાણે પુરતું છે એમ અમારી નજરમાં આવે છે. આંક ડી. એચ. ૧૧૭ વાળી મ્યુનીસીપલ બુક છે તે ઉપરથી એવું જણાય છે કે આ પીરૂલેનની આસપાસની તમામ મીલકત મહમદ શાહબુદીન પીલનકરના નામ ઉપર હતી અને સન ૧૮૮૧ માં ડી. એચ. ૧૧૪ પીરૂલેન આગાખાનના નામ ઉપર છે, અને કલેકટરની બુકો ઉપરથી જણાય છે કે તેનો નાનો ટુકડો પીલનકરના નામ ઉપરથી લેવામાં આવેલો નથી.

મી. ઈનવેરીટીએ કહ્યું છે કે આ ત્રણે મીલકતો હસનઅલીની માલકીની છે અને ફારકતી વખતે યોગ્ય રીતે ગણવામાં આવેલી છે તે અમારા અભિપ્રાય પ્રમાણે વાજબી છે.

તે ફારકતી તૈયાર કરીને લખી આપવામાં આવી તે વીશેનો પ્રત્યક્ષ પુરાવ સમશુદીનની, નંબર ૧ ના પ્રતિવાદીની અને મી. કોલાની સાક્ષીમાં છે. આ ગ્રહસ્થોની સાહેદી અમે લંબાણથી બતાવીએ છીએ.

સમશુદીન કહે છે કે જુન સન ૧૯૦૧ ની આખરના અરસામાં મ્હારા બાપના વારસોને મ્હારા બાપની મીલકત વહેંચી આપવાનો વીચાર મેં કરેલો હતો. તે વીશે વાદીને જઈને હું મળ્યો હતો અને તેણીએ મને પુછ્યું હતું કે ઝેનલ આબદીનના છોકરાને તમે શું આપવાના છો. તેણે તેણીને કહ્યું હતું કે અમારા બાપ પહેલાં ઝેનલ આબદીન ગુજરી ગએલા છે તેથી કાયદા મુજબ તેમના છોકરાનો કોઇ પણ બાબત હકક થએલો નથી. તેઓની બાબત કાંઈ બંદોબસ્ત કરવાને તેણીએ તેમને કહ્યું હતું. તેમણે કહ્યું કે જો તમે પોતાના હીસ્સા તરીકે પીરૂલેનવાળી મીલકત લઇને અને જંગીના મર્ણ પછી તેણીને પોતાના ધણી મુચુલ તરફથી જુદી જુદી રકમો મળેલી છે તેથી તમો સંતોષ થાઓ તો તેઓને એક હીસ્સો આપવાને હું ખુશીસ્થું. (જુઓ આંક ડી. એચ ૧૪૦) આ નાણાંનો હીસાબ સમશુદીન માગવાના ન્હોતા, અને તેણીને "પીરૂલેન" વાળી મીલકત મળવાની હતી. તેણીએ કહ્યું કે ઝેનલ આબદીનના છોકરાઓને જો તમે પ્રથમ હીસ્સો આપો તો હું કબુલછું. પણ તેને ના કહી, કારણ કે જો તે પછી વાદી સુલ્તાનના તમામ વારસો પોતાનો સંપુર્ણ હીસ્સો માગે તો મને નુકશાન થાય. તેણે કહ્યું કે તેણી પીરૂલેન વાળી મીલકત અને બીજા પૈસા લઇને જંગીની મીલકતની ફારકતીના આકારમાં એક દસ્તાવેજ કરી આપે તો તે ઝેનલ આબદીનના છોકરાઓને એક ભાગ આપે. કેવા પ્રકારનો દસ્તાવેજ તેણીની પાસે લખાવી લેવાને તેને જોઇએ છે તે લાવીને તેણીને બતાવવાને તેણીએ કહ્યું હતું. તે ઉપરથી ડી. એચ. ૧૪૧, ડી. એચ. ૧૪૨, અને ડી. એચ. ૧૪૪ વાળા પત્રો તેમની અને એટર્નીઓ પેન, ગીલ્બર્ટ, સયાણી અને મુસની વચમાં ચાલેલા છે. ડી. એચ. ૧૪૪ મળ્યા પછી તરત એચ. ૧૫ અને ડી. એચ. ૧૪૩ સાથે તેજ રોજ તે વાદીયણ પાસે ગયો. તે તેણીને મલેક તાજબેગમના ઘરમાં મળ્યો હતો.

એડવોકેટ જનરલે તે વાદીયણની ઉલટ તપાસ કરેલી છે તે પાના ૭૩ અને ૭૪ જોતાં, અને તેનો મુકાબલો સમશુદીનની સાક્ષી જે હમણાંજ અમે જણાવેલી છે તે સાથે તથા છાપેલી અપીલબુકને પાને ૧૫૪ અને ૧૫૫ મેં સમશુદીનની એફીડેવીટની કલમ ૧૨ અને ૧૩ સાથે મુકાબલો કરતાં આ મુલાકાત વીશે વાદીયણે તથા કુચીકે જે હકીકત બતાવેલી છે તે કરતાં સમશુદીનની કહેલી હકીકત ઉપર વધારે ભરસો રાખવાને અમારી નજરમાં આવે છે. આંક એચ. ૧૫ વાળો "પીરૂલેન" વાળી મીલકતના વેચાણ ખતનો મુસદો અને તે નીચે મુખત્યારનામુ વાદીયણને આપીને વાદીયણને ઠગવાને સમશુદીને અગષ્ટ સન ૧૯૦૧ માં અજમાવેલું હતું એવું બતાવવાને એક પ્રયત્ન કરેલો છે. વાદીયણ તથા કુચીકના કહેવા પ્રમાણે કીકેટ મેચના વખતના અરસાની મુદત કુચીકે યુક્તીથી ઠરાવેલી હતી. પણ અમારી ખાત્રી થએલી છે કે સમશુદીન અને વાદીયણની

વચમાં તકરારી મુલાકાત જુન સન ૧૯૦૧ માં થએલી હતી. અને આગાખાન કાંઇ મોલકત જંગીની મીલકતને આપવાને કબુલ કરશે એવા સમશુદ્દીનના કાંઇ વીચાર કરતા પહેલાં તે થએલી હતી.

ડી. એચ. ૧૪૧ તા. ૩૦ જુન સન ૧૯૦૧ ના રોજના તથા ડી. એચ. ૧૪૨ તા. ૨ જુલાઇ સન ૧૯૦૧ ના રોજના પત્રો પેન અને કંપનીએ સમશુદ્દીનને લખેલા છે. પછી "પીરૂલેન" વાળી મીલકતનો વેચાણખતનો મુસદ્દો છે. (ડી. એચ. ૧૪૩). પછી ડી. એચ. ૧૪૪ છે તે ઉપરથી જણાય છે કે તે વેચાણખતનો મુસદ્દો સમશુદ્દીન તથા તેમના એટર્નીઓએ તા. ૨૩ જુલાઇ સન ૧૯૦૧ ના રોજ મોકલેલો હતો. તેમને પુનામાં તા. ૨૪ જુલાઈ સન ૧૯૦૧ ના રોજ તે મળેલો હતો, અને આગાખાનને કહેવામાં આવેલું તે પહેલાં એક અઠવાડીયા કરતાં વધારે મુદ્દત ઉપર તે વાદીયણને મળવાને ગયા હતા. તે વખતે નંબર ૧ ના પ્રતિવાદી પાસેથી કાંઇ પણ મેળવવાનું સમશુદ્દીનના મનમાં આવેલું 'હોતું' એવું જણાય છે.

અમારી નજરમાં આવે છે કે ઝેનલ આબદીનના ન્હાનાં છોકરાને માટે કાંઈ મેળવવાને વાદીયણ આતુર હતી એ વીશે કાંઇ શક નથી. તા. ૩૦ જુન સન ૧૯૦૧ ના રોજ તેમના પોતાના એટર્ની ઉપરના પત્રથી વાદીયણની મરજી ઝેનલ આબદીનના છોકરાને હીસ્સો આપવાની હોય તો તેણીના લાભમાં ફારકતી લખી આપવાનું તથા તેણીને પીરૂલેનવાળી મીલકત વેચાણ લખી આપવાને સમશુદ્દીને માગેલું હતું, જો તેણી ઝેનલ આબદીનના છોકરાઓને એક ભાગ આપવા ઇચ્છતી હોય તો તેણી પીરૂલેનવાળી મીલકત લે એવું તેણે વાદીયણને કહેલું એવા સમશુદ્દીનના પુરાવને તેથી મજબુત ટેકો મળે છે. હવે જુલાઇ આખરે નંબર ૧ ના પ્રતિવાદી સાથે સમશુદ્દીનને મુલાકાત થએલી તે અમે બતાવીએ છીએ. (પાને ૧૧૨-૧૧૯ મેં નામદાર સાહેબે તે પુરાવ વાંચીને કહ્યું છે).

નંબર ૧ ના પ્રતિવાદી કહે છે કે જુલાઇ સન ૧૯૦૧ ની આખરના અરસામાં જ્યારે પુના નજીકના મ્હારા મકાનમાં હું હતો ત્યારે સમશુદ્દીન ત્યાં આવેલા હતા અને તેમણે બીજી હકીકત સાથે કહ્યું હતું કે મ્હારા બાપની મીલકત મ્હારા બાપના વારસોને વહેંચી આપવી છે. તે વારસોમાં આગાખાનની વહુ પણ એક વારસ છે. સમશુદ્દીને પોતાના બાપની મીલકત કેટલી કીમતની છે તેનો તેમને કાંઇક વીચાર બતાવ્યો હતો અને કહ્યું હતું કે વાદીયણને "પીરૂલેન" વાળુ મકાન અને નંબર ૧ ના પ્રતિવાદીની ઓરતને હમામખાનું આપવાનો મ્હારો વીચાર છે, કારણ તે બેઉ સ્ત્રીઓ તે વખતે તે બેઉ મીલકતનું ભાડું લેતી હતી. પછી સમશુદ્દીને એવી સુચના કરી છે કે નંબર ૧ ના પ્રતિવાદીએ મઝગામ મધ્યેની જે મીલકત જંગીના કુટુંબના કબજામાં હતી તે જંગીની મીલકત માટે છોડી દેવી જોઇએ. આ ઉપરથી નંબર ૧ ના પ્રતિવાદીને કાંઇક અચંબો લાગેલો હતો, અને તેમણે પુછ્યું કે શા વાસ્તે. તે ઉપરથી સમશુદ્દીને કહ્યું કે હસનઅલ્લીના મર્યું પછી અલીશાહે અને અકબરશાહે, જંગીએ ઉપયોગમાં લીધેલી તે કરતાં વધારે ઉપયોગમાં લીધેલી છે. નંબર ૧ ના પ્રતિવાદીએ સમશુદ્દીનને કહ્યું કે જંગી અને અકબર અને દરેક શખસના જાણવામાં આવ્યું તે પહેલાં આઠ વર્ષથી આગાખાનની મીલકતનો બધા ભાગો

મુંબાઈમાં અલ્લીશાહ વાપરતા હતા તે નંબર ૧ ના પ્રતિવાદીના નામે ચડાવી આપવામાં આવેલા છે અને જંગીશાહાનો કાંઇ દાવો હોય તો તેને લાંબા વખતથી મુદતની હરકત થએલી છે તે હું સંપુર્ણ રીતે સારી પેઠે જાણું છું. અને ધારો કે મહેરબાની અને ઉદારતાથી નંબર ૧ ના પ્રતિવાદીએ જંગીને જે રકમો આપેલી છે તે વીચારમાં લેતાં લાંબી મુદતથી અલ્લીશાહા અને નંબર ૧ ના પ્રતિવાદીએ પાછી આપેલી છે. આ બાબત તો તે કહે છે કે સમશુદીને એવો જવાબ આપ્યો કે હું તમારા સારા સ્વભાવના હેતને અરજ કરૂંછું અને સુચના કરેલી છે કે મઝગામ મધેના ત્રણ મકાનો, એક રોકડ રકમ તે કેટલી તે વખત કહેવામાં આવેલી નથી તે જંગીની મીલકતને આપવી જોઇએ. પછી નંબર ૧ ના પ્રતિવાદીએ કહ્યું છે કે તેમણે પોતાના એટર્ની સાયાણીની સલાહ લીધેલી હતી તે પછી તેમણે સમશુદીનને કહ્યું હતું કે જંગીની મીલકતનો હું યોગ્ય રીતે વહીવટદાર થાઊં નહી ત્યાં સુધી તે બાબતનો વીચાર હું કરવાનો નથી. તે વહીવટપત્ર બાબતની અરજ કરવાથી સમશુદીનને તે (એચ. ૨ અને ૩) આપવામાં આવી ત્યાર પછી પહેલી મુલાકાત પછી આશરે ચાર અઠવાડીયા પછી તે મુંબાઈમાં નંબર ૧ ના પ્રતિવાદીને ફરીથી મળવા આવેલા હતા. એકલા અલ્લીશાહે જે મીલકત ઉપયોગમાં લીધેલી તે મીલકતની કીમત વીશે વહીવટદારની સલાહ લેવામાં આવેલી હતી. અને તેમણે આશરે આઠ લાખ રૂપીયાની કહેલી હતી. સમશુદીને કહ્યું કે તેમના બાપે જે મીલકત ઉપયોગમા લીધેલી તે મીલકત રૂ ૯૦૦૦૦) ની કીમતની હતી અને તેમણે જંગીનો મીલકતનો હીસ્સો ૨½ લાખ સુધીનો ગણેલો હતો. પછી એવી ગોઠવણ કરવામાં આવેલી હતી કે જંગીના કુટુંબના કબજામાં જે ત્રણ મકાનો હતા તે અને રૂ ૪૦૦૦૦) ની એક રકમ આગાખાને જંગીની મીલકતને આપવી, અને સાયાણી જેવી ફારકતી તૈયાર કરે તેવી એક ફારકતી લખી આપવી અને તેમણે ફારકતી તૈયાર કરવાનું સરવે કામ એડવોકેટ જનરલ અને તેમના એટર્ની સાયાણીને માટે રાખેલું હતું. તેમણે તે ફારકતી સાથે જોડેલા પરીશીષ્ટમાં કહેલી માઊંટ રોડવાળી મીલકત અને હમામખાનું શા વાસ્તે બતાવેલું નથી તેનું કારણ એવું કહ્યું છે કે સાયાણીએ કહ્યું કે માઊંટ રોડવાળી મીલકત જંગીના નામ ઉપરજ છે અને તેમાં જો તે બતાવવામાં આવે તો તેથી હકકની બાબતમાં હરકત થાય છે, અને હમામખાનું ખોજાઓની દાટવાની જગા ઉપર બાંધેલું છે અને તે નંબર ૧ ના પ્રતિવાદીની ઓરતના કબજામાં છેજ માટે સાયાણીએ કહ્યું કે તે છોડી દેવું જોઇએ. તે ફારકતીનો એડવોકેટ જનરલે મુસદો કરેલો અને તે નકકી કરેલી હતી અને સમશુદીનના પોતાના એટર્ની મી. કોલા હતા. તે લખી આપવામાં આવી એટલે કોલા અને સાયાણીની રૂબરૂ રૂ ૪૦૦૦૦) નો ચેક નંબર ૧ ના પ્રતિવાદીએ સમશુદીનને આપેલો હતો, અને જે મીલકત લખી આપેલી છે તેની કીમત આશરે એક લાખ રૂપીયાની નંબર ૧ ના પ્રતિવાદી કરે છે. મ્યુનિસીપાલ બુકોમાં તેમના નામ ઉપરથી સમશુદીનના નામ ઉપર ચઢાવેલી હતી અને તે ફારકતી પછી સમશુદીને જકાત અને કરો ભરેલા છે.

પણ તે પુરાવનો આધાર ફકત આ બે સાક્ષીઓ ઉપર નથી. કારણ કે તે ફારકતી સંબંધી આ કોર્ટના એક એટર્ની મી. કોલાએ સમશુદીન તરફથી કામ કરેલું છે તેઓ

તેમણે અમારી રૂબરૂ સાક્ષી આપેલી છે, અને મી. કોલાએ જે સાક્ષી આપેલી છે તેથી ઘણોજ સારો અમને અસર થએલો છે, અને તેમણે દરેક શબ્દ કહેલો છે તે અમે માનીએ છીએ એમ કહેવાને અમે આનાકાની કરતા નથી. તે કહે છે કે સપ્ટેંબર સન ૧૯૦૧ માં સમશુદીન ફારકતીનો એક મુસદો મ્હારી પાસે લાવ્યા હતા. તેની ડી. એચ. ૧૪૫ વાળી અમારી ઓફીસ કાપી છે, અને સાયાણીએ તેમને મ્હારી પાસે આવવાને સલાહ આપી હતી અને સમશુદીન ઘણી ઉતાવળમાં હતા. મી. કોલાએ પોતાનો પહેલો કાગળ તા. ૧૦ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજ લખેલો હતો. બીજો કાગળ જે હ. ૧ માં છે તેનો જવાબ તેજ રોજ તેમને મળેલો હતો. ૩ જો કાગળ હ. ૧ માં છે તેથી સાયાણીની ઓફીસમાં મળવાનો વખત નીમ્યાનો છે. ત્યાં જતા અગાઉ તેમણે સમશુદીન સાથે તે ફારકતીનો મુસદો કેવી રીતે તપાસેલો હતો અને તે ફારકતીમાં જુદી જુદી બાબતો લખેલી છે તે વીશેનું તેમણે વર્ણન કરેલું છે. તેનો પુરાવો પહેલા પ્રતિવાદીની હકીકતને મજબુત કરે છે. પછી મુસદાની નકલ હ. ૬ વાળી છે તેમાં કરેલા ફેરફાર છે અને તે બાબત તેમણે શું કરેલું તે વીશે તેમણે વર્ણન કરેલું છે, અને તે કહે છે કે માઉંટ રોડવાળી મીલકતનું વેચાણખત જંગીના નામથી કરાવેલુંજ છે એવું સાયાણીએ મને કહેલું હતું અને કાયદા પ્રમાણે તે મીલકત જંગીની થએલી હતી માટે આગાખાન પાસેથી તેનું વેચાણખત લખાવવું અઘટીત થાય છે. હમામખાના વીશે ધર્મના કારણથી સાયાણીએ હરકત લીધી એમ હું સમજેલો હતો, કારણ કે તે ધર્મ સંબંધી મીલકત છે માટે તેમા દાખલ કરવાનું મ્હારી નજરમાં દુરસ્ત આવેલું ન્હોતું. અને એડવોકેટ જનરલે અમુક શબ્દો (જુઓ ડી. એચ. ૧૬૫) ને તેમને કબુલ કરવા પડેલા છે તે કેવી રીતે દાખલ કરેલા છે તેનું તેમણે વર્ણન કરેલું છે. તે સાયાણીને મળ્યા પછી બીજે દીવસે તા. ૧૧ સપ્ટેંબરના રોજ તે સમશુદીનને મળ્યા અને તેમણે પોતાની અને સાયાણીની વચમાં જે બનેલું હતું તે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમને બતાવેલી હકીકત ઉપરથી જે ગોઠવણ કરવામાં આવેલી તે જંગીની મીલકતને ઘણી ફાયદા ભરેલી હતી. મને સમશુદીને જે સમજાવેલું હતું તે એ હતું કે તે મીલકત તરફથી તે કામ કરે છે, કારણ કે જેમ બને તેમ જલદીથી તે ગોઠવણનો અમલ કરવાને તે ઘણા આતુર હતા. પછી તેમણે તે ફારકતી કેવી રીતે નંબર ૧ ના પ્રતિવાદીએ લખી આપી અને રૂ ૪૦૦૦૦) નો એક ચેક સમશુદીનને આપ્યો તેનું વર્ણન કરેલું છે. તે ફારકતી ખોટો દસ્તાવેજ છે અને તે પ્રમાણે ચાલવાનું નથી એવું અમારે માનવાને કાંઇ પણ કારણ નથી. પછી તેમણે કહ્યું છે કે સમશુદીન તરફથી જે ઉતાવળ કરવામાં આવતી હતી તેજ ફક્ત અમને લાગતી હતી. પણ ઉલટ તપાસમાં તે કહે છે કે સમશુદીને કારણ બતાવ્યું ત્યાર પછી તેમને અસાધારણ લાગેલી ન્હોતી. તે ઉતાવળનું કારણ કાગળપત્રના વ્યવહાર ઉપરથી જણાય છે. સમશુદીનની મરજી મુંબઇ છોડવાની હતી. તે ઉતાવળ બાબત મી. કોલાએ એક બીજું કારણ બતાવ્યું છે અને તે એ હતું કે ગોઠવણ એવી ફાયદા ભરેલી હતી કે આગાખાનને પોતાનું મન ફેરાવવાનો વખત મળે નહી; કરણ કે સમશુદીને એવું કહેલું મ્હારા સમજવામાં છે કે જે આપવામાં આવે છે તે મહેરબાની તરીકે આપવામાં આવે છે, માટે હરકોઇ વખતે આગાખાન પોતાનું

મન ફેરવી શકે છે. જો એક બક્ષીસ હોય તોપણ આગાખાન પાછા હઠી શકે છે.

તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજ તે ફારકતી લખી આપેલી છે. તે દસ્તાવેજમાં એવો મજકુર લખ્યો છે કે (૧) સન ૧૯૮૧ માં ત્રણ વીધવાઓ, ત્રણ દીકરા, ત્રણ દીકરીઓ અને મુંબાઈ, પુના, બેંગલોર અને કરાંચીમાં મીલકત મુકી હસનઅલ્લી મર્ણ પામેલા છે. (૨) તે સાથે જોડેલા અ. પરીશીષ્ટમાં બતાવેલી મીલકતનો કબજો અલ્લીશાહે લીધો છે. પણ તે સાથે બ. પરીશીષ્ટમાં બતાવેલી મીલકત એટલે પીરૂલેનવાળી મીલકત જે જંગીશાહાએ કબજે લીધી હતી તે શીવાયની મીલકતનો કબજો અલ્લીશાહે લીધેલો હતો; (૩) અલ્લીશાહ તા. ૧૭ અગષ્ટ સન ૧૮૮૫ ના રોજ મર્ણ પામેલા છે. (૪) અ. વાળી મીલકતનો (બ. વાળી મીલકત અહીંયાં દેખીતી ભુલથી બાતલ કરેલી નથી.) વહીવટ નંબર ૧ ના પ્રતિવાદીની માનો હતો. (૫) તે મીલકતનો કબજો નંબર ૧ ના પ્રતિવાદીએ લીધો હતો. (૬) અ. વાળી તમામ મીલકત નંબર ૧ ના પ્રતિવાદીના નામ ઊપર ચડાવેલી હતી. (૭) તે મીલકતનો કબજો એકલા નંબર ૧ ના પ્રતિવાદીનો હતો. (૮) બીબી તાજમા, જંગીની બહેન, અને તેમની માના મર્ણ તેમના એક વારસ તરીકે જંગીને મુકીને થએલાં હતાં. (૯) હસનઅલ્લીના મર્ણ પછી બ. વાળી મીલકત જંગીના સ્વતંત્ર કબજામાં હતી. (૧૦) બ. વાળી મીલકતનો કબજો સમશુદીને લીધેલો હતો. (૧૧) તા. ૨૮ અગષ્ટ સન ૧૯૦૧ ના રોજ જંગીની મીલકતના વહીવટપત્ર બાબત સમશુમદીને અરજી કરેલી હતી. (૧૨) નંબર ૧ ના પ્રતિવાદી તકરાર કરે છે કે અ. પરીશીષ્ટમાં વર્ણન કરેલી મીલકત ઊપર જંગીનો તે મીલકતમાં કાંઇ દાવો નથી તેમ તેમની મીલકતનો પણ કાંઇ દાવો નથી, અથવા હસનઅલ્લીની મીલકત ઊપર તેમનો કાંઇ દાવો નથી, કારણ કે તેને મુદતની હરકત થએલી છે. (૧૩ તે વીશે સમશુદીને કબુલાત કરેલી છે. (૧૪) તે કુટુંબના જુદા જુદા અંગભુતોને જંગીશાહા સુધાંતને જે નાણાં આપેલાં છે તે એલાવન્સો, ખોરાક અને રહેવાનાં મકાનો આપેલાં છે તે એક રહેમીયત અને મહેરબાની તરીકે છે અને કાંઇ રીવાજ અથવા શીરસ્તા પ્રમાણે હકક તરીકે નથી. (૧૫) અ. માં બતાવેલી ત્રીજી મીલકતનો ભાગ સી. માં બતાવેલો છે તે વહીવટદાર તરીકે સમશુદીનને તથા તેમને રૂ ૪૦૦૦૦) ની રકમ આપવાને નંબર ૧ ના પ્રતિવાદીએ કબુલ કરેલું છે. સ્ટેંપના કારણસર સી. વાળી મીલકત એક લાખ રૂપીયાની ગણેલી છે. તે વેચાણખત ઉપરથી એવું પુરવાર થાય છે કે અ. માં ત્રીજી વર્ણન કરેલી મીલકતનો ભાગ તે સી. વાળી મીલકત તે નંબર ૧ ના પ્રતિવાદીએ સમશુદીનને આપેલી છે, તેના તથા રૂ ૪૦૦૦૦) ની રકમના અવેજમાં જંગીશાહાના વારસોમાંના એક વારસ અને વળી એક વહીવટદાર તરીકે પોતાના હકકથી નંબર ૧ ના પ્રતિવાદીને અને તેમની મીલકત વીગેરેને ફારકતી આપેલી છે, અને સમશુદીનને અ. માં વર્ણન કરેલી મીલકતનો જે ભાગ વેચાણ આપેલો તે શીવાયની સદરહુ અલ્લીશાહા અને હસનઅલ્લીની અ. પરીશીષ્ટમાં બતાવેલી મીલકત સુધાંતની મીલકત હસનઅલ્લીના એક વારસ તરીકેનો અથવા પોતાની બહેન અથવા મા તરફથી તે મીલકતમાં મળેલા હીતથી જંગીની મીલકતના તમામ દાવા અને માગણીઓમાંથી છુટી કરેલી છે. આ ફારકતીથી મરનાર જંગી-

શાહાના જે હક્ક થઈ ગએલા અથવા હાલ કાંઇ તરહના અથવા સરતી મરનાર હસન-અલ્લી તથા મરનાર અલ્લીશાહાની મીલકત અને છેવટે આગાખાનને તથા તેમના મીલકત ઉપર જે હક્ક હોય તે સંબંધી સંપુર્ણ રીતે ફારકતી આપેલી અને તેથી તે મોકળી કરેલી થાય છે અને છેવટે બ. પરિશીષ્ટમાં બતાવેલી બધી જમીન વીગેરે ઉપરના તમામ હક્ક, હીત આગાખાને સમશુદીનને આપીને છોડી દીધા છે. જે મજકુરો છે તે વીશે એમ અવલોકન કરવાનું અમારી નજરમાં આવે છે કે મી. સાવાણી તે બાબત વીશે બધું જાણે છે, તેમણે તે રજુ કરેલા છે અને તે દાખલ કરવા સાથે નંબર ૧ ના પ્રતિવાદીને ખરી રીતે કાંઇ નિસબત નથી.

અમારી રૂબર જે પુરાવ છે તે જોતાં આ ફારકતી ખોટી છે, અને નંબર ૧ ના પ્રતિવાદી અને સમશુદીનની વચમાં કપટથી ઉભી કરેલી છે એવું કહેવાને અમારા મનમાં આવી શકતું નથી. તે વીશે નક્કી કાંઇ છુપાવવામાં આવેલું નથી. એડવોકેટ જનરલે તેનો ફાચો કરેલો હતો, અને જે કારણોથી તે વિશે હરકત લેવામાં આવે છે તે કારણો અમને બીલકુલ માલમ પડી શકતા નથી. આ કામમાં વાદિયણે દાવા અરજી દાખલ કરી ત્યાં સુધી તે વીશે કાંઇ હરકત લીધેલી નથી. તેણીએ કબુલ કર્યું છે કે મેં જાન્યુઆરી સન ૧૯૦૨ માં તે જાણેલુ હતું. જુઓ એચ. ૭ માં તા. ૨૫ જાન્યુઆરી સન ૧૯૦૨ ના રોજનો તેણીના એટર્નીનો પત્ર. તા. ૨૦ સપ્ટેંબર સન ૧૯૦૫ ના રોજ તેણીએ પોતાની દાવા અરજીમાં, સોગન ઉપર ઈકરાર કરેલો છે. તે જણાવતી હતી કે ફરામજીની ડાયરી જો પુરાવમાં દાખલ કરવામાં આવશે તો મુદતના કારણથી તેણીનો દાવો રદ જશે.

તે ફારકતી રદ કરવાના તેણીના સમશુદીન ઉપરના દાવાને ખુલ્લી રીતે હરકત થએલી છે. મુંબાઇમાંથી નંબર ૧ ના પ્રતિવાદી ગેરહાજર હતા તે મુદતમાંથી કહાડી નાંખવું જોઇએ, પણ તેથી તેમના ઉપરના દાવાને મુદતની હરકત છે એમ અમારી નજરમાં આવી શકતું નથી. આ નવીન બાબત એટલે જ્યારે બે સખસો ઉપર કપટનો આરોપ રાખેલો હોય અને તેમાંના એક ઉપરના દાવાને મુદતની હરકત થએલી હોય તો બીજો જે સખસ મુંબાઇ વીગેરેમાં હાજર હોય તેને તે કાયદો લાગુ થતો ના હોય તે બીજા વિરૂદ્ધ દાવો ચાલે કે નહી તે વીશે કાંઇ આધાર બતાવેલો નથી, તોપણ આ નવીન બાબતનો નિર્ણય કરવાની અમારે જરૂર નથી, કારણ કે અમારા અભિપ્રાયમાં આવે છે કે ગુણદોષ ઉપર નંબર ૧ ના પ્રતિવાદી અથવા સમસુદીન ઉપર વાદીયણનો કાંઇ દાવો નથી.

દાવા અરજીની કલમ ૧૫ મીમાં બીજી હકીકત સાથે સ્પષ્ટ રીતે કહેલું છે કે તે કુટુંબના કહેવામાં આવેલા કેટલાક અંગભુતોને એલાવન્સ આપેલાં છે અને તેઓએ લીધેલાં છે તે વારસો તરીકે તેઓનો જે હક્ક થએલો અથવા થાય તેના ભાગ તરીકે અથવા તે પેટે આપેલાં અને લીધેલાં છે.

જંગીશાહા અને તેમની મીલકતને એલાવન્સોની જે રકમ મળેલી છે તે નીચેના પત્રક ઉપરથી જણાય છે:—

જંગીશાહાને મે સન ૧૮૮૧ ના માસથી મે સન ૧૮૯૪ એટલે પોતાની મા મરીયમખાનમના મર્ણ સુધી (૧૩ વર્ષ) દર માસે રૂ. ૬૭૭) પ્રમાણે એલાવન્સ તરીકે મળેલી રકમના. રૂ. ૧,૦૫,૬૧૨

મે સન ૧૮૯૪ થી મે સન ૧૮૯૬ સુધી જંગીશાહાને પોતે ગુજરી ગયા ત્યાં સુધી (૨ વરસ) ના દર માસે રૂ ૭૭૭) પ્રમાણે એલ ાન્સ તરીકે મળેલી રકમ. રૂ. ૧૮૫૪૮

ખોરાક અને જોઈતી વસ્તુ ૧૫ વર્ષ સુધી નંબર ૨૪ ના સવાલના જવાબમાં હાજી બીબીએ કબુલ કરેલું તે મુજબ જંગીશાહાને આપેલું તેના રૂ ૨૦૦૦) પ્રમાણે. રૂ. ૩,૬૦૦૦૦)

જાન્યુઆરી સન ૧૮૯૬ થી જુન સન ૧૮૯૬ સુધી દર માસે રૂ ૨૦૦) પ્રમાણે એલાવન્સ તરીકે સમશુદીને જે રકમ લીધેલી તે. રૂ. ૧૨૦૦)

જુલાઈ સન ૧૮૯૬ થી માર્ચ સન ૧૮૯૭ સુધી દર માસે રૂ૩૦૦) પ્રમાણે એલાવન્સ તરીકે સમશુદીને લીધેલા તે. રૂ. ૨,૭૦૦

એપ્રીલ સન ૧૮૯૭ થી અગષ્ટ સન ૧૯૦૧ સુધી દર માસે રૂ ૭૭૭) પ્રમાણે એલાવન્સ તરીકે સમશુદીને લીધેલી રકમ રૂ. ૪૧,૧૮૧)

જંગીશાહાની વીધવાએ સન ૧૮૯૬ થી સન ૧૯૦૧ સુધી એલાવન્સ તરીકે લીધેલી રકમ. રૂ. ૪,૮૦૦

સન ૧૮૯૬ થી સન ૧૯૦૧ સુધી. દર માસે રૂ ૧૫૦૦) પ્રમાણે સમશુદીનને ખોરાક અને જરૂરીયાત વસ્તુઓ આપેલી તેના. રૂ. ૯૦,૦૦૦

હાજી બીબીએ નંબર ૨૭ ના સવાલમાં કબુલ કરેલું છે તે પ્રમાણે તેણીને ખોરાક અને બીજી જરૂરીયાત વસ્તુઓ સન ૧૮૯૬ થી તે સન ૧૯૦૧ સુધી આપેલો તેના દરમાસે રૂ ૧૨૦૦) પ્રમાણે. રૂ. ૭૨૦૦૦)

રૂ. ૬,૯૬,૦૪૧

નોટ;—ઝેનલ આબદીને એલાવન્સ અને ખોરાક અને બીજી જરૂરીયાત ચીજો તરીકે જે લીધેલું તે આ હીસાબમાં ગણવામાં આવેલું નથી.

તેમ જકાત અને કર આગાખાને ભરેલા તે પણ હીસાબમાં આવેલું નથી. તેમ હસનઅલ્લીએ મુકેલી મીલકત વહેંચણ કરવામાં આવે તો તે ગણવી પડે. તે મીલકત, રીપેર કરાવ્યા વીશે તથા તે ઉપર નવી ઇમારતો કરવામાં આવેલી તે પણ હીસબમાં ગણેલી નથી. બીજી બાજુ તરફ સન ૧૮૮૧ માં હસનઅલ્લી ગુજરી ગયા ત્યારથી તે સન ૧૯૦૧ માં ફારકતી થઇ તે તારીખ સુધી તે હાસાબે આપેલી રકમો વસુલ ના હોય તો વીશ વર્ષ કરતાં વધારે મુદત વીતેલી છે.

આ ઊપરથી અમને એવું જણાય છે કે જંગીશાહાની મીલકતને જોઇએ તે કરતાં વધારે આપેલું છે. અકબરશાહે અને જંગીશાહે જે ઉપયોગમાં લીધેલું તે બાદ કરતાં હસન-

અલ્લીની મીલકત શરૂમાં આઠ લાખ રૂપીયા કરતાં વધારાની હતી એવું વ્યાજબી રાહે ઠરાવવાને અમને પુરાવ મળી શકતો નથી. જો કે વાદીયણે પોતાની દાવા અરજીમાં કહેલું છે કે તેમની મીલકત બે કરોડ રૂપીયાની હતી તોપણ આ બાબત વાદીયણે કાંઇ પુરાવ આપેલો નથી તે ધ્યાનમાં લેવા યોગ્ય હકીકત છે. સને ૧૯૦૧ માં સ્થાવર મીલકત કેટલી કીમતની હતી તે મી. મેહેરવાનજીની સાક્ષી નહી માનવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી.

તે ફારકતીમાં માઉંટ રોડવાળી અને હમામખાનાની મીલકત ગણેલી નથી તેનું કારણ મી. કોલા અને સમશુદીનની સાક્ષીમાં ખુલ્લી રીતે બતાવેલું છે એટલે માઉંટ રોડવાળી મીલકત જંગીશાહાના નામ ઉપર થએલી હતી. જંગીની દીકરીઓમાંની એક દીકરી તે નંબર ૧ ના પ્રતિવાદીની ધણીઆણી થાય છે તેમના કબજામાં હમામખાનાની મીલકત લાંબી મુદતથી થએલી હતી, અને તેથી તે મીલકતને ફારકતીમાં બતાવીને તે બે મીલકતો વીશેના હકક નાબુદ કરવા તે દુરસ્ત નથી એવું ગણવામાં આવેલું નથી.

મી. ફરામજીના ખર્ચના જે ભાગો અમારા અભિપ્રાય પ્રમાણે કબુલ કરવા લાયક છે તે ઊપરથી એવું જણાય છે કે તે ફારકતી બાબત શું કરવામાં આવતું હતું તેની વાદીયણને સંપુર્ણ રીતે માહીતી થએલી હતી. ડી. એચ. ૨ વાદીયણની એફીડેવીટ છે તે પેન અને કંપની સાથે ભાગીદારીમાં નંબર ૧ ના પ્રતિવાદીના એટર્ની તરીકે કામ કરતાં ફરામજી અને દીનશાને અટકાવવા સારૂ અરજી કરેલી તે ઉપરથી તેણીએ કરેલી છે. તેની ૬ ઠ્ઠી કલમ ઉપરથી ખર્ચના બીલમાં જે રકમો છે તેથી તેણીને હરકત થવી જોઇએ તે દેખીતું છે. પાને ૨૧ અને ૨૨ મેં ડી. એચ. ૨૫ માં તા. ૧૨ અને તા. ૧૪ માર્ચ સન ૧૯૦૧ ના રોજની જે રકમો છે તે ઉપરથી જણાય છે કે જે કરવામાં આવતું હતું તે કુચીકના જાણવામાં સારી પેઠે હતું. એપ્રીલ સન ૧૯૦૩ સુધી વાદીયણનો ધણી ગુજરી ગએલો ન્હોતો અને તેણે તેણીને અવલથી તે આખર સુધી મદદ કરેલી છે. ખર્ચના બીલ વીશે એવું અવલોકન કરવામાં આવેલું છે કે પાને ૭૩ મેં વાદીયણને બધી મુદ્દાની હકીકત કહેવામાં આવેલી છે તે ઈનકાર કરેલી છે, પણ પાને ૭૯ અને ૮૦ મેં તેણીની ફરીથી કરેલી તપાસમાં તેણીએ કબુલ કરેલું છે કે તે રકમો ખરી છે અને કાચુકોરૂં ખાતા પહેલાં તે ગભરાએલી હતી એવું કહેલું છે. અને તેણે ફરી તપાસમાં ડ. ૧૭ વાળો તા. ૧૪ અગષ્ટ સન ૧૯૦૬ ના રોજનો પત્ર રજુ કરેલો છે તેમાં બીજી હકીકત સાથે વાદીયણે કહ્યું છે કે "હાલ હું મ્હારા દાદાની મીલકતમાંથી મ્હારો હીસ્સો માગતી નથી." વળી તેણીના એટર્નીનો આંક ડ. ૭ વાળો તા. ૯ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો છેલ્લો પત્ર છે તે જુઓ.

તે ફારકતી લખી આપવામાં આવી તે પછી શું બન્યું તે બાબત નંબર ૧ ના પ્રતિવાદીનો હેવાલ નીચે પ્રમાણે છે:—"તે ફારકતી લખી આપ્યા પછી ૭ માસે સમશુદીન ફરીથી મ્હારી પાસે મુંબાઇમાં આવ્યો અને મને કહ્યું કે પુના મધ્યેનો જંગીની મીલકતનો એક ભાગ છે અને જે સાધારણ રીતે જંગીનું કુટુંબ રોકતું હતું તે ભાગ જંગીની મીલકતને આપો." નંબર ૧ ના પ્રતિવાદીએ પહેલી હરકત લીધી પણ તેમના

આગ્રહ ઉપરથી કાંઇ પણ હક્ક કબુલ કર્યા વિના તેમણે કહ્યું કે પુનાની મીલકતનો એક ભાગ જંગીની મીલકતને આપીશ. ત્યાર પછી કેટલેક દીવસે મુંબાઇમાં વાદીયણ તેમને મળવા આવી હતી. પુનાવાળી મીલકત જંગીના કુટુંબને આપ્યા બાબત પ્રથમ તેણીએ તેમનો આભાર માન્યો અને વળી એક સુચના તેણીએ કરી કે તે ફારકતીમાં મઝગામ મધ્યેના મકાનોમાંના બે મકાનો જંગીની મીલકતમાંથી તેમણે ખરીદ કરવાં જોઇએ, અને તેમાંનું એક મકાન મુચુલને અને બીજુ મકાન કુચીકને બક્ષીસ આપવું જોઇએ. તે બાબત નંબર ૧ ના પ્રતિવાદીએ કહ્યું કે તે ઘણીજ અસાધારણ સુચના છે, કારણ કે તેમાંનો એક જંગીનો વારસ નથી તેમ હસનઅલીનો પણ વારસ નથી, માટે શા વાસ્તે આવી રીતે તે બક્ષીસ આપવી તેનું કારણ મ્હારા જોવામાં આવ્યું નથી. તેમણે તેણીને કહ્યું કે આવી સુચનાનો હું વીચાર કરી શકતો નથી અને પછી તે છોડીને ગઇ. ડી એચ. ૨૫ વાળી જે રકમ તા. ૯ એપ્રીલ સન ૧૯૦૨ ના રોજના ખર્ચના બીલમાં છે તે ઉપરથી જણાય છે કે મી. મુસને આ બાબત ફરામજી સાથે મુલાકાત થએલી હતી અને તે વીશે મી. મુસે નંબર ૧ ના પ્રતિવાદીને કહેલું હતું નંબર ૧ ના પ્રતિવાદીએ પુનાવાળી મીલકત અથવા કાંઇ વધારે મીલકત આપવાને ના પાડેલી હતી અને તે પ્રમાણે મી. મુસને અને સમશુદીનને કહેલું હતું. પછી નંબર ૧ ના પ્રતિવાદીએ કહ્યું છે કે વાદીયણની મુલાકાત વખતે તે ફારકતી ખોટી અને કપટની છે અથવા તે હકકની બાબતની છે તે ઉપર તેણીનો હકક થએલો છે એવી કાંઇ સુચના તેણીએ કરેલી ન્હોતી. આ દાવો તેણીએ ફાઇલ કર્યો ત્યાં સુધી તે ફારકતી તે એક કપટ છે એવી સુચના તેણીએ કોઇ દીવસ કરેલી નથી.

અમે એવા નિશ્ચય ઉપર આવ્યા છીએ કે જંગીશાહાની નંબર ૧ ના પ્રતિવાદીએ ઉદાર અને ખુલ્લા મનથી બરદાસ કરેલી છે. તેઓના નામે ચડાવી આપવાને તે બંધાએલો છે એવું ઠરાવી શકાય તે કરતાં તેઓને તેમની તરફથી ઘણું વધારે મળેલું છે, અને કુચીક અને મુચુલના ફાયદા સારૂ તેમની પાસેથી વધારે લેવાને જે કોશીશ કરવામાં આવેલી ના હોત તો, તે ફારકતી રદ કરવાને કાંઇ યત્ન કરવામાં આવત નહી; અને ખાસ રીતે એટલું યાદ રાખવાનું છે કે કુરૂપે માની જંગીશાહાની મીલકતના જે બીજા વારસો છે તેઓએ ફારકતીને પુષ્ટી કરેલી છે.

હવે વાદીયણે નંબર ૧ ના પ્રતિવાદી ઉપર જે બીજા કપટના આરોપો મુકેલા છે તે આરોપોની વ્યવસ્થા અમારે કરવી જોઇએ.

પાને ૩૮ મે દાવા અરજીની કલમ ૫૬ સંબંધી તેણી નંબર ૧ ના પ્રતિવાદી ઉપર એવો આરોપ રાખે છે કે જંગમ મીલકત યુરોપમાં તેમણે અજાણ્યા સખસોના નામ ઉપર મુકેલી છે.

"મ્હારો હેતુ શેરોનો (ભાગોનો) છે. તેઓના નામ હું જાણતી નથી—ઘણા સખસો તેઓના નામ દેઈ શકતા નથી. તેમણે યુરોપમાં કોઇ શેર ખરીદ કરીને પોતાના નામ ઉપર રજીષ્ટર કરાવેલા છે તે મ્હારા જાણવામાં નથી."

તેમાં બતાવેલી ભારે કીમતની બીજી મીલકત વીશે તેણી કહી શકતી નથી.

દાવાઅરજીની કલમ ૪ માં કહેલું છે કે "પ્રતિવાદીએ ઘણી મીલકત વીગેરે વેચે-

લી છે તે વીશે ઉલટ તપાસ કરવામાં આવી ત્યારે પાને ૩૮ મેં તેણી કહે છે કેઃ—

"મેં સાંભળેલું છે કે પહેલાં આગાખાનની મીલકત હાજી મહમદ કાસમને તેમણે વેચાણ આપેલી છે. તે મીલકત ક્યાં છે તે હું જાણતી નથી. કેટલાક ઓળખાણવાળાની સાથે વાતચીત કરતાં આ વીશે મેં સાંભળેલું છે. મ્હારી દાવા અરજી ફાઇલ કર્યા પછી ૬ થી ૨૪ મહીના સુધીમાં મને આ કહેવામાં આવેલું હતું. બીજી કાંઇ મીલકત હું હાલ યાદ કરી શકતી નથી. રજીસ્ટ્રારની ઓફીસમાંથી હજુ સુધી વેચાણખતની કાંઇ નકકલ મને મળેલી નથી."

વળી દાવા અરજીની કલમ ૫૬ વિશે તેણીએ કહ્યું છે. (તે નામદાર સાહેબે પુરાવની છાપેલી બુકને પાને ૩૭ મેં લીટી ૯ મેંથી પાને ૩૮ મેં લીટી ૧૦ સુધી વાંચીને કહ્યું છે.)

હવે જમાતખાના વિશે ધકવીટીના દાવામાં હસનઅલીએ બેશક પોતાના જવાબમાં તે ઉપર પોતાના વહીવટનો ઘણો અખત્યાર છે એવો દાવો રાખેલો છે, પણ તે પોતાની ખાનગી મીલકત તરીકે તે દાવો રાખતા નથી તે નકકી છે. જુઓ તેમાં તેમના જવાબની કલમ ૧. અને અલ્લીશાહે, તેમ નંબર ૧ ના પ્રતિવાદીએ પોતાની ખાનગી મીલકત તરીકે જમાતખાના ઉપર કોઇ દીવસ દાવો રાખેલો નથી. તે જમાતખાના વિશે હ. ૨૧ માં નંબર ૧ ના પ્રતિવાદીએ પોતાની સ્થીતિ કેવી છે તે બતાવ્યું છે.

વળી ખોજાની દાટવાની જગા વિશે જો કે ત્યાં કોને દાટવા જોઇએ એ વિશેની મંજુરી આપવાનો અખત્યાર વાપરવાને આગાખાનોએ દાવો રાખેલો છે તોપણ તે પોતાની ખાનગી મીલકત છે એવો કોઇ આગાખાને દાવો રાખેલો નથી.

તે જમાતખાના અથવા દાટવાની જગામાંથી કાંઇ હીસ્સા બાબત બીબી સાહેબે કાંઇ દાવો રાખ્યો નથી અને અમારા વિચાર પ્રમાણે ખુલ્લું છે કે વાદીયણે જે પ્રમાણે તે હિસાબમાં ગણવાને માગેલું છે તે પ્રમાણે તે હિસાબમાં ગણી શકતા નથી.

વળી પાલનજીનું હોટલ વકફ તરીકેનું છે એવું તા. ૧૨ જાનેવારી સન ૧૮૫૭ ના રોજ નકકી થએલું છે તે વિશે જુઓ એચ. ૨૯, તે વાદીયણના જન્મ પહેલાં લાંબી મુદતનું છે. આ મીલકત વકફ તરીકે ઠરી ચુકેલી છે તેમાંથી કાંઇ હિસ્સા વિશે બીબી સાહેબે દાવો રાખ્યો નથી એ સ્પષ્ટ છે—જુઓ પાનું ૧૧૦ લીટી ૨૧; એવું કહેવામાં આવ્યું છે કે તે કુટુંબના ફાયદા સારૂ આ મીલકતનું ભાડું આગાખાને ઉપયોગમાં લીધું હતું તેની પુષ્ટીમાં કાંઈ પણ પુરાવ આપેલો નથી. અને નંબર ૧ ના પ્રતિવાદીએ સોગન ઉપર કહ્યું છે કે તે ભાડાની રકમ થાય તે કરતાં આ વકફની મીલકત ઉપર મેં વધારે ખરચેલું છે, અને વાદીયણની સાક્ષોને પાને ૫૪ મેં એટલું લક્ષમાં રાખવાનું છે કે વાદીયણે કબુલ કર્યું છે કે તે ફારકતામાં પાલનજીનું હોટલ આવેલું નથી, તેમજ જમાતખાનું તેમ દાટવાની જગા આવેલી નથી, એવું પોતાની એફીડેવીટમાં તેણીએ કહેલું નથી.

વળી પાને ૫૪ મેં પેન અને કંપનીની ઓફીસવાળી ઈમારત હસનઅલીની મીલકતમાં નંબર ૧ ના પ્રતિવાદીએ કપટથી ગણેલી નથી. એવો તેમના ઉપર વાદીયણે

આરોપ રાખેલો છે. તેણીએ કહ્યું છે કે. "કોણે મને કહેલું તે હું જાણતી નથી. પણ તેવું મેં સાંભળેલું છે. તે ખરીદ કરેલી છે. ક્યારે તે હું જાણતી નથી. તે વીશે મે તજવીજ કરેલી નથી." તા. ૧૧ ડીસેંબર સન ૧૮૮૨ ના ડી. એચ. ૧૦૨. હસનઅલ્લીના મર્ણ પછી અલ્લીશાહાને કરી આપેલા વેચાણનું ખત છે, તે ઉપરથી જણાય છે કે કપટનો આ બેદરકારીનો આરોપ ખરેખાત છે.

કરબલા, કાઝમીન અને સામરા મધ્યેની મીલકત વિશે તેણીએ નંબર ૧ ના પ્રતિવાદી ઉપર કપટનો આરોપ રાખેલો છે તે વિશે નામદાર સાહેબે પાનું ૫૪ લીટી ૨૭ થી પાનું ૫૬ લીટી ૨૦ સુધી તેણીની સાહેદી વાંચેલી છે.

જાફર કાસમ બીજી મીલકતનું વર્ણન કરે છે એટલે—સન ૧૮૮૨ .અને સન ૧૮૮૪ માં હસનઅલ્લીના મર્ણ પછી અમદાવાદવાળી મીલકત અલ્લીશાહે ખરીદ કરેલી છે. સન ૧૮૬૬ માં હસનઅલ્લીની હયાતિમાં રૂ ૨૧૫૦) માટે અલ્લીશાહે રાજકોટવાળી મીલકત ખરીદ કરેલી છે. વળી કરાંચીવાળી મીલકત અલ્લીશાહાની છે તેનું તા. ૩૦ જુન સન ૧૮૮૦ નું વેચાણખત તેમણે રજુ કરેલું છે.

એટલું મનમાં યાદ રાખવું જોઇએ કે વાદીયણના તમામ સાક્ષીએ કબુલ કરેલું છે કે તે કુટુંબના અંગભુતોને યોગ્ય અને બરોબર રીતે પુરૂ પાડવામાં આવતું હતું, ખલીલુલ્લા, હસનઅલ્લી, અલ્લાશાહા અથવા નંબર ૧ ના પ્રતિવાદીએ નજરાણાની બાકીમાંથી જે મીલકતો ખરીદ કરેલી છે તે તમામ તેમની પોતાની છે અને તેમાં તેઓએ કાંઇ હીસ્સાનો દાવો રાખ્યો નથી. જુઓ પાનુ ૫૪ લીટી ૨. વાદીયણ પાને ૬૭ અને ૬૯, પાને ૧૨૨ લીટી ૨૦, બાબી સાહેબ, પાને ૨૦૨ ની નીચે અને પાને ૨૦૩. કુચીક હસનઅલ્લીની મીલકતમાંના વાદીયણના હીસ્સા બાબત વાદીયણના હાલના દાવા સાથે તેઓની કબુલતો મળતી કરવાને કાંઇ કોશીશ કરેલી નથી, હસનઅલ્લી અને અલ્લાશાહની હયાતીમાં કોઇ પણ કારણથી બધી બાબતોમાં તે કુટુંબના અંગભુતોને યોગ્ય રીતે પુરૂપાડવામાં આવેલું નથી, એવી ફરીયાદ કરવાને કાંઇ સબબ નથી. અહીંઆ અમે વધારે એટલું કહીએ છીએ કે, જ્યાં સુધી સમશુદીનના લાભમાં જે વહીવટપત્ર છે તે રદ કર્યા વિનાનું કાયમ રહેલું છે ત્યાં સુધી વાદીયણનો દાવો કરવાનો હકક થતો નથી. તે મુસ્કેલી દુર કરવાને કાંઇ પણ યત્ન કરેલો નથી, અને જો તેણીની હકીકત સાચી હોય તો જ્યારે નંબર ૧ ના પ્રતિવાદીએ પોતાના નામ ઉપર તમામ સ્થાવર મીલકત ચઢાવી લીધી (જુઓ ડી. એચ. ૨૧૨) તે વખતે તા. ૨૪ જાનેવારી સન ૧૮૯૩ ના રોજ તે ચઢાવી લેવાની અરજી કરેલી હતી તે વખતે હમેશની રીત પ્રમાણે બટાકી પીટેલી હતી તેમ છતાં કાંઇ સામી તકરાર અથવા હરકત કરવા વિશે તે કુટુંબના કોઇ અંગભુતે બતાવેલી નથી એ નકકી અજાયબ વાત છે.

દાવાઅરજીની કલમ ૧૩, ૧૪ ઈસ્યુ ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ વિશે જે બીજો સવાલ ઉત્પન્ન થાય છે તેનો વિચાર અમારે કરવાનો છે, એને કુચીકની લેખી હકીકતની કલમ ૩ માં બતાવેલા રીવાજ ઉપર આધાર રાખેલો છે.

અને અહીંઆ અમે એકદમ કહીએ છીએ કે તેણીના કહેવા પ્રમાણે એકાદો બજવાન રીવાજ સાબેત કરવાને જે જરૂરની બાબતો છે તેમાંની એકકે બાબત સાબેત

કરવામાં આવેલી નથી. અમારા અભિપ્રાય પ્રમાણે તે જુનું નથી તેમ જારી નથી તેમ એક સરખો નથી તેમ વ્યાજબી નથી તેમ નક્કી અને મર્યાદાવાળો નથી, તેમ ફરજ પાડવા જેવો નથી અને તે પ્રમાણે ચાલવું કે નહી તે મરજી ઉપર નથી કે કેમ એ વિશે કાંઇ નથી, અને જુઓ સર બજાજીશેઠ ફેરગર વિ. કુલનદેવી (સન ૧૮૭૯—લો. રી. ૨૬ ઇં. અ. ૬૬) તેમાં કહેલું છે કે, " સામાન્ય કાયદા પ્રમાણે પોતાની મરજીમાં આવે તે પ્રમાણે કરવાને અથવા નહી કરવાને જ્યારે પરવાનગી આપેલી હોય ત્યારે એકાદો રીવાજ કેવી રીતે થઇ શકે છે ? "

રહેવાના મકાન અને એલાવન્સ, ખોરાક, ઘોડા અને ગાડીઓ અને લગ્ન તથા ઉત્તરક્રીયાના ખર્ચના સવાલો વિશે ઘણો પુરાવ આપેલો છે.

પ્રથમ રહેવાના મકાન વિશે અમારા અભિપ્રાય પ્રમાણે લેડી અલ્લીશાહે આપેલી સાક્ષીમાં તેણીએ પોતાની સાક્ષી આપતી વખતે એક અસાધારણ રીતની યાદદાસ્ત બતાવેલી છે તેથી વાદીપણુ તરફથી આપેલા પુરાવનું વજન રહેતું નથી. તેણીની સાહેદીની શરૂઆતીમાં તે કુટુંબના જુદા જુદા અંગભુતો તે મીલકતના કયા ભાગમાં રહેતા હતા તેનું તેણીએ વર્ણન કરેલું છે. વળી તે મકાનોની જુદી જુદી ઓળોમાં બીજા સખસો જે હસનઅલ્લીના સગા નહોતાં રહેતાં હતાં તેનું તેણીએ વર્ણન કરેલું છે. તે રહેવાના મકાન તરીકે જુદી જુદી ઓળો સંબંધી જુદા જુદા ફેરફાર કરેલા તે વિગતવાર બતાવાને અલબત જરૂર નથી. પુના મધ્યેની હસનઅલ્લીની મીલકત સંબંધી કેવી રીતે પસંદ કરેલી હતી તે તેણીએ બતાવેલું છે. પુનામાં રહેવાના મકાન વિશેના બેઉ બાજુના પુરાવ જોતાં અમારા અભિપ્રાયમાં આવે છે કે હસનઅલ્લીની વખતમાં ત્યાંના બંગલાઓ હસનઅલ્લીના કારભારીના કબજામાં હતા અને જ્યારે તે બંગલા ખાલી હોય ત્યારે તેની કુંચીઓ તે રાખતો હતો. અલીશાહાના વખતમાં પુના મધ્યેના મકાનના જુદા જુદા ભાગો કોણે રોકવા જોઇએ તેનું તેમણે નક્કી કરેલું હતું અને તેમના કારભારી જ્યારે તે બંગલા ખાલી હોય ત્યારે પોતાના કબજામાં રાખતા હતા અને તેની કુંચીઓ પણ રાખતા હતા. તેનું નામ મુલ્લા સના છે. પુના અને મુંબાઇ મધ્યેના તમામ બંગલાઓના કર અલ્લીશાહ અને હસનઅલ્લીએ આપેલા છે, અને તે બેઉએ તે ઉપર મરામત કરાવેલી છે, અલ્લીશાહાના મર્ણ પછી તેના તે કારભારી મુલ્લા સના તેણીના વહીવટની દરમ્યાનમાં તેવીજ રીતે તે બંગલાઓની સંભાળ રાખતો હતો, અને જે પ્રમાણે અલીશાહે વહિવટ કરેલા તેજ પ્રમાણે મુંબાઇ મધ્યેની મીલકતનો તેણીએ વહિવટ કરેલો હતો.

નંબર ૧ ના પ્રતિવાદીએ તે મીલકતનો કબજે લીધો તે પછી તેવીજ ગોઠવણ છે એવું તે કહે છે.

સબબ મુંબાઇ અને પુના મધ્યેના બંગલાઓ ઉત્તરોત્તર ચાલેલા આગાખાનની મીલકત હોય તો તે કુટુંબના જુદા જુદા અંગભુતોએ તે બંગલાના કયા કયા ભાગો રોકવા જોઇએ તે બાબત તે આગાખાનની પરવાનગી લેવામાં આવે તે નહી આવવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી, અને કોઇ પણ વખતે તે આગાખાનોમાંના કોઇ આગાખાન વિરૂદ્ધ રહેવાના મકાનના આ હક્ક વિશે તે કુટુંબના કોઇ અંગભુતે

દાવો રાખોએ એવું ધારવાને કાંઇ પણ કારણ અમે જોતા નથી. અને એટલું નોંધી રાખવાનું છે કે વાદીયણ અને તેણીના સાક્ષીઓ તે મીલકત ઉપર અથવા તેના કાંઈ ભાગ ઉપર કાંઈ હકકનો દાવો રાખતા નથી પણ રહેવાનો હકક રાખે છે કે જાણે તે બધાં મકાનોમાં રહેવાનો ચાલતો હક હોય તે પ્રમાણે રાખે છે. દાવા અરજીની કલમ ૧૩ માં બતાવેલું છે તે પ્રમાણે તે કુટુંબનો દરેક પુરૂષ અંગભુત અને તે કુટુંબની દરેક સ્ત્રી અંગભુત પાકી વયના થાય અથવા તેમની શાદી થાય એટલે કેટલાક મકાનોમાં અથવા તે કુટુંબની મીલકત સાથે જોડાયલા મકાનોમાં રહેતા હતા એવું સાબેત થએલું નથી, એમ અમારા અભિપ્રાયમાં આવે છે. પણ તેથી વિરૂદ્ધ તે કુટુંબના કેટલાક અંગભુતોને તે મીલકત ઉપર રહેવાની જગો બીલકુલ નથી. વાદીયણનેજ કાંઇ રહેવાની જગા નથી પણ તે પોતાના ધણી મુચુલશાહા તરફથી ફક્ત રહે છે. જે અંગભુતો તે મીલકતમાં કોઇ દિવસ રહેલા નથી તેઓના ખાસ દાખલા બતાવવાની જરૂર નથી તેમ તે કુટુંબના અંગભુતો પાકી વયના થયા એટલે અને તે કુટુંબની સ્ત્રીઓ પાકી વયની થઇ એટલે અથવા તેઓની શાદી થઈ એટલે રહેવાનો હકક મળેલો નથી એવું માલૂમ પડે એવા કાંઈ ખાસ દાખલા બતાવવાની જરૂર નથી, કારણ કે દાવા અરજીમાં અથવા કુચીકની લેખી હકીકતમાં કહેવામાં આવેલું છે તે પ્રમાણે એક રીતી પુર્વક રીવાજ અથવા શીરસ્તો થાય તેવું કાંઇ સાબેત થએલું નથી. જો કે જે સખસોનો એલાવન્સ મળવાનો હકક થએલો તોપણ તેઓને એલાવન્સ મળતાં નથી. તે સખસોની યાદ આંક ડી. એચ. ૨૪૯ ની છે. જે સખસોને એલાવન્સ મળે છે તે સખસોની યાદ આંક ડી. એચ. ૨૫૦ ની છે. તેવીજ રીતે માસીક એલાવન્સ સંબંધી છે. નાસીરશાહા સંબંધી જે પુરાવ છે કે તેમની વર્તણુકને લીધે તે એલાવન્સમાંથી બાતલ થએલા હતા તે જોતાં અમારા અભિપ્રાય પ્રમાણે કાંઇ શક રાખી શકાતો નથી. તેમણે પોતાના હકકનો અમલ કરવાને કાંઇ ઇલાજ લીધેલો હતો એવી સુચના કરવામાં આવેલી નથી. અહીંઆં વળી પાને ૨૧ થી ૨૫ સુધી લેડી અલ્લીશાહાની સાહેદી છે તેમાં ખરેખરી રીતે રોકડ એલાવન્સ આપવામાં આવતાં હતાં તેની ઘણી વીગત બતાવેલી છે, અને બીજી હકીકતની સાથે હસનઅલ્લીના દીકરા અને દીકરીઓને કાંઇ મુકરર કરેલા ધોરણ પ્રમાણે એલાવન્સ મળેલાં છે એ બાબત તેણીએ ઇનકાર કરેલી છે, તેના દીકરાઓને દર માસે રૂ ૧૦૦૦) પ્રમાણે કાયમ એલાવન્સ મળે છે. તેની દરેક ઓરતને રૂ ૩૦૦) મળે છે અને તેની દીકરીઓને દરમાસે રૂ ૨૦૦) મળે છે. તે બાબત તેણીએ ઇનકાર કરેલી છે.

હવે ખોરાક સંબંધી પુના અને મુંબાઇમાં તે કુટુંબના અંગભુતો રહે છે તેમને મજીયારા રસોડામાંથી ખોરાક પુરો પાડવામાં આવે છે એ વીશે કાંઇ શક નથી. પરંતુ આ રીવાજ તે કુટુંબના એકલા અંગભુતોને માટેજ છે તેમ નથી પણ આગાખાનની મરજીમાં આવે તેવા ખીજમતદારો અને નોકરોને પણ તેવો ફાયદો મળે તેવો છે.

ગાડી અને ઘોડા વીશે વાદીયણ તરફથી જે દાવો રાખવામાં આવેલો છે તે નકકી અસાધારણ જણાય છે કારણ કે અમે સમજી શકીએ છીએ તે પ્રમાણે તે કુટુંબનો એકાદો અંગભુત પુરૂષ અથવા સ્ત્રી હોય તે પોતે પસંદ કરે તેટલા ઘોડા અને ગાડીઓ લેવાને હકદાર થાય છે એવું અમને કહેવામાં આવેલું છે. પછી અમને એવું કહેવામાં

આવેલું છે કે તેમાંના કાઇ એક, એક મોટરકાર માગે તો તે તેને આપવી જોઇએ.

શાદીના ખર્ચની બાબતમાં પણ તે કુટુંબના અંગભુતો તરફથી વાદીઅણે એવો દાવો રાખેલો છે કે તેઓને પોતાની શાદી બાબત જેટલાં નાણાં જોઇતાં હોય તેટલાં લેવાનો તેઓનો હકક થવો જોઈએ. પાને ૪૫ મે તેણીએ કહ્યું છે કે જે વખતે મ્હારી શાદી થઇ તે વખતે પાંચ શાદીઓ થએલી હતી અને મેં સાંભળેલું છે તે પ્રમાણે બે લાખ રૂપીયા ખર્ચ થએલા હતા. ફરી તપાસમાં તે વખતે બીજા જે સખસોની શાદી થએલી તે સખસોનાં નામ તેણીએ બતાવેલા છે. પણ લેડી અલ્લીશાહે કહ્યું છે કે તે પાંચ શાદીઓ વખતે બહાર આશરે એક લાખ અથવા તેથી કમી રકમનું ખર્ચ કરવામાં આવેલું હતું અને વાદીયણ નજરાણા તરીકે બે અથવા ત્રણ લાખ રૂપીયા માગી શકતી હતી, અને તેની દરેક બહેનો તે પ્રમાણે માગતી હતી, અને અકબરશાહનો દરેક દીકરો ૭ થી આઠ લાખ સુધીના નજરાણા માગી શકતો હતો અને એદાદા આગાખાનના દીકરાનો દીકરો કે જેનો બાપ મર્ણ પામેલો હતો તેની શાદીના નજરાણા તરીકે રૂ ૨૦૦૦૦) થી ૫૦૦૦૦) સુધી લેવાનો હકક થએલો હતો. વળી હકક તરીકે રૂ ૪૦૦૦૦) માગી શકાય છે એવી કુચીકની હકીકત છે તે તેણીએ ઇનકાર કરેલી છે. (જુઓ કુચીક પાનું ૧૭૮).

આ વીશે અમને એવું જણાય છે કે વાદીયણે અને જેઓએ તેણીને ટેકો આપેલો છે તેઓએ આગાખાનોની દોલતનો આશરે બે કરોડ રૂપીયાનો મત કરેલો, પણ તેઓએ તે વીશે ઘણો અતિશયોક્તીવાળો અભિપ્રાય બાંધેલો છે

માટે તે કામના આ ભાગ વીશે અમારો એવો નીશ્ચય થાય છે કે બધા આગાખાનો ખાસ રીતે ઉદાર સ્વભાવના માણસો થએલા હતા. તેઓએ પોતાના કુટુંબના અંગભુતોનો ભારે સંખ્યાનો તેમજ વળી તેઓના ખીજમતદારો અને ચાકરોનો છુટે હાથે નીભાવ કરેલો છે, અને અમારા અભિપ્રાય પ્રમાણે તેમણે એક રહેમીયત અને મહેરબાની તરીકે આ કરેલું છે. આ કામમાં તકરાર ઉત્પન્ન થતા પહેલાં કોઇએ આવા પ્રથમ હકક વીશે કાંઇ પણ દાવો બતાવેલો નથી. જંગીશાહાના વીલમાં અથવા બીજા કોઇ દસ્તાવેજમાં આવા એકે દાવાનું કાંઇ કહેવામાં આવેલું નથી.

માટે અમે ઉપર બતાવેલા ઇસ્યુઓ ઉપરથી જે સવાલો ઉત્પન્ન થએલા છે તે ઉપર અમારા અભિપ્રાય પ્રમાણે નંબર ૧ ના પ્રતિવાદીનો જીતવાનો હકક થએલો છે. મુખ્ય શાહેદીની વર્તણુંક વીશે કેટલુંક અવલોકન અમારે કરવું જોઇએ એવું અમારી નજરમાં દુરસ્ત આવે છે.

વાદીયણ, કુચીક અને મલેકતાજ બેગમે. જે કાંઇ કહેલું છે તે વીશે અમને તેઓ જુઠા સાક્ષીઓ તરીકે લાગેલા છે. અલબત તે સ્ત્રીઓ માથાથી તે પગ સુધી કાળા બુરખાથી ઢંકાએલી હતી અને મોં ઉપર સફેત મલમલના કડકા હતા તેથી તેઓના ચહેરા અમે જોઇ શકયા નથી, પણ વાદીયણની અને માલેકતાજ બેગમની સાક્ષી કેવી સંપુર્ણ રીતે અનુસરતી નથી અને સાચી નથી તે જોવાને- ફક્ત વાંચવાની છે. તે વીશે અમોએ માલેકતાજ બેગમને ઘણીવાર ચેતવણી આપી હતી. કુચીક દરેક રીતે એક ખાત્રીવાળા સાક્ષી નથી. તેણે થોડ઼ીક સાક્ષી મુર્ખાઇ ભરેલી -રીતે આપેલી છે

થોડીક આનાકાનીવાળી રીતે આપેલી છે. અને તે તદ્દન જુઠો સાક્ષી અમને માલમ પડેલો છે. શીઆલકોટમાંની મહેમાની વીશેની તેનીં સાક્ષી અમારા મનમાં બીલકુલ માનવામાં આવેલી નથી. આ હકીકત વીશે ઉલટ તપાસમાં તેની પોતાની કબુલતો ઉપરથીજ તેની કહેલી હકીકત વીશે ઘણોજ સંભવીત શક પડે છે. મુખી અમીરચંદની સાક્ષીથી અને આંક ડી. એચ. ૨૦૫ વાળા હીસાબના ચોપડામાં રૂ ૫૦૦) ની મહેમાની આપેલી તે માલમ પડવીજ જોઇએ તેથી તેની સાક્ષી નાસાબેત થએલી છે. તેવીજ રીતે દીસબાદ મધ્યેની મહેમાની સંબંધીની તેની સાક્ષી બીજા જે સાક્ષીઓ તે વિશે બોલેલા તેથી બીલકુલ માનવામાં આવેલી નથી. કુચીકે અગત્યની જે હકીકત સોગન ઉપર કહેલી છે તેમાં અમે તેને એક જુઠો સાક્ષી ગણીએ છીએ.

જે હકીકતને લીધે વાદીયણ તરફના કોન્સલ અને જે સાક્ષીઓએ તેણીને ટેકો આપેલો છે તે કામમાંથી નીકળી ગએલા છે તે હકીકતનો ખુલાસો કરવાની અમને જરૂર છે. તે કામની શરૂઆતમાં વાદીયણના કોન્સલે એવી સુચના કરેલી કે તે કામની તપાસ અમારે કરવો ના જોઇએ કારણ કે તેમના કહેવા પ્રમાણે આગાખાનનો હું એક મીત્રછું, તેથી મને અચંબો લાગેલો હતો. મી. ઇનવેરારીટીએ જવાબ આપ્યો હતો કે મુંબાઇમાં બીજા જડજો છે તેના કરતાં ઘણું કરીને કાંઇ જુદી સ્થીતિમાં હું નથી. અમે કહ્યું કે આગાખાન મળવા આવેલા તેથી અમે આગાખાનની મુલાકાત કરેલી છે અને બે વખત તેમની સાથે જમેલોછું અને તેમને ખાણામાં બોલાવેલા હતા પણ તે આવી શકયા ન્હોતા, આ હકીકતથી વાદીયણને તથા તેણીને ટેકો આપનાર પ્રતિવાદીઓને બની શકે તેટલી તમામ છુટ અમારી રૂબરૂ પોતાની હકીકત બતાવી આપવાનો અમારો નીશ્ચય થએલા હતો, કારણ કે અમારા વિચારમાં આવેલું હતું કે તે કામમાંથી તેણીનો કોન્સલ નીકળી જાય અને તે કામ ચાલતાં અમારા વિરૂદ્ધ ઇસારો કરી શકે, અને કરે તે અસંભવીત નથી જેમ તે કામ ચાલ્યું તેમ અમારી કલ્પના ખરી થએલી છે. કમીશન ઉપરથી લીધેલા સાક્ષીની તપાસમાં તેઓને હમેશાં સવાલો પુછવામાં આવેલા તે વિરૂદ્ધ તેઓએ એવી સામી તકરાર એવા કારણથી કરેલી છે કે તેઓની ધર્મ સંબંધી લાગણીને ચીડાવવામાં આવે છે. તે તપાસ ચાલતાં અમને એવી ખબર આપવામાં આવેલી હતી કે જો આ કોર્ટમાં તેવા સવાલ પુછવામાં આવશે અને તે ઉપરથી આપેલા જવાબ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે તો મુંબાઇમાં મુસલમાનોની જાતો વચ્ચે દુસ્મનાઇ ઉત્પન્ન થશે. જ્યારે નંબર ૧ ના પ્રતિવાદીની ઉલટ તપાસ ચાલતી હતી તેમાં તેમને એક સવાલ અમારા વિચાર પ્રમાણે એવા શબ્દમાં કરેલો હતો કે જેથી ઉસ્કેરણી અને દુસ્મનાઇ થાય તેવું હતું. તે સવાલનો જવાબ તેમણે સવાલપત્રો ઉપરથી દીધેલો હતો તેથી ખરી રીતે તે સવાલ કરવાની કાંઇ જરૂર ન્હોતી. જે શબ્દોમાં તે પુછવામાં આવેલો હતો તે શબ્દમાં તે પુછવાની બીલકુલ જરૂર ન્હોતી. નંબર ૧ ના પ્રતિવાદીની ઉલટ તપાસ જે કોન્સલ કરતા હતા તેમને અમે આ બતાવેલુ હતું, પણ પહેલાની માફક તેમણે તે સવાલ પુછવાનો આગ્રહ કર્યો, અને નંબર ૧ ના પ્રતિવાદીએ તેનો જવાબ આપ્યો. પછી અમે કહેલું હતું કે જો આવા સવાલ કરવાના હોય તો કોર્ટ ખાલી કરી નાંખવી જોઇએ. તેની તેજ બાબત બીજો સવાલ હતો અને તેથી તે કોર્ટ

ખાલી કરવાને અમે એકદમ હુમલો કરેલો હતો. તે વખતે કોર્ટ મુસલમાનોથી ચારી પેઠે ભરેલી હતી. ખરી રીતે કોઇ કામમાં ભીડ અમે જોએલી તે કરતાં વધારે ભીડ ભરાએલી હતી. તેથી કોર્ટ ખાલી કરેલી હતી. જ્યારે કોર્ટ ખાલી થઇ ત્યારે નંબર ૧ ના પ્રતિવાદીના કોન્સલને અને વાદીયણને અમારી પાસે આવવાનું અમે કહ્યું, અને કોર્ટ ખાલી કરવાને હુકમ કરવાના અમારા કારણો તેમને અમે સમજાવેલાં હતા. તેઓ પોતાની બેઠક ઊપર પાછા ગયા અને કોર્ટ ખાલી થયા પછી વાદીયણના કોન્સલે કહ્યું કે તે હકીકતથી તે કામ ચલાવવું નહી એવા મને ખબર આપવામાં આવેલી છે. તેમને એવી ખબર આપેલી છે કે વાદીયણની જેવી હકીકત છે તેવી જો સંપુર્ણ રીપોર્ટ કરવામાં ના આવે તો તે કામ ચલાવવું નહી. તે ઉપરથી તે અને પ્રતિવાદીના કોન્સલો કે જેઓ વાદીયણના કેસને ટેકો આપતા હતા તે ચાલ્યા ગયા. આ ઇલાજની અગત્યતા વિશે ગ્હારી અસીલ સંપુર્ણ રીતે સમજેલી છે. તેઓ કામમાંથી નીકળી ગયા તે પહેલાં ઘણા દિવસો ઉપર જે અભિપ્રાય અમે બાંધેલો હતો તે, તેઓની તરફના આ કૃત્યથી બહાલ રહેલો હતો એટલે તેઓ "પડવાને ચડેલા છે." અમારા અભિપ્રાય પ્રમાણે જ્યારે ત્યારે ખુશી થાય તેવી હકીકત ખુલ્લી પડવાની કોઈ કામમાં હોય (જેમકે ફોજદારી અથવા છેડાછુટકાના કામમાં) જેમ કોર્ટ ખાલી કરવાનો હુકમ કરવાનો જડજનો હકક થાય છે તેમ હીંદુસ્થાનમાં કોઇ કામમાં જો પુરાવ પ્રસીદ્ધ થાય તો તેથી ધર્મ અથવા રાજ્ય પ્રકર્ણ સંબંધી અશાન્તી ઉત્પન્ન થવાનો સંભવ હોય તો, જો જડજ બંધાએલા ના હોય તો સાધારણ લોકોના સમુદાયને બાતલ કરવાનો અને તે પુરાવ પ્રસીદ્ધ કરવા દેવાની ના કહેવા દેવાનો જડજનો હકક થાય છે.

તે ઇસ્યુઓ વિશે અમે નીચે પ્રમાણે ઠરાવીએ છીએ, અને અમે ફરમાવીએ છીએ કે તે ઇસ્યુ અને અમારા ઠરાવો હુકમનામામાં બતાવવા જોઇએ; કારણ કે અમારી ખાત્રી થએલી હતી કે આ એક રીતી પસંદ કરવાનો સુગમ રસ્તો છેઃ—

૧. સન ૧૭૭૦ પછી પહેલાં આગાખાનને અને તેમના દરેક વડાઓને અને મુંબાઇ વીગેરેમાં તે પહેલાં ખોજાઓ પાસેથી અને વળી ઇસ્નાઅશરી શીઆઓ પાસેથી જે નજરાણા મળેલા અથવા તે બાબત હાલ જે મીલકત મુકેલી છે તે દાવા અરજીની કલમ ૨, માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનના કુટુંબની બધી મીલકત પેઢીની છે કે નહી?

ના.

૨. પહેલા અને બીજા આગાખાનને જે નજરાણા આપવામાં આવેલા તે દરેક આગાખાનની પોતપોતાની સ્વતંત્ર મીલકત નથી કે કેમ અને દાવા અરજીમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આવા નજરાણામાં વાદીયણને કાંઇ હીત મળવાનો હકક થએલો છે કે નહી?

હા (પહેલા ભાગ વીશે), અને ના, (બીજા ભાગ વીશે).

૩. દાવા અરજીની કલમ ૨, માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનના પુર્વે થએલા વડાઓ, જે ઇમામી ઇસ્નાઅશરીઓના ધર્મ સંબંધી આગેવાનો હતા તેમને મળેલા નજરાણાની કાંઈ મીલકત મુકેલી છે કે નહી?

પુરાવ નથી—ના.

૪. દાવા અરજીની કલમ ૨ માં કહેલું છે તે પ્રમાણે શીઆ ઇસ્માઇલી ઇસ્નાઅશરી-ઓના ધર્મના આગેવાન તરીકે પહેલા આગાખાનને હીંદુસ્થાન સરકાર તરફથી દર માસે રૂ ૩૦૦૦) નું એલાવન્સ મળેલું છે કે નહી?

ના.

૫. ખ્રીસ્તી સન ૧૮૪૩—૪૪ માં અથવા તે અરસામાં પહેલા આગાખાને ઇંગ્રેજ સરકારની જે ચાકરી બજાવેલી તે બાબત રૂ ૩૦૦૦) નું તે એલાવન્સ પહેલા આગાખાનને મળેલું નથી કે કેમ ?

હા.

૬. દાવા અરજીની કલમ ૨ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનને તે એલાવન્સ મળતું હતું તે પહેલા આગાખાનના કુટુંબની તમામ મીલકત પૈકીનું છે કે નહી ?

ના.

૭. તે દાવા અરજીની કલમ ૨ માં દાવો રાખેલો છે તે પ્રમાણે તે નજરાણામાં અથવા નજરાણા તરફની હાલ મુકેલી મીલકતમાં વાદીયણના કાંઇ હકક છે કે નહીં ?

ના.

૮. તે દાવા અરજીની કલમ ૨ માં દાવો રખેલો છે તે પ્રમાણે સરકાર તરફના તે એલાવન્સ અથવા તેની મુકેલી મીલકતમાં વાદીયણના કાંઇ હકક છે કે નહી?

ના.

૯. તે દાવા અરજીની કલમ ૩ માં કહેલું છે તે પ્રમાણે સન ૧૮૪૫ માં ઇરાનમાં પહેલા આગાખાન પાસે બહોળી મીલકત હતી કે નહી ?

ના.

૧૦. દાવા અરજીની કલમ ૩ માં કહેલું છે તે પ્રમાણે ઈરાન મધ્યેની બહોળી મીલકતની આમદાનીમાંથી જે નાણાં મળેલાં તેની મદદથી સન ૧૮૪૫ પછી બ્રિટીશ ઇંડીયામાં કાંઇ મીલકત પહેલા આગાખાને ખરીદ કરેલી છે કે નહી ?

ના.

૧૧. આગળ કહેલું છે તે પ્રમાણે ઇરાન મધ્યેની જે મીલકત પહેલા આગાખાનની હતી તેનો કબજો કાઇ વખતે નંબર ૧ ના પ્રતિવાદીને મળેલો અથવા તેમાંની કાંઇ મીલકત હાલ તેમના કબજામાં છે કે નહી ?

ના.

૧૨. દાવા અરજીની કલમ ૪ માં કહેલું છે તે પ્રમાણે બીજા આગાખાને તેની તેજ રીતી જારી રાખેલી છે કે નહી ?

ના.

૧૩. દાવા અરજીની કલમ ૪ માં કહેલું છે તે પ્રમાણે ઇરાન મધ્યેની પહેલા આગાખાનની બહોળી મીલકતની આમદાનીની મદદથી બીજા આગાખાને બ્રીટીશ ઇંડીયામાં કાંઇ મીલકત ખરીદ કરેલી છે કે નહી ?

ના.

૧૪. ૧૩ મા ઇસ્યુમાં કહેવામાં આવેલી છે તેવી કાંઇ મીલકતનો નંબર ૧ ના પ્રતિવાદીને કોઇ વખતે કબજો મળેલો અથવા હાલ તેમના કબજામાં તે કાંઈ છેકે નહી?

ના.

૧૫. પહેલા આગાખાનના પોતાના કુટુંબના ઇલકાબવાળા આગેવાન તરીકે ૧ લા પ્રતિવાદીને નજરાણા અને સરકાર તરફથી એલાવન્સ દાવા અરજીની કલમ ૪ માં કહેલું છે તે પ્રમાણે મળે છે કે નહી ?

ના.

૧૬. ૧ લા પ્રતિવાદીને જે પોતાના ધર્મ પ્રમાણે ચાલનારાઓ પાસેથી જે ભેટો અને નજરાણા મળે છે તે તેમને હાઝર ઇમામ તરીકે અને શીઆ ઇમામી ઇસ્માઇલીઓ તેમને પોતાને માન્ય અને સેવકપણાથી આપવામાં અને લેવામાં આવતા નથી કે કેમ ?

હા.

૧૭. છેલ્લા ઇસ્યુમાં બતાવેલી ભેટ અને નજરાણા તેમની પોતાની તદન ખાનગી મીલકત તરીકે આપવામાં અને લેવામાં આવતા નથી કે કેમ ?

હા.

૧૮. ઈંગ્રેજ સરકાર પાસેથી દર માસે રૂ ૧૦૦૦) નું એલાવન્સ તેમને મળે છે તે પહેલા આગાખાને ઈંગ્રેજ સરકારની ચાકરી બજાવેલી તેની કદર કરીને તેમના તદન પોતાના ઉપયોગ સારૂ આપવામાં આવેલું નથી કે કેમ ?

હા.

૧૯. બીજા આગાખાનને ઈંગ્રેજ સરકાર પાસેથી જે એલાવન્સ મળેલું છે તે તેમની પોતાની સ્વતંત્ર મીલકત નથી કે કેમ અને પહેલા આગાખાને આગળ કહેવામાં આવેલું છે તે પ્રમાણે તે ચાકરીની કદર બદલ બીજા આગાખાનને આપવામાં આવેલું નથી કે કેમ ?

હા.

૨૦. દાવા અરજીની ૪ થી કલમમાં કહેલું છે તે પ્રમાણે ૧ લા પ્રતિવાદીને કુટુંબના ઈલકાબવાળા આગેવાન તરીકે સ્થાવર મીલકતનો તથા રોકડ, સીક્યુરીટીઓ, લહેણાનો અને બીજી જંગમ મીલકત જેની આશરે કીમત ૨,૦૦૦૦૦૦) (બે કરોડ) ની છે તેને કબજે રાખીને વહીવટ કરે છે કે નહી ?

ના.

૨૧. દાવા અરજીની કલમ ૪ માં બતાવેલી જુદી જુદી જગાઓએ અથવા તેમાંની કોઇ જગાએ પહેલા આગાખાનના પોતાના કુટુંબની મીલકતનો કબજો અને વહીવટ ૧ લા પ્રતિવાદી પાસે છે કે નહી. ?

ના.

૨૨. દાવા અરજીની ૪ થી કલમમાં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનના પોતાના કુટુંબની જુદી જુદી મીલકત વખતે વખતે ૧ લા પ્રતિવાદીએ વેચીને વેચાણમાંથી ઊપજેલાં નાણાં તથા બીજા નાણાં ૧ લા પ્રતિવાદીએ નીમેલા સખસના નામથી જુદી જુદી મીલકત ખરીદ કરીને મુકેલાં છે કે નહી અને વીગેરે કરીને આ

દાવામાં વાદીયણને નંબર ૧૫ નો સવાલ પુછેલો છે તેના જવાબમાં જે મીલકત કહેલી છે તે મીલકત ૧ લા પ્રતિવાદીએ વેચેલી છે કે નહી ?

ના.

૨૩. આ દાવામાં નંબર ૧૬ નો સવાલ પુછેલો તેનો વાદીયણના જવાબમાં વાદીયણના કહેવા પ્રમાણે ૧ લા પ્રતિવાદીએ નીમેલા સખસોના નામથી મીલકતો ખરીદ કરેલી છે કે નહી ?

ના.

૨૪. સદરહુ સવાલના વાદીયણના જવાબમાં કહેલી મીલકત ૧ લા પ્રતિવાદીના કબજામાં છે કે નહી ?

ના.

૨૫. દાવા અરજીની કલમ ૪ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે ૧૫ અને ૧૬ ના સવાલના વાદીયણના જવાબમાં જે મીલકત કહેલી છે તે પહેલા આગાખાનની પોતાના કુટુંબની મીલકત પૈકીની છે કે નહી ?

ના.

૨૬. તે દાવા અરજીની કલમ ૧૩ અને ૧૪ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનની હયાતીમાં તે કુટુંબના દરેક પુરૂષ અંગભુતની પાકી વય થાય એટલે અને દરેક સ્ત્રી અંગભુતની પાકી વય થાય ત્યારે અથવા શાદી કરે ત્યારે તે પહેલા આગાખાનના પોતાના કુટુંબ સંબંધીના અમુક મકાન અથવા મકાનોમાં વગર ભાડે રહેલાં છે કે નહી અને તે કુટુંબના જે વખતે જે ઇલિકાબવાળા આગેવાન અને વહીવટદાર હતા તેમની તરફથી તે કુટુંબની પુંજીમાંથી પોતાના માસીક એલાવન્સો અને ચાકરોનો પગાર અને શાદીના નજરાણા મળેલા છે કે નહી અને તે મીલકતમાંથી વારસા વીશે મુસલમાની સરેહ પ્રમાણે અખંડીત હકક તરીકે નકકી કરેલા ભાગ અથવા હીસ્સાનો હકક વારસો તરીકે થવાથી તેઓને ચાકરો, ગાડીઓ, ઘોડાઓ, સરસામાન, અને બીજી જરૂરીયાત વસ્તુઓ પુરી પાડવામાં આવેલી છે કે નહી ?

ના.

૨૭. છેલા પ્રશ્નમાં જે કહેવામાં આવેલું છે તેના આધારથી જે દાવો છે તે જોતાંજ કાયદા પ્રમાણે બરોબર નથી કે શી રીતે ?

હા. મજીયારા વારસ પુરૂષો અને સ્ત્રીઓ તરીકે કહેવામાં આવેલું છે તે અકકલ વીરૂધ્ધ છે.

૨૮. તે દાવા અરજીની કલમ ૧૩ અને ૧૪ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનના મર્ણ પછી દરેક પુરૂષ અંગભુતની પાકી વય થાય એટલે અને દરેક સ્ત્રી અંગભુતની પાકી વય થાય ત્યારે અથવા તે શાદી કરે ત્યારે તે કુટુંબના અમુક મકાન અથવા મકાનોમાં વગર ભાડે રહેલાં છે કે નહી, અને તે કુટુંબના જે વખતે જે ઇલકાબવાળા આગેવાન અને વહીવટદાર હતા તેમની તરફથી તે કુટુંબની પુંજીમાંથી પોતાના માસીક એલાવન્સો અને ચાકરોનો પગાર અને શાદીના નજરાણા મળેલા છે કે નહી અને તે મીલકતમાંથી વારસા વીશે મુસલમાની સરેહ પ્રમાણે અખંડીત હકક તરીકે

નક્કી કરેલા ભાગ અથવા હીસ્સાનો, મજીયારો હક્ક વારસો તરીકે થવાથી તેઓને ખાકરો, ગાડીયો, ઘોડાઓ, સરસામાન અને બીજી જરૂરીયાત વસ્તુઓ પુરી પાડવામાં આવેલી છે કે નહી ?

ના.

૨૯. તે દાવા અરજીની કલમ ૧૩, ૧૪ અને ૧૫ માં કહેલું છે તે રહેવાના મકાન, એલાવન્સો, જરૂરીયાત વસ્તુઓ અને સુગમતાઓ તે દાવા અરજીની કલમ ૧૫ માં કહેલી કુટુંબની મીલકતના મુસલમાની સરેહ પ્રમાણે વારસામાં જે ભાગો અથવા હિસ્સાઓ વારસો તરીકે લેવાનો હક્ક થએલો તે પ્રમાણે તે હીસાબના ભાગ તરીકે અથવા તે પેટે તે લેનારાઓને આપવામાં અને લેવામાં આવેલાં છે કે નહી ?

ના.

૩૦. મુંબાઇમાં પહેલા આગાખાને પોતાની હયાતીમાં પોતાના વંશજોને, પોતાના વંશજોના ધણીઓને, નજીક અને દુરના સગાઓને અથવા તેમાંના કેટલાકોને અને વળી તે પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૫૧ અને ૫૨ માં બતાવલી હકીકતથી રક્તના સંબંધવાળા નહી તેવા સખસોના કુટુંબને સારૂ ફક્ત ઉદારતાને લીધે ખોરાકી પોશાકી અને તેવા સખસને સારૂ રહેવાનાં મકાન આપવાને ઠરાવેલું એલાવન્સ આપવાને ઠરાવેલું છે તે ખરી હકીકત છે કે નહી ?

હા.

૩૧. પહેલા પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૫૨ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે ફક્ત ઉદારતા તરીકે નજીકના અને દુરના સગાઓને અને રક્તના સંબંધાવાળા નહી તેવા કેટલાકોનો જેમ બીજા આગાખાનના બાપે ઠરાવેલું અને નિર્વાહ કરેલો તેમ બીજા આગાખાને તે રીવાજ જારી રાખેલો નથી કે શી રીતે ?

હા.

૩૨. પહેલા પ્રતિવાદીની લખેલી કેફીયત પાને ૫૨ માં કહેલું છે તે પ્રમાણે ૧ લા પ્રતિવાદીએ અને તેમની તરફથી ૩ જા પ્રતિવાદીએ તેમના સગીરપણામાં ફક્ત ઉદારતા તરીકે તે રીવાજ જારી રાખેલો નથી કે શી રીતે ?

હા.

૩૩. જ્યારે પહેલા પ્રતિવાદીની મરજીમાં આવેલું ત્યારે તેમણે જે કોઇ સખસને સખાવત કરેલી તેમાં ફેરફાર કરવાનો, કમી કરવાનો, અથવા વધારવાનો અથવા તે બીલકુલ બંધ કરવાનો તે પહેલા પ્રતિવાદીનો હક્ક નથી કે કેમ ?

હા.

૩૪. તે દાવા વિશે દાવા અરજીની કલમ ૧૬ માં કહેલું છે કે તે વિશે વાંધો લેવામાં આવેલો નથી તે દાવો આ કામમાં વાદીયણે દાવો કર્યો તે પહેલાં અથવા તે પહેલાં થોડી મુદત ઉપર તે કરવામાં આવેલો હતો કે નહી ?

ના.

૩૫. તે દાવા અરજીની કલમ ૧૮ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનની મીલકતનો કાંઇ મજીયારો ઉત્તરાધીકાર થએલો છે કે નહી ?

ના.

૩૬. તે દાવા અરજીની કલમ ૧૮ માં થોડુંક કહેવામાં આવેલું છે તે પ્રમાણે પહેલા આગાખાને મુકેલી મીલકતનો બીજા આગાખાને પોતાના મર્ણ સુધી વહીવટ કરેલો છે કે નહી ?

ના. ફક્ત થોડીકનો કરેલો છે, થોડીક જંગી અને અકબરે લીધેલી છે.

૩૭. પહેલા આગાખાનના મર્ણ પછી તેમની મીલકતનું શું થએલું તે સબંધી હકીકત ૧ લા પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ માં બરોબર કહેલી નથી કે કેમ ?

હા.

૩૮. પહેલા આગાખાનની હયાતીમાં આગા જંગીશાહે પાકી વયના થયા ત્યારથી વારસ તરીકે પોતાના હકકથી પુનામાં કોનાટ રોડ ઉપરનું એક મકાન અને મુંબાઈમાં લવલેન મધ્યેનું એક મકાન કબજે કરેલું અને તે કુટુંબની મીલકતમાંથી જાતીકા એલાવન્સ તરીકે દરમાસે એલાવન્સના રૂ ૮૦૦) તથા તે સાથે ચાકરોનો પગાર, ગાડીયો, ઘોડા, ખોરાક, સરસામાન, અને બીજી જરૂરીયાત વસ્તુઓ અને સુગમતાઓ અને તેમની ઉત્તરક્રીયાનું ખર્ચ દાવા અરજીની કલમ ૧૯ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે લીધેલું કે નહી ?

ના.

૩૯. પહેલા આગાખાનની હયાતીમાં તેમની જે સ્થાવર મીલકત હતી તે પહેલા આગાખાનની પરવાનગીથી જંગીશાહે કબજે રાખેલી હતી એ હકીકત ખરી નથી કે કેમ?

હા.

૪૦. પહેલા આગાખાનની હયાતીમાં તે જંગીશાહાને માસીક એલાવન્સ આપેલું અને તેમણે બીજા ફાયદા ભોગવેલા તે પહેલા આગાખાનની ઉદારતાને લીધે હતા અને બીજી રીતે ન્હોતા તે હકીક્ત ખરી નથી કે કેમ ?

હા.

૪૧. જે નાણું જંગીશાહાને આપવામાં આવેલા, એલાવન્સો જરૂરીયાત વસ્તુઓ અને સુખો તે જંગીશાહા ભોગવતા હતા તે બીજા આગાખાને અને ત્યાર પછી ૧ લા પ્રતિવાદીના સગીરપણામાં તેમની માએ અને તે પાકી વયના થયા પછી તેમણે પોતે ફક્ત ઊદારતા તરીકે જારી રાખેલા અને બીજી રીતે રાખેલા નથી અને બીજી રીતે આપેલા નથી કે કેમ ?

હા.

૪૨. દાવા અરજીની કલમ ૨૦ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે ઝેનલ આબદીનશાહાને પોતાનું માસીક એલાવન્સ, વળી રહેવાનું મકાન, ચાકરો, પગારો, ઘોડા, ગાડીયો, ખોરક અને શાદીનું ખર્ચ અને નજરાણા અને પોતાની જાતનું ખર્ચ એક વારસ તરીકેના હકકથી મળેલું છે કે નહી ?

ના.

૪૩. દાવા અરજીની કલમ ૨૦ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે ઝેનલ આબદીનશાહાન જે કાંઇ મળેલું છે તે ફક્ત ઉદારતા તરીકે મળેલું નથી, અને બીજી રીતે મળેલું નથી કે કેમ ?

હા.

૪૪. તે દાવા અરજીની કલમ ૨૩ માં કહેલું છે તે પ્રમાણે પહેલા આગાખાનના મર્ણ પછી તેમની ત્રણ વીધવાઓ, ત્રણ દીકરાઓ અને ત્રણ દીકરીઓ અને તેઓના ફરજંદો અવીભકત મજીયારા કુટુંબ તરીકે એકઠા જારી રહેલા હતા કે નહી ?

ના.

૪૫. તે દાવા અરજીની કલમ ૨૩ માં કહેલું છે તે પ્રમાણે તે ત્રણ વીધવાઓ, ત્રણ દીકરાઓ અને ત્રણ દીકરીઓ તથા તેમના ફરજંદોનો તે કુટુંબની મીલકતમાં પોત પોતાના અવીભકત હીસ્સા પ્રમાણે તે કુટુંબની મીલકતનો મઝીયારો ભોગવટો હતો કે નહી, અને તે વીધવાઓ, દીકરાઓમાંના કોઇના મર્ણ પછી તે પુરૂષ અથવા સ્ત્રીના વારસો, પાછળ હયાત રહેલા સખસો અને તેમના ફરજંદો સાથે અવીભકત મજીયારા કુટુંબ તરીકે રહેલાં છે અને મજીયારી તે કુટુંબની મીલકત ભોગવેલી છે કે નહી ?

ના.

૪૬. તે દાવા અરજીની કલમ ૨૩ માં જે કહેવામાં આવેલી હકીકત છે તે હકીકત તેની પહેલાની કલમોમાં તથા કલમ ૨૪ મીમાં કહેલી હકીકતથી તદન વીરૂદ્ધ છે કે નહીં ?

હા.

૪૭. ૧ લા પ્રતિવાદીના સગીરપણામાં તેમની માએ દાવા અરજીની કલમ ૨૮ મીમાં કહ્યા પ્રમાણે તા. ૧૭ અગષ્ટ સન ૧૮૮૫ થી ૧૮૯૩ ની સાલ સુધી મજીયારા કુટુંબની મીલકતનો વહીવટ કરેલો છે કે નહી ?

ના.

૪૮. ૧ લા પ્રતિવાદીની માએ જે મીલકતનો વહીવટ કરેલો છે તે પહેલા પ્રતિવાદી તરફથી વહિવટદાર તરીકે અને તેમના એકલાના હિસાબે કરેલો નથી કે કેમ ?

હા.

૪૯. તે દાવા અરજીની કલમ ૩૪ માં કહેલું છે તે પ્રમાણે નબર ૧ ના પ્રતિવાદીના કબજાની બધી મીલકતમાંથી ૬૪/૧૪૪ હિસ્સો લેવાનો તે વાદીપણનો હક થએલો છે કે નહી ?

ના.

૫૦. તે દાવા અરજીની કલમ ૩૬ માં કહેલા તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજના દસ્તાવેજથી પુરવાર થએલો વ્યવહાર તે એક કુટુંબના બંદોબસ્ત તરીકે સુલ્હબુદ્ધીનો વ્યવહાર અને વાદીપણને બંધનકાર્ક નથી કે શી રીતે ?

હા.

૫૧. જંગીશાહની મીલકતના વહિવટદાર તરીકે ૫ મા પ્રતિવાદીનો તે દાવા અરજીની કલમ ૩૯ માં કહેલું છે તે પ્રમાણે તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો દસ્તાવેજ જંગીશાહની મીલકતના વહિવટદાર તરીકે લખી આપવાનો કાયદેસર હક્ક હતો કે કેમ ?

પ્રોબેટ અને એડમીનીસ્ટ્રેશન એક્ટની કલમ ૯૦ લાગુ થતી નથી—કાંઇ છોડી દેવામાં આવતું નથી.

૫૨. તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજના દસ્તાવેજથી પુરવાર થએલો વ્યવહાર જુઠો અને દાવા અરજીની કલમ ૩૯ માં કહેલું છે તે પ્રમાણે તે દસ્તાવેજ મુજબ ચાલવાનો કોઇ દીવસ ઇરાદો રાખેલો હતો કે કેમ ?

ના.

૫૩. તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજની કહેવાએલી ફારકતીમાં રૂ૪૦૦૦૦) રોકડા ૧ લા પ્રતિવાદીએ ૫ મા પ્રતિવાદીને આપીને તે દસ્તાવેજમાં બતાવેલી એક લાખ રૂપીયાની મીલકતનું તે ૫ મા પ્રતિવાદીને વેચાણખત લખી આપેલું નથી કે કેમ?

હા.

૫૪. તે રૂ ૪૦૦૦૦) નો કાંઇ ભાગ ૫ મા પ્રતિવાદી પાસેથી તે વાદીયણને મળેલો છે કે નહી ?

હા. રૂ. ૧૦૦૦૦).

૫૫. તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજના દસ્તાવેજથી પુરવાર થએલો વ્યવહાર અને તે દસ્તાવેજ તે દાવા અરજીની કલમ ૩૯ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે સાજસ અને કપટ ભરેલો છે કે નહી ?

ના.

૫૬. તે દાવા અરજીની કલમ ૪૧ માં કહેલું છે તે પ્રમાણે મુસલમાની સરેહ પ્રમાણે તે કહેલી કુટુંબની મીલકતમાંથી વાદીયણને અને તે કુટુંબના બીજા અંગભુતોને પોતાના મજીયારા વારસા તરીકેના હકકને કપટ ભરેલી રીતે બાતલ કરવાના હેતુથી ૧ લા પ્રતિવાદીએ ૫ મા પ્રતિવાદી સાથે સાજસથી મળી જઇને એક યુકતી રચીને તનો અમલ કરેલો છે તેના ભાગો તરીકે જંગીશાહાની મીલકતના વહીવટપત્ર બાબતની અરજી અને તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો દસ્તાવેજ લખી આપીને રજીષ્ટર કરાવેલો છે તે છે કે નહી ?

ના.

૫૭. તે દાવા અરજીની કલમ ૪૩ માં તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજના દસ્તાવેજના જે મજકુર વિશે સામી તકરાર કરેલી છે તે હકીકત અને કાયદા પ્રમાણે સાચો નથી કે કેમ, અને જો તે સાચો ના હોય તો તે દસ્તાવેજના પક્ષકારોએ શુધ્ધ બુધ્ધિથી તે સાચો અને ખરો છે એવું માનેલું નથી અથવા તેમ નહી તો તે સાચો નથી અને ખોટો છે એવું સાબેત થઇ શકે તેવું નથી એવું માનેલું છે કે નહી ?

હા.

૫૮. તે દાવા અરજીની કલમ ૪૩ માં તથા કલમ ૪૪ માં જે મજકુરો વિશે સામી તકરારો કરેલી છે તે ૧ લા પ્રતિવાદીએ તથા ૫ મા પ્રતિવાદીએ દાવા અરજીની કલમ ૪૪ માં કહેલું છે તે પ્રમાણે સાજસથી ચાલીને જુઠા અને બનાવટના ઊભા કરેલા છે કે નહી ?

ના.

૫૯. તા. ૧૧ સપ્ટેંબર ૧૯૦૧ ના રોજના દસ્તાવેજની સાથે જોડેલા પરીશીષ્ટ બ. માં વર્ણન કરેલી મીલકત તે દાવા અરજીની કલમ ૪૫ માં કહેલું છે તે પ્રમાણે

આગા જંગીશાહાની જુદી મીલકત છે અને તે પહેલા આગાખાનની કોઇ દીવસ ન્હોતી કે કેમ ?

ના.

૫૦. સદરહુ દસ્તાવેજ સાથેના પરીશીષ્ટ જી. માં વર્ણન કરેલી મીલકત પહેલા આગાખાનના મર્ણ વખતે પહેલા આગાખાનની ન્હોતી કે કેમ ?

હા.

૫૧. એક મીલકત માઊંટ રોડવાળી અને બીજી બાગુલા તળાવ તરીકે ઓળખાતી હમામખાનાની છે તે બેઉ મીલકતો તે જંગીશાહાના વારસોના અથવા તેમાંના કેટલાકોના કબજામાં હતી તે સારા કારણોથી પહેલા આગાખાનની જે મીલકત તે દસ્તાવેજમાં બતાવેલી નથી તે મીલકતના ભાગો નથી, પણ તે દસ્તાવેજના પક્ષકારોના જાણવામાં હતી કે કેમ ?

હા.

૫૨. માઊંટ રોડ મધ્યેની મીલકત જંગીશાહે આ દાવામાં દાવા અરજીમાં કહેલું છે તે પ્રમાણે પોતાની બચાવેલી રકમ અને પેદાશમાંથી ખરીદ કરેલી છે કે નહી?

ના.

૫૩. આ કામમાં વાદીયણે કહેલું છે તે પ્રમાણે તે જંગીશાહે હમામખાનાની મીલકત પોતાના નાણાંથી બંધાવેલી છે કે નહી ?

ના.

૫૪. કહેવામાં આવેલી ફારકતીથી જે મીલકત છોડી દીધેલી છે તેમાંનો જંગીશાહાનો હીસ્સો તે દાવા અરજીની કલમ ૩૭ માં કહેવા પ્રમાણે રૂ ૪૦) લાખ કરતા વધારે કીમતનો છે કે નહી ?

ના.

૫૫. પહેલા પ્રતિવાદી ઉપર દાવો દાખલ કરીને જે મીલકત સદરહુ વહીવટદાર તરીકે નંબર ૫ ના પ્રતિવાદીને મળવાનો સંભવ હતો તે કરતાં તે કહેવાએલા દસ્તાવેજથી પુરવાર થએલી ગોઠવણથી વધારે મીલકત મળેલી નથી કે કેમ ?

હા.

૫૬. જંગીશાહાની મીલકત ઉપર ફાયદા ભરેલી રીતે જે સખસોનો હકક થએલો હોય તેમના હીતમાં તે કહેવાએલા દસ્તાવેજથી પુરવાર થએલી ગોઠવણ ઘણી ડહાપણ વાળી અને ફાયદા કારક છે કે નહી અને તે મીલકતના કુંપ મા સુધી જે પક્ષકારોનું ફાયદા ભરેલું હીત થએલું છે તે પક્ષકારો તે ગોઠવણ મંજુર રાખીને તેને પુષ્ટી કરતા નથી કે કેમ?

હા.

૫૭. જો તે દાવા અરજીમાં કહેલી હકીકત ખરી હોય તો તે જંગીશાહાને અને તેમની મીલકતને અને તે મીલકતમાં ફાયદા ભરેલું હીત રાખનારાઓને ખરી રીતે પહેલા આગાખાનની મીલકતમાં એક હીસ્સેદાર તરીકે જંગીશાહાની મીલકતનો હકક થએલો છે તે કરતાં ઘણું વધારે મળેલું છે કે નહી ?

હા.

૬૮. પહેલા આગાખાનની મીલકતને કહેલા દસ્તાવેજની તારીખે જંગીશાહાની મીલકતના દાવાને મુદતની હરકત થએલી છે કે નહી ?

હા.

૬૯. તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો તે કહેલો દસ્તાવેજ રદ કરવાને તથા વાદીયણને તે બંધનકારક નથી એવું ઠરાવવાના વાદીયણના દાવાને મુદતની હરકત થએલી નથી કે કેમ ?

હા. સમશુદીન સંબંધી તે દાવાને મુદતની હરકત છે, પણ નંબર ૧ ના પ્રતિવાદી સંબંધી નથી.

૭૦. જ્યાં સુધી તે કહેલી ફારકતી રદ કરેલી નથી ત્યાં સુધી જંગીશાહાની મીલકતના વારસોમાંના એક વારસ તરીકે વાદીયણનો હરકોઈ રીતે આ દાવો ચલાવવાનો હકક છે કે નહી ?

ના.

૭૧. જંગીશાહાની મીલકતના વારસોમાંના એક વારસ તરીકે જો તે ફારકતી રદ કરવામાં આવે તો, કાંઇ મીલકત લેવાનો વાદીયણ પહેલા પ્રતિવાદી ઉપર દાવો ચલાવી શકે છે કે નહી ?

ના.

૭૨. તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજના દસ્તાવેજથી પુરવાર થએલી ગોઠવણ જ્યારે કરવામાં આવી ત્યારે જે મીલકત ખરી રીતે પહેલા આગાખાનની ન્હોતી અને જેમાં જંગીશાહાની મીલકતનો કાંઇ હીસ્સો ન્હોતો તેવી મીલકત પહેલા આગાખાનની ગણવામાં આવેલી છે કે નહી ?

હા. કરાંચીવાળી મીલકત અને અલીશાહાની મીકલત.

૭૩. તે પ્રસગે જો કે પહેલા આગાખાનની મીલકત છતાં અને બીજા આગાખાને અને પહેલા પ્રતિવાદીએ તે ઉપર ભારે રકમો ખર્ચીને તેવું ખર્ચ કરવાને કાંઇ એલાવન્સ કર્યા શીવાય ઇમારતો બાંધેલી અને બીજી રીતે ખર્ચ કરેલું તોપણ તે પહેલા આગાખાનની મીલકત તરીકે મીલકતની યાદમાં ગણેલી છે કે નહી ?

હા.

૭૪. જો તે દસ્તાવેજ રદ કરવામાં આવે અને પહેલા આગાખાનની મીલકત તેમના વારસોને વહેંચી આપવામાં આવે પણ જે મીલકત તેમની મીલકત પૈકીની ના હોય તે મીલકત તેમાંથી બાતલ કરવી જોઇએ કે નહી અને તેવી મીલકત ઉપર બીજા આગાખાને અને પહેલા પ્રતિવાદીએ ખર્ચ કરેલું હોય અને ઇસ્યુ ૩૭ મામાં બતાવેલી મીલકત ઉપર ખર્ચ કરેલું હોય તે વીશે યોગ્ય એલાવન્સ કરવું જોઇએ કે નહી?

જો તેમ હોય તો હા.

૭૫. જો તે દસ્તાવેજ રદ કરવામાં આવે અને પહેલા આગાખાનની મિલકત તેમના વારસોને વહેંચી આપવામાં આવે તો પહેલા આગાખાનના મર્ણ પછી જે ત્રણ મિલકતોનો જંગીશાહે ઉપયોગ કરેલો છે તે મિલકત તેમજ વળી તે દસ્તાવેજની રૂઇએ પહેલા પ્રતિવાદીએ નંબર ૫ ના પ્રતિવાદીને આપેલી મિલકત એકઠી નહી કરવી જોઇએ

કે કેમ, અને તેવી હકીકત બને તો, તે શરકતીના આધારથી તે મિલકતના વહિવટદારને આપેલી રૂ ૪૦૦૦૦) ની રકમ તેના દર વરસે દર સેકડે નવ ટકાના વ્યાજ સાથે અથવા તે દસ્તાવેજની તારીખથી વાર્ષીક ભાડા પ્રમાણે વ્યાજની રીતે વ્યાજ બીજા દર સાથે જંગીશાહાની મિલકત ૧ લા પ્રતિવાદીને પાછી આપવાને બંધાએલી નથી કે કેમ?

હા.

૭૬. દાવા અરજીની કલમ ૩૮ માં કહેલું છે તે પ્રમાણે તા. ૧૧ સપ્ટેંબર સન ૧૯૦૧ પછી કલમ ૩૮ મીમાં બતાવેલાં વસુલ અને ફાયદા ૫ મો પ્રતિવાદી મુસલમાની સરેહ પ્રમાણે તે કુટુંબની મિલકતમાંથી હિસ્સા લેવાને વારસામાંના એક વારસ તરીકે હકકથી લીધે ગએલો છે કે નહી?

ના.

૭૭. તે દાવા અરજીની કલમ ૩૮ માં કહેલું છે તે પ્રમાણે ૧ લા પ્રતિવાદી તરફથી ૫ મા પ્રતિવાદીએ જે વસુલ અને ફાયદાઓ લીધેલા છે તે પહેલ પ્રતિવાદીની ઉદારતાથી આપેલા અને લીધેલા છે અને બીજી રીતે લીધેલા નથી કે કેમ?

હા.

૭૮. તે દાવા અરજીની કલમ ૪૨ માં બતાવેલી તકરારો ચાલવા લાયક છે કે નહી?

ના.

૭૯. તે દાવા અરજીની કલમ ૪૬ માં કહેલો તા. ૨૬ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો દસ્તાવેજ કુટુંબની એક ગોઠવણ તરીકે શુધબુદ્ધિથી બળવાન વ્યવહાર જેવો છે કે નહિ, અને તે દસ્તાવેજમાંના જે મજકુર જુઠા કહેવામાં આવેલા છે તે સાચા મજકુર નથી કે કેમ ?

હા.

૮૦. જે હકીકતને લીધે તા. ૨૬ સપ્ટેંબર સન ૧૯૦૧ ના રોજનો દસ્તાવેજ કરવામાં આવેલો છે તે હકીકત અથવા તે દાવા અરજીની કલમ ૫૦ માં જે કહેવામાં આવેલું છે તે આ દાવા અરજીમાં કાંઇ લગતી હકીકત છે કે નહી, અને જો કાંઇ લગતી છે તો તે શી છે અને કેવી હકીકતથી તે કહેલા દસ્તાવેજ લખી આપવામાં આવેલો છે, અને તે દાવા અરજીની કલમ ૫૦ માં કહેલી વાદીયણની જાણેલી હકીકત અને તેમનું માનવાપણું બરોબર છે કે નહી ?

ના.

૮૧. તે દાવા અરજીની કલમ ૫૧ માં કહેલું છે તે પ્રમાણે વાદીયણને સન ૧૮૮૦ની સાલથી દર માસે રૂ ૩૭૫) પ્રમાણે પોતાના જાતીફ એલાવન્સ તરીકે, (૧) પહેલા આગાખાન પાસેથી, (૨) બીજા આગાખાન પાસેથી, (૩) પહેલા પ્રતિવાદી પાસેથી મળેલા છે કે નહી?

ના. તેના ધણીએ તે લીધેલું છે.

૮૨. તે દાવા અરજીની કલમ ૫૧ મીમાં કહેલું છે તે પ્રમાણે સન ૧૮૮૦ થી વાદીયણના ઘોડાવાળાઓને, અને ચાકરોને પગાર આપેલો છે અને મજકુર કલમ ૫૧ માં કહેલું છે તે પ્રમાણે બીજા ફાયદાઓ તેણીને આપેલા છે કે નહી?

ના.

૮૩. કોઈ વખતે પણ વાદીયણને કાંઈ જાતીકુ એલાવન્સ આપેલું નથી અને રહેવાનું મકાન તથા બીજા જે ફાયદાઓ તેણીએ ભોગવેલા છે તે પહેલા અને બીજા આગાખાનોની ઉદારતાથી તેણીના ધણીને આપેલા હતા અને તેણીના ધણીના મર્ણ સુધી તેણીના ધણીની સાથે તે એકઠા ભોગવેલા છે તે હકીકત ખરી નથી કે શી રીતે ?

હા.

૮૪. વાદીયણના ધણીના મર્ણ પછી વાદીયણને પુરો પાડેલો ખોરાક અને જરૂરીયાત વસ્તુઓ તેણીને ૧ લા પ્રતિવાદીએ ઉદારતાને લોધે પુરી પાડેલી છે તે ખરી હકીકત નથી કે કેમ ?

હા.

૮૫. તે દાવા અરજીની કલમ ૫૨ અને ૫૩ માં કહેલી બાબતો જો સાચી હોય તો તેથી ૧ લા પ્રતિવાદી વિરૂધ્ધ વાદીયણને દાવાનું કાંઇ કારણ મળેલું છે કે નહી?

ના.

૮૬. તે દાવા અરજીની કલમ ૫૫ મીમાં કહેલું છે તે પ્રમાણે ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓએ વાદીયણને કહેલું, પહેલા આગાખાને મુકેલું એક વીલ ૧ લા પ્રતિવાદીએ દબાવી રાખેલું છે કે નહી ?

ના.

૮૭. તે દાવા અરજીની કલુંમ ૫૬ માં કહેલું છે તે પ્રમાણે તે કુટુંબના બીજા અંગભુતોને ઠગવાના હેતુથી ૧ લા પ્રતિવાદીએ તે કુટુંબની મિલકતના ઘણા ભાગો ભારે કીમતના અજાણ્યા સખસોના નામથી મુકીને છુપાવેલા છે કે નહી ?

ના

૮૮. તે કુટુંબની મીલકતમાં ૧ લા પ્રતિવાદીનો જે હિસ્સો છે તેના પ્રમાણ કરતાં નાણાંની ઘણી ભારે રકમો પોતાને જોઇએ તે કરતાં ઘણી વધારે લેઇને તેનો ખોટો ઉપયોગ તેમણે કરેલો છે અને પોતાની મરજીમાં આવે તે પ્રમાણે ખરચેલી છે અને તે વડે સટ્ટો કરેલો છે અને પોતાનું જાતીકુ દેવું આપવામાં વાપરેલા છે અને તે દાવા અરજીની કલમ ૫૬ માં કહેલું છે તે પ્રમાણે ઘોડ દોડ ઉપર ભારે સરતો બફીકરાઇથી કરવા સાથે ખાસ કારણો સર કુટુંબના નાણાંમાંથી તેમનો કાંઇ હક્ક નહી છતાં વાપરેલાં છે કે નહી ?

કાંઇ પુરાવ નથી. બીજા ઇસ્યુ વિશે ફેંસલો કરતાં સુધી રાહ જોએલી હતી.

૮૯. તે દાવા અરજીની કલમ ૫૬ માં કહેલું છે તે પ્રમાણે તે કુટુંબની મીલકતના ભાગો પોતાના ફાયદા સારૂ ૧ લા પ્રતિવાદીએ બીજાને આપેલા છે અને ભારે બેફીકરાઇવાળી અવ્યવસ્થા કરીને ઉડાઉપણાથી, અને તફરકે (બરબાદ) કરીને તથા જે મીલકત વસુલ કરવી તે નહી કરવાથી તેવી મીલકતને ભારે નુકસાન કરેલું છે કે નહી ?

ના. પુરાવની રાહ જોવામાં આવી હતી.

૯૦. વાદીયણ એવું સાબેત કરે કે જે મીલકતની ૧ લા પ્રતિવાદી વ્યવસ્થા કરે છે તે મીલકત તેમની નથી અને વાદીયણનું તેમાં કાંઈક હીત છે ત્યાં સુધી ઇસ્યુ ૮૮ મા અને ૮૯ મા ઉપર વાદીયણને કાંઈ પુરાવ આપવાની અથવા સાક્ષીઓની ઊલટ તપાસ કરવાની પરવાનગી આપવી જોઇએ કે નહી ?

રાહ જોએલી હતી.

૯૧. તે કામમાં બીજા ઇસ્યુઓનો નિર્ણય કરવામાં આવે ત્યાં સુધી ૮૮ મા અને ૮૯ મા ઇસ્યુઓની તપાસ બંધ રાખવી ના જોઇએ કે કેમ ?

હા.

૯૨. તે દાવા અરજીની કલમ ૮ માં રૂ ૯૦૦૦) અને વ્યાજનો દાવો કરેલો છે તે ઉપર વાદીયણનો હક્ક થએલો છે કે નહી ?

ના.

૯૩, તે દાવા અરજીની કલમ ૫૯ માં વાદીયણે જે દાવો રાખેલો છે તે વીશે તે વાદીયણનો હક્ક થએલો છે કે નહી ?

ના.

૯૪. તે દાવા અરજીમાં કહેલું છે તે પ્રમાણે માનવામાં આવેલી રીતે ૧ લો પ્રતિવાદી એક કુટુંબનો ઇલકાબવાળો આગેવાન છે કે નહી એટલે તે કુટુંબનો તેમની તરફથી નાણાં લેવાને ફક્ત એક એજંટ છે કે નહી.

ના.

૯૫. બીજા આગાખાને પોતાની મેળવેલી જે મીલકત ઉપર તેમના વારસોનો હક્ક થએલો હોય તેવી મીલકત મુકેલી નથી કે કેમ ?

હા.

૯૬. તે દાવા અરજીમાં કાંઇ કહેલી હકીકતથી તે દાવા અરજીની દાદ **સી.** ને ટેકો મળેલો છે, અથવા વ્યાજબી રાહની છે કે નહી અને જો નથી તો, તે દાદ માગ્યા પ્રમાણે હરકોઈ હકીકતથી વાદીયણ એક હુકમનામું મેળવી શકે છે કે નહી ?

ના.

૯૭. તે દાવા અરજીની દાદ **સી.** કહાડી નાંખવી જોઇએ નહી અથવા તે બીલકુલ લક્ષમાં લેવી નહી જોઇએ કે કેમ ?

જરૂરની નથી.

૯૮. પહેલા પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૫૩ માં કહેવામાં આવેલું છે તે પ્રમાણે જે વખતે જે આગાખાન હોય તેમને ખુશીથી આપેલા નજરાણામાથી નજીકના અને દુરના સગાઓ રક્તથી જુદા સખસોના ફાયદા સારૂ ખર્ચ આપેલું નથી કે કેમ ?

હા.

૯૯. પહેલા પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૫૩, ૫૪ અને ૫૬ માં જે કહેલું છે તે સાચું નથી કે કેમ ?

હા.

૧૦૦. દાવા અરજી સાથે જોડેલાં પરીશીષ્ટ **અ.** નિશાનીવાળા પેઢીનામામાં પહેલા આગાખાને સીધી લીટીના અને સમાંતર બાજુના સગા બધાં બતાવેલાં છે કે નહી ?

ના.

૧૦૧. ૧ લા પ્રતિવાદીની લખેલી કેફીયત સાથેની નંબર ૧ ની યાદમાં જે સખસોના નામ બતાવેલાં છે તે સખસો પહેલા આગાખાનના રક્તથી અથવા શાદીઓથી સગપણના કારણથી તે દાવા અરજીના **અ.** નિશાનવાળા પેઢીનામામાં હીતવાળા થએલા હોવા જોઇએ કે નહી ?

હા.

૧૦૨. પહેલા પ્રતિવાદીની લખેલી કેફીયતની કલમ ૫૯ માં બતાવેલા તેમના સામા દાવાનું તે કલમના હેતુ પ્રમાણેની હકીકતથી તે પહેલા પ્રતિવાદીના લાભમાં હુકમનામું કરવું ના જોઇએ કે કેમ ?

જરૂર નથી.

૧૦૩. આ કોર્ટની હકુમત બહારની એટલે મુંબાઈ શહેરની અને ટાપુ બહારની સ્થાનિક હદ બહારની સ્થાવર મિલકત સંબંધી હક ઠરાવીને અથવા વહેંચણ કરવાનું હુકમનામું કરવાની આ કોર્ટની કાંઇ હકુમત છે કે નહી ?

જરૂર નથી.

૧૦૪. નંબર ૭ ના પ્રતિવાદીની લેખી કેફીયતની કલમ ૫ વાળી સ્થાવર મિલકત પહેલા આગાખાનના બીજા વારસોને તદન બાતલ કરીને નંબર ૭ અને ૮ મા પ્રતિવાદીઓના બાપ અકબરશાહે પોતાના સ્વતંત્ર ઉપયોગમાં લીધેલો નથી કે કેમ ?

હા.

૧૦૫. ૭ મા પ્રતિવાદીની લેખી કેફીયતની સદરહુ કલમમાં બતાવેલી જંગમ મિલકત પોતાના એકલાના ઉપયોગમાં અકબરશાહે અને તેમની માએ લીધેલી નથી કે કેમ?

હા.

૧૦૬. તે સ્થાવર મિલકતની પોતાની મિલકત તરીકે અકબરશાહે વ્યવસ્થા કરેલી નથી કે કેમ ?

હા.

૧૦૭. ૭ મા પ્રતિવાદીની લેખી કેફીયતની કલમ ૫ વાળી કહેલી મિલકત સંબંધી પહેલા આગાખાનના વારસોના અને તેમની તરફથી દાવા રાખનારાઓના દાવાને મુદતની હરકત થએલી નથી કે કેમ ?

હા.

૧૦૮. શાહ હસનઅલીથી ઉત્તરોત્તર થએલા આગાખાનોને જે નજરાણા વખતે વખતે મળેલા તે શાહા હસનઅલ્લી અને કુટુંબના બધા અંગભુતોને માટે અને તેઓની તરફથી અને તેઓના ફાયદા સારૂ અને તેઓના દરેકના ફાયદા સારૂ મળેલા નથી અને મળતા નથી કે કેમ ?

ના.

૧૦૯. તે બધા કુટુંબને સેવકો ઈમામ તરીકે પવિત્ર માનતા નથી કે કેમ અને જે આગાખાન હોય તે આગાખાન તે કુટુંબના ઇલકાબવાળા આગેવાન અને પ્રતિનિધી નથી કે કેમ ?

ના.

૧૧૦. આવા નજરાણામાં વખતે વખતે જે મળેલું હોય અને તેથી જે મિલકત મેળવેલી હોય તે ઉપર શાહા હસનઅલીના બધા અંગભુતોનો એટલે ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓ સુદ્ધાંતનો ગજીયારો હક નથી કે કેમ ?

ના.

૧૧૧. તે નજરાણુા અને મિલકત તેવા હક્ક વાળા સખસોમાં વહેંચવાને બદલે ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓની લેખી ફેરીયતની કલમ ૩ માં કહેલી મતલબનો રીવાજ તે કુટુંબમાં પડેલો નથી કે કેમ ?

ના.

૧૧૨. આ દાવાવાળી મિલકત તથા નજરાણુા બાબત ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓના હક્ક અને હીત નક્કી ઠરાવવા જોઇએ નહી કે કેમ ?

ના. તેઓનો કાંઇ પણુ હક્ક નથી.

૧૧૩. હવે પછી નંબર ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓને માટે આગળ કહેલા રીવાજ મુજબ રહેવાના મકાન, એલાવન્સ વિગેરે હવે પછી આપવાને અને તે વિશે બંદોબસ્ત કરવો ના જોઇએ અને તે એલાવન્સની ચડેલી બાકીનું હુકમનામું કરવું ના જોઇએ કે કેમ ?

ના.

૧૧૪. આગળના એલાવન્સો અને તે મિલકત અને નજરાણુા બાબતના ઠરાવોના આધારથી ૯ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓને પોતાના હિસ્સા અભાવે અપાવવા ના જોઇએ કે શી રીતે ?

ના.

૧૧૫. આ દાવાવાળી મિલકત અને નજરાણુામાંથી આ પ્રતિવાદીયણ (નંબર ૨) નો હિસ્સો લેવાનો હક્ક થએલો છે કે નહી ?

ના.

૧૧૬. હસનઅલ્લીના હયાતીમાં અને તેમના મર્ણુ પછી નંબર ૨ ની પ્રતિવાદીયણુ તે કુટુંબની મિલકત અને નજરાણુામાંથી બધું મળીને દર માસે રૂ ૨૦૦) મુજબ એલાવન્સ, તે શીવાય ચાકરોનો પગાર, ખોરાક, મકાનો, ગાડીયો અને બીજા સુખ હમેશાં મળે છે કે નહી ?

ના. તેણુીને હક્ક તરીકે કાંઇ મળેલું નથી, પણુ મહેરબાની અને ઉદારતા તરીકે જે કાંઇ મળેલું છે તે મળેલું છે.

૧૧૭. હરકોઈ બીનાથી તેણુીની હયાતીમાં હવે પછી તે એલાવન્સો અને બીજી જરૂરીયાત વસ્તુઓ પોતાને મળે તેવો તેણુીનો હક્ક નથી કે કેમ ?

ના.

૧૧૮. સામાન્ય ઇસ્યુ.

૧૧૯. પહેલા આગાખાને મુકેલી મિલકતમાંથી તેમના વારસોમાંના એક વારસ તરીકે નંબર ૨ ની પ્રતિવાદીયણુનો એક હિસ્સો લેવાનો હક્ક નથી કે કેમ ?

આ દાવામાં જરૂરે કરીને નહી.

૧૨૦. વાદીયણુ આ દાવામાં પહેલા આગાખાનની મિલકતમાંથી હિસ્સો લેવાના પોતાના દાવા વિશે નિષ્ફળ થાય તો આ કામમાં ઇસ્યુ ૧૧૯ નો નિર્ણય કરી શકાય છે કે નહી ?

જરૂર નથી.

૧૨૧. જો તે થઇ શકે તો નંબર ૨ ની પ્રતિવાદીયણુના પહેલા આગાખાનના વારસો પૈકી એક વારસ તરીકેના દાવાને મુદતની હરકત થએલી નથી કે કેમ ?

જરૂર નથી.

૧૨૨. પહેલા પ્રતિવાદીના કબજામાં જે મિલકત આવેલી છે તેમાંથી ખરી રીતે પહેલા આગાખાનના મર્યું પછી નંબર ૨ ની પ્રતિવાદીયણુને મુસલમાની સરેહ પ્રમાણે પોતાના હિસ્સા કરતાં ઘણું વધારે મળેલું નથી કે કેમ ?

જરૂર નથી.

૧૨૩. પહેલા આગાખાનની જે મિલકત ૧ લા પ્રતિવાદીને કોઈ દીવસ મળેલી નથી તે બાબત આગળ કહેલી હકીકત હોય તો નંબર ૨ ની પ્રતિવાદીયણુનો નંબર ૧ ના પ્રતિવાદી ઉપર કાંઇ દાવો છે કે નહી ?

ના.

૧૨૪. પહેલા આગાખાનની સ્થાવર જંગમ જે મિલકત અકબરશાહા અને જંગીશાહાએ કબજે લીધેલી તેમાં નંબર ૨ ની પ્રતિવાદીયણનું કાંઇ હિત થઇ શકેલું હોય તો તે બાબત નંબર ૧ ના પ્રતિવાદી ઉપર તે દાવો કરી શકે છે કે નહી ?

ના.

૧૨૫. ખોજાઓની દાટવાની જગાની વહેંચણ કરાવવાનો વાદીયણુનો હકક થએલો છે કે નહી ?

ના.

૧૨૬. હસનાબાદનું કબરસ્થાન અને નિચેના ભોંયરાં તથા તેની હદ અલ્લીશાહાના વારસોની ખાનગી મિલકત નથી કે કેમ ?

હા. જુઓ એચ. ૩૩ અને ડી. એચ. ૨૨૪ અને ૨૨૫.

૧૨૭. તે કુટુંબના કોઇ અંગજુતનો હસનાબાદમાં પોતાને દાટવાનો એક હકક તરીકે હકક થએલો છે કે નહી ?

ના. નંબર ૧ ના પ્રતિવાદીની પરવાનગી શીવાય નહી.

૧૨૮. હસનાબાદનું કબરસ્થાન અને મકાનો હસનઅલ્લીના વારસોને અથવા હસનઅલ્લીના કુટુંબને વહેંચી આપવું જોઇએ કે નહી ?

ના.

પરીણામે તે દાવો કહાડી નાંખવામાં આવે છે. આ પ્રમાણે છે તો વાદીયણુના દાવાને જે પ્રતિવાદીઓએ ટેકો આપેલો છે તે પ્રતિવાદીઓનો કાંઇ દાદ મળવાનો હકક થએલો હોય તોપણ તેમાંના કોઇ પ્રતિવાદીને કાંઇ દાદ દેખીતી રીતે અપાવી શકાતી નથી.

હવે આ દાવાના ખર્ચની વ્યવસ્થા અમે કરીએ છીએ. (અ) અમારા અભિપ્રાયમાં આવે છે કે નંબર ૧, ૩, અને ૫ ના પ્રતિવાદીઓને પોતપોતાનું જુદું ખર્ચ અપાવવું જોઇએ. અને (બ) નંબર ૪ અને ૬ ના પ્રતિવાદીઓને એક જુદું ખર્ચ અપાવવું જોઇએ, અને ૭ અને ૮ ના પ્રતિવાદીઓને મજીયારૂ ખર્ચ મળવું જોઇએ. આ ખર્ચ આપવાને વાદીયણ અને ૨ તથા ૯ અને ૧૦ ના પ્રતિવાદીઓ છે. તે ખર્ચ અથવા તેમાંના કાંઇ ભાગ

બાબત ૧૧ અને ૧૨ થી ૧૪ સુધીના પ્રતિવાદીઓને જવાબદાર ઠરાવવા જોઇએ એવુ અમારી નજરમાં આવતું નથી. નંબર ૨ ની પ્રતિવાદીયણુ વિરૂદ્ધ ખર્ચનો આગ્રહ કરવામાં આવેલો છે. સદરહુ ખર્ચમાં અલબત જો કાંઇ અદમદ રાખેલું ખર્ચ હોય તો તે કમીશનનું અને મી. મુસને હાજર થવા સુદ્ધાંતનું આવી જાય છે અને તે ઉપર કહેલા પ્રતિવાદીઓએ એ કામમાં તેને એકાજુથે આપવાનું છે. નંબર ૫ ના પ્રતિવાદી પોતાનું ખર્ચ વસુલ ના કરે તો તે જંગીશાહની તકરારી મીલકતમાંથી તે વસુલ કરી શકે કે નહી તે એક સવાલ છે. તેનો નિર્ણય અમે આ કામમાં કરી શકતા નથી.

આ તમામ કામ ચાલતાની દરમીઆનમાં દુઃખ અને તબીયત સારી નહી છતાં એટે બાબત મી. ઇનવેરારીટી ચુકેલા નથી અને ઘણી વીગતો આશ્ચર્યકારક રીતની સમજ બતાવેલી છે તેથી સાબાશી બતાવ્યા વિના અમે આ ફેંસલો બંધ કરી શકતા નથી. તેમણે ચલાવેલા કામમાં મી. મુસે ઘણીજ અકકલ ભરેલી રીતે મદદ કરેલી છે, કારણ કે કમીશનથી વાદીયણના સાક્ષીઓની ઉલટ તપાસ અને પ્રતિવાદીના સાક્ષીઓને તપાસેલા તે મનમાં સમજવા લાયક રીતનાં છે અને જવાબ આપતાં મી. ઇનવેરારીટીએ જે વખાણ તેમના કરેલાં છે તેને અમારા અભિપ્રાય પ્રમાણે તે ઘણા લાયક થએલા છે.

આ ફેંસલામાં તે સમુદાયમાં ધર્મ સંબંધી દુશ્મનાઇ વધે અથવા તે કુટુંબના અંગભુતોમાં તીરસ્કાર વધે તેવો એકે શબ્દ આવે નહીં તેવી અમે કોશીસ કરેલી છે, અને અમે વિશ્વાસ રાખીએ છીએ કે આવી જાતની કાંઇ લાગણી હોય તો તે કુટુંબના અંગભુતોના મનમાંથી તેમજ આ મ્હોટી અગત્યની જાતના મનમાંથી ધીમે ધીમે જતી રહેશે.

વાદીયણના અને નંબર ૨ ની પ્રતિવાદીયણ અને ૯ થી ૧૪ ના પ્રતિવાદીઓના એટર્નીઓ મેજર્સ એજલો, ગુલાબચંદ તથા વાડીયા.

નંબર ૧ ના પ્રતિવાદીઓ વિગેરેના એટર્નીઓ મેસર્સ પેન અને કંપની.

સમાપ્ત.

ધંધાની હરીફાઇમાં જુઠી

જાહેર ખબરો

૧. ગોદરેજે પોતાની જાહેરખબરમાં છપાવ્યું કે મને દરેક પ્રદર્શનમાં પહેલાં ઇનામ સોનાના ચાંદ મળ્યા છે તો તે ઉપરથી મુંબઇના એક તીજોરી બનાવનારે પણ જુઠું છપાવ્યું કે મને દરેક પ્રદર્શનમાં પહેલાં ઇનામ મળ્યાં છે જો કે એઓને ગોદરેજ સાથની હરીફાઇમાં ચાર ચાર વાર ઉતરતાં ઇનામ મળ્યાં છે. મદ્રાસનાં પ્રદર્શનમાં તો ગોદરેજને સઉમાં પેહેલું ઇનામ, એક મદ્રાસી તીજોરીવાળાને બીજું ઇનામ અને એઓને તેથી પણ ઉતરતું ત્રીજું ઇનામ ફકત ઉત્તેજન દાખલ આપવામાં આવ્યું હતું.

૨. ગોદરેજે એવું કહ્યું કે મને સઉમાં વધું સોનાના ચાંદ મળ્યાં છે તો વળી મુંબઇના એ તીજોરી બનાવનારે બીજી જુઠી જાહેરખબર છપાવી કે સઉમાં વધુ મને મળ્યાં છે.


૩. ગોદરેજે એવું કહ્યું કે મારૂં કારખાનું સઉમાં મોટું છે તો વળી એઓએ ત્રીજી જુઠી જાહેરખબર છપાવી કે સઉમાં મોટું મારૂં છે. ગોદરજને ત્યાં પોણોસો માણસ તાળાં કળો બનાવે છે અને લગભગ સવા બસો તીજોરીઓ બનાવે છે અને એઓને ત્યાં સઉ મળી ઘણાં તો ચાલીસ માણસ છે એટલે કે ગોદરજથી સાતગણાં ઓછાં છે.

ગોદરેજે એ શેઠ ઉપર લખ્યું કે ભાઇ જુઠી જાહેરખબરો કેમ છપાવો છો તો કહે કે માણસની ભુલ થઇ. પણ ત્યારપછી જુઠી વાતો છપાવવી ચાલુજ રાખી. ગોદરેજે કહ્યું કે ખાનગીમાં તમે ચાંદ માટે અને તમારાં કામ માટે ઘરાકને ગમે એ સમજાવો તે કાંઇ બધું હું જાણવા પામતો નથી પણ જાહેર ખબરોમાં તમે જુઠું છપાવો કે મને સઉમાં પહેલાં ઇનામ હંમેશ મળ્યાં છે અને હું પણ એવુંજ છપાઉં તો મને જેઓ ઓળખે નહીં તેઓ મને પણ જુઠો ગણે માટે તમે જુઠી જાહેર ખબરો છપાવવાનું બંધ કરો. શેઠના ધ્યાનમાં વાત ઉતરી નહીં અને જુઠું છપાવવું ચાલુજ રાખ્યું, એટલે ઉપર મુજબ ખરી હકીકત બહાર પાડવાની ગોદરેજને દલગીરીભરી ફરજ પડી છે, અને ઉમેદ છે કે મુંબઇના એ તીજોરી બનાવનાર શેઠ થોડું લખવે ઘણું સમજી જશે અને વધુ વાતો બહાર પાડવાની ગોદરેજને ફરજ પાડશે નહીં.

ગોદરેજની તીજોરીઓ ક્યાં ક્યાં વપરાય છે તે

માટે જુઓ આ ચોપડીની શરૂઆતમાં પાને ૨ જે.

ચશ્મા પેબલના ચશ્મા!



ખાસ વિલાયતથી મંગાવેલ ખરા **પેબલના** ચશ્મા અમારે ત્યાંથી ઘણાજ ઓછા ભાવથી મળે છે.

વિલાયતમાં પાસ થયેલા આંખના ડાકટર બળવંતરાય નૃસિંહલાલ કાનુંગા એલ. એમ. એન્ડ. એસ., એલ. આર. સી. પી. ને અમારે ત્યાંથી ડાકતરી ચશ્માની પેટીમાંથી આંખ તપાસી ચશ્માનો નંબર મફત કાઢવા માટે રોકવામાં આવ્યાં છે. ચશ્માની ફ્રેમો નીકલની, એલ્યુમીનીમની, રોલગોલ્ડ, કેરેટ વીગેરેની મળે છે તથા ચશ્માનું રીપેર કામ ઘણાજ ઓછા ભાવથી કરવામાં આવે છે. મોતીઆના ચશ્મા પણ અમારે ત્યાંથી મળે છે.

અમારે ત્યાંથી લીધેલા પેબલના ચશ્મા એક વરસ સુધી પૈસા લીધા વીના નંબર બદલી આપવામાં આવે છે.

એક વરસ પછી લીધેલા ચશ્મા અગર જુનાં **પેબલના** ચશ્માનો નંબર ફક્ત રૂપૈઓ એક લેઇ કાચ ફેરફાર કરી આપવામાં આવે છે. ખાસ જૈનના સાધુ સાધ્વીઓને માટે નફો લીધા વીના ચશ્મા આપવામાં આવે છે.

આ ઉપરાંત અમારે ત્યાં **પ્રાઇમસના ચુલા** દરેક જાતની ઇંગ્રેજી દવાઓ, ખોરાકી સામાન ગ્લાસવેર, એનેમલવેર, ક્રોકરી, કટલરી, દરેક જાતની ચાહ કોફી, સીગાર એન્ડ સીગારેટ, તંબાકુ, સ્ટેશનરી, ટોઇઝ કામ, પરફ્યુમરી, સેન્ટ, દરેક જાતના સાબુ, એસીડ વીગેરે કીફાયત ભાવે વેચાય છે.

ચુનીલાલ મયાચંદ મહેતા ચશ્માવાળા.

ત્રણ દરવાજા નં. ૩૬૧૪ અમદાવાદ. ડાકટર એન. હોલની

દવાઓના ચીફ એજન્ટ.

વીનંતીપત્ર.

અમારા છાપખાનામાં તમામ જાતનું કામ સારૂં અને સસ્તું મુદતસર કરી આપવામાં આવે છે તેમ તમામ સાલોના ઇં. લો. રી. તથા ડાઇજેસ્ટો, સરક્યુલર બુકો અને તમામ જાતના નાના મોટા ટીકાવાળા અને વગર ટીકાના કાયદા મળશે જોઇએ તેને નીચેના સરનામે લખવું.

શા. ગોકળદાસ મોતીચંદ છાપખાનાવાળા.

ઠે. પાંચીની પોળ—અમદાવાદ.

સુધરેલા જમાનાની

ટોચે પહોંચેલી

અજબ શોધ! અજબ શોધ!! અજબ શોધ!!!

આવી અદ્‌ભુત શોધ હિંદુસ્તાનમાં પ્રથમ દાખલ કરનાર સર્વેથી જુના અને જાણીતા તીજોરી બનાવનાર

મેશર્સ હરીચંદ મંછારામ એન્ડ સન છે.

સૌથી વધારે સોનાના ચાંદ મળ્યા છે.

૧૧ સોનાના ચાંદો ઉપરાંત બીજા ચાંદ એજ હરીચંદની સર્વોત્તમ કારીગીરીની સાબીતી છે.

હરીચંદની નવી શોધોના ચાર પેટન્ટો, નામદાર હિંદુસ્તાનની સરકાર પાસે કાયદા મુજબ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

પેટન્ટ પહેલો—આ પેટન્ટમાં બનાવવામાં આવતી **હરીચંદની** છેલ્લી અદ્‌ભુત શોધની તીજોરીઓ માટે હવે બે મત છેજ નહીં, સબબ એથી વધારે સારૂં કામ બીજાથી બની શકે તેવી કોઇ પણ બારીકી રાખવામાં આવી નથી. **હરીચંદની પેટન્ટ તીજોરીઓને** ફક્ત બહારથી આઠ બાજુ વાળવામાં આવે છે, એટલુંજ નહીં, પણ તેના અંદરના ભાગને બી તેવીજ રીતે આઠ બાજુથી અખંડ વાળવામાં આવે છે, "એટલે એકંદર બહાર અને અંદરની બાજુ મળી **સોળ બાજુઓ સાંધા રાખ્યા શીવાય** અખંડ વાળવામાં આવે છે." આ **હરીચંદના પેટન્ટ તીજોરીએ** કુદરતી ભયંકર આગ, અને કાબેલ ચોરની ધાસ્તી, પણ જડમુળથી નાબુદ કીધી છે, જે નીચેના પુરાવાથી સાબીત કરવામાં આવ્યું છે.

(૧) કુદરતી ભયંકર આગમાં ગમે તેવી મજબુત, તેમ બહારની બાજુઓ વાળેલ હોવા છતાં, પણ અંદરના ભાગમા સાંધાવાળી તીજોરીઓ હોવાથી, તેના અંદરના સાંધા આગની સખત ગરમીથી નરમ થઇ જઇ ખુલ્લા પડે છે, અને તે સબબથી અંદરના અમુલ્ય **અસબાબને** નુકશાન થવાની ધાસ્તી રહે છે, "જ્યારે **હરીચંદની છેલ્લી શોધના પેટન્ટ તીજોરીઓ** બહાર અને અંદર મલી સોળ બાજુથી અખંડ વાળેલ હોવાથી આગની ગરમી અંદર જઈ શકતીજ નથી" આજ સબબથી **હરીચંદની પેટન્ટ તીજોરીનો અસબાબ** દરેક વખતે સહીસલામત રહે છે.

(૨) કાયદા મુજબ રજીસ્ટર થયેલ **હરીચંદની પેટન્ટ તીજોરીઓના** માફક બનાવવાનો હક બીજાઓને છેજ નહીં; પણ ગ્રાહકોને સમજાવવા કેટલાક બનાવનારએ તીજોરીની પાછળની પીઠપર ઢક્કુ ફેરવે છે, **જે ઢક્કુ ઘણી સહેલાઇથી નીકળી શકે છે,** તેવીજ રીતે તીજોરીની પાછળની પીઠ એક **ચોરસ ગાબડું** રાખી ખાંચાવાળી બનાવે છે. આવી ગાબડાવાળી તીજોરીને પણ તેના ખાંચામાંથી કોઇ પણ છીણી મારી તોડી શકે છે.

"જ્યારે હરીચંદની નવી શોધની પેટન્ટ તીજોરીમાં સાંધકું નહી હોવાથી છીણી મારવાનો રસ્તો છેજ નહીં" "એટલે તે બધી તરફથી ગોળ અખંડ વાળવામાં આવે છે."

આ ધાસ્તી પણ હરીચંદની પેટન્ટ તીજોરીએ હમેશાને માટે દુર કીધી છે.

પેટન્ટ બીજો—આ પેટન્ટમાં હરીચંદની સીક્રેટ ચેમ્બર અથવા છુપા ભંડારવાળી મજબુત તીજોરી બનાવવામાં આવે છે, જેની પ્રખ્યાતી જગજાહેર છે. અસલ ચાવી હાથ લાગવાથી પણ અમુલ્ય અસબાબ ક્યાં રાખવામાં આવે છે, તેની બીલકુલ ખબર પડતી નથી. એવી ખુબીથી અદ્દશ્ય ભંડાર બનાવવામાં આવે છે, જેની વધારે ખાતરી નજરે જોવાથી જ થઇ શકે છે.

પેટન્ટ ત્રીજો—આ પેટન્ટ હરીચંદના વગર સાંધાના અખંડ તાળા માટે છે. વગર સાંધાના તાળાની વાત સાંભળી ઘણા જન આશ્ચર્ય ચકિત થાય છે, બીજા તાળા બનાવનારાઓની માફક સાંધા, અને રીવેટ કરેલા તાળા, સેલીડ કહી હમે વેચતા નથી કે જેવા તાળા છીણી મારવાથી તુટી શકે છે, વગર સાંધાના તાળા બનાવવાનો હક બીજાઓને છેજ નહીં, હરીચંદના અખંડ તાળામાં સાંધો છે તેવું સાબીત કરનારને ઇનામ રૂપીઆ એક હજાર.

પેટન્ટ ચોથો—આ પેટન્ટ હરીચંદના સ્પેશીયલ પેટન્ટ પ્રોટેક્ટર લૉક માટે છે, અને તે ફક્ત અમારી તીજોરીમાંજ વપરાય છે. આ લૉકસ એટલા બધા મજબુત બનાવવામાં આવે છે કે તેના ઉપર ડ્રીલથી પણ કાણાં પડી શકતા નથી. તો તે કોઇએ રીતે તોડી શકાયજ નહીં, અને તેના તમામ લીવરો ફક્ત એક અખંડ મજબુત સ્પ્રીંગથી ચાલી શકે છે.

હરીચંદના પેટન્ટ—લોકને ડુપ્લીકેટ્ નં૦ ૧, અને નં૦ ૨ ની ચાવી રાખવામાં આવે છે. જ્યારે નં૦ ૧ ની ચાવી ગુમ થઇ જાય તો નં૦ ૨ વાલી ચાવીનો ઉપયોગ કરવાથી નં૦ ૧ વાલી ચાવી લાગુ પડી શકતી નથી તેમ બીજી કોઇ પણ ચાવીથી ખુલી શકાતા નથી. તેવી રીતના ઉલટા સુલટી આંટાવાલી ચાવીના પેટન્ટ પ્રોટેક્ટર લૉકસ પણ ફક્ત હરીચંદનેજ બનાવવાનો હક છે.

ચેતવણી—હરીચંદના ઉપર જણાવ્યા મુજબના ચાર પેટન્ટો કાયદા મુજબ રજીસ્ટર કરાવ્યા છે "હમારા પેટન્ટની નકલ કરનાર, નકલ કરનાર પાસેથી જાણી બુજીને લેનાર, અને વેચનાર એક સરખા ગુનેહગાર છે."

આવો! જુવો!! ખોલીને મુકાબલો કરો!!!

ફાયરપ્રુફ પાઉડર—હરીચંદના ફાયરપ્રુફ પાઉડરની વધારે સાબીતી શું જોઇએ છે? કુદરતી ભયકર આગોમાં લાંબો વખત પડી રહેવા છતાં હરીચંદની બનાવેલા તીજોરીમાંનો અસબાબ સહી સલામત નીકળ્યો છે, ઉપરાંત પ્રદર્શન વખતે આગના કરેલ અખ્તરામાંથી પણ હરીચંદનીજ તીજોરી પહેલે નંબરે સહી સલામત નીકળી છે, જેના પુરાવા મોજુદ છે છતાં સુધરેલા જમાનાની રીતે પ્રખ્યાત રસાયણીના દેખરેખ હેઠળ વીલાયતી ઢબ મુજબ બનાવવામાં આવેલી ખાસ ભઠ્ઠીમાં, આખી તીજોરીનો પણ ટેસ્ટ કરી બતાવવામાં આવે છે. ઉપરાંત મશાલામાં નોટ મુકી ગ્રાહકોની ખાતરી કરી આપીએ છીએ.

ખાતરી કરી મન પસંદ માલ ખરીદ કરો!

ઉત્તમ બનાવટ છતાં ભાવ કીફાયત છે!!

સર્વેથી જુના તીજોરી બનાવનાર,

હરીચંદ મંછારામ એન્ડ સન.

દુકાન ગુલાલવાડી નં૦ ૧૩૧, કારખાનું પાંજરાપોળની પહેલી ગલી.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની દુકાને વેચાતાં

લોકોપયોગી પુસ્તકો.

એક સાથે બન્ને ભાગવાળું, સંપૂર્ણ મ્હોટું

અરેબિયન નાઈટ્સ.

એક હજારને એક રાતની અદ્‌ભૂત વાર્ત્તાઓનો ભંડાર.

અદ્‌ભૂત અને રસીલી વાર્ત્તાઓમાં અરેબિયન નાઇટ્સ પહેલો દરજ્જો ભોગવે છે.

દુનિયાંની બધી ભાષાઓમાં તેનાં ભાષાન્તર થયાં છે.

મહાન્ પુરૂષ ગ્લેડસ્ટન પણ કહે છે કે,—"જો કોઇ સારામાં સારાં એકસો પુસ્તકો ચુંટી કહાડવાનું મને કોઇ કહે તો તેમાં હું **અરેબિયન નાઇટ્સને** કદિ પણ **મૂકયા વગર નહીં રહું.**" કહો, આથી વધારે સારૂં સર્ટીફીકેટ કયું જોઇએ છે? એકવાર હાથમાં વાંચવા લેતાંજ તમારા મનને જીતી લેનારૂં ખરેખરૂં જાદૂઇ પુસ્તક, વાર્ત્તાના રસનો મહાસાગર અને બુદ્ધિનો ભંડાર અરેબિયન નાઇટ્સ છે. અદ્‌ભૂત ઉત્તમ વાર્ત્તાઓ, આશરે છસો મ્હોટાં પૃષ્ટોનો પાકા પુંઠાનો દળદાર ગ્રન્થ જેમાં સંપૂર્ણ મૂળ ગ્રન્થનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્લેજ **ચીકણા કાગળ, સોનેરી પુંઠું. કિંમત રૂ. ૨–૮–૦. રફ કાગળ સોનેરી પુંઠું કિંમત રૂ. ૨–૦–૦.**

પંદર લાખપર પાણી.

મુંબઇના એક શ્રીમંત ગૃહસ્થે પોતાના દિકરાને આપેલો પંદરલાખ રૂપિઆનો વારસો બે વર્ષના અરસામાં કેવી રીતે ઉડાવી નાંખે છે તેનો અસરકારક અને આબેહુબ ચિતાર, તેમજ પૈસાદારોના પૈસાનું પાણી કરવા સ્વાર્થી, લુચ્ચા, ઠગારા, વ્યસની, મદફેલી કરનારા દોસ્તો આ જીવતા જાગતા જાદુખોરીઆ જમાનામાં કેવી રચના રચે છે, તથા પૈસાદારો પણ કેવા ખરાબ છંદમાં **મશગુલ** બની, કોઇની શીખામણ કાને ન ધરતાં દુષ્ટ દોસ્તોના હાથનાં રમકડાં થઈ પૈસાનું પાણી કરી મ્હોતને માગી લે છે તે વાતનો આબેહુબ ચિતાર. સોનેરી ગીલ્ટીંગનું બાઇન્ડીંગ છતાં કિં**મત રૂ. ૧—૦—૦**

રાજા ભોજ અને કાલિદાસ.

ભાગ ૧ થી ૫ સુધી. આ પુસ્તક તેમના ટુંક જીવનચરિત્ર સાથે રસીલી, મનને આકર્ષી લેનાર, તથા ગમ્મત સાથે સુબોધ આપનારી અસરકારક વાર્તાઓ, પ્રેમ સહિત વાંચી વિચારી આનંદી બનશો. **કિંમત ૦–૬–૦.**

કલિકૌતક અને હાસ્યરસનો હોજ.

જો તમે દિલગીરીમાં ગીરફતાર થઇ ગયા હો અને પેટ પકડી પકડીને હસવા ઇચ્છા રાખતા હો તો આ કલિકૌતકનું પુસ્તક અવસ્ય વાંચજો. આ પુસ્તકમાં હાસ્ય ઉત્પન કરે એવી એટલી બધી સરસ વાર્તાઓ દાખલ કરવામાં આવેલી છે કે પુસ્તક એકવાર હાથ લીધું એટલે પૂરૂં વાંચ્યા સિવાય હેઠે મૂકવાનું મન થતુંજ નથી. એકવાર વાંચી ખાતરી કરી જુઓ. **કિંમત ૦-૬-૦.**

કૌતુકમાળા અને બોધવચન.

રમુજી કીસ્સા, હસાહસ કરાવનાર હાજર જવાબી ટુચકા, બોધની સાથે આનંદ આપનાર ઓઠાં, કહેવતો અને કૌતકોની વાર્તાનું એકત્ર પુસ્તક. સરકારે કેળવણી ખાતા માટે મંજુર કરેલું છે. **કિંમત ૦-૧૨-૦.**

બિરબલ અને બાદશાહ.

અપૂર્વ ગમ્મત સાથે જ્ઞાન આપનારી વાર્તાઓ. ભાગ ૧-૧૨ સુધી. સુબોધનો સાગર, ચતુરાઇની ચોરસ, હાસ્યરસનો હોજ, ગમ્મતની ગુલાબદાની, વાક્યવિનોદનું વિલાસસ્થાન, વાંચનકળા પ્રાપ્ત કરવાનું વાચનગૃહ અને શિક્ષા સંપાદન કરાવનાર શિક્ષકરૂપ વાર્તાઓનો ભંડાર છે જેમાંની દરેક વાર્તા શોખીલાઓને આનંદ, રસિકજનોને રસિકતા, પ્રેમીજનોને પ્રેમાનંદ, ઉદારજનોને આહ્લાદ, સમજુ જનોને શાંતિ અને ગમાર લોકોને વખતો વખત ગમ્મત સાથે જ્ઞાન આપનાર છે. જેનું અલંકારિક સહેલી અને સરલ ભાષામાં રસિક લેખકના હાથથી લખાણ કરાવી વિશેષ લોભ ન રાખતાં માત્ર વાચન શોખ વધારવાની અને દરેક વર્ગના મનુષ્યો સહેલાઇથી લાભ લઇ શકે તે માટે **બારે ભાગ ભેગા** બાંધેલા સોનેરી બાઇન્ડીંગ છે. **કિંમત ૦-૧૨-૦.**

છત્રપતિ સંભાજી મહારાજ અથવા રાજાના દુષ્કર્મ રાજા અને પ્રજા બન્નેને દુ:ખરૂપ થાય છે.

શ્રી સંભાજી મહારાજની અજાયબ શરીર શક્તિ, તેની હિંમત તેનું શૌર્ય યુવાવસ્થામાં વ્યભિચાર, દુર્વ્યશન સ્ત્રીના કપટી પ્રેમની જાદુઇ અસર, વ્યભિચાર ને દુર્વ્યશનથી થએલી પોતાના રાજ્યની અને પોતાની પ્રજાની પાયમાલી, મનુષ્ય સંહારના ભયંકર કૃત્યો અયોગ્ય માણસના હાથમાં રાજસૂત્રો આપવાથી થતું નુકશાન, સતિનો ત્યાગ, નોકરની વફાદારી, વ્યભિચાર ને દુર્વ્યસનમાં અંધ બની કરેલા કર્મનો છેવટ પશ્ચાતાપ, કરણી જેવું ફળ વગરે બાબતનો તાદષ્ય ચીતાર આપવામાં આવ્યો છે, કુમળા અને ઉછરતા મન પર આ પુસ્તક જાદુઈ અસર કરે છે. ૨૦૦ પાનાનું દળદાર પુસ્તક સોનેરી ગીલ્ટનું બાઇન્ડીગ છતાં **કિંમત ૧-૦-૦.**

શૂરવીર પૃથુસિંહ પરમાર અને નિમકહલાલ સતિ મેના.

ભાગ ૧-૨.

આ પુસ્તક તમે વાંચશો ત્યારે તેને પોતાની ખાનગી પુસ્તકશાળામાં રાખવાનું મન થશેજ. આમાં મૈનાં નામની સ્ત્રીએ એટલી બધી બહાદુરી કરી છે કે તેના પરાક્રમની બરોબરી કોઇ પણ વીર પુરૂષે ભાગ્યેજ કરી હશે! તે સ્ત્રી છતાં તેની રચના એવી હતી કે તેને રાજાઓ પગે પડતા હતા, જે કામ તેણે કર્યા છે તે તે પ્રસંગમાં તેણીએ મર્દનો સ્વાંગ ધારણ કર્યો છે તેમાં પૃથુ પરમારને બે ત્રણ વખત બચાવ્યો છે. મૈનાં સ્ત્રી છતાં તેનામાં ધૈર્યતા, શૌર્ય, બુદ્ધિબળ કેવું હતું. તે આ પુસ્તક વાંચવાથીજ જણાશે. સોનેરી બાઇન્ડીંગ છતાં **કિંમત ૧-૮-૦.**

જગદેવ પરમાર અને વીરમતીની બહાદુરી.

આ ગ્રંથમાં યશસ્વી ક્ષત્રિ પુત્ર જગદેવ તથા તેની પત્નિ વીરમતીનું વિવેચન આપવામાં આવ્યું છે. શૂરવીર જગદેવનું પરાક્રમ અને તેની નીતિનો આબેહુબ ચિતાર છે. તેમજ વીરમતી જેવી સતી સ્ત્રીને અતી દુઃખ પડેલું છતાં તેણે પોતાનો ધર્મ છોડયો નહી એ આખ્યાન અતિ અસરકારક રીતે દર્શાવેલું છે. **કિંમત ૦-૬-૦.**

ઘેલી કુસુમ કિંવા સરસ્વતીચંદ્રનો ગ્રહસ્થાશ્રમ.

ગુજરાતી ભાષામાં પ્રગટ થએલા નૉવલોમાં "**ઘેલી કુસુમ**" ને પહેલા નંબરે મુકવામાં આવે છે. ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે જો તમારામાં સ્વદેશી જુસ્સાને વધારવા ઇચ્છા હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો ! જો દેશ કલ્યાણના ઉદ્ગાર વાંચવા ઇચ્છા હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો. જો દેશોત્કર્ષનો પ્રબળ પ્રવાહ જાણવો હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો. જો દંપતી હૃદયમાંથી દ્રવતો રસ અને ઐક્ય વાંચવું હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો. જો દંપતીનો દેશોદય સંબંધી વાર્ત્તા વિનોદ જાણવો હોય તો "**ઘેલી કુસુમ**", વાંચો ? જો બાલિકા-શિક્ષણ પુનર્લગ્ન અને વિધવા વિષય વાંચવો હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો. જો રાજા પ્રજાનો સંબંધ જાણવો હોય તો "**ઘેલી કુસુમ**" વાંચો ? વાંચો ? ટુંકામાં લોક-કલ્યાણ તથા દેશ-કલ્યાણથી છલોછલ ભરેલું પુસ્તક, સોનેરી બાઈન્ડીંગ, ઉત્તમ કાગળનું છતાં **કિ. ૧—૮—૦.**

રમણ અને તારા અથવા ભાગ્યહિન ભાઈ બેન.

આ નામથી એક સંસારી નવલકથા જેની અંદર નેકી તથા શુદ્ધ પ્રેમનો આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે. વળી લોભ અને સ્વાર્થ બુદ્ધિથી આવી પડતી આફતોનું વર્ણન આપવામાં આવ્યું છે. તેમજ ભાવિ પ્રમાણે ચડતી પડતી આવે છે, વિગેરે બાબતનું વર્ણન કરી ગૃહસ્થને ઉપયોગી ગ્રંથ બનાવવામાં આવેલો છે. આ એક ઉત્તમ પ્રકારનું નૉવલ છે. **કિ. ૦—૧૨—૦**

प्रविणसागर.

(ગુજરાતી ટીકા સહિત.) આ પ્રસિદ્ધ ગ્રંથ સ્વસ્થાન રાજકોટના કૈલાસવાસી મહારાજાધિરાજ શ્રી મહેરામણજીએ પોતાના નિપુણ સાહાયકોની સમ્મતિથી સંવત ૧૮૩૮ માં રચેલો છે. ગ્રંથ એટલી બધી ચતુરાઇથી ભરપુર છે, કે તેણે ભાષાના નામાંકિત અને ચતુર કવિશ્વરોનાં મન હરી લીધાં છે. **આખો ગ્રંથ આશુક માશુકના ખરેખરી પ્રેમ મહીમાથીજ વર્ણવેલો છે; સાથે નાયક નાયકાના ભેદ, નાડી પરીક્ષા, અશ્વ પરીક્ષા, શુકનાવલી, રણ સંગ્રામની પંડિતાઈ, રાજનીતિ અને વિદ્યા, રાગ, તેની ઉત્પત્તિ. વિરાહાલાપ, ઇશ્વરભક્તિ સાથે અષ્ટાંગયોગનું** નાનાવિધ અલંકારથી રસમય વાણી વડે સવૈયા, કવિત, છપ્પા, આદિ અનેક છંદથી વર્ણવેલું છે. ટુંકામાં જેમ કલ્પવૃક્ષ તળે જે ઇચ્છા રાખે છે તે તેને મળે છે તેમ આ ગ્રંથમાંથી જેને જે ઇચ્છા થાય તેમ મળશે, ભોગી પુરૂષો આ ગ્રંથમાંથી ભોગ વિલાસ પામશે; યોગીજનો યોગ વિધાને પામશે તેમજ પ્રેમીજનો પ્રેમલીલાને પામીને મનમાં હર્ષ લાવશે; કવિઓ રસ અલંકાર અને છંદોને પામશે. ચતુર પુરૂષો ચતુરાઇને પામી રાજી થશે એમ મનોહર **ગ્રંથના નાયક રાજકુંવરી સુજાણબા અને સાગર તે રાજકોટના ઠાકોર મેલરામણજી છે. સંપુર્ણ ૮૪ લેહેરો ૧૦૪ ચિત્ર કાવ્ય સહિત. પૃષ્ટ ૮૭૬ સોનેરી ગીલ્ટના પુંઠા સહિત. પ્રથમ આવૃતિની કિંમત રૂ. ૬ હતી તે ઘટાડી માત્ર કિંમત રૂ. ૨—૮—૦**

અમૃતસાગર અથવા પ્રતાપસાગર.

અમૃતસાગર વૈદક ગ્રન્થોમાં અમૃતસાગર સમાનજ છે. સાગર જેમ તરંગો વિશિષ્ટ છે તેમ આ અમૃતસાગર પણ પચ્ચીશ તરંગો સહીત છે. સાગર જેમ અનેક રત્નોથી અલંકૃત છે તેમ આ અમૃતસાગર વિધવિધ રોગ નિવારક અમૃત તુલ્ય સુખદાયી ઔષધિયોથી ઉપકારક છે. સાગરમાં સ્વચ્છતા, જગત જીવનપણું, અને પાપ પખાળવાદી ગુણો છે તેમ આ અમૃતસાગરમાં પણ શુદ્ધ ગ્રન્થોના પ્રમાણુસહ નિધાન તથા ચિકિત્સાઓ છે અને જગત જનોના રોગો સમાવી જીવન આપનાર છે. શરીરની સ્વસ્થતા અને આરોગ્યતા જાળવવા માટે આ ગ્રન્થ દરેક ગ્રહસ્થે ખરીદવો યોગ્ય છે. પુસ્તક ગીલ્ટ સોનેરી બાઇન્ડીંગવાળું **કિંમત રૂ. ૨–૮–૦**

नपुंषकानंद मंदार अथवा काम कुतूहल.

ભાગ પેહેલો તથા બીજો.

આ પુસ્તકમાં નપુંશકતા અને કમતાકાદને દૂર કરવાના અકસીર ઇલાજ રૂપ ઘણા પૌષ્ટિક પાકનું બ્યાન લખવામાં આવ્યું છે. તેમજ મદનાંકુશની (ઇંદ્રીની) શિથિલતા, હસ્તકર્મના દોષ-ક્ષિણતા, નાશ કરવાના ઉપાયો તથા યોની સંકોચન, પ્રદરનાશક, વિર્યશ્રાવ આદિના અનેક અનુભવી પ્રયોગો, સેહજમાં બની શકે તેવા અને તે સાથે યુનાની દવાઓ દાખલ કરવામાં આવેલ છે. તિલ્લા–લેપ–પટી વિગરે બાબતોથી ભરપુર **કિંમત રૂ. ૧–૦–૦**

રૂ. ૧૦૦ ઈનામ.

થોડાં વખતમાં હજારો નકલો ખપી ગઇ છે.

પોતાની મેળે વગર માસ્તરે થોડા વખતમાં અને થોડી મેહનતે અંગ્રેજી શિખવનાર છેલ્લામાં છેલ્લું, મોટામાં મોટું, સસ્તામાં સસ્તું અને સારામાં સારૂં પુસ્તક ફક્ત આ એકજ છે.

સેલ્ફ ઈંગ્લીશ ઈન્સ્ટ્રક્ટર.

રાજભાષા.

વગર માસ્તરે છ માસની અંદર અંગ્રેજી લખતાં વાંચતાં શિખવું હોય તો ખરીદો **"રાજભાષા"** નું પુસ્તક. આ પુસ્તક ખરીદી અભ્યાસ કરવા છતાં છ માસમાં અંગ્રેજી નથી આવડતું એવું બતાવી આપનારને **રૂપિયા સોનું** ઇનામ આપવામાં આવશે.

બીજાં પુસ્તકોની પેઠે આ પુસ્તકના જુદા જુદા ભાગો ન કરતાં તેના બારે ભાગ એકજ પુસ્તકમાં છાપવામાં આવ્યા છે. આજ લગી બ્હાર પડેલાં આવાં પુસ્તકોમાં મોટામાં મોટું અને સારામાં સારૂં છે અને તેની ખાત્રી માટે અનેક વિદ્વાનો, વર્તમાન પત્રો અને શિક્ષકોના તેમજ તેના ઉપરથી અભ્યાસ કરનારાઓના અભિપ્રાય તે પુસ્તકની બાજુ ઉપર આપ્યા છે. બાકીના અભિપ્રાય જગ્યાના સંકોચને લીધે આપ્યા નથી.

કદ પાના ૩૬૦. કીમત રૂ. ૧—૪—૦ પોસ્ટેજ માફ.

અંગ્રેજી થોડું ભણેલા માટે નવી સગવડ.

The Every Day Correspondence.

ધી એવ્હરીડે કોરસ્પોન્ડન્સ.

આજ સુધીમાં પ્રકટ થએલાં આવી જાતનાં ગુજરાતી અંગ્રેજી પત્રવ્યવહાર કરવાની સમજણ આપનારાં પુસ્તકોને ટક્કર મારે તેવું આ પુસ્તક છે. તેના વિના તમારે કદિ પણ ચાલવાનું નથી કેમકે

ધી એવ્હરીડે કોરસ્પોન્ડન્સ.

એ એકજ પુસ્તક છે કે જે હમેશાં પત્ર વ્યવહાર કેમ કરવો તેનું ગુજરાતી તથા અંગ્રેજી ચીઠીપત્રીઓ, સ્નેહીઓ, સગાવહાલાં વગેરે સાથે પત્રવ્યવહાર, અરજીઓ, ભલામણપત્રો, વ્યાપારીઓ, ધંધાદારીઓ વગેરેને લગતાં કાગળપત્રો, રેલ્વે કંપની, પોસ્ટ ખાતા સાથે પત્રવ્યવહાર, મંદવાડ, મરણ તથા તે સંબંધે દિલસોજી, માફીપત્રો, પ્રેમપત્રો, સરકારી કામ બાબતના કાગળો, ચાંદ, ખેતાબ, પદીઓ અને પત્રવ્યવહારમાં વપરાતા ટુંકા અક્ષરોની સમજણનો ભાવાર્થ આવી જાય છે. આવાં ઘણાં પુસ્તકો નીકળ્યાં હશે, પરંતુ લેશ માત્ર અતિશયોક્તિ કર્યા વગર અમે કહીશું કે એકજ વખત આ પુસ્તક ખરીદો, અને તેના ઉપયોગીપણાની ખાત્રી કરી લ્યો.

સુપર રોયલ ૧૬ પેજી ૩૧૦ પૃષ્ટનું દળદાર પુસ્તક હોવા છતાં **કીમત માત્ર રૂ. ૧—૪—૦ પોસ્ટેજ માફ.**

સેલ્ફ મરાઠી ગુજરાતી ટીચર.

શિક્ષકની મદદ વગર પોતાની મેળે મરાઠી લોકો ગુજરાતી શીખે અને ગુજરાતી લોકો મરાઠી તથા

મોડી લીપી શીખે તેમ છે.

તેમાં જુદી જુદી બાબતોનાં મરાઠી વાક્યો, તેના ગુજરાતીમાં તરજુમા, વ્યાકરણના નિયમો, વાક્યોમાં આવેલા મરાઠી શબ્દોના ગુજરાતીમાં અર્થ, મરાઠીમાં કાગળ લખવાના કેટલાક **નમુના, કહેવતો (ઇડીયમ્સ), મોડી સ્વર, વ્યંજન** અને **બારાખડી** વગેરે વગેરે અનેક બાબતો દાખલ કરવામાં આવી છે. કિં. ૦–૧૦–૦ પો. ૦–૧–૦

બૃહત્ હુન્નર સાર સંગ્રહ.

નિરૂદ્યમીને ઉદ્યમી અને નિર્ધનને ધનવાન બનાવનાર હુન્નરોનો મોટો સંગ્રહ. આપણો દેશ હુન્નરમાં સાંપ્રતકાળમાં પછાત પડવાથી અધમાવસ્થા ભોગવે છે અને યુરોપ—આદિ પાશ્ચાત્ય દેશ હુન્નરમાં ઘણાજ આગળ વધ્યાથી અવર્ણનીય સુખ સંપાદન કરે છે. આપણા દેશમાં હુન્નરનો પ્રચાર થાય અને પરદેશી મોહક વસ્તુ ઉપરથી મમતા અટકાવવાના હેતુથી આ પુસ્તકને છાપવામાં આવ્યું છે. **કિમ્મત ૧—૦—૦**

આગગાડી.

એ પુસ્તક એનજીનપરનું કામ શીખવાવાળાને અતિ ઉપયોગી છે. આ પુસ્તકમાં સ્ટીમ એનજીનનું કુલ વર્ણન આપેલું હોવાથી અને એનજીનના દરેક છુટા ભાગનાં ચિત્રો સાથે તેનું વર્ણન આપેલું હોવાથી દરેક શીખનારને સહેલાઇથી શીખી શકાય તેમ છે, અને ઇંગ્રેજી નહિ જાણનારાઓને માટે આ પુસ્તક ગુજરાતી ભાષામાં છપાએલું હોવાથી ઘણુંજ ઉપયોગી છે તેમજ ઘેર બેઠાં પણ એનજીનનું કામ શીખી શકાય તેવું છે. જોકે આવાં ઘણાં ઘણાં પુસ્તકો બહાર પડયાં છે પરંતુ આ પુસ્તક જૂદુજ છે. એક વખત ખરીદ કરવાથી ખાત્રી થશે. ફીટરોને તેમજ એનજીનનું કામ શીખવાવાળાઓને ઘણુંજ ઉપયોગી છે. હવે ફક્ત જુજ નકલો સીલીકમાં છે માટે ખરીદવાની ઇચ્છા રાખનારે તાકીદે મંગાવી લેવું. પુસ્તકની **કિંમત રૂ૦ ૨-૦-૦**

ઇસલામી પુસ્તકો.

ફુતુહુશશામ:—ઇસ્લામી તવારીખની ઉમદા બીના. આ પુસ્તક દરેક ઇસ્લામી ભાઇના ઘરમાં હોવુંજ જોઇએ. એમાં ઇસ્લામી મજહબની અનેક ખુબીઓ સમાયેલી છે. **કિંમત રૂ. ૦-૮-૦**

નસીરૂદ્દીન—એક રસીલી ઇસ્લામી નોવેલ. ઘણો દિલચસ્પ ઉઠાવ! રમુજી પ્લોટ! વાંચવા લીધા પછી પૂરી કર્યા વિના હાથમાંથી છોડવી ગમે તેમ નથી. **કિંમત રૂ. ૦-૮-૦**

બાદશાહી રંગ મહેલ અથવા **બેગમોની પ્રેમલીલા**—આ પુસ્તકમાં પાક પ્યારનો એક મહાસાગર ભરેલો છે. ભેદી કરૂણા રસિકબનાવો વાંચવાથી અને પ્યારને માટે ભોગ આપનારાં વ્હાલાંઓનાં વૃત્તાંતથી દિલ પીગળીને પાણી થઇ જાય છે, અને ખરા પ્યારની ખુબીઓ સમજાય છે. છપાય છે. પૃષ્ટ ૪૦૦ પાકું સોનેરી પુંઠું. **કિંમત રૂ. ૧-૦-૦**

મરિયમની મહોબ્બત—એક ભેદ ભરેલી ડીટેકટીવ વાર્તા. પાને પાને પ્યારનાં ઝરણાં ઝરે છે. વારંવાર વાંચવાથી પણ મન ધરાતું નથી, એવી એ ખેંચાણકારક નવલકથા છે. **કિંમત રૂ. ૦-૧૨-૦**

વાસોખ્તે અમાનત—અથવા પ્યાસે આશકાના રૂ. ૦-૩-૦

દુવાએ ગંજુલ અર્શ.	૦—૧-૦	રીવાયાત ફાતમા સુગરાકી.	૦—૧-૬
કશફુલ ખુલાસા.	૦—૧-૦	મજમુએ જોગીનામા મોહરમકા.	૦—૧-૦
ઝવાજીર હીંદી.	૦—૫-૦	સબીલે ઇમામ હુસેનકી.	૦—૦-૬
સુબ્હેકા સીતારા.	૦—૩-૦	વફાતનામા બીબી ફાતમાકા.	૦—૦-૯
તરકીબુરસલાત મોટી કામીલ મએ રીસાલે બેનમાઝાં.	૦—૨-૦	મદેનબી યાને બાગે રસુલ કામીલ.	૦—૨-૦
હુજતુલ ઇસલામ.	૦—૧-૦	કીસ્સા મીરાંદાતાર.	૦—૧-૦
જંગનામા મોહમ્મદ હનીફ બગૈર જીલદકે.	૦—૬-૦	શાદીનામા બીબી ફાતમાકા વ ખાકનામા વ મઓતનામા.	૦—૧-૦
રોઝતુશ્શહોદા યાને દસમજલીસ.	૦-૧૨-૦	મજમુએ મુનાજાત.	૦—૧-૦
ગુલઝારે હુસેની બડી તખતીકી.	૦—૩-૦	સકરાતનામા.	૦—૧-૦
ગુલઝારે પંજતન યાને તોહફએ પંજતન.	૦—૨-૦	મજમુએ મદેહયાત.	૦—૪-૬
સખાવતનામા હઝરત અલીકા બડા હરફકા.	૦—૧-૦	મજમુએ નજમુઝઝીયા હીસ્સે અવ્વલ.	૦—૩-૦
		નુરનામા મએ ચંદકસાયદ.	૦—૨-૦

દાસ્તાને અમીર હમઝા.	૧—૮—૦
હાતમતાઇ તસ્વીરવાલી.	૦—૮—૦
હાતમતાઇ વગર તસ્વીર.	૦—૧૦—૦
અલફલએલા હીસ્સે ૨૪ પુરેજીલ્દવાલે.	૩—૦—૦
ડીટો વગર તસ્વીર વાલી.	૩—૦—૦
ચહારદુરવેશ બગેર જીલ્દકી.	૦—૪—૦
ગુલેબકાવલી.	૦—૮—૦
ફસાને અજાયબ.	૦—૪—૦
મલેક મોહમ્મદ.	૦—૪—૦
શાહેજહાં શાહપરી વ રોશન ઝોહલ મંએ કીસ્સા કાઝી જોનપુર.	૦—૨—૦
તમીમ અનસારી.	૦—૨—૦
જૈતુન મોહમ્મદ હનીફ મએ કીસ્સા દીલબહેલાવ.	૦—૨—૦
રોશન મીઆ વ શમશુદા.	૦—૩—૦
ગુલશને બેનઝીર.	૦—૧—૦
બાહારે બોસ્તાન.	૦—૧—૬
ગુલાબે ગુલશન.	૦—૧—૬
ચમને બેનઝીર.	૦—૧—૬
કીસ્સએ ઓરત દલ્લા.	૦—૧—૬
તંબોલનકા કીસ્સા.	૦—૧—૦
શાહેરૂમકા કીસ્સા.	૦—૧—૦
શાહે યમનકા કીસ્સા.	૦—૧—૬
સીકંદર ઝુલકરનેન.	૦—૧—૬
નાજની વ પઠાણુ.	૦—૦—૬
લેલી મજનુન.	૦—૦—૬
ચુહા બીલ્લી મોટી.	૦—૦—૬
કાલી વ ગોરી ઓર ચાર બાગરંગીન બડી મએ ખુડાપાનામા નઝાર.	૦—૧—૦
કીસ્સા માહે રમઝાંન.	૦—૧—૯
છબીલી ભટીયારી.	૦—૧—૬
હાજી મંગલોરી શાહકા કીસ્સા.	૦—૩—૦
શાહે ઝકુમકા કીસ્સા.	૦—૨—૦
કીસ્સે દાઇ હલીમા.	૦—૨—૦
બાહારે ગુલશન.	૦—૧—૬
નવબહારે મુંબાઈ.	૦—૧—૦
ઝુલદસ્તે કવ્વાલી.	૦—૨—૦
બાહારે ગુલશન.	૦—૧—૬
અસીરે હીર્સ.	૦—૬—૦
સયદે હવસ.	૦—૬—૦
બુલબુલઇયાં.	૦—૬—૦
જહરીસાંપ.	૦—૮—૦
ઈનતેકામ.	૦—૬—૦
ખુને નાહક.	૦—૮—૦
દર્યાઇ ઈંદ્ર સભા.	૦—૨—૦
બાદશાહે ખુદાદાદ.	૦—૪—૦
ખાનદાન હામાન.	૦—૪—૦
બાદશાહે ખુદાદોસ્ત.	૦—૫—૦
સુફેદ ખુન (છપાય છે)	૦—૮—૦
શીરીં ફરહાદ.	૦—૪—૦

દુસરી કીતાબે છપ રહી હેં પત્ર લિખ કર ખબર મંગાઇયે.

રોગ નિવારણુ—રોગોના ચિકિત્સા અને પરીક્ષા કરી તે પ્રમાણે દરેક રોગની રામબાણ દવાઓ બતાવેલી છે. **કિંમત રૂ. ૦-૪-૦**

ઘરનો હકીમ—વૈદ, ડાકટરો અને હકીમોની ફી બચાવી ઘરગતુ ફત્તેહમંદ ઉપાયોથી દરદો મટાડવાં હોય તો ખરીદો આ પુસ્તક **કિંમત રૂ. ૦-૮-૦**

સૂચના—પુસ્તક મંગાવનારાઓએ પોતાનું નામ, ગામ, અને જે પોસ્ટઓફીસ મારફતે તમને પત્રો મળતા હોય તે ગામનું નામ ચોખા અક્ષરે લખવું.

બહારગામ પુસ્તકો વેલ્યુપેબલથી મોકલવામાં આવશે આમાં લખેલી કિંમત સિવાય ટપાલ ખર્ચ જુદુ સમજવું.

આ પુસ્તકાલયમાં—વૈદિક, વેદાંત, પુરાણ, ધર્મશાસ્ત્ર, જ્યોતિષ, વૈદ્યક, સાંપ્રદાયિક સ્તોત્રાદિક વૈષ્ણવ તથા જૈનધર્મ, મુસલમાની કિસ્સાઓ વગેરેનાં સંસ્કૃત ગુજરાતી અને હિંદુસ્તાની તથા શાળાપયોગી પુસ્તકો છે, તેનું "મોટું સૂચીપત્ર" અડધા આનાની ટીકીટ મોકલવાથી આવશે.

બુકસેલર, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,
ત્રણ દરવાજા—અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

બીજી દવા વાપરી નિરાશ થએલાને ખાસ ખબર

વાંચશો તો પસ્તાશો, કે,

જેઓને પોતાનું શરીર કેમ સાચવવું તે વિષેનું ભાન પણ છે નહિ, અને ખોટી અડાઇઓ કરે છે. તેવાઓની દવા વાપરી વખત તથા પૈસો ગુમાવ્યો અને રોગથી પણ મુક્ત થયા નહિ.

વગર પુરાવે પૈસા પાછા—લેખીત જામીનગીરી.

જેની પૈસા પાછા આપવાની હજારો ગેરંટી આપી ફત્તેહ પામેલી છે. તે શક્તિ સુધારક ગોળીયોની એક ડબીથીજ ફાયદો થાય છે, અને ત્રણ ડબી ખરીદનારને પૈસા પાછા મળવાની લેખીત જામીનગીરી મળે છે. તે ડબીઓ વાપરવાથી ફાયદો ન થાય તો તે ચીઠ્ઠી ઉપર સહી કરી પાછી મોકલાવેથી પૈસા પાછા મળે છે અને પૈસા પાછા નથી આપતા એવો એક પણ પુરાવો બતાવનારને રૂ. ૧૦૦ સો. ઈનામ આપીશું વિશેષ શું જોઇએ?

શક્તિ સુધારક ગોળીઓ શું ! શું ! ગુણ કરે છે ?

ત્રીજે દીવસેથીજ ફાયદો આપી શરીરને ઘસાવનાર ગુપ્ત દરદોને જડમુળથી નાશ કરે છે. સ્વપ્નાવસ્થા તથા પેસાબ વિગેરેમાં જતી ધાતુ બંધ કરી લોહી તથા વિર્યને સુધારી વધારી ઘટ્ટ કરી કુટેવ, અતિસ્ત્રીસંગ, વૃદ્ધાવસ્થા, લાંબા મંદવાડથી આવેલી અશક્તિ તથા નપુંષકપણું ખાત્રીથી મટાડી, કમ્મરનો, માથાનો, વાંસાનો, તથા શરીરનો કોઇ ભાગનો દુખાવો મટાડી ઉધરસ, કફ વિગેરે છાતીનાં દરદો મટાડી યાદશક્તિ વધારે છે, તથા તમામ અવયવોને પુરેપુરી તાકાત આપી ભુખ લગાડી પાચાન કરી પેટ સાફ લાવે છે. તેમ જુદાં જુદાં અનુપાનોથી અનેક રોગો મટાડે છે. કીં. ગોળી ૩૨ ની ડબીનો રૂ. ૧ પાંચ ડબીના રૂપીઆ ચાર.

સંજીવન તેલ—લગાડવાથી કુટેવ, અતિ ધાતુ જવી, અતિ સ્ત્રીસંગાદિથી આવેલ ગુપ્ત ભાગોની કમજોરી તાબડતોબ મટાડી મજબુત બનાવે છે. કીં. રૂ. ૧.

મદનદીપક યાકુતિ—ખાસ ચાલીસ વર્ષ પછીની ઉમરના પુરૂષોનું તમામ પ્રકારે ગયેલ પુરૂષત્વ પાછું બક્ષી જુવાન જેવો જુસ્સો કાયમ ટકાવી રાખે છે. કીં. રૂ. ૧.

બાળ સોગઠી—આ સોગઠી બાળકના જીર્ણજ્વર, સસણી તથા હરવખત બરાડ આવવું મટાડી, હાથ પગ દોરડી પેટ ગાગરડી મટાડી શરીરનો બાંધો મજબુત બનાવે છે. ડબી ૧ નો રૂ. ૧.

આ સિવાય અમારા દવાખાનામાં ખાંસી, હઠીલો ક્ષય તથા સ્ત્રી પુરૂષોના દરેક ભયંકર દરદો માટે અકસિર ઇલાજ કરવામાં આવે છે, તથા આંખો જેવા જીવનદર્પણ માટે ઉત્તમોત્તમ સુરમાઓ, શરબતો, મુરબ્બાઓ તૈયાર મળેછે. વધુ વિગત માટે કેટલોગ મંગાવો.

વૈદ્ય કલ્યાણજી હરીકૃષ્ણ ઠાકર. નંબર ૧ જામનગર કાઠીયાવાડ.

નં. ૨ મુંબઇ–કાલબાદેવી રોડ નં. ૨૯૮ દ્વારકાનાથજીના મંદીરની જોડમાં.

અને ઈ. લો. રી. સન ૧૯૦૨ થી સન ૧૯૦૭ ની સાલ સુધ... ને તે તમામ વકીલો, ન્યાયાધીશો, મુખત્યારો અને વકીલના ... કોર્ટમાં કજીઆ લડનાર અને વહેપારી વર્ગ ખરીદે છે.

આ ઈ. લો. રી. નો અનુભવ મેળવનાર તમામ કોર્ટના કામથી માહેત થાય છે ... તેની અંદર તમામ હાઇકોર્ટના ફેંસલા આવે છે ઇન્ડેક્ષ સાથે ને તે નીચેની કોર્ટ આધાર તરીકે ગણી તે મુજબ ફેંસલો કરે છે. કીમત વરસ એકના કાચી હાઇસેના રૂ ૭-૦-૦ ખરચ રૂ ૦-૮-૦ જંગબાર અને ટ્રાન્સવાલવાળાને ખરચ રૂ ૧-૦-૦.

સન ૧૯૧૦ ના છપાય છે ને તેમાં મું. લો. રી. નો વધારો કર્યા છતાં કીમત તેજ રાખી છે.

ગોકળદાસ મોતીચંદ છાપખાનાવાળા.

અમદાવાદ—ઘાંચીની પોળ.

આ કેસની બુકો નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

માટે દશ આના મોકલી મંગાવી લેવી અગર વી. પી. થી મોકલવા લખવું.

અમદાવાદ—ઘાંચીની પોળ—ગોકળદાસ મોતીચંદ છાપખાનાવાળા.

અમદાવાદ ત્રણદરવાજે—બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

મુંબઈ ગાંબાકાંટા ડાક્ટર ફેજરના માળાનીચે—બુકસેલર પ્રેમચંદ હરીસંગ.

મુંબઈ નીશાનપાડા નં. ૪૨—શેઠ. રહીમભાઇ મોલુભાઇ.

મુંબઇ—વારસ સાલેભાઇ કાસમભાઇ.

મુંબઈ—વારસ અલીદીના વીસરામ.

મુંબઇ કાલબાદેવી રોડ—બુકસેલર વસનજી પરમાનંદદાસ ચાહાવાળા.

મુંબાસા—વારસ અલીદીના વીસરામ.

જંગબાર—શેઠ. અલીભાઇ જેહાવલી.

જંગબાર—વારસ સાલેભાઈ કાસમભાઇ.

ભ...ગાંબા—અલીદીના જાફરભાઇ.

...—... રહીમ... દુલ્લાભાઇ લાલજીભાઇ.

...મદર—વકીલ હરીદાસ ...ભાઈ.